१. संखाय पेसलं धम्मं दिट्ठिमं परिनिव्वुडे । —सूय० सु. २, अ० ३: उ० ३. गा २१(क)

२. प०—महाउदग-वेगेणं, वुज्झमाणाण पाणिणं । सरणं गई पइट्ठा य दीवं के मन्नसी मुणी ?
उ०—अत्थि एगो महादीवो, वारिमज्झे महालओ । महाउदगवेगस्स, गई तत्थ न विज्जई ॥
प्र०—दीवे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी । केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ।
उ०—जरा-मरणवेगेणं वुज्झमाणाण पाणिणं । धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥ उत्त०, अ० २३, गा० ६८-६८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

केवलिपण्णत्तस्स धम्मस्स अपत्ति—

७२. दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, तं जहा—आरम्भे चेव, परिग्गहे चेव।

—ठाणं अ.२, उ.१, सु.५४

केवलिपण्णत्तस्स धम्मस्स पत्ति—

७३. दो ठाणाइं परियाणेत्ता आया केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, तं जहा—आरम्भे चेव, परिग्गहे चेव।

दोहिं ठाणेहिं आया केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, तं जहा—सोच्चच्चेव अभिसमेच्च च्चेव। —ठा. अ.२, उ.१, सु.५५

७४. प०—असोच्चा णं भंते! केवलिस्स वा, केवलिसावगस्स वा, केवलिसावियाए वा, केवलिउवासगस्स वा, केवलिउवासियाए वा, तप्पक्खियस्स वा, तप्पक्खियसावगस्स वा, तप्पक्खियसावियाए वा, तप्पक्खियउवासगस्स वा, तप्पक्खियउवासियाए वा, केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए?

उ०—गोयमा! असोच्चा णं केवलिस्स वा—जाव—तप्पक्खियउवासियाए वा, अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए, अत्थेगतिए, केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए।

प०—से केणट्ठेणं भंते एवं वुच्चइ-

असोच्चा णं केवलिस्स वा—जाव—तप्पक्खिय उवासियाए वा, अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए?

उ०—गोयमा! जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा—जाव—तप्पक्खिय उवासियाए वा केवलि-पन्नत्तं धम्मं लभेज्जा सवणयाए।

जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा— जाव—तप्पक्खियउवासियाए वा केवलि पन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए।

કેવલી પ્રણીત ધર્મની અપ્રાપ્તિ–

૭૨. આરંભ અને પરિગ્રહ–આ બે સ્થાનોને જ્ઞપરિજ્ઞાથી જાણ્યા વિના અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કર્યા વિના આત્મા કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકતો નથી.

કેવલી પ્રણીત ધર્મની પ્રાપ્તિ–

૭૩. આરંભ અને પરિગ્રહ–આ બે સ્થાનોને જ્ઞપરિજ્ઞાથી જાણીને અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી ત્યાગ કરી આત્મા કેવલી-પ્રણીત ધર્મને શ્રવણ કરવાને પાત્ર બને છે.

તેમજ ધર્મની ઉપાદેયતા સાંભળવા અને તેને જાણવા માટે એ બે કારણોથી આત્મા કેવલી-પ્રણીત ધર્મને શ્રવણ કરવાને પાત્ર બને છે.

૭૪. પ્ર. ભંતે! કેવલી પાસેથી, કેવલીના શ્રાવક પાસેથી, કેવલીની શ્રાવિકા પાસેથી, કેવલીના ઉપાસક પાસેથી કેવલીના ઉપાસિકા પાસેથી, કેવલીના પાક્ષિક પાસેથી, કેવલી પાક્ષિકના શ્રાવક પાસેથી, કેવલી પાક્ષિકની શ્રાવિકા પાસેથી, કેવલી પાક્ષિક ઉપાસક પાસેથી, કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી, સાંભળ્યા વિના જીવને કેવલી-પ્રરૂપિત ધર્મ-શ્રવણનો લાભ થાય?

ઉ.– ગૌતમ! કેવલી પાસેથી, યાવત્ કેવલી-પાક્ષિકની ઉપાસિકા પાસેથી, સાંભળ્યા વિના પણ કોઈ જીવને કેવલી પ્રરૂપિત ધર્મશ્રવણનો લાભ થાય અને કોઈ જીવને કેવલી પ્રરૂપિત ધર્મશ્રવણનો લાભ થતો નથી.

પ્ર.– ભંતે! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કોઈ જીવને કેવલી પ્રરૂપિત ધર્મ-શ્રવણનો લાભ થાય અને કોઈ જીવને કેવલી પ્રરૂપિત ધર્મનો લાભ ન થાય?

ઉ.– ગૌતમ! જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે, તેને કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કેવલી પ્રરૂપિત ધર્મ શ્રવણનો લાભ થાય.

જે જીવે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો નથી, તેને કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કેવલી પ્રરૂપિત ધર્મશ્રવણનો લાભ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ--
जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा—जाव—तप्पक्खियउवासियाए वा केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए।
जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा-जाव-तप्पक्खियउवासियाए वा केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए[1]।

—वि.स.९, उ.३१, सु.२

गौतम ! ते हेतुथी એમ કહ્યું છે કે
જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તેને કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કેવલી પ્રરૂપિત ધર્મ શ્રવણનો લાભ થાય.
જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો નથી તેને કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળ્યા વિના કેવલી પ્રરૂપિત ધર્મશ્રવણનો લાભ ન થાય.

७५. प०— सोच्चा णं भंते ! केवलिस्स वा, केवलिसावगस्स वा, केवलिसावियाए वा, केवलिउवासगस्स वा, केवलिउवासियाए वा, तप्पक्खियस्स वा, तप्पक्खियसावगस्स वा, तप्पक्खियसावियाए वा, तप्पक्खियउवासगस्स वा, तप्पक्खियउवासियाए वा, केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए ?

७५. ભંતે ! કેવલી પાસેથી, કેવલીના શ્રાવક પાસેથી, કેવલીની શ્રાવિકા પાસેથી, કેવલીના ઉપાસક પાસેથી, કેવલીની ઉપાસિકા પાસેથી, કેવલીના પાક્ષિક પાસેથી, કેવલી પાક્ષિકના શ્રાવક પાસેથી, કેવલી પાક્ષિકની ઉપાસિકા પાસેથી ધર્મ સાંભળીને કોઈ જીવ કેવલી પ્રરૂપિત ધર્મ પ્રાપ્ત કરી શકે ?

उ०—गोयमा ! सोच्चा णं केवलिस्स वा—जाव—तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए, अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए।

उ. ગૌતમ ! કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક-ઉપાસિકા પાસેથી સાંભળીને કોઈ જીવ કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત કરી શકે. કોઈ જીવ કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત ન પણ કરી શકે.

प०—से केणट्ठेणं भंते एवं वुच्चइ—
सोच्चा णं केवलिस्स वा—जाव—तप्पक्खियउवासियाए वा अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए, अत्थेगतिए केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए ?

પ્ર.- ભંતે ! એ પ્રમાણે શા હેતુથી કહો છો કે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કોઈ જીવ કેવલી પ્રરૂપિત ધર્મ-શ્રવણને પ્રાપ્ત કરે અને કોઈ જીવ કેવલી પ્રરૂપિત ધર્મ-શ્રવણને પ્રાપ્ત ન કરે ?

उ०—गोयमा ! जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा -जाव—तप्पक्खियउवासियाए वा केवलि पन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए।

उ.- હે ગૌતમ ! જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો નથી, તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત ન કરી શકે.

जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा—जाव—तप्पक्खियउवासियाए वा केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए।

જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત કરી શકે.

१—वि.स.९ उ.३१, सु.१३ (१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ—
जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा–जाव–तप्पक्खिय-उवासियाए वा केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणयाए ।
जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ, से णं सोच्चा केवलिस्स वा–जाव–तप्पक्खिय-उवासियाए वा केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए ।

—वि.स. ९, उ. ३१, सु. ३२

હે ગૌતમ ! એ હેતુથી એમ કહ્યું છે કે જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો છે તે જીવ કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત કરી શકે છે. જે જીવે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કર્યો નથી તે કેવલી પાસેથી યાવત્ કેવલી પાક્ષિક ઉપાસિકા પાસેથી સાંભળીને કેવલી પ્રરૂપિત ધર્મને પ્રાપ્ત ન કરી શકે.

छउमत्थ जाव परमाहोहिणं कमसो असिज्झणाइ-सिज्झणाइ परूवणं—

छद्मस्थ यावत् परमावधियोना क्रमथी सिद्ध होवा अथवा न होवानुं निरूपण–

७६. प०–छउमत्थे णं भंते ! मणूसे तीतमणंतं सासयं समयं, केवलेणं संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचेरवासेणं, केवलाहिं पवयण-मातीहिं सिज्झिंसु—जाव—सव्वदुक्खाणमंतं-करिंसु ?
उ०–गोयमा ! नो इणट्ठे समट्ठे ।
प०–से केणट्ठेणं भंते ! एवं वुच्चइ—"मणूसे तीतमणंतं सासतं समयं–जाव–अंतं करेंसु ?"

उ०–गोयमा! जे केइ अंतकरा वा,अंतिमसरीरिया वा सव्वदुक्खाणमंतं करेंसु वा,करिस्संति वा, सव्वे ते उप्पन्ननाण-दंसणधरा अरहा जिणे केवली भवित्ता ततो पच्छा सिज्झंति–जाव–सव्वदुक्खाणमंतकरेंसु वा, करेंति वा, करिस्संति वा, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ –"मणूसे तीतमणंतं सासतं समयं–जाव–सव्व-दुक्खाणमंतं करेंसु ।"

पडुप्पन्ने वि एवं चेव, नवरं "सिज्झंति" भाणियव्वं ।
अणागते वि एवं चेव, नवरं "सिज्झिस्संति" भाणियव्वं ।
जहा छउमत्थो तहा आहोहिओ वि, तहा परमाहोहिओ वि । तिण्णि तिण्णि आलावगा भाणियव्वा ।

—वि.स. १, उ. ४, सु. १२–१५

૭૬. પ્ર. – ભંતે ! વીતેલા અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમથી, કેવળ સંવરથી, કેવળ બ્રહ્મચર્યવાસથી અને કેવળ અષ્ટ પ્રવચન માતાથી સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે યાવત્ સર્વ દુઃખોનો નાશ કરનારા થયા છે ?

ઉ. – હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી.

પ્ર. – ભંતે ! શા હેતુથી એમ કહો છો કે પૂર્વોક્ત છદ્મસ્થ મનુષ્ય યાવત્ સર્વ દુઃખોનો નાશ કરનાર થયા નથી ?

ઉ. – હે ગૌતમ ! કર્મોનો અંત કરનાર કોઈપણ માનવ ચરમશરીરી થયા છે અથવા સમસ્ત દુઃખોનો જેમણે નાશ કર્યો છે, જે નાશ કરે છે અથવા જે નાશ કરશે, તે બધા ઉત્પન્ન જ્ઞાન-દર્શનધારી, અરિહન્ત, જિન અને કેવલી થયા બાદ સિદ્ધ થયા છે, બુદ્ધ થયા છે, મુક્ત થયા છે, પરિનિર્વાણને પામ્યા છે. અને એમણે સર્વ દુઃખોનો નાશ કર્યો છે, કરે છે અને કરશે. માટે હે ગૌતમ, એવું કહ્યું છે કે વીતેલા અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય યાવત્ સર્વ દુઃખોનો નાશ કર્યો છે.

વર્તમાનકાળમાં પણ એ જ પ્રમાણે જાણવું. વિશેષમાં એ છે કે 'સિદ્ધ થાય છે' એમ કહેવું. તથા ભવિષ્યકાળમાં પણ એ જ પ્રમાણે જાણવું. વિશેષમાં એ છે કે 'સિદ્ધ થશે' એમ કહેવું. જેમ છદ્મસ્થના વિષયમાં કહ્યું છે તેમ આધોવધિક અને પરમાધોવધિકના વિષયમાં પણ જાણવું અને એના ત્રણ ત્રણ આલાપક કહેવા.

केवलिस्स मोक्खो संपुण्णणाणित्तं च—

કેવલીનો મોક્ષ અને સંપૂર્ણ જ્ઞાન.

७७. प०–केवली णं भंते ! मणूसे तीतमणंतं सासयं समयं–जाव–सव्वदुक्खाणं अंतं करेंसु ?

૭૭. પ્ર. – ભંતે ! વીતેલા અનંત શાશ્વત કાળમાં કેવળ-જ્ઞાનસંપન્ન મનુષ્યે યાવત્ સર્વ દુઃખોનો નાશ કર્યો છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ०-हंता, सिज्झिस्सु-जाव-सव्वदुक्खाणं अंतं करेंसु। पते तिण्णि आलावगा भाणियव्वा छउमत्थस्स जधा, नवरं सिज्झिस्सु, सिज्झंति, सिज्झिस्संति।

प०-से नूणं भंते! तीतमणंतं सासयं समयं, पडुप्पन्नं वा सासयं समयं, अणागतमणंतं वा सासयं समयं जे केइ अंतकरा वा अंतिमसरीरिया वा सव्वदुक्खाणमंतं करेंसु वा करेंति वा करिस्संति वा सव्वे ते उप्पन्ननाण-दंसणधरा अरहा जिणे केवली भवित्ता तओ पच्छा सिज्झंति-जाव-सव्वदुक्खाणं अंतं करेस्संति वा?

उ०-हंता, गोयमा! तीतमणंतं सासतं समयं -जाव-सव्वदुक्खाण अंतं करेस्संति वा।

प०-से नूणं भंते! उप्पन्ननाण-दंसणधरे अरहा जिणे केवली "अलमत्थु" त्ति वत्तव्वं सिया?

उ०-हंता, गोयमा! उप्पन्ननाण-दंसणधरे अरहा जिणे केवली "अलमत्थु" त्ति वत्तव्वं सिया।

—वि.स. १, उ. ४, सु. १६-१८

૭. - હા, ગૌતમ! તે સિદ્ધ થયા યાવત્ તેણે સમસ્ત દુઃખોનો નાશ કર્યો. અહીં પણ છદ્મસ્થની માફક આ ત્રણ આલાપકો કહેવા જોઈએ. વિશેષ એ કે સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે.

પ્ર. - ભંતે! વીતેલા અનંત શાશ્વત કાળમાં, વર્તમાન શાશ્વત કાળમાં અને ભવિષ્યે અનન્ત શાશ્વત કાળમાં જે કોઈ અન્તકરોએ અથવા ચરમશરીરી પુરુષોએ સર્વ દુઃખોનો નાશ કર્યો છે, કરે છે, કરશે, શું એ બધા ઉત્પન્ન જ્ઞાન-દર્શનધારી, અરિહન્ત, જિન અને કેવલી થઈ ત્યાર પછી સિદ્ધ થાય યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે?

૭. - હા, ગૌતમ! વીતેલા અનંત શાશ્વત કાળમાં સર્વ દુઃખોનો નાશ કરશે.

પ્ર. - ભંતે, તે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધારી, અરિહંત, જિન અને કેવલી 'અલમસ્તુ' અર્થાત્ પૂર્ણ છે એવું કહેવાય?

૭. - હા ગૌતમ! તે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધારી, અરિહંત જિન અને કેવલી 'અલમસ્તુ' અર્થાત્ પૂર્ણ છે એવું કહેવાય.

केवलिपण्णत्तस्स धम्मस्स सवणाणुकूलोव यो—

केवली प्ररूपित धर्मश्रवणने अनुकूळ अवस्था -

७८. तओ वया पण्णत्ता, तं जहा—
पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए।
तिहिं वएहिं आया केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, तं जहा-
पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए।
—ठाणं. अ. ३, उ. २, सु. १६३(२)

७८. अवस्थाभेद त्रण प्रकारना कह्या छे—.
१ - प्रथम अवस्था, मध्यम अवस्था, पश्चिम अवस्था.
२ - त्रणेय अवस्थामां आत्मा केवली प्ररूपित धर्मश्रवणने प्राप्त करे छे. यथा-
प्रथम अवस्थामां, मध्यम अवस्थामां, पश्चिम अवस्थामां.

केवलिपण्णत्तस्स धम्मस्स सवणाणुकूलो कालो—

केवली प्ररूपित धर्मश्रवणनो अनुकूळ काळ -

७९. १. तओ जामा पण्णत्ता तं जहा—
पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे।

२. तिहिं जामेहिं आया केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, तं जहा—
पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे।
—ठाणं. अ. ३, उ. २, सु. १६३ (९)

७९. १ - त्रण याम (प्रहर) कह्यां छे.
प्रथमयाम, मध्यमयाम, पश्चिमयाम.
२ - त्रणेय यामोमां आत्मा केवली प्ररूपित धर्म श्रवणने प्राप्त करे छे-प्रथमयाममां, मध्यम याममां, पश्चिमयाममां.

धम्माराहणाणुकूलखित्तं—

धर्मआराधनानां अनुकूळ क्षेत्रो—

८० (क) गामे अदुवा रण्णे,
(ख) णेव गामे, णेव रण्णे धम्ममायाणह।
पवेइयं माहणेण मइमया।
—आ. सु. १, अ. ८, उ. १, सु. २०२ (ग-घ)

८०. विवेक होय तो गाममां रहीने पण धर्मनी आराधना थई शके छे. अने जंगलमां पण थई शके छे. विवेकना अभावमां गाममां पण धर्माराधना थती नथी अने जंगलमां पण थती नथी. आ रीते भगवान महावीर द्वारा कहेल धर्मने मतिमान ग्रहण करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધમ્મં જહમાણસ્સ અધમ્મં પડિવજ્જમાણસ્સ સાગડિ-ણતુલણા—

૮૧. જહા સાગડિઓ જાણં, સમં હિચ્ચા મહાપહં ।
વિસમં મગ્ગમોઇણ્ણો, અક્ખે ભગ્ગમ્મિ સોયઈ ॥
એવં ધમ્મં વિઉક્કમ્મ, અહમ્મં પડિવજ્જિયા ।
વાલે મચ્ચુમુહં પત્તે, અક્ખે ભગ્ગો વ સોયઈ ॥
—ઉત્ત. અ. ૫, ગા. ૧૪-૧૫

ધમ્મારાહગસ્સ જૂઅકારેણ તુલણા—

૮૨. કુજએ અપરાજિએ જહા, અક્ખેહિં કુસલેહિં દીવયં ।
કડમેવ ગહાય ણો કલિં, નો તીયં નો ચેવ દાવરં ॥
એવં લોગંમિ તાઇણા, બુઇએऽયં જે ધમ્મે અણુત્તરે ।
તં ગિણ્હહિયં તિ ઉત્તમં, કડમિવ સેસऽવહાય પડિએ ॥
—સૂય. સૂ. ૧, અ. ૨, ઉ. ૨, ગા. ૨૩-૨૪

ધર્મનો પરિત્યાગ કરનાર અને અધર્મનો સ્વીકાર કરનારની ગાડીવાન સાથે તુલના –

૮૧. જેમ કોઈ ગાડી હાંકનાર સરિયામ રસ્તો છોડીને વિકટ માર્ગે ગાડી હાંકે છે અને પછી ગાડીની ધૂરા તૂટી પડતાં શોક કરે છે તેમ ધર્મનું ઉલ્લંઘન કરી અધર્મને પંથે જતાં છે, તે બાળજીવ જ્યારે મૃત્યુના મુખમાં ઝડપાઈ જાય છે ત્યારે ભાંગેલ ધૂરાવાળા ગાડીવાનની માફક દુઃખી થાય છે.

ધર્મ આરાધકની જુગારી સાથે તુલના–

૮૨. જેવી રીતે જુગાર રમવામાં નિપુણ અને કોઈથી પરાજિત ન થનાર જુગારી કૃત નામના દાવને જ (ચતુર્થ સ્થાનને જ) ગ્રહણ કરે છે, પણ કળિ, દ્વાપર કે ત્રેતા, અર્થાત્ પ્રથમ, દ્વિતીય કે તૃતીય સ્થાનમાં રમતો નથી.
જેમ જુગારી એક, બે અને ત્રણ સ્થાનને છોડી ચોથા કૃતદાવ સ્થાનને જ ગ્રહણ કરે છે, તેમ સાધુ આ લોકમાં જગતની રક્ષા કરનારા સર્વજ્ઞે જે સર્વોત્તમ ધર્મ કહ્યો છે તેને કલ્યાણકારી અને ઉત્તમ સમજી ગ્રહણ કરે છે.

અધમ્મં કુણમાણસ્સ અફલા રાઇઓ—

૮૩. જા જા વચ્ચઇ રયણી, ન સા પડિનિયત્તઈ ।
અહમ્મં કુણમાણસ્સ, અફલા જંતિ રાઇઓ ॥
—ઉત્ત. અ. ૧૪, ગા. ૨૪

અધર્મ કરનારની નિષ્ફળ રાત્રીઓ–

૮૩. જે આ દિવસ-રાત વ્યતીત થાય છે, તેની પુનરાવૃત્તિ થતી હોતી નથી. અધર્મ કરનારનાં આ દિવસ-રાત નિષ્ફળ વ્યતીત થાય છે.

ધમ્મં કુણમાણસ્સ સફલા રાઇઓ—

૮૪. જા જા વચ્ચઇ રયણી, ન સા પડિનિયત્તઈ ।
ધમ્મં ચ કુણમાણસ્સ, સફલા જંતિ રાઇઓ ॥
—ઉત્ત. અ. ૧૪, ગા. ૨૫

ધર્મ કરનારની સફળ રાત્રીઓ –

૮૪. જે આ દિવસ-રાત વ્યતીત થાય છે, તેની પુનરાવૃત્તિ થતી નથી. ધર્મ કરનારનાં આ દિવસ-રાત સફળ વ્યતીત થાય છે.

ધમ્મં પાહેયેણ સુહી, અપાયેહેણ દુહી—

૮૫. અદ્ધાણં જો મહન્તં તુ, અપાહેઓ પવજ્જઈ ।
ગચ્છન્તો સે દુહી હોઈ, છુહા-તણ્હાએ પીડિઓ ।
એવં ધમ્મં અકાઊણં, જો ગચ્છઇ પરં ભવં ।
ગચ્છન્તો સો દુહી હોઇ, વાહીરોગેહિં પીડિઓ ॥
અદ્ધાણં જો મહન્તં તુ, સપાહેઓ પવજ્જઈ ॥
ગચ્છન્તો સો સુહી હોઇ છુહા-તણ્હાવિવજ્જિઓ ।
એવં ધમ્મં પિ કાઊણં, જો ગચ્છઇ પરં ભવં ।
ગચ્છન્તો સો સુહી હોઇ, અપ્પકમ્મે અવેયણે ॥
જહા ગેહે પલિત્તમ્મિ, તસ્સ ગેહસ્સ જો પહૂ ।
સારભણ્ડાણિ નીણેઇ, અસારં અવઉજ્ઝઇ ॥
એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણ ય ।
અપ્પાણં તારઇસ્સામિ.....॥
—ઉત્ત. અ. ૧૯, ગા. ૧૯-૨૪

ધર્મ પાથેયથી સુખી, અપાથેયથી દુઃખી –

૮૫. જે વ્યક્તિ પાથેય (ભાથું) લીધા વિના લાંબા માર્ગ પર નીકળી પડે છે, તે ચાલતાં ચાલતાં ભૂખ અને તરસથી પીડિત થાય છે.
તેવી જ રીતે જે વ્યક્તિ ધર્મ કર્યા વિના પરભવમાં જાય છે તે ત્યાં જતાં જ વ્યાધિ અને રોગથી પીડિત થાય છે અને દુઃખી થાય છે.
જે વ્યક્તિ ભાથું સાથે લઈને લાંબો માર્ગ પસાર કરે છે, તે માર્ગમાં ભૂખ અને તરસનાં દુઃખથી રહિત સુખી થાય છે.
તેવી જ રીતે જે વ્યક્તિ ધર્મ કરીને પરભવમાં જાય છે તે લઘુકર્મી હોવાથી વેદનાથી રહિત બની સુખી થાય છે.
જે પ્રમાણે ઘરને આગ લાગવાથી ગૃહસ્વામી મૂલ્યવાન સારવસ્તુઓને બહાર કાઢે છે, અને મૂલ્યહિન અસાર વસ્તુઓને છોડી દે છે.
તેવી જ રીતે આપની અનુમતિ પ્રાપ્ત કરી જરા અને મરણથી બળતા આ લોકમાંથી સારભૂત એવા મારા આત્માને હું ઉગારી લઈશ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुल्लहो धम्मो—

८६. निट्ठितट्ठा व देवा वा उत्तरीए इमं सुतं ।
सुतं च मेतमेगेसिं, अमणुस्सेसु णो तहा ॥
अंतं करेंति दुक्खाणं, इहमेगेसि आहिते ।
आघायं पुण एगेसिं, दुल्लभेऽयं समुस्सए ॥
—सूय. सु. १, अ. १५, गा. १६-१७

दुर्लभ धर्म -

८६. [श्री सुधर्मास्वामी पोताना शिष्य जंबूस्वामीने कहे छे] - में तीर्थंकर देव पासेथी सांभळ्युं छे के संयमनुं पालन करनार मनुष्य ज तो कृतकृत्य-मुक्त थई जाय छे. अथवा देवगति प्राप्त करे छे. मनुष्य सिवाय बीजी गतिना जीवोमां एवी योग्यता होती नथी.
घणा अन्य तिर्थीकोनुं कहेवुं छे के देव ज संपूर्ण दुःखोनो अंत करे छे, मनुष्य नहीं. (परंतु एवुं संभवित नथी. कारणके आ आर्हत् प्रवचनमां तीर्थंकरो, गणधरो आदिनुं कहेवुं छे के आ मानव-शरीर-मानवजन्म मळवो अथवा मनुष्य विना आ समुच्चय धर्म श्रवणादिरूप अभ्युदय दुर्लभ छे.

८७. जे धम्मं सुद्धमक्खंति, पडिपुण्णमणेलिसं ।
अणेलिसस्स जं ठाणं, तस्स धम्मकहा कुतो ॥
कुतो कयाइ मेधावी, उप्पज्जंति तहागता ।
तहागता य अपडिण्णा चक्खु लोगस्सऽणुत्तरा ॥
—सूय. सु. १, अ. १५, गा. १९-२०

८७. जे महापुरुष अनुपम अने शुद्ध धर्मनी प्ररूपणा करे छे, अने ते ज प्रमाणे आचरण करे छे, तेओ सर्वोत्तम स्थान प्राप्त करे छे. पछी तेमने जन्म लेवानी वात पण शानी होय ?
पुनरागमन रहित मोक्षमां गयेला ज्ञानी पुरुषो फरीथी संसारमां उत्पन्न थई शके खरा? सर्व प्रकारनी कामनाओथी रहित तीर्थंकरो आदि महापुरुषो जगतनां सर्वोत्कृष्ट नेत्रो (पथदर्शको) छे.

८८. छट्ठाणाइं सव्वजीवाणं णो सुलभाइं भवंति, तं जहा—
१. माणुस्सए भवे, २. आरिए खेत्ते जम्मं,
३. सुकुले पच्चायाती, ४. केवलिपण्णत्तस्स धम्मस्स सवणता, ५. सुतस्स वा सद्दहणता[1]
६. सद्दहितस्स वा पत्तियस्स वा रोइतस्स वा सम्मं कारणं फासणता ।
—ठाणं अ. ६, सु. ४८५

८८. छ स्थान समस्त जीवो माटे दुर्लभ छे; जेवां के -
१ - मनुष्यभव, २ - आर्यक्षेत्रमां जन्म
३ - सुकुळमां आगमन
४ - केवली प्ररूपित धर्मनुं श्रवण
५ - सांभळेला धर्ममां श्रद्धा
६ - श्रद्धान करेला, प्रतीति थयेला अने रुचिकर थयेला धर्मनी काया वडे सम्यक् स्पर्शना (आचरण).

८९. समावन्नाण संसारे, नाणा-गोत्तासु जाइसु ।
कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभिया पया ॥

एगया देवलोएसु, नरएसु वि एगया ।
एगया आसुरं कायं, आहाकम्मेहिं गच्छई ॥

एगया खत्तिओ होई, तओ चण्डाल-बोक्कसो ।
तओ कीड-पयंगो य, तओ कुन्थु-पिवीलिया ॥

एवमावट्ट-जोणीसु, पाणिणो कम्म-किब्बिसा ।
न निव्विज्जन्ति संसारे, "सव्वट्ठेसु व" खत्तिया ॥

८९. संसारी जीव अनेक प्रकारे कर्मोपार्जन करी अनेक नामवाळी जातिओमां उत्पन्न थई, पृथक् पृथक् रूपथी संपूर्ण विश्वनो स्पर्श करी ले छे- बधी जग्याओ उत्पन्न थाय छे.
जीव पोताना कृतकर्म अनुसार क्यारेक देवलोकमां, क्यारेक नरकमां अने क्यारेक असुर निकायमां उत्पन्न थाय छे.
ए ज जीव क्यारेक क्षत्रिय, क्यारेक चंडाळ, क्यारेक बोक्कस (वर्णसंकर), क्यारेक कीडो, क्यारेक पतंगियुं, क्यारेक कंथवो अने क्यारेक कीडी थाय छे.
जे प्रमाणे क्षत्रिय लोको समस्त अर्थोने (काम-भोगोने) भोगववा छतां पण विरक्तिने प्राप्त थता नथी, ए ज प्रमाणे कर्मथी मलिन जीव अनादि काळथी योनिचक्रमां भ्रमण करवा छतां पण संसारमां निर्वेद पामी शकता नथी - तेनाथी मुक्त थवानी इच्छा पण करी शकता नथी.

१ उत्त० अ० ३, गा० १

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कम्म-संगेहिं सम्मूढा, दुक्खिया बहु-वेयणा ।
अमाणुसासु जोणीसु, विणिहम्मन्ति पाणिणो ॥

कम्माणं तु पहाणाए, आणुपुव्वी कयाइ उ ।
जीवा सोहिमणुप्पत्ता, "आययन्ति मणुस्सयं"॥
—उत्त. अ. ३, गा. २-७

जे જીव કર્મો દ્વારા સંમૂઢ, દુઃખી અને અત્યંત વેદનાવાળા છે, એ પોતાનાં કૃતકર્મો દ્વારા મનુષ્યેતર (નરક-તિર્યંચ) યોનિઓમાં જન્મ લઈ ફરી ફરી વિનિઘાત - ત્રાસ પામે છે.
કાળક્રમે કદાચ મનુષ્યગતિનાં બાધક કર્મોનો નાશ થવાથી જીવને શુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને તેના ફળ સ્વરૂપ મનુષ્યત્વને પ્રાપ્ત કરે છે.

९०. माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्चा पडिवज्जन्ति, तवं खन्तिमहिंसयं ॥[1]
—उत्त. अ. ३, गा. ८

९०. મનુષ્યશરીર પ્રાપ્ત થયા પછી પણ એ ધર્મનું શ્રવણ દુર્લભ છે, જેનું શ્રવણ કરી જીવ તપ, ક્ષમા અને અહિંસાને પ્રાપ્ત કરે છે.

९१. आहच्च सवणं लद्धुं, सद्धा परमदुल्लहा ।
सोच्चा नेआउयं मग्गं, बहवे परिभस्सई ॥

९१. કદાચ ધર્મ શ્રવણ થયા પછી શ્રદ્ધા હોવી પરમ દુર્લભ છે. ઘણા લોકો મોક્ષ તરફ લઈ જવાવાળા માર્ગનું શ્રવણ કરવા છતાં પણ તેનાથી ભ્રષ્ટ થઈ જાય છે.

सुइं च लद्धुं सद्धं च, वीरियं पुण दुल्लहं ।
बहवे रोयमाणा वि, "नो एणं" पडिवज्जए ॥
—उत्त. अ. ३, गा. ९-१०

શ્રુતિ અને શ્રદ્ધા પ્રાપ્ત થવા છતાં પણ સંયમમાં વીર્ય (પુરુષાર્થ) થવું અત્યંત દુર્લભ છે. ઘણા લોકો સંયમમાં રુચિ રાખવા છતાં પણ તેનો સમ્યક્ સ્વીકાર કરી શકતા નથી.

---

१ (क) धर्म श्रवण दुर्लभता—

तए णं केसी कुमारसमणे चित्तं सारहिं एवं वयासी खलु चउहिं ठाणेहिं चित्ता ! जीवा केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए । तं जहा—

१. आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा णो अभिगच्छइ, णो वंदइ, णो णमंसइ, णो सक्कारेइ, णो सम्माणेइ, णो कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेइ, नो अट्ठाइं हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं पुच्छइ, एएणं ठाणेणं चित्ता ! जीवा केवलिपन्नत्तं धम्मं नो लभेति सवणयाए ।

२. उवस्सयगयं समणं वा तं चेव जाव एतेण वि ठाणेणं चित्ता ! जीवा केवलिपन्नत्तं धम्मं नो लभेति सवणयाए ।

३. गोयरग्गगयं समणं वा माहणं वा जाव नो पज्जुवासइ, णो विउलेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभइ, णो अट्ठाइं जाव पुच्छइ, एएणं ठाणेणं चित्ता ! केवलिपन्नत्तं धम्मं नो लभइ सवणयाए ।

४. जत्थ वि य णं समणेण वा माहणेण वा सद्धिं अभिसमागच्छइ, तत्थ वि णं हत्थेण वा वत्थेण वा छत्तेण वा अप्पाणं आवरित्ता चिट्ठइ, नो अट्ठाइं जाव पुच्छइ, एएण वि ठाणेणं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं णो लभइ सवणयाए । एएहिं च णं चित्ता ! चउहिं ठाणेहिं जीवे णो लभइ केवलिपन्नत्तं धम्मं सवणयाए ।

(ख) धर्म श्रवण सुलभता—

चउहिं ठाणेहिं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं लभइ सवणयाए, तं जहा—

१. आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा वंदइ नमंसइ जाव (सक्कारेइ, सम्माणेइ, कल्लाणं मंगलं देवयं चेइयं) पज्जुवासइ अट्ठाइ जाव (हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं) पुच्छइ, एएणं वि जाव लभइ सवणयाए एवं—

२. उवस्सयगयं

३. गोयरग्गगयं समणं वा जाव (असण-पाण-खाइम-साइमेणं) पडिलाभेइ, अट्ठाइं जाव पुच्छइ एएण वि ।

४. जत्थ वि य णं समणेण वा माहणेण वा अभिसमागच्छइ तत्थ वि य णं णो हत्थेण वा जाव (वत्थेण वा, छत्तेण वा अप्पाणं) आवरेत्ताणं चिट्ठइ, एएण वि ठाणेणं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं लभइ सवणयाए ।

तुज्झे च णं चित्ता ! पएसी राया आरामगयं वा तं चेव सव्वं भाणियव्वं आइल्लएणं गमएणं जाव अप्पाणं आवरेत्ता चिट्ठइ, तं कहं णं चित्ता ! पएसिस्स रन्नो धम्ममाईक्खिस्सामो ? —राय० सू० २३४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

९२. दुल्लहे खलु माणुसे भवे,
चिरकालेण वि सव्वपाणिणं
गाढा य विवाग कम्मुणो,
समयं गोयम ! मा पमायए ॥
पुढविक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥

आउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥

तेउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥

वाउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥

वणस्सइकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालमणन्तदुरन्तं, समयं गोयम ! मा पमायए ॥

बेइन्दियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥

तेइन्दियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥

चउरिन्दियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालं संखिज्जसन्नियं समयं गोयम ! मा पमायए ॥

पंचिन्दियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
सत्तऽट्ठभवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥

देवे नेरइए य अइगओ, उक्कोसं जीवो उ संवसे ।
इक्किक्कभवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥

एवं भवसंसारे, संसरइ सुहासुहेहि कम्मेहिं ।
जीवो पमायबहुलो, समयं गोयम ! मा पमायए ॥

लद्धूण वि माणुसत्तणं, आरिअत्तं पुणरावि दुल्लहं ।
बहवे दसुया मिलेक्खुया, समयं गोयम ! मा पमायए ॥

९२. विश्वनां तमाम प्राणीओने सहाने माटे मनुष्य-जन्मनी प्राप्ति होवी परम दुर्लभ छे. कर्मना विपाक तीव्र होय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

पृथ्वीकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे असंख्यात काळ त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.
अप्कायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे असंख्यात काळ त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

तेजस्कायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे असंख्यात काळ त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.
वायुकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे असंख्यात काळ त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

वनस्पतिकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे दुरन्त अनंतकाळ सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

द्वीन्द्रियकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे संख्यात काळ सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

त्रीन्द्रियकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे संख्यात काळ सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

चतुरिन्द्रियकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे संख्यात काळ सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

पंचेन्द्रियकायमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे सात-आठ जन्मग्रहण सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

देव अने नरक योनिमां उत्पन्न थयेलो जीव वधारेमां वधारे एक जन्म सुधी त्यां रहे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

आ प्रमाणे प्रमादी जीव शुभ-अशुभ कर्मो द्वारा जन्म-मृत्युरूप संसारमां परिभ्रमण करे छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

मनुष्यजन्म दुर्लभ छे. ए मळवा छतां पण आर्य देशमां जन्म मळवो ए वधारे दुर्लभ छे. घणाये लोको मनुष्य थईने पण दस्यु के म्लेच्छ थाय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लद्धूण वि आयरियत्तणं,अहीणपंचिन्दियया हु दुल्लहा।
विगलिन्दियया हु दीसई, समयं गोयम ! मा पमायए॥

अहीणपंचिन्दियत्तं पि से लहे, उत्तमधम्मसुई हु दुल्लहा।
कुतित्थिनिसेवए जणे, समयं गोयम ! मा पमायए॥

लद्धूण वि उत्तमं सुइं, सद्दहणा पुणरावि दुल्लहा।
मिच्छत्तनिसेवए जणे, समयं गोयम। मा पमायए॥

धम्मं पि हु सद्दहन्तया, दुल्लहया कायेण फासया।
इह कामगुणेहिं मुच्छिया, समयं गोयम ! मा पमायए॥
—उत्त. अ. १०, गा. ४-२०

आर्यदेशमां जन्म मळवा छतां पण पांचेय इन्द्रियोथी पूर्ण स्वस्थ होवुं दुर्लभ छे. घणा जीवो विकलेन्द्रिय देखाय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

पांचेय इन्द्रियो पूर्ण स्वस्थ होवा छतां पण उत्तम धर्मनुं श्रवण दुर्लभ छे. घणा लोको कुतीर्थिकोनी सेवा करनारा होय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

उत्तम धर्मनुं श्रवण मळवा छतां पण श्रद्धा थवी घणी ज दुर्लभ छे. घणा लोको मिथ्यात्वनुं सेवन करनारा होय छे. माटे हे गौतम !तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

उत्तम धर्ममां श्रद्धा होवा छतां पण तेनुं आचरण करनार दुर्लभ छे. आ लोकमां घणा लोको कामगुणोमां मूर्छित होय छे. माटे हे गौतम ! तुं क्षण मात्रनो पण प्रमाद न करीश.

धम्मसाहणाए सहाया—

धर्मसाधनामां सहायक -

९३. धम्मं ण चरमाणस्स पंच निस्साठाणा पण्णत्ता, तं जहा—
छक्काए, गणो,
राया, गिहवई,
सरीरं। ठाणं. अ. ५, उ. ३, सु. ४४७

९३. धर्मनुं आचरण करनारा साधुओ माटे पांच निश्रा (आलंबन) कह्यां छे
१ - षट्काय
२ - गण (श्रमण संघ)
३ - राजा
४ - गृहपति
५ - शरीर

सद्धासरूव-परूवणं—

श्रद्धाना स्वरूपनुं प्ररूपण-

९४. नत्थि धम्मे अधम्मे वा, नेव सन्नं निवेसए।
अत्थि धम्मे अधम्मे वा, एवं सन्नं निवेसए॥
—सुय. सु. २, अ. ५, गा. १४

९४. धर्म अथवा अधर्म नथी, एवी श्रद्धा न राखवी जोईओ. धर्म अथवा अधर्म छे—एवी श्रद्धा राखवी जोईओ.

करणप्पयारा—

करणना प्रकार -

९५. तिविहे करणे पण्णत्ते, तं जहा—
धम्मिए करणे, अधम्मिए करणे
धम्मियाधम्मिए करणे।
—ठाणं. अ. ३, उ. ३, सु. २१६

९५. करण त्रण प्रकारनां कह्यां छे.
१- धार्मिक करण. २- अधार्मिक करण
३.- धार्मिकाधार्मिक करण.

उवक्कमभेया—

उपक्रमना भेद -

९६. तिविधे उवक्कमे पण्णत्ते, तं जहा—
धम्मिए उवक्कमे,
अधम्मिए उवक्कमे,
धम्मियाधम्मिए उवक्कमे।
—ठाणं. अ. ३, उ. ३, सु. १९४(२)

९६. उपक्रम (उपायपूर्वक कार्यनो आरंभ) त्रण प्रकारना कह्या छे. जेम के-
१. धार्मिक उपक्रम - श्रुत अने चारित्ररूप धर्मनी प्राप्ति माटे प्रयास करवो.
२. अधार्मिक उपक्रम - असंयमवर्धक आरंभ कार्य करवुं.
३. धार्मिकाधार्मिक उपक्रम - संयम अने असंयमरूप कार्यो करवां.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ववसायप्पगारा—

९७. तिविहे ववसाए पण्णत्ते, तं जहा—

धम्मिए ववसाए, अधम्मिए ववसाए, धम्मियाधम्मिए ववसाए ।

अहवा—तिविहे ववसाए पण्णत्ते तं जहा-पच्चक्खे, पच्चइए, अणुगामिए ।

अहवा—तिविधे ववसाए पण्णत्ते तं जहा-इहलोइए, परलोइए-इहलोइय-परलोइए ।

इहलोइए ववसाए तिविहे पण्णत्ते, तं जहा-लोइए, वेइए, सामइए ।

लोइए ववसाए तिविधे पण्णत्ते, तं जहा-अत्थे, धम्मे, कामे ।

वेइए ववसाए तिविधे पण्णत्ते तं जहा-रिउव्वेदे, जउव्वेदे, सामवेदे ।

सामइए ववसाए तिविधे पण्णत्ते तं जहा-णाणे, दंसणे, चरित्ते ।

—ठाणं. अ. ३, उ. ३, सु. १९१(१-७)

व्यवसाय (अनुष्ठान)ना प्रकार –

९७. व्यवसाय (वस्तुरूपनो निर्णय अथवा पुरुषार्थनी सिद्धिना माटे करवामां आवेला अनुष्ठान) त्रण प्रकारना कह्या छे—

१. धार्मिक व्यवसाय २. अधार्मिक व्यवसाय. ३. धार्मिकाधार्मिक व्यवसाय.

अथवा व्यवसाय त्रण प्रकारना कह्या छे—

१. प्रत्यक्ष व्यवसाय, २. प्रात्ययिक (व्यवहार-प्रत्यक्ष) व्यवसाय अने ३. अनुगामिक (अनुमानिक) व्यवसाय.

अथवा व्यवसाय त्रण प्रकारना कह्या छे—

१. ऐहलौकिक, २. पारलौकिक, ३. ऐहलौकिक-पारलौकिक.

ऐहलौकिक व्यवसाय त्रण प्रकारना कह्या छे.

१. लौकिक २. वैदिक ३. सामयिक (श्रमणोनो व्यवसाय.)

लौकिक व्यवसाय त्रण प्रकारना कह्या छे—

१. अर्थ व्यवसाय, २. धर्म व्यवसाय ३. काम व्यवसाय.

वैदिक व्यवसाय त्रण प्रकारना कह्या छे—

१. ऋग्वेद, २. यजुर्वेद. ३. सामवेद व्यवसाय (अर्थात् ए वेदोना अनुसार करवामां आवेलो निर्णय अथवा अनुष्ठान.)

सामायिक व्यवसाय त्रण प्रकारना कह्या छे—

१. ज्ञान २. दर्शन ३. चारित्र व्यवसाय.

संजयाइणं धम्माइसु ठिई—

९८. प०-१. से नूणं भंते ! संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे धम्मे ठिए ?

२. असंजय-अविरय-अपडिहय-अपच्चक्खायपावकम्मे अधम्मे ठिए ?

३. संजयासंजए धम्माधम्मे ठिए ?

उ०-१. हंता गोयमा ! संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे धम्मे ठिए ।

२. असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मे अधम्मे ठिए ।

३. संजयासंजए धम्माधम्मे ठिए ॥१॥

संयतादिनी धर्मादिमां स्थिति –

९८. प्र. (१) हे भंते ! संयत, प्राणातिपात आदिथी विरतिवाळो अने जेणे प्राणातिपात आदिथी पापकर्मोना प्रतिघात अने प्रत्याख्यान कर्या छे, एवो जीव चारित्र धर्ममां स्थित छे ?

(२) असंयत, अविरत, प्राणातिपातादि पापकर्मोना प्रतिघात अने प्रत्याख्यान जेणे कर्या नथी, एवो जीव अधर्ममां स्थित छे ?

(३) तथा संयत-असंयत जीव धर्माधर्ममां स्थित छे ?

उ. (१) हा गौतम ! संयत अने विरत जेणे प्राणातिपात आदि पापकर्मोना प्रतिघात अने प्रत्याख्यान कर्या छे, एवो जीव धर्ममां स्थित छे.

(२) असंयत अने अविरत जेणे प्राणातिपात आदि पापकर्मोना प्रतिघात अने प्रत्याख्यान कर्या नथी, एवो जीव अधर्ममां स्थित छे.

(३) संयत-असंयत जीव धर्माधर्ममां स्थित छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०-एएसिं णं भंते ! धम्मंसि वा, अहम्मंसि वा, धम्माधम्मंसि वा, चक्किया केइ आसइत्तए वा, सइत्तए वा, चिट्ठित्तए वा, निसीइत्तए वा, तुयट्टित्तए वा ?

उ०-गोयमा ! णो तिणट्ठे समट्ठे ॥२॥

प्र. ભન્તે ! ધર્મમાં, અધર્મમાં કોઈપણ જીવ બેસવાની, સૂવાની, ઊભા રહેવાની, નીચે બેસવાની, પડખાં ફેરવવાની કે આળોટવાની ઇત્યાદિ ક્રિયા કરી શકે ખરો ?

ઉ. હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી (અર્થાત્ એમ થવું સંભવ નથી.)

प०-से केणं खाइं अट्ठेणं भंते ! एवं वुच्चइ-

१. संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे धम्मे ठिए ?

२. असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मे अधम्मे ठिए ?

३. संजयासंजए धम्माधम्मे ठिए ?

प्र. ભંતે ! શા કારણથી આપ એમ કહો છો કે-

(૧) સંયત અને વિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા છે એવો જીવ ધર્મમાં સ્થિત છે ?

(૨) અસંયત-અને અવિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા નથી, એવો જીવ અધર્મમાં સ્થિત છે ?

(૩) સંયતાસંયત ધર્માધર્મમાં સ્થિત છે ?

उ०-१. गोयमा ! संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे धम्मे ठिए, धम्मं चेव उवसंपज्जित्ताणं विहरइ,

ઉ. (૧) હે ગૌતમ ! સંયત અને વિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા છે, એવો જીવ ધર્મમાં સ્થિત છે. કારણ કે તે ધર્મને ગ્રહણ કરી વિહરણ-[વ્યવહાર] કરે છે.

२. असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मे अधम्मे ठिए, अधम्मं चेव उवसंपज्जित्ताणं विहरइ,

(૨) અસંયત પ્રાણાતિપાત આદિથી અવિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા નથી, એવો જીવ અધર્મમાં સ્થિત છે કારણ કે તે અધર્મને ગ્રહણ કરી વિહરણ કરે છે.

३. संजयासंजए धम्माधम्मे ठिए, धम्माधम्मं उवसंपज्जित्ताणं विहरइ,
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे धम्मे ठिए ।
असंजय-अविरय-अपडिहय-अपच्चक्खाय-पावकम्मे अधम्मे ठिए ।

(૩) સંયતાસંયત જીવ અધર્મમાં સ્થિત છે. કારણ કે ધર્મ-અધર્મ ગ્રહણ કરી વ્યવહાર કરે છે.
હે ગૌતમ ! તે હેતુથી એમ કહ્યું છે કે-
સંયત પ્રાણાતિપાત આદિથી વિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા છે, એવો જીવ ધર્મમાં સ્થિત છે.
અસંયત પ્રાણાતિપાત આદિથી અવિરત જેણે પ્રાણાતિપાત આદિ પાપકર્મોના પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કર્યા નથી એવો જીવ અધર્મમાં સ્થિત છે.

संजयासंजए धम्माधम्मे ठिए ॥३॥

સંયતાસંયત જીવ ધર્મ-અધર્મમાં સ્થિત છે કારણ કે તે ધર્મ-અધર્મ ગ્રહણ કરી વ્યવહાર કરે છે.

प०-जीवा णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

प्र. ભંતે ! જીવ ધર્મસ્થિત છે ? અધર્મસ્થિત છે ? ધર્માધર્મસ્થિત છે ?

उ०-गोयमा ! जीवा धम्मे वि ठिया, अधम्मे वि ठिया, धम्माधम्मे वि ठिया ॥४॥

ઉ. ગૌતમ ! જીવ ધર્મસ્થિત પણ છે, અધર્મસ્થિત પણ છે, ધર્માધર્મસ્થિત પણ છે.

प०-नेरइया णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

प्र. ભંતે ! નૈરયિક ધર્મસ્થિત છે ? અધર્મસ્થિત છે ? ધર્માધર્મસ્થિત છે ?

उ०-गोयमा ! नेरइया नो धम्मे ठिया, अधम्मे ठिया, नो धम्माधम्मे ठिया ॥५॥

ઉ. ગૌતમ ! નૈરયિક ધર્મસ્થિત નથી, અધર્મસ્થિત છે, ધર્માધર્મસ્થિત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प०-असुरकुमारा-जाव-थणियकुमारा णं भंते ! किं धम्मे ठिया ? किं अधम्मे ठिया ? किं धम्माधम्मे ठिया ?

उ०-गोयमा ! असुरकुमारा-जाव-थणियकुमारा नो धम्मे ठिया, अधम्मे ठिया, नो धम्माधम्मे ठिया।

प०-पुढवीकाइया-जाव-चउरिंदिया णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

उ०-गोयमा ! पुढवीकाइया-जाव-चउरिंदिया नो धम्मे ठिया, अधम्मे ठिया, नो धम्माधम्मे ठिया॥६॥

प०-पंचिंदियतिरिक्ख जोणिया णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

उ०-गोयमा ! पंचिंदियतिरिक्ख जोणिया नो धम्मे ठिया, अधम्मे ठिया, धम्माधम्मे वि ठिया ॥७॥

प०-मणुस्सा णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

उ०-गोयमा ! मणुस्सा धम्मे वि ठिया, अधम्मे वि ठिया, धम्माधम्मे वि ठिया ॥८॥

प०-वाणमंतर—जोइसिया-वेमाणिया णं भंते ! किं धम्मे ठिया ? अधम्मे ठिया ? धम्माधम्मे ठिया ?

उ०-गोयमा ! वाणमंतर-जोइसिया—वेमाणिया नो धम्मे ठिया, अधम्मे ठिया, नो धम्माधम्मे ठिया ॥९॥

-वि. स., १७, उ. २, सु. १-९

प्र. भंते ! असुरकुमार यावत् स्तनितकुमार धर्म-स्थित छे ? अधर्मस्थित छे ? धर्माधर्मस्थित छे ?

उ. गौतम ! असुरकुमार यावत् स्तनितकुमार धर्म-स्थित नथी, अधर्मस्थित छे. धर्माधर्मस्थित नथी.

प्र. भंते ! पृथ्वीकायिक यावत् चतुरेन्द्रिय जीव धर्मस्थित छे ? अधर्मस्थित छे ? धर्माधर्मस्थित छे ?

उ. गौतम ! पृथ्वीकायिक यावत् चतुरेन्द्रिय जीव धर्मस्थित नथी, अधर्मस्थित छे, धर्माधर्मस्थित नथी.

प्र. भंते ! पंचेन्द्रिय तिर्यंच-योनिक जीव धर्म-स्थित छे ? अधर्मस्थित छे ? धर्माधर्मस्थित छे ?

उ. गौतम ! तिर्यंच-योनिक जीव धर्मस्थित नथी, अधर्मस्थित छे, धर्माधर्मस्थित छे.

प्र. भंते ! मनुष्य धर्मस्थित छे ? अधर्मस्थित छे ? धर्माधर्मस्थित छे ?

उ. गौतम ! मनुष्य धर्मस्थित छे, अधर्मस्थित पण छे, धर्माधर्मस्थित पण छे.

प्र. भंते ! वाणव्यंतर-ज्योतिषिक, वैमानिक धर्म-स्थित छे ? अधर्मस्थित छे ? धर्माधर्मस्थित छे ?

उ. गौतम ! वाणव्यंतर, ज्योतिषिक, वैमानिक धर्मस्थित नथी, अधर्मस्थित छे, धर्माधर्मस्थित नथी.

दुप्पडियारा सुप्पडियारा—

९९. तिण्हं दुप्पडियारं समणाउसो ! तं जहा—
अम्मापिउणो, भट्टिस्स, धम्मायरियस्स ।

१. संपाओ वि य णं केइ पुरिसे, अम्मापियरं सयपाग-सहस्सपागेहिं तिल्लेहिं अब्भंगेत्ता, सुरभिणा गंधट्टएणं उव्वट्टित्ता, तिहिं उदगेहिं मज्जाविता, सव्वालंकार-विभूसियं करेत्ता, मणुन्नं थालीपागसुद्धं अट्ठारस-वंजणाउलं भोयणं भोयावेत्ता जावज्जीवं पिट्ठिवडेंसियाए पारवहेज्जा, तेणावि तस्स अम्मापिउस्स दुप्पडियारं भवइ ।

अहे णं से तं अम्मापियरं केवलिपण्णत्ते धम्मे आघवइत्ता पण्णवइत्ता परूवइत्ता ठावइत्ता भवइ, तेणामेव तस्स अम्मापिउस्स सुप्पडियारं भवइ समणाउसो !

ઉપકારનો બદલો દુર્લભ, ઉપકારનો બદલો સુલભ-

૯૯. હે શ્રમણાયુષ્મન્ ! આ ત્રણના ઉપકારનો બદલો વાળવાનું કાર્ય અશક્ય ગણાય છે-

૧-માતાપિતાનો ૨-ભર્તા-માલિકનો,૩-ધર્માચાર્યનો.

(૧) ધારો કે કોઈ સુપુત્ર પોતાના માતાપિતાનાં અંગોને દરરોજ પ્રાતઃકાળે શતપાક અને સહસ્ર-પાક તેલો વડે માલિશ કરે, પછી સુગંધીકારક ગરમ અને ઠંડા પાણીથી તેમને સ્નાન કરાવે, પછી સઘળા અલંકારોથી વિભૂષિત કરીને તેમને મનોજ્ઞ તથા શુદ્ધ ૧૮ પ્રકારના વ્યંજનોથી યુક્ત ભોજન જમાડે અને જીવનપર્યન્ત પોતાના ખભા ઉપર લઈને ફર્યા કરે તો પણ તે માતાપિતાના ઋણને ફેડી શકતો નથી.

પરંતુ જો તે તેમને કેવલી પ્રરૂપિત ધર્મ કહે, તેનું પ્રતિપાદન કરે, તેની પ્રરૂપણા કરી તેમને તે ધર્મ તરફ વાળી લે, તેમાં સ્થિર કરે, ઉપાસક બનાવી દે, તો તેમના ઉપકારોનો બદલો અર્થાત ઋણ ફેડવામાં તે સમર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. केइ महच्चे दरिद्दं समुक्कसेज्जा, तए णं से दरिद्दे समुक्किट्ठे समाणे पच्छा पुरं च णं विउलभोगसमितिसमन्नागते यावि विहरेज्जा, तए णं से महच्चे अन्नया कयाइ दरिद्दीहूए समाणे तस्स दरिद्दस्सअंतिए हव्वमागच्छेज्जा, तए णं से दरिद्दे तस्स भट्टिस्स सव्वस्समवि दलयमाणे तेणावि तस्स दुप्पडियारं भवइ ।

अहे णं से तं भट्टिं केवलिपन्नत्ते धम्मे आघवइत्ता—जाव—ठावइत्ता भवति, तेणामेव तस्स भट्टिस्स सुप्पडियारं भवइ ।

३. केइ तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आयरियं धम्मियं सुवयणं सोच्चा निसम्म कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोएसु देवत्ताए उववन्ने, तए णं से देवे तं धम्मायरियं दुब्भिक्खातो वा देसातो सुभिक्खं देसं साहरेज्जा, कंताराओ वा णिक्कंतारं करेज्जा, दीहकालिएणं वा रोगातंकेणं अभिभूतं समाणं विमोएज्जा, तेणावि तस्स धम्मायरियस्स दुप्पडियारं भवइ ।

अहे णं से तं धम्मायरियं केवलि-पन्नत्ताओ धम्माओ भट्ठं समाणं भुज्जो वि केवलिपन्नत्ते धम्मे आघवइत्ता—जाव—ठावइत्ता भवति, तेणामेव तस्स धम्मायरियस्स सुप्पडियारं भवइ । —ठाणं. अ. ३, उ. १, सु. १४३

(२) કોઈ ઐશ્વર્ય-સંપન્ન મનુષ્ય કોઈ દરિદ્રને ધન વગેરેની મદદ કરીને તેની ઉન્નતિ કરે છે. ધારો કે તે દાતાનું નસીબ પલ્ટાય છે. કમનસીબે તે દરિદ્રાવસ્થામાં આવી જાય છે. ત્યારબાદ તે પોતાની મદદથી ધનવાન બનેલા માણસની પાસે જાય છે. ધારો કે તે માણસ પોતાના ઉપર ઉપકાર કરનાર તે માણસને પોતાનું સર્વસ્વ ધન આપી દે. આમ કરવા છતાં પણ તે તેના ઉપકારનો બદલો વાળી શકતો નથી.

પરંતુ જો તે તેની સમક્ષ કેવલી પ્રરૂપિત ધર્મનું કથન કરીને યાવત્ તેને તે ધર્મનો આરાધક બનાવી દે તો તે તેના ઉપકારનો બદલો અવશ્ય વાળી શકે છે.

(૩) કોઈ પુરુષ ધર્મગુરુ-ધર્માચાર્યનું એક વચન શ્રવણ કરી બોધિલાભ પામે છે અને યોગ્ય સમયે દેહ ત્યાગી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. જો તે દિવ્ય શક્તિથી પોતાના ધર્માચાર્યને દુર્ભિક્ષ કાળમાં દુષ્કાળ પ્રદેશથી સુભિક્ષ પ્રદેશમાં કે માર્ગ ભૂલેલા તેમને ઘોર જંગલમાંથી વસતિવાળા પ્રદેશમાં મૂકી આપે અથવા રોગગ્રસ્ત એવા તેમને રોગમુક્ત કરી દે તો પણ તે ધર્માચાર્યનો ઉપકાર કરી શકતો નથી.

જો તેઓ કદાચ ધર્મવિમુખ થઈ જાય ત્યારે જો તે ધર્માચાર્યને ધર્મમાં લગાવે યાવત્ ધર્મમાં સ્થિર કરે તો એમનો પ્રત્યુપકાર કરવા સમર્થ થઈ શકે છે.

धम्मज्जिओ ववहारो—

१००. धम्मज्जियं च ववहारं, बुद्धेहायरियं सया ।
तमायरन्तो ववहारं, गरहं नाभिगच्छई ॥
—उत्त. अ. १, गा. ४२

ધર્માર્જિત વ્યવહાર

૧૦૦ જે વ્યવહાર ધર્મથી અર્જિત થયો છે, જેનું તીર્થંકર આચાર્યોએ હંમેશાં આચરણ કર્યું છે એ વ્યવહારનું આચરણ કરતાં મુનિ કોઈપણ સ્થાને નિંદાને પાત્ર થતો નથી.

चउ-चउव्विहा धम्मिया अधम्मिया पुरिसा—

१०१. चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. रूवं नाममेगे जहइ, नो धम्मं

२. धम्मं नाममेगे जहइ, नो रूवं,
३. एगे रूवं वि जहइ, धम्मं वि जहइ,
४. एगे नो रूवं जहइ, नो धम्मं जहइ ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—
१. धम्मं नाममेगे जहइ, नो गणसंठिइं,

ચાર ચાર પ્રકારના ધાર્મિક અને અધાર્મિક પુરુષ-

૧૦૧. ચાર જાતિના પુરુષ કહ્યા છે. જેમ કે—
૧ – કોઈ રૂપનો (સાધુવેષનો) ત્યાગ કરે છે, પણ ધર્મને છોડતો નથી.
૨ – કોઈ ધર્મને છોડે છે, પણ રૂપને છોડતો નથી.
૩ – કોઇ રૂપ (વેષ) છોડે છે, અને ધર્મને પણ છોડે છે.
૪ – કોઈ રૂપ (વેષ) છોડતો નથી. અને ધર્મને પણ છોડતો નથી.

(ફરી) ચાર જાતિના પુરુષ કહ્યા છે, જેવા કે—
૧ – કોઈ ધર્મને છોડી દે છે, પણ ગણની સંસ્થિતિ (મર્યાદા) છોડતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२. गणसंठिइं नाममेगे जहइ, नो धम्मं,

३. एगे गणसंठिइं वि जहइ, धम्मं वि जहइ,

४. एगे नो गणसंठिइं जहइ, नो धम्मं वि जहइ।

चत्तारि पुरिसजाया पण्णत्ता, तं जहा—

१. पियधम्मे नाममेगे, नो दढधम्मे,

२. दढधम्मे नाममेगे, नो पियधम्मे,

३. एगे पियधम्मे वि, दढधम्मे वि,

४. एगे नो पियधम्मे, नो दढधम्मे।[1]

—ठाणं. अ. ४, उ. अ, सु. ३१९(५१-५३)

२ – કોઈ ગણની મર્યાદા છોડે છે, પણ ધર્મને છોડતા નથી.

૩ – કોઈ ગણની મર્યાદા પણ છોડે છે, અને ધર્મ પણ છોડે છે.

૪ – કોઈ ગણની મર્યાદા પણ છોડતા નથી, અને ધર્મ પણ છોડતા નથી.

(ફરી) ચાર જાતિના પુરુષ કહ્યા છે. જેવા કે—

૧ – કોઈ ધર્મપ્રિય હોય છે, પણ દૃઢધર્મી હોતા નથી.

૨ – કોઈ દૃઢધર્મી હોય છે, પણ ધર્મપ્રિય હોતા નથી.

૩ – કોઈ ધર્મપ્રિય હોય છે. અને દૃઢધર્મી પણ હોય છે.

૪ – કોઈ ધર્મપ્રિય પણ હોતા નથી. અને દૃઢધર્મી પણ હોતા નથી.

धम्मनिंदा पायच्छित्तं—

१०२. जे भिक्खू धम्मस्स अवण्णं वयइ वयंतं वा साइज्जइ। तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।

—नि. उ. ११, सु. ९

ધર્મનિંદાકરણ-પ્રાયશ્ચિત્ત-

૧૦૨. જે ભિક્ષુ ધર્મની નિંદા કરે છે, કરાવે છે અથવા કરનારની અનુમોદના કરે છે. તે ભિક્ષુ અનુદ્ઘાતિક ચાતુર્માસિક પરિહાર સ્થાન પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

अधम्मपसंसा पायच्छित्तं—

१०३. जे भिक्खू अधम्मस्स वण्णं वयइ वयंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।

—नि. उ. ११, सु. १०

અધર્મપ્રશંસાકરણ પ્રાયશ્ચિત્ત

૧૦૩. જે ભિક્ષુ અધર્મની પ્રશંસા કરે છે, કરાવે છે અથવા કરનારની અનુમોદના કરે છે તે ભિક્ષુ અનુદ્ઘાતિક ચાતુર્માસિક પરિહારસ્થાન પ્રાયશ્ચિત્તને પાત્ર બને છે.

१ ववः उ० १०, सु० ११-१३

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आयार-पण्णत्ति

णिग्गंथाणं आयार धम्मो –

१०४ नाण-दंसणसंपन्नं संजमे य तवे रयं ।
गणिमागमसंपन्नं उज्जाणम्मि समोसढं ॥१॥
रायाणो रायमच्चा य माहणा अदुव खत्तिया।
पुच्छंति निहुयऽप्पाणो, कहं मे आयार-गोयरो ? ॥२॥
तेसिं सो निहुओ दंतो, सव्वभूयसुहावहो ।
सिक्खाए सुसमाउत्तो, आइक्खइ विय-क्खणो ॥३॥
हंदि । धम्मऽत्थकामाणं निग्गंथाणं सुणेह मे ।
आयारगोयरं भीमं, सयलं दुरहिट्ठियं ॥४॥
नऽन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं ।
विउलट्ठाणभाइस्स, न भूयं न भविस्सइ ॥५॥
सखुड्डग-वियत्ताणं, वाहियाणं च जे गुणा ।
अखंड-फुडिया कायव्वा, तं सुणेह जहा तहा ॥६॥

दस० अ० ६, गा० १–६

आयारधम्मप्पणिही—

१०५ आयारप्पणिहिं लद्धुं, जहा कायव्व भिक्खुणा ।
तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे[1] ॥

—दस. अ. ८, गा. १

आयारप्पयारा—

१०६ पंचविहे आयारे पण्णत्ते, तं जहा—
(१) णाणायारे, (२) दंसणायारे, (३) चरित्तायारे, (४) तवायारे, (५) वीरियायारे ।

—ठाणं. अ. ५, उ. २, सु. ४३२

पंचमणुत्तरा—

१०७ केवलिस्स णं पंच अणुत्तरा पण्णत्ता, तं जहा—
(१) अणुत्तरे णाणे, (२) अणुत्तरे दंसणे, (३) अणुत्तरे चरित्ते, (४) अणुत्तरे तवे, (५) अणुत्तरे वीरिए ।

ठाणं. ५, उ. १, सु. ४१०(९)

આચાર-પ્રજ્ઞપ્તિ

નિર્ગ્રન્થોનો આચાર ધર્મ-

૧૦૪. જ્ઞાન અને દર્શન સંપન્ન, સંયમ અને તપમાં રત, આગમ - સંપદાથી યુક્ત આચાર્યને ઉદ્યાનમાં પધારેલ જોઈ રાજા અને મંત્રીગણ, બ્રાહ્મણ અને ક્ષત્રિય આદિ લોકો નિશ્ચલ ચિત્તથી પૂછે છે.—
ભંતે! આપના આચાર ગોચર કેવા પ્રકારના છે ? એવું પૂછવાથી એ શાંત, દાન્ત, સર્વ પ્રાણીઓના માટે સુખાવહ, શિક્ષાઓથી યુક્ત અને પરમ વિચક્ષણ ગણિ તેઓને ઉત્તર આપે છે—
'હે રાજા આદિ જનો! ધર્મના પ્રયોજનરૂપ મોક્ષની ઇચ્છાવાળા નિર્ગ્રન્થોના ભીમ (કાયર પુરુષો માટે દુષ્કર) એવા અસાધ્ય આચાર-ગોચરનું હું વર્ણન કરીશ. તે મારી પાસેથી સાંભળો.
આ લોકમાં જેનું પાલન અત્યંત દુષ્કર છે એવો શ્રેષ્ઠ આચાર (જિન શાસન સિવાય) કોઈ અન્ય સ્થાને દેખાડેલ નથી. સર્વોચ્ચ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરાવી શકે એવો આચાર અન્ય મતમાં ક્યારેય પણ હતો નહીં અને આગામી કાળમાં પણ હશે નહીં.
બાળક હોય કે વૃદ્ધ, અસ્વસ્થ હોય કે સ્વસ્થ બધાએ જે ગુણોનું અર્થાત્ આચાર-નિયમોનું પાલન અખંડ તેમજ અસ્ફુટિત રૂપથી કરવું જોઈએ, તે ગુણો જેમ છે તેમ મારી પાસેથી સાંભળો.

આચાર ધર્મ પ્રણિધિ-

૧૦૫. આચારરૂપ ઉત્કૃષ્ટ નિધિને પામીને(સાધુને)જે કરવા યોગ્ય ક્રિયા છે, તે તમે અનુક્રમપૂર્વક મારી પાસેથી સાંભળો.

આચારના પ્રકાર-

૧૦૬. આચાર પાંચ પ્રકારના કહ્યા છે. જેમ કે—
૧ - જ્ઞાનાચાર, ૨ - દર્શનાચાર, ૩ - ચારિત્રાચાર, ૪ - તપાચાર, ૫ - વીર્યાચાર.

પાંચ ઉત્કૃષ્ટ-

૧૦૭. કેવલીનાં પાંચ સ્થાન અનુત્તર (સર્વોત્તમ-અનુપમ) કહ્યાં છે, જેમ કે,
૧ - અનુત્તર જ્ઞાન, ૨ - અનુત્તર દર્શન ૩ - અનુત્તર ચારિત્ર, ૪. અનુત્તર તપ, ૫ - અનુત્તર વીર્ય.

---

१ दुविहे आयारे पन्नत्ते, तं जहा—णाणायारे, चेव नोणाणायारे चेव ।
णोणाणायारे दुविहे पन्नत्ते, तं जहा—देसणायारे चेव नोदंसणायारे चेव ।
नोदंसणायारे दुविहे पन्नत्ते, तं जहा—चरित्तायारे चेव नोचरित्तायारे चेव ।
णो चरित्तायारे दुविहे पन्नत्ते, तं जहा—तवायारे चेव वीरियायारे चेव । —ठाणं. अ. २, उ. ३, सु. ७६ (१–४)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउविहं मोक्खमग्गं—

१०८ मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासियं ।
चउकारणसंजुत्तं, नाणदंसणलक्खणं ॥
नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एस मग्गो त्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥
नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एयं मग्गमणुप्पत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥
—उत्त. अ. २८, गा. १-३

नाणेण जाणई भावे, दंसणेण य सद्दहे ।
चरित्तेण निगिण्हाइ, तवेण परिसुज्झई ॥
—उत्त. अ. २८, गा. ३५

चार प्रकारनो मोक्ष मार्ग -

१०८. ज्ञानादि चार कारणोयुक्त ज्ञान-दर्शन लक्षणवाणी, जिनभाषित मोक्षमार्गनी गतिने सांभळो. वरदर्शी-सत्यना सम्यक् द्रष्टा जिनवरोओ ज्ञान, दर्शन, चारित्र अने तपने मोक्षनो मार्ग कह्यो छे. ज्ञान, दर्शन, चारित्र अने तपना मार्गे चालनार जीव सद्गति पामे छे.

आत्मा ज्ञानथी भावोने (जीवादि पदार्थोने) जाणे छे, दर्शनथी तेना पर श्रद्धा करे छे, चारित्रथी कर्म आश्रवनो निरोध करे छे, अने तपथी विशुद्ध थाय छे.

आराहणापयारा—

१०९ तिविहा आराहणा पन्नत्ता तं जहा—
णाणाराहणा, दंसणाराहणा, चरित्ताराहणा ।
णाणाराहणा तिविहा पन्नत्ता, तं जहा—
उक्कस्सा, मज्झिमा, जहन्ना ।
एवं दंसणाराहणा वि,
चरित्ताराहणा वि ।
—ठाणं. अ. ३, उ. ४, सु. १९८ (८-११)

आराधनाना प्रकार -

१०९. आराधना त्रण प्रकारनी कही छे — जेम के
१ - ज्ञान आराधना २ - दर्शन आराधना
३ - चारित्र आराधना
ज्ञान आराधना त्रण प्रकारनी छे.—
१ - उत्कृष्ट, २ - मध्यम, ३ - जघन्य
दर्शन आराधना त्रण प्रकारनी छे.—
१ - उत्कृष्ट, २ - मध्यम, ३ - जघन्य
चारित्र आराधना त्रण प्रकारनी छे.—
१ - उत्कृष्ट, २ - मध्यम, ३ - जघन्य.

आराहणाफलपरूवणा—

११० प०—उक्कोसियं णं भंते ! णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

उ० —गोयमा ! अत्थेगइए तेणेव भवग्गहणेणं सिज्झति—जाव—अंतं करेति । अत्थेगतिए दोच्चेणं भवग्गहणेणं सिज्झति—जाव—अंतं करेति ।

अत्थेगतिए कप्पोवएसु वा कप्पातीएसु वा उववज्जति ।

प०—उक्कोसियं णं भंते ! दंसणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

उ०—एवं चेव ।

प०—उक्कोसियं णं भंते ! चरित्ताराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

आराधनाना फळनी प्ररूपणा—

११०. प्र. भंते, ज्ञानની उत्कृष्ट आराधना करीने जीव केटला भव करीने सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे ?

उ. गौतम ! केटलाक जीवो तेज भवमां सिद्ध थाय छे. यावत् सर्व दुःखोनो अंत करे छे. केटलाक जीवो बे भव करी सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे.
केटलाक जीवो कल्पोपपन्न देवलोकमां अथवा कल्पातीत देवलोकमां उत्पन्न थाय छे.

प्र. भंते ! दर्शनની उत्कृष्ट आराधना करीने जीव केटला भव करी सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे ?
उ. गौतम ! जे प्रमाणे उत्कृष्ट ज्ञान आराधनाना फळना विषयमां कह्युं छे એ જ प्रमाणे उत्कृष्ट दर्शन आराधनाना (फळना) विषयमां समजवुं जोईએ.

प्र. भंते ! चारित्रनी उत्कृष्ट आराधना करीने जीव केटला भव करी सिद्ध थाय छे यावत् सर्व दुःखोनो अंत करे छे ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उ०—एवं चेव ।
नवरं अत्थेगतिऐ कप्पातीएसु उववज्जति ।

ઉ. ગૌતમ ! ઉત્કૃષ્ટ જ્ઞાન આરાધનાનાં (ફળના) વિષયમાં જે પ્રમાણે કહ્યું એ પ્રમાણે ઉત્કૃષ્ટ ચારિત્ર આરાધનાના (ફળના) વિષયમાં કહેવું જોઈએ. વિશેષમાં એ છે કે કેટલાક જીવ (એના ફળ સ્વરૂપ) કલ્પાતીત દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

प०—मज्झिमियं णं भंते ! णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

પ્ર. ભંતે ! જ્ઞાનની મધ્યમ આરાધના કરી જીવ કેટલા ભવ કરી સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ०—गोयमा ! अत्थेगतिए दोच्चेणं भवग्गहणेणं सिज्झइ—जाव—अंतं करेति, तच्चं पुण भवग्गहणं नाइक्कमइ ।

ઉ. ગૌતમ ! કેટલાક જીવો બે ભવ કરી સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે, એ ત્રીજા ભવનું અતિક્રમણ કરતા નથી.

प०—मज्झिमियं णं भंते ! दंसणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

પ્ર. ભંતે ! દર્શનની મધ્યમ આરાધના કરી જીવ કેટલા ભવ કરી સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ०—एवं चेव ।
एवं मज्झिमियं चरित्ताराहणं पि ।

ઉ. ગૌતમ ! જે પ્રમાણે જ્ઞાનની મધ્યમ આરાધનાના (ફળના) વિષયમાં જાણવું જોઈએ.
એ જ (પૂર્વોક્ત) પ્રકારથી ચારિત્રની મધ્યમ આરાધનાના (ફળના) વિષયમાં કહેવું જોઈએ.

प०—जहन्नियं णं भंते ! णाणाराहणं आराहेत्ता कतिहिं भवग्गहणेहिं सिज्झति—जाव—अंतं करेति ?

પ્ર. ભંતે ! જ્ઞાનની જઘન્ય આરાધના કરી જીવ કેટલા ભવ કરી સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ०—गोयमा ! अत्थेगतिए तच्चेणं भवग्गहणेणं सिज्झइ—जाव—अंतं करेइ, सत्त-ऽट्ठभवग्गहणाइं पुण नाइक्कमइ ।
एवं दंसणाराहणं पि ।

ગૌતમ ! કેટલાક જીવો ત્રીજા ભવમાં સિદ્ધ થાય છે, યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે. પરંતુ સાત-આઠ ભવનું અતિક્રમણ કરતા નથી.

એ જ પ્રમાણે જઘન્ય-દર્શન આરાધનાના (ફળના) વિષયમાં જાણવું જોઈએ.

एवं चरित्ताराहणं पि ।
—वि. श. ८, उ. १०, सु. १०-१८

એ જ પ્રમાણે જઘન્ય ચારિત્ર આરાધનાના વિષયમાં પણ જાણી લેવું જોઈએ.

तिविहा बोही—

ત્રણ પ્રકારની બોધિ –

१११ तिविहा बोधी पण्णत्ता, तं जहा—
णाणबोधी, दंसणबोधी, चरित्तबोधी[1] ।
—ठाणं. अ. ३, उ. २, सु. १६४ (१)

૧૧૧. બોધિ ત્રણ પ્રકારની કહી છે —
૧ – જ્ઞાન બોધિ, ૨ – દર્શન બોધિ.
૩ – ચારિત્ર બોધિ,

तिविहा बुद्धा—

ત્રણ પ્રકારના બુદ્ધ—

११२ तिविहा बुद्धा पण्णत्ता, तं जहा—
णाणबुद्धा, दंसणबुद्धा, चरित्तबुद्धा[2] ।
—ठाणं. अ, ३, उ. ४, सु. १६४ (२)

૧૧૨. બુદ્ધના ત્રણ પ્રકાર કહ્યા છે —
૧ – જ્ઞાન બુદ્ધ ૨ – દર્શન બુદ્ધ ૩ – ચારિત્ર બુદ્ધ

तिविहे मोहे—

११३ तिविहे मोहे पण्णत्ते, तं जहा—
णाणमोहे दंसणमोहे[3] चरित्तमोहे ।
—ठाणं. अ. ३, उ. २, सु. १६४ (३)

૧૧૩. ત્રણ પ્રકારના મોહ —
મોહના ત્રણ પ્રકાર કહ્યા છે —
૧ – જ્ઞાન મોહ, ૨ – દર્શન મોહ,
૩ – ચારિત્ર મોહ.

---

१. ठाणं. अ. २, उ. ४, सु. ११५
२. ठा. अ. २, उ. ४, सु. ११५
३. ठाणं. अ. २, उ. ४, सु. ११५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिविहा मूढा—

११४ तिविहा मूढा पण्णत्ता, तं जहा—
णाणमूढा, दंसणमूढा, चरित्तमूढा[1] ।
—ठा. अ. ३, उ. २, सु. १६४ (४)

आयारसमाही—

११५ चउव्विहा खलु आयारसमाही भवइ तं जहा—
१. नो इहलोगट्ठयाए आयारमहिट्ठेज्जा,
२. नो परलोगट्ठयाए आयारमहिट्ठेज्जा,
३. नो कित्तिवण्णसद्दसिलोगट्ठयाए आयार-महिट्ठेज्जा,
४. नन्नत्थ आरहंतेहिं हेऊहिं आयारमहिट्ठेज्जा, चउत्थं पयं भवइ ।

भवइ य इत्थ सिलोगो—
जिणवयणरए अतितिणे पडिपुण्णाययमा-ययट्ठिए ।
आयारसमाहिसंवुडे भवइ य दंते भाव-संधए ॥
—दस. अ. ९, उ. ४, सु. ११-१२

कप्पट्ठिई—

११६ छव्विहा कप्पट्ठिई पण्णत्ता, तं जहा—

१. सामाइय-संजय-कप्पट्ठिई,

२. छेओवट्ठावणिय-संजय कप्पट्ठिई,

३. निव्विसमाण कप्पट्ठिई,

४. निव्विट्ठकाइय कप्पट्ठिई,

५. जिणकप्पट्ठिई,

६. थेरकप्पट्ठिई ।
—कप्प. उ. ६, सु. २०

ત્રણ પ્રકારના મૂઢ —

૧૧૪. મૂઢના ત્રણ પ્રકાર કહ્યા છે—
૧ – જ્ઞાન મૂઢ, ૨ – દર્શન મૂઢ, ૩ – ચારિત્ર મૂઢ.

આચાર સમાધિ —

૧૧૫. આચાર સમાધિના ચાર પ્રકાર કહ્યા છે —
૧ – આ લોકને માટે આચારને ન આચરે.
૨ – પરલોકને માટે આચારને ન આચરે.
૩ – કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લોકને માટે (અર્થાત્ યશ-પ્રશંસાને માટે) પણ આચારનું પાલન ન કરે.
૪ – અર્હંત દેવોએ ફરમાવેલા નિર્જરાના હેતુ સિવાય કોઈ પણ સ્વાર્થ માટે આચાર ન પાળે. આ ચોથું પદ છે.

અહીં (આચાર સમાધિના પ્રકરણમાં) એક શ્લોક છે.

જિન વચનોમાં મગ્ન રહેનાર, કટુ વચનો સાંભળવા છતાં પણ કટુ ઉત્તર ન આપનાર, સૂત્રોને પૂર્ણ-રૂપથી જાણનાર, સતત મોક્ષની ઝંખના કરનાર, મન અને ઇન્દ્રિયોને વશમાં રાખનાર, આચાર સમાધિથી આશ્રવનો નિરોધ કરનારા મુનિ મોક્ષ-ગામી થાય છે.

કલ્પસ્થિતિ (આચાર મર્યાદા)—

૧૧૬. કલ્પસ્થિતિ (નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિઓની આચાર-મર્યાદા) છ પ્રકારની હોય છે, જેમકે,
૧ – સામાયિક-સંયત કલ્પસ્થિતિ – સામાયિક ચારિત્ર સંબંધી મર્યાદા.
૨ – છેદોપસ્થાપનીય સંયત કલ્પસ્થિતિ – જીવન-પર્યંતની સામાયિક સ્વીકાર કરાવતી વેળાએ અથવા વ્રતભંગ થયા પછી ફરી પાંચ મહાવ્રતોની જે મજ ચારિત્રની મર્યાદા.
૩ – નિર્વિશ્યમાન કલ્પસ્થિતિ –પરિહાર-વિશુદ્ધિ તપ સ્વીકાર કરનારની આચાર-મર્યાદા.
૪ – નિર્વિષ્ટકાયિક કલ્પસ્થિતિ–પારિહારિક તપ પૂર્ણ કરનારની આચાર-મર્યાદા.
૫ – જિનકલ્પસ્થિતિ–ગચ્છ બહાર થઈ તપસ્યા-પૂર્વક જીવન વ્યતીત કરનારની આચાર-મર્યાદા.
૬ – સ્થવિર કલ્પસ્થિતિ – ગચ્છના આચાર્યની આચાર મર્યાદા.

---

१. ठाणं. अ. २, उ. ४, सु. ११५

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चउव्विहा सुयसमाही—

११७ चउव्विहा खलु सुयसमाही भवइ तं जहा—

१. सुयं मे भविस्सइ त्ति अज्झाइयव्वं भवइ

२. एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइयव्वं भवइ

३. अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ

४. ठिओ परं ठावइस्सामित्ति अज्झाइयव्वं भवइ ।

चउत्थं पयं भवइ ।

भवइ य इत्थ सिलोगो—

नाणमेगग्गचित्तो य, ठिओ ठावयई परं ।

सुयाणि य अहिज्जित्ता,

रओ सुयसमाहिए ॥

दस. अ. ९, उ. ४, सु. ७-८

चार प्रकारनी श्रुतसमाधि

११७. श्रुतसमाधिना चार प्रकार छे. यथा –

१ – 'मने श्रुतज्ञाननी प्राप्ति थशे' माटे अध्ययन करवुं जोईओ.

२ – 'हुं एकाग्र चित्त थईश' माटे अध्ययन करवुं जोईओ.

३ – 'हुं आत्माने धर्ममां स्थापित करीश' माटे अध्ययन करवुं जोईओ.

४ – 'हुं स्वधर्ममां स्थिर थई बीजाने तेमां स्थापित करीश' माटे अध्ययन करवुं जोईओ. ओ चतुर्थ पद छे.

अने अहीं [श्रुतसमाधिना प्रकरणमां] ओक श्लोक छे—

अध्ययन द्वारा ज्ञान थाय छे, चित्तनी ओकाग्रता थाय छे, धर्ममां पोते स्थिर थाय छे, अने बीजाने स्थिर करे छे तथा अनेक प्रकारना श्रुतनुं अध्ययन करी श्रुतसमाधिमां मस्त रहे छे.

अट्ठविहो णाणायारो—

काले विणए बहुमाणे, उवहाणे तहा अनिन्हवणे ।

वंजण-अत्थ-तदुभए, अट्ठविहो णाणमायारो[1] ॥

—आचारांग टीका अं. १, उ. १, गा. ७,

आठ प्रकारना ज्ञानाचार—

ज्ञानाचार आठ प्रकारना छे. जेम के,

१ – कालाचार, २ – विनयाचार, ३ – बहुमानाचार, ४. उपधानाचार, ५ – अनिन्हवाचार, ६. व्यंजनाचार, ७ – अर्थाचार, ८-तदुभयाचार.

णाणुप्पण्णाणुकूलो कालो—

११८ तओ जामा पण्णत्ता, तं जहा—

पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे ।

तिहिं जामेहिं आया केवलमाभिणिबोहियणाणं उप्पाडेज्जा

—जाव—तिहिं जामेहिं आया केवलणाणं उप्पाडेज्जा

तं जहा—

पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे ।

ठाणं अ. ३, उ. २, सु. १६३(९)

ज्ञानની उत्पत्तिना अनुकूळ काळ—

आहंसु, छलायतणं च कम्मं ॥

तेओ पोताना पक्षने प्रतिपक्ष रहित अने परमतने प्रतिपक्ष सहित बतावे छे. तेओ स्याद्वादीनां साधनोनुं खंडन करवा माटे वाइछळनो प्रयोग करे छे.

ते एवमक्खंति अबुज्झमाणा,
विरूवरूवाणि अकिरियाता ।
जमादिदित्ता बहवो मणूसा,
भमंति संसारमणोवतग्गं ॥

वस्तुस्वरूपने नहि जाणनार ते अक्रियावादीओ विविध प्रकारनां शास्त्रोनुं कथन करे छे, जे शास्त्रनो आश्रय लईने घणा मनुष्यो अनंतकाळ सुधी संसारमां भ्रमण करे छे.

णाइच्चो उदेति ण अत्थमेति,
ण चंदिमा वड्ढती हायती वा।
सलिला ण संदंति ण वंति वाया,
वंझे णियते कसिणे हु लोए ॥

सर्व शून्यतावादी (अक्रियावादी) कहे छे के सूर्य ऊगतो के अस्त थतो नथी. तेम चंद्र वधतो नथी के घटतो नथी. तेवी ज रीते पाणी वहेतुं नथी अने हवा वाती नथी. आ संपूर्ण जगत अर्थशून्य, मिथ्या अने शून्यरूप छे.

जहा य अंधे सह जोतिणा वि,
रूवाइं णो पस्सति हीणनेत्ते ।
संतं पि ते एवमकिरियआता,
किरियं ण पस्संति निरुद्धपण्णा ॥

जेम आंधळ मनुष्य दीपक साथे होवा छतां नेत्रहीन होवाना कारणे घट पट पदार्थोने जोई शकतो नथी, ते प्रमाणे जेनी प्रज्ञा ज्ञानावरणना कारणे रुंधायेली छे, एवा बुद्धिहीन अक्रियावादीओ सन्मुख विद्यमान क्रियाने पण जोई शकता नथी.

संवच्छरं सुविणं लक्खणं च,
निमित्तं देहं उप्पाइयं च ।
अट्ठंगमेत्तं बहवे अहित्ता,
लोगंसि जाणंति अणागताइं ॥

जगतमां घणा लोको संवत्सर (ज्योतिष शास्त्र), स्वप्नशास्त्र (शुभ अशुभ स्वप्नोनुं फळ बतावनारुं शास्त्र), लक्षणशास्त्र (शरीरनां स्वस्तिक आदि चिह्नोनुं फळ बतावनार शास्त्र), निमित्त (शकुन शास्त्र), देहशास्त्र (शरीरना तल-मसा आदिनुं फळ बतावनार), उत्पात (आकाशमां शुभाशुभ बतावनार), भूमिकंप तथा उल्कापात आदि बतावनार श्रुत – ए अष्टांग निमित्त शास्त्रोनुं अध्ययन करीने भविष्यमां थनारी वातोने जाणे छे, (पण शून्यवादीओ तो आटलुं पण जाणता नथी.)

केई निमित्ता तहिया भवंति,
केसिंचि तं विप्पडिएति णाणं ।
ते विज्जभावं अणहिज्जमाणा,
आहंसु विज्जापलिमोक्खमेव ॥
—सूय.सु.१, अ.१२, गा. ४–१०

कोई निमित्तवेत्तानुं ज्ञान तो सत्य होय छे, तो कोई निमित्तवेत्तानुं ज्ञान विपरीत होय छे. आवुं जोईने विद्यानुं अध्ययन नहि करीने अक्रियावादीओ विद्याना त्यागमां ज कल्याण बतावे छे.

अकिरियवाइस्स मिच्छादंडप्पओगो—

अक्रियावादीनो मिथ्या दंड प्रयोग –

३४९. १. सव्वाओ पाणाइवायाओ अप्पडिविरए जावज्जीवाए,

३४९. (क) १ – ते जीवनपर्यंत सर्व प्रकारना प्राणातिपात (जीव-घात)थी अप्रतिविरत रहे छे अर्थात् सर्व प्रकारनी जीव-हिंसा करे छे.

२. सव्वाओ मुसावायाओ अप्पडिविरए जावज्जीवाए,

२ – यावज्जीवन सर्व प्रकारना मृषावादथी अप्रतिविरत रहे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. सव्वाओ अदिन्नादाणाओ अप्पडिविरए जावज्जीवाए,

૩ - યાવજ્જીવન સર્વ પ્રકારના અદત્તાદાનથી અપ્રતિવિરત રહે છે.

४. सव्वाओ मेहुणाओ अप्पडिविरए जावज्जीवाए,

૪ - યાવજ્જીવન સર્વ પ્રકારના મૈથુન-સેવનથી અપ્રતિવિરત રહે છે.

५. सव्वाओ परिग्गहाओ अप्पडिविरए जावज्जीवाए,

૫ - યાવજ્જીવન સર્વ પ્રકારના પરિગ્રહથી અપ્રતિવિરત રહે છે અર્થાત્ ત્યાગ કરતા નથી.

६. सव्वाओ कोहाओ अप्पडिविरए जावज्जीवाए,

૬ - યાવજ્જીવન સર્વ પ્રકારના ક્રોધથી અપ્રતિવિરત રહે છે.

७. सव्वाओ माणाओ अप्पडिविरए जावज्जीवाए,

૭ - યાવજ્જીવન સર્વ પ્રકારના માનથી અપ્રતિવિરત રહે છે.

८. सव्वाओ मायाओ अप्पडिविरए जावज्जीवाए,

૮ - યાવજ્જીવન સર્વ પ્રકારની માયાથી અપ્રતિવિરત રહે છે.

९. सव्वाओ लोभाओ अप्पडिविरए जावज्जीवाए,

૯ - યાવજ્જીવન સર્વ પ્રકારના લોભથી અપ્રતિવિરત રહે છે.

१०. सव्वाओ पेज्जाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૦ - યાવજ્જીવન સર્વ પ્રકારના પ્રેય (રાગ)થી અપ્રતિવિરત રહે છે.

११. सव्वाओ दोसाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૧ - યાવજ્જીવન સર્વ પ્રકારના દ્વેષથી અપ્રતિવિરત રહે છે.

१२. सव्वाओ कलहाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૨ - યાવજ્જીવન સર્વ પ્રકારના કલેશથી અપ્રતિવિરત રહે છે.

१३. सव्वाओ अब्भक्खाणाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૩ - યાવજ્જીવન સર્વ પ્રકારના અભ્યાખ્યાનથી અપ્રતિવિરત રહે છે.

१४. सव्वाओ पिसुण्णाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૪ - યાવજ્જીવન સર્વ પ્રકારના પૈશુન્ય (ચાડી ચુગલી) થી અપ્રતિવિરત રહે છે.

१५. सव्वाओ परपरिवायाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૫ - યાવજ્જીવન સર્વ પ્રકારના પર-પરિવાદ (લોકો દ્વારા પીઠ પાછળ થતી નિંદા) કરવાથી અપ્રતિવિરત રહે છે.

१६. सव्वाओ अरइ-रइ-अप्पडिविरए जावज्जीवाए,

૧૬ - યાવજ્જીવન સર્વ પ્રકારની રતિ (ઇષ્ટ પદાર્થો મળવાથી થતી પ્રસન્નતા) અને અરતિ (ઇષ્ટ પદાર્થ ન મળવાથી થતી અપ્રસન્નતા) થી અપ્રતિવિરત રહે છે.

१७. सव्वाओ मायामोसाओ अप्पडिविरए जावज्जीवाए,

૧૭ - યાવજ્જીવન સર્વ પ્રકારની માયા-મૃષા (છલપૂર્વક અસત્ય ભાષણ કરવું તથા વેશભૂષા બદલી બીજાને ઠગવા) થી અપ્રતિવિરત રહે છે.

१८. सव्वाओ मिच्छादंसणसल्लाओ अप्पडिविरए जावज्जीवाए।

—दसा. द. ६. सु.६

૧૮ - યાવજ્જીવન સર્વ પ્રકારના મિથ્યા-દર્શન શલ્યથી અપ્રતિવિરત રહે છે. અર્થાત્ આજીવન પૂર્વોક્ત પાપસ્થાનોનું સેવન કરતા રહે છે.

३५०. सव्वाओ कसाय-दंतकट्ठ-पहाण-मद्दण-विलेवण-सद्द-फरिस-रस-रूव-गंधमल्लालंकाराओ अप्पडिविरए जावज्जीवाए,

૩૫૦. (ખ)-તે નાસ્તિક મિથ્યાદૃષ્ટિ સર્વ પ્રકારના કષાયથી, રંગાયેલ વસ્ત્રથી, દંતધાવન કાષ્ટ (દાતણ)થી, સ્નાન, મર્દન, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માળા અને અલંકારોથી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वाओ सगड-रह-जाण-जुग-गिल्लि-थिल्लि-सीया-संदमाणिया-सयणासण - जाण - वाहण-भोयण-पवित्थर-विहिओ-अप्पडिविरए जाव-ज्जीवाए,

તે સર્વ પ્રકારનાં ગાડાં, રથ, યાન, યુગ, ડોળી, ખચ્ચરગાડી, પાલખી, સ્યન્દમાનિકા, શયનાસન, યાન, વાહન, ભોજન અને થાળી-વાટકા આદિ વિધિથી, ઉપકરણોના ભોગોપભોગથી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે. (અર્થાત્ સર્વ પ્રકારના પંચેન્દ્રિયોનાં વિષય-સેવનમાં અતિ આસક્ત રહે છે. સર્વ પ્રકારની સવારીઓનો ઉપભોગ કરે છે અને અનેક પ્રકારના ગૃહ સંબંધી વસ્ત્ર, આભરણ ભોજનાદિનો સંગ્રહ કરતા રહે છે.)

सव्वाओ आस-हत्थि-गो-महिस-गवेलय-मेस-दास-दासी-कम्मकर-पोरुस्साओ अप्पडिविरए जावज्जीवाए,

તે મિથ્યાદૃષ્ટિ સર્વ ઘોડા, હથણી, ગાય, ભેંસ, બકરાં, ઘેટાં દાસ-દાસી તથા પદાતિના સમુદાય એ બધાથી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે.

सव्वाओ कय-विक्कय-मासद्ध-मासरूवग-संव-वहाराओ अप्पडिविरए जावज्जीवाए,

તે સર્વ પ્રકારના ક્રય (ખરીદી), વિક્રય (વેચાણ), માષ, અર્ધમાષ આદિ રજત મુદ્રા રૂપ સંવ્યવહારથી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે.

सव्वाओ हिरण्ण-सुवण्ण-धण-धन्न-मणि-मोत्तिय-संख-सिलप्पवालाओ अप्पडिविरए जावज्जीवाए,

તે સર્વ પ્રકારના હિરણ્ય-(ચાંદી), સુવર્ણ, ધન-ધાન્ય, મણિ-મોતી, શંખ-શિલ, પ્રવાળ (મૂંગા)થી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે.

सव्वाओ कूडतुल्ल-कूडमाणाओ अप्पडिविरए जावज्जीवाए,

તે સર્વ પ્રકારના કૂટતોલ. કૂટમાન (હીનાધિક-તોલ-માપ)થી જીવનપર્યંત અપ્રતિવિરત રહે છે.

सव्वाओ आरम्भ-समारंभाओ अप्पडिविरए जावज्जीवाए,

તે સર્વ આરંભ-સમારંભથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

सव्वाओ - पयण - पयावणाओ अप्पडिविरए जावज्जीवाए,

તે સર્વ પ્રકારના પચન-પાચન (બનાવવા-પકાવવા)થી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

सव्वाओ-करण-करावणाओ अप्पडिविरए जाव-ज्जीवाए,

તે સર્વ કાર્ય કરવા-કરાવવાથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

सव्वाओ-कुट्टण-पिट्टणाओ तज्जण-तालणाओ वह-बंध-परिकिलेसाओ अप्पडिविरए जाव-ज्जीवाए,

તે સર્વ પ્રકારના કૂટવા-પીસવાથી, તર્જન-તાડનથી, વધ, બંધ અને પરિક્લેશથી યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે.

जे यावण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मा परपाण-परियावण कडा कज्जंति ततो वि य अप्पडिविरए जावज्जीवाए।

યાવત્—
જેટલા પણ ઉપર્યુક્ત પ્રકારના સાવદ્ય (પાપ-યુક્ત), અબોધિક (મિથ્યાત્વવર્ધક) અને બીજા જીવોના પ્રાણોને પરિતાપ પહોંચાડવાવાળાં કર્મો છે, તેનાથી પણ તે યાવજ્જીવન અપ્રતિવિરત રહે છે. અર્થાત્ ઉપર્યુક્ત સર્વ પ્રકારનાં પાપકાર્યો અને આરંભ-સમારંભનાં તમામ કાર્યોમાં સંલગ્ન રહે છે.

(તે મિથ્યાદૃષ્ટિ પાપાત્મા કેવી રીતે પાપ કાર્ય કરવામાં સંલગ્ન રહે છે, એ વાતને એક દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવે છે.—)

से जहानामए केइ पुरिसे कलम-मसूर-तिल-मूंग-मास-निप्फाव-कुलत्थ-आलिसदग-सेत्ती-णा हरिमंथ जवजवा एवमाइएहिं अयते कूरे मिच्छा दंडं पउंजइ।

જેમ કોઈ પુરુષ કલમ (ધાન્ય), મસૂર,તલ, મગ, માષ (અડદ,), નિષ્પાવ (વાલોળ), કુલત્થ (કળથી), આલિસિન્દક (ચોળા), સેતીણા (તુવેર), હરિમંથ (કાળા ચણા), જવ, જવા (જુવાર) તથા એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रकारनां બીજા ધાન્યોને કોઈ પણ યતના વગર (જીવરક્ષાના ભાવ વિના) ક્રૂરતાપૂર્વક ઉપમર્દન કરતાં મિથ્યાદંડ પ્રયોગ કરે છે. અર્થાત્ ઉપયુક્ત ધાન્યને જે પ્રમાણે ખેતીમાં ખેડી, બળામાં ધોકાવી, ખાંડણિયામાં કૂટી, ચક્કીમાં દળી-પીસી અને ચૂલા પર રાંધી નિર્દય વ્યવહાર કરે છે.

एवामेव तहप्पगारे पुरिसजाए तित्तिर-वट्टग-लावग-कपोत-कपिंजल-मिय-महिस-वाराह-गाह-गोह-कुम्मसरी-सिवादिएहिं अयते कूरे मिच्छा दंडं पउंजइ।

—दसा. द. ६, सु. ७-८

તે જ પ્રમાણે કોઈ પુરુષ-વિશેષ તેતર, બટેર, લાવરી, કબૂતર, ચાતક ઇત્યાદિ પક્ષી; મૃગ, ભેંશ, વરાહ (સુવ્વર, ભુંડ), ગ્રાહ (મગર), ગોધા (ઘો), કાચબો અને સર્પ ઇત્યાદિ નિરપરાધ પ્રાણીઓ પર અયતનાથી ક્રૂરતાપૂર્વક મિથ્યાદંડનો પ્રયોગ કરે છે. અર્થાત્ 'આ જીવોને મારવામાં પાપ નથી' એવી બુદ્ધિથી તેમનો નિર્દયતાપૂર્વક ઘાત કરે છે.

३५१. जावि य से बाहिरिया परिसा भवति, तं जहा—

दासे इ वा, पेसे इ वा, भिअए इ वा, भाइल्ले इ वा, कम्मकरे इ वा, भोगपुरिसे इ वा, तेसिं पि य णं अण्णयरंसि अहा—लहुयंसि अवराहंसि सयमेव गरुयं दंडं निवत्तेति। तं जहा—

इमं दंडेह, इमं मुंडेह, इमं तज्जेह, इमं तालेह, इमं अंदुय-बंधणं करेह, इमं नियल-बंधणं करेह, इमं हडि-बंधणं करेह, इमं चारग-बंधणं करेह, इमं नियल-जुयल-संकोडिय-मोडियं करेह, इमं हत्थछिन्नयं करेह, इमं पाय-छिन्नयं करेह, इमं कण्ण-छिन्नयं करेह, इमं नक्क-छिन्नयं करेह, इमं सीस-छिन्नयं करेह, इमं मुख-छिन्नयं करेह, इमं वेय छिन्नयं करेह, इमं उट्ठछिन्नयं करेह, इमं हियउप्पाडियं करेह,

एवं नयण-वसण-दसण-वद्दण-जिब्भ-उप्पाडियं करेह, इमं उल्लंबियं करेह, इमं घासियं, इमं घोलियं, इमं सूलाइयं इमं सूलाभिन्नं, इमं खारवत्तियं करेह, इमं दब्भवत्तियं करेह, इमं सीह-पुच्छयं करेह, इमं वसभपुच्छयं करेह, इमं दवग्गि-दड्ढयं करेह, इमं काकणीमंस-खावियं करेह, इमं भत्तपाण निरुद्धयं करेह, इमं जावज्जीव बंधणं करेह, इमं अन्नतरेण असुभ-कुमारेणं मारेह।

३५१ (अ) એવા મિથ્યાદૃષ્ટિઓની જે બહારની પરિષદ હોય છે. જેમ કે – દાસ (ક્રીત-ક્રિંકર), પ્રેષ્ય (દૂત), ભૃતક (પગારથી કામ કરનારા), ભાગિક (ભાગીદાર-કાર્યકર્તા), કર્મકર (ઘરકામ કરનારા) અથવા ભોગપુરુષ (પ્રાપ્ત કરેલા ધનનો ભોગ કરનારા) ઇત્યાદિ તેમના દ્વારા અતિ લઘુ અપરાધ થઈ જતાં પોતે જ ભારે દંડ આપવાની આજ્ઞા આપે છે.

જેમ કે (હે પુરુષો!) આને દંડ આદિથી પીટો, એનું માથું મુંડો, આને તાડન-તર્જન કરો, આને થપ્પડ લગાવો, આના હાથોમાં હાથકડી નાખો, આના પગમાં બેડીઓ નાખો, આને બાડામાં નાખો, આને કેદમાં બંધ કરો, આના બન્ને પગને સાંકળથી બાંધી, પાછળના ભાગમાં મરડી દો, હાથ કાપી નાખો, પગ કાપી નાખો, કાન કાપી નાખો, નાક કાપી નાખો, માથું કાપી નાખો, મોઢું છુંદી નાખો, પુરુષચિહ્ન કાપી નાખો, હોઠ કાપી નાખો, હૃદય ચીરી નાખો.

આ પ્રમાણે તેનાં નેત્ર, વૃષણ (અંડકોષ), દાંત, શરીર અને છાલને ખેંચી નાખો, આને દોરડાથી બાંધી વૃક્ષાદિ પર લટકાવી દો, આને બાંધી જમીન પર ઘસડો, આને દહીંની જેમ વલોવી નાખો. આને શૂળી ચઢાવો, આને ત્રિશૂલથી ભેદી નાખો, આના શરીરને શસ્ત્રો વડે છેદન-ભેદન કરી તેના પર ક્ષાર (મીઠું, સાજીખાર આદિ ખારી વસ્તુ) ભરી દો, એના શરીરમાં પડેલા ઘામાં દર્ભ આદિ તીક્ષ્ણ ઘાસ ખોસો, એને સિંહની પૂંછડી સાથે બાંધી છૂટો મૂકી દો, એને સાંઢની પૂંછડીએ બાંધીને છોડી દો, એને દવાગ્નિમાં બાળી નાખો, એના માંસના કોડી જેવા ટુકડા કરી કાગડા-ગીધ આદિને ખવડાવી દો, એનું ખાવાનું પીવાનું બંધ કરી દો, આને જીવનપર્યંત બંધનમાં રાખો, આને કોઈ પણ પ્રકારના કષ્ટોથી મારી નાખો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जा वि य सा अब्भिंतरिया परिसा भवति, तं जहा—

माया इ वा, पिया इ वा, भाया इ वा, भगिणि इ वा, भज्जा इ वा, धूया इ वा, सुण्हा इ वा तेसिं पि य णं अण्णयरंसि अहा लहुयंसि अवराहंसि सयमेव गरुयं दंडं निवत्तेति, तं जहा—

सीओदग-वियडंसि कायं बोलित्ता भवइ;
उसिणोदग-वियडेण कायं ओसिंचित्ता भवइ;
अगणिकाएण कायं उद्दहित्ता भवइ,
जोत्तेण वा, वेत्तेण वा, नेत्तेण वा, कसेण वा, छिवाडीए वा, लयाए वा, पासाइं उद्दालित्ता भवइ,

दंडेण वा, अट्ठीण वा, मुट्ठीण वा, लेलुएण वा, कवालेण वा, कायं आउट्टित्ता भवइ।

तहप्पगारे पुरिस-जाए संवसमाणे दुम्मणा भवंति।

तहप्पगारे पुरिस-जाए विप्पवसमाणे सुमणा भवंति।

तहप्पगारे पुरिस-जाए, दंडमासी, दंडगुरुए, दंडपुरक्खडे,

अहिए अस्सिं लोयंसि, अहिए परंसि लोयंसि। ते दुक्खेंति, सोयंति, एवं झुरेंति, तिप्पंति पिट्टेंति, परितप्पंति,

ते दुक्खण-सोयण-झुरण-तिप्पण-पिट्टण-परितप्पण-वह-बंध-परिकिलेसाओ अप्पडिविरए भवति।

दसा. द.६, सु.९-११

३५२. एवामेव से इत्थि-काम भोगेहिं मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववण्णे,

એ મિથ્યાદૃષ્ટિની જે અભ્યંતર પરિષદ્ છે. જેમ કે —

માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ ઇત્યાદિ, તેમનો કોઈ પણ નાનો અપરાધ હોવાથી અથવા થઈ જવાથી પોતે જ ભારે દંડ આપે છે.

જેમ કે-ઠંડીમાં અત્યંત ઠંડા પાણીથી ભરેલા તળાવ આદિમાં એનું શરીર ડુબાડી દે છે.

ગરમીમાં અત્યંત ઉષ્ણ પાણીનું એના શરીર પર સિંચન કરે છે.

એના શરીરને આગથી બાળી નાખે છે.

જોતરાથી (બળદોના ગળામાં બાંધવાનું ઉપકરણ), નેતર આદિથી અથવા દહીં વલોવવાના નેતરા-દોરીથી, ચામડાના ચાબુકથી, વૃક્ષની છીબાડી અર્થાત્ તલવાર જેવી તીક્ષ્ણ ચાબુકથી અથવા લતાથી મારી બન્ને પાર્શ્વ ભાગોની ચામડી ઉખેડી નાખે છે.

અથવા દંડાથી, હાડકાથી, મુઠ્ઠીથી, પથ્થરના ટુકડાથી અને ઘડાના ઠીકરાથી, કપાલથી (અર્પરથી) એના શરીરનું છેદનભેદન કરે છે.

આ પ્રકારના પુરુષવર્ગની સાથે રહેનારા મનુષ્ય દુર્મન (દુઃખી) રહે છે, અને આ પ્રકારના પુરુષવર્ગથી દૂર રહેનારા મનુષ્ય પ્રસન્ન રહે છે.

આ પ્રકારનો પુરુષવર્ગ હંમેશાં દંડાને સાથે રાખે છે. અને કોઈનો અલ્પ પણ અપરાધ થઈ જાય તો વધુ ને વધુ દંડ આપવાનો વિચાર કરે છે તથા દંડ આપવા માટે હંમેશાં તૈયાર જ હોય છે, એટલું જ નહિ પણ દંડાને હંમેશાં આગળ રાખીને જ વાત કરે છે.

આવા માણસો આ લોકમાં પણ પોતાનું અહિત કરે છે અને પરલોકમાં પણ પોતાનું અકલ્યાણ કરનારા હોય છે.

ઉપર પ્રમાણે બતાવેલા મિથ્યાદૃષ્ટિ અકિયાવાદી નાસ્તિક લોકો બીજાને દુઃખી કરે છે, શોકસંતપ્ત કરે છે, દુઃખ પહોંચાડી ઝુરાવે છે, સતાવે છે, પીડા પહોંચાડે છે અને અનેક પ્રકારે પરિતાપ પહોંચાડે છે.

(એટલું જ નહિ) તેઓ બીજાને દુઃખ આપવાથી, શોક ઉત્પન્ન કરવાથી, ઝુરાવવાથી, રડાવવાથી, પીટવાથી, પરિતાપનથી, વધથી, બંધથી અનેક પ્રકારનાં દુઃખ સંતાપ પહોંચાડતાં એનાથી અપ્રતિવિરત રહે છે અર્થાત્ પાપોમાં તત્પર રહે છે.

૩૫૨. આ પ્રમાણે તે સ્ત્રી-સંબંધી કામ-ભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, આસક્ત તથા પંચેન્દ્રિયોના વિષયોમાં નિમગ્ન રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जाव-वासाइं चउ-पंचमाइं, छ दसमाणि वा अप्पतरो वा भुज्जतरो वा कालं भुंजित्ता कामभोगाइं, पसेवित्ता वेरायतणाइं, संचिणित्ता बहुयं पावाइं कम्माइं,

ओसन्नं संभार-कडेण कम्मुणा ।
से जहानामए-
अयगोले इ वा, सेलगोले इ वा उदयंसि पक्खित्ते समाणे उदग-तलमइवत्तित्ता अहे धरणि-तले पइट्ठाणे भवइ,

एवामेव तहप्पगारे
पुरिसजाए वज्ज-बहुले, धुण्ण-बहुले, पंक-बहुले, वेर-बहुले दंभ-नियडि-साइ-बहुले, आसायणा-बहुले, अयस-बहुले, अघत्तिय-बहुले

ओसण्णं तस-पाण-घाती कालमासे कालं किच्चा धरणि-तलमइवत्तित्ता अहे नरग-धरणितले पइट्ठाणे भवइ ।

ते णं णरगा—
अंतो वट्टा, बाहिं चउरंसा, अहे खुरप्पसंठाण-संठिआ, निच्चंधकार-तमसा,

ववगय-गह-चंद-सूर-णक्खत्त-जोइस-पहा,

मेद-वसा-मंस-रुहिर-पूय-पडल-चिक्खल-लित्ताणुलेवण-तला,
असुइविस्सा, परमदुब्भिगंधा,

काउय-अगणि-वण्णाभा, कक्खड-फासा दुरहियासा ।

असुभा नरगा । असुभा नरएसु वेयणा ।

नो चेव णं णरएसु नेरइया निद्दायंति वा, पयलायंति वा, सुइं वा रइं वा, धिइं वा, मइं वा उवलभंति ।
ते णं तत्थ—
उज्जलं, विउलं, पगाढं, कक्कसं, कडुयं, चंडं, दुक्खं, दुग्गं, तिक्खं, तिव्वं दुरहियासं नरएसु नेरइया नरयवेयणं पच्चणुभवमाणा विहरंति ।

से जहानामए रुक्खे सिया पव्वयग्गे जाए, मूलच्छिन्ने, अग्गे गरुए,

यावत्-ते चार-पांच वर्ष, छ-सात वर्ष કે આઠ-દસ વર્ષ અથવા એથી પણ ઓછાવત્તા કાળ સુધી કામ-ભોગોને ભોગવી વૈરભાવનાં સર્વ સ્થાનોનું સેવન કરી તથા ઘણાં પાપકર્મોનો સંચય કરી,

પ્રાયઃ સ્વકૃત કર્મોના ભારથી જેમ

લોઢાનો ગોળો કે પથ્થરનો ગોળો પાણીમાં અતિક્રમણ કરી, નીચે ભૂમિતલ (પાતાળ)માં જઈ બેસે છે.

તે જ પ્રમાણે ઉપરોક્ત પ્રકારનો પુરુષવર્ગ અતિ પાપીષ્ઠ વજ્ર જેવાં કર્મોથી ભારે, ક્લેશકારી, પાપરૂપી કીચડથી ભરેલા, વૈરભાવવાળા, મહાદંભી, મહાકપટી, મહાધૂર્ત, દેવ-ગુરુ-ધર્મની આશાતના કરનાર, વિશ્વાસઘાતી, અકીર્તિવાળો,

ત્રસ-પ્રાણઘાતી થતો થતો, ત્રસ પ્રાણીઓની ઘાત કરતો કરતો, કાલમાસમાં કાળ કરી (મરણ પામી) આ ભૂમિ-તળનું અતિક્રમણ કરી નીચે નરક ભૂમિ-તળમાં જઈ સ્થાપિત થઈ જાય છે.

તે નરકાવાસ,

મધ્યમાં અંદરથી ગોળ અને બહારથી ચોરસ છે. નીચે ક્ષુર (અસ્તરા)ના જેવા તીક્ષ્ણ ધારવાળા નિત્ય ઘોર અંધકારથી વ્યાપ્ત છે.

અને ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આ જ્યોતિષ્કોની પ્રભાથી રહિત છે.

તે નરકાવાસ માંસ, રુધિર, પરુના કીચડથી લિપ્ત-આલિપ્ત છે.

તે નરકાવાસ મળ-મૂત્રાદિ અશૂચિ પદાર્થોથી ભરેલા છે, અત્યંત દુર્ગન્ધમય છે,

કાળા કે કપોત વર્ણવાળા અગ્નિના વર્ણ જેવી આભાવાળા છે, કર્કશ સ્પર્શવાળા છે, માટે તેનો સ્પર્શ અસહ્ય છે.

તે નરકાવાસ અશુભ છે માટે તે નરકોમાં વેદનાઓ પણ અશુભ જ હોય છે.

એ નરકના જીવોને નિદ્રા આવતી નથી, ઊંઘી શકતા નથી. તેઓને સ્મૃતિ, રતિ, ધૃતિ અને મતિ પ્રાપ્ત થતી નથી.

એ નારકીઓ એ નરકોમાં-

ઉજ્જ્વલ, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુક, ચંડ, રૌદ્ર, દુઃખમય, તીક્ષ્ણ, તીવ્ર, દુઃસહ નરકવેદનાઓનો પ્રતિક્ષણ અનુભવ કરતા વિચરે છે.

જેમ પર્વતના અગ્રભાગ (શિખર) પર ઉત્પન્ન વૃક્ષના મૂળ ભાગને કાપી નાખવાથી ઉપરનો ભાગ ભારે થવાથી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जओ निन्नं, जओ दुग्गं, जओ विसमं तओ पवडति । एवामेव तहप्पगारे पुरिसजाए गब्भाओ गब्भं, जम्माओ जम्मं, माराओ मारं, दुक्खाओ दुक्खं,

दाहिण-गामि णेरइए, कण्हपक्खिए, आगमेस्साणं-जाव दुल्लभबोहिए यावि भवति ।

से तं अकिरिया-वाई यावि भवइ ।

—दसा. द. ६, सु. १२-१४

જ્યાં નિમ્ન સ્થાન છે, જ્યાં દુર્ગમ પ્રવેશ છે અને જ્યાં વિષમ સ્થળ છે ત્યાં પડી જાય છે-એ જ પ્રમાણે ઉપર બતાવેલો મિથ્યાત્વી, ઘોર પાપી પુરુષવર્ગ એક ગર્ભથી બીજા ગર્ભમાં, એક જન્મથી બીજા જન્મમાં, એક મરણથી બીજા મરણમાં અને એક દુ:ખથી બીજા દુ:ખમાં પડતો જ જાય છે.

તે દક્ષિણ-દિશા-સ્થિત ઘોર નરકમાં જાય છે. તે કૃષ્ણપાક્ષિક નારકી આગામી કાળમાં યાવત્ દુર્લભબોધિવાળા હોય છે.

ઉપર બતાવેલા જીવો અક્રિયાવાદી છે.

३५३. जे केइ लोगंमि उ अकिरियआया, अन्नेण पुट्ठा धुयमादिसंति ।
आरंभसत्ता गढिया य लोए, धम्मं ण जाणंति विमुक्खहेउं ॥१६॥

पुढो य छंदा इह माणवा उ, किरियाकिरियं च पुढो य वायं ।
जायस्स बालस्स पकुव्व देहं, पवड्ढई वेरमसंजयस्स ॥१७॥

सूय. सु. १, अ. १०, गा. १६-१७

૩૫૩. આ લોકમાં જેઓ આત્માને ક્રિયારહિત માને છે અને બીજા દ્વારા પૂછવાથી મોક્ષનું અસ્તિત્વ બતાવે છે તેઓ આરંભમાં આસક્ત અને વિષય-ભોગમાં ગૃદ્ધ છે. તેઓ મોક્ષના કારણરૂપ જે ધર્મ છે તેને જાણતા નથી.

સંસારમાં માનવોની રુચિ જુદા જુદા પ્રકારની હોય છે. તેથી કોઈ ક્રિયાવાદને તો કોઈ એથી વિપરીત અક્રિયાવાદને માને છે. કોઈ તરતના જન્મેલા બાળકના શરીરને કાપી પોતાનું સુખ માને છે. વાસ્તવમાં એવા અસંયમી લોકો બીજાની સાથે વેર જ વધારે છે.

एगंतणाणवाई—

एकान्त ज्ञानवादी—

३५४. कल्लाणे पावए वा वि, ववहारो ण विज्जई ।
जं वेरं तं न जाणंति, समणा बालपंडिया ॥

असेसं अक्खयं वा वि, सव्वदुक्खे त्ति वा पुणो ।
वज्झा पाणा न वज्झ त्ति, इति वायं न नीसरे ॥

दीसंति समियाचारा, भिक्खुणो साहुजीविणो ।
एए मिच्छोवजीवि त्ति, इति दिट्ठिं न धारए ॥

दक्खिणाए पडिलंभो, अत्थि नत्थि त्ति वा पुणो ।

૩૫૪. આ વ્યક્તિ એકાન્ત કલ્યાણવાન [પુણ્યાત્મા] છે, અને આ એકાન્ત પાપી છે, એવો વ્યવહાર હોતો નથી, (છતાં પણ) બાલ-પંડિત (સદ્ - અસદ્ - વિવેકથી રહિત હોવા છતાં પણ સ્વયંને પંડિત માનનાર) (શાક્ય આદિ) શ્રમણો (એકાન્ત પક્ષના અવલંબનથી ઉત્પન્ન થનાર) વેર (કર્મબંધ) જાણતા નથી.

જગતના સમસ્ત પદાર્થો એકાન્ત નિત્ય છે કે એકાન્ત અનિત્ય છે એવું કથન (પ્રરૂપણ) કરવું ન જોઈએ. તથા સર્વ જગત એકાન્ત રૂપથી દુ:ખમય છે એવું કથન પણ ન કરવું જોઈએ. તથા અમુક પ્રાણી વધ્ય છે, અમુક અવધ્ય છે એવું વચન પણ સાધુએ (મોઢામાંથી) કાઢવું ન જોઈએ.

યતનાપૂર્વક જીવનારા સમ્યક્ આચારના પ્રતિપાલક, નિર્દોષ ભિક્ષાજીવી એવા ઘણા સાધુ દૃષ્ટિગોચર થાય છે.માટે સાધુઓ મિથ્યા વ્યવહારથી જગતને ઠગીને આજીવિકા કરે છે એવી દૃષ્ટિ રાખવી ન જોઈએ.

મેધાવી (વિવેકી) સાધુએ એવી (ભવિષ્ય) વાણી કરવી ન જોઈએ કે અમુક પાસેથી દાન મળે છે અને અમુક પાસેથી નથી મળતું અથવા આજે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ण वियागरेज्ज मेहावी,
संतिमग्गं च बूहए ॥
—सूय. सु. २, अ. ५, गा. २९-३२

तमने भिक्षालाभ थशे के नहि? परंतु जेथी शान्तिमार्ग (मोक्षमार्ग)नी वृद्धि थती होय एवुं वचन कहेवुं जोईओ.

३५५. भणन्ता अकरेन्ता य,
बन्धमोक्खपइण्णिणो ।
वायाविरियमेत्तेण
समासासेन्ति अप्पयं ॥

३५५. 'ज्ञानथी ज मोक्ष थाय छे' जे एवुं कहे छे, पण तेना माटे कोई क्रिया करता नथी, ते केवल बंध अने मोक्षना सिद्धान्तनी स्थापना करनारा छे. ते केवल वाणीनी वीरताथी पोते पोताने आश्वासन आपनारा छे.

न चित्ता तायए भासा,
कओ विज्जाणुसासणं ।
विसन्ना पावकम्मेहिं,
बाला पंडियमाणिणो ॥
—उत्त. अ. ६, गा. ९-१०

विविध भाषाओ बचावी शकती नथी. विद्यानुं अनुशासन पण बचाववा समर्थ नथी (जे एनुं शरण माने छे ते) पोतपोताने पंडित माननारा अज्ञानी मनुष्यो अनेक प्रकारनां पापकर्मोमां डूबेला रहे छे.

अण्णाणवायं—

अज्ञानवाद—

३५६. जविणो मिगा जहा संता परिताणेण वज्जिता ।
असंकियाइं संकंति संकियाइं असंकिणो ॥

३५६. जेवी रीते प्राणहीन चंचळ मृग शंकाने अयोग्य स्थानमां शंका करे छे अने शंकायुक्त स्थानमां शंका करता नथी.

परियाणियाणि संकंता पासित्ताणि असंकिणो ।
अण्णाणभयसंविग्गा संपलिंती तहिं तहिं ॥

ते प्रमाणे सुरक्षित स्थानने शंकास्पद अने पाश-बंधनयुक्त स्थानने शंकारहित मानता, अज्ञान अने भयथी उद्विग्न थयेल ते मृगो पाश-युक्त स्थानमां ज जईने फसाय छे.

अह तं पवेज्ज वज्झ अहे वज्झस्स वा वए ।
मुंचेज्ज पयपासाओ तं तु मंदे ण देहती ॥

ते समये ते मृग कूदीने ते बंधनने ओळंघी जाय अथवा ते बंधनथी नीचे थईने नीकळी जाय तो ते बंधनथी बची शके, परंतु ते मूर्ख मृग जाणी शकता नथी.

अहियप्पा हियपण्णाणे विसमंतेणुवागते ।
से बद्धे पयपासेहिं तत्थ घायं नियच्छति ॥

अहितात्मा - पोतानुं ज अहित करनार अने अहित बुद्धिना (अज्ञाना) धारक ते मृग कूट-पाशादि (बंधन) सहित विषम प्रदेशमां पहोंची त्यां पद-बंधनथी बंधाई जाय छे. अने त्यां ज विनाशने प्राप्त थाय छे.

एवं तु समणा एगे मिच्छद्दिट्ठी अणारिया ।
असंकिताइं संकंति संकिताइं असंकिणो ॥

ते प्रमाणे कोई कोई मिथ्यादृष्टि अनार्य श्रमणो शंका रहित अनुष्ठानोमां शंका करे छे अने शंका योग्य अनुष्ठानोमां शंका करता नथी.

धम्मपण्णा जा सा तं तु संकंति मूढगा ।
आरंभाइं न संकंति अवियत्ता अकोविया ॥

ते मूढ मिथ्यादृष्टि धर्म प्रज्ञापना-धर्मप्ररूपणामां शंका करे छे. (पण) आरंभ-हिंसाजन्य कार्योमां [सत्शास्त्र ज्ञानथी रहित होवाथी] शंका करता नथी.

सव्वप्पगं विउक्कस्सं सव्वं णूमं विहूणिया ।
अप्पत्तियं अकम्मंसे एयमट्ठं मिगे चुए ॥

सर्वात्मक-सर्वना अंतःकरणमां व्याप्त-लोभ, समस्त माया, विविध उत्कर्षरूप मान अने अप्रत्यय रूप क्रोधनो नाश करी जीव अकर्मा (कर्मथी सर्वथा रहित) थाय छे. किन्तु आ (सर्वज्ञ भाषित) अर्थने (सदुपदेश के सिद्धान्त अथवा सत्यने) मृग समान अज्ञानी जीवो त्यजी दे छे (जाणता नथी).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे एतं णाभिजाणंति मिच्छद्दिट्ठी अणारिया ।
मिगा वा पासबद्धा ते घायमेसंत णंतसो ॥

જે મિથ્યાદૃષ્ટિ અનાર્ય પુરુષ આ અર્થને (સિદ્ધાન્ત કે સત્યને) જાણતા નથી, પાશ (બંધન) બદ્ધ મૃગની પેઠે તે (મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની) અનંત વાર ઘાત-વિનાશને પ્રાપ્ત થશે, વિનાશને શોધશે.

माहणा समणा एगे सव्वे णाणं सयं वदे ।
सव्वलोगे वि जे पाणा न ते जाणंति किंचणं ॥

(અજ્ઞાનવાદી કહે છે) કેટલાય બ્રાહ્મણો અને શાક્યાદિ શ્રમણો (એ) બધા પોતપોતાનું ડહાપણ બતાવે છે, પરંતુ સમસ્ત લોકમાં જે પ્રાણીઓ છે તેમના વિષયમાં તેઓ કાંઈ પણ જાણતા નથી.

मिलक्खु अमिलक्खुस्स जहा वुत्ताणुभासती ।
ण हेउं से विजाणाति भासियं तऽणुभासती ॥

જેમ કોઈ આર્ય ભાષાનો અજાણ મ્લેચ્છ પુરુષ અમ્લેચ્છ (આર્ય) પુરુષના કથનનો (કહેલાનો) માત્ર અનુવાદ કરે છે, પરંતુ તે તે ભાષાનો હેતુ (કથનનું કારણ કે રહસ્ય) સમજતો નથી, પરંતુ તેના દ્વારા કહેવાયેલા વક્તવ્યને અનુસરી (પરમાર્થશૂન્ય) માત્ર ભાષણનું રટણ જ કરી જાય છે.

एवमण्णाणिया णाणं वयंता वि सयं सयं ।
णिच्छयत्थं ण जाणंति मिलक्खू व अबोहिए ॥

તે જ પ્રમાણે સમ્યગ્જ્ઞાનહીન (બ્રાહ્મણો તથા શ્રમણો) પોતપોતાનું જ્ઞાન કહેતાં હોવા છતાં પણ (તેના) નિશ્ચિત અર્થને (પરમાર્થને) જાણતા નથી, તેઓ (પૂર્વોક્ત) મ્લેચ્છો (અનાર્યો)ની જેમ સમ્યગ્ બોધ રહિત છે.

अण्णाणियाण वीमंसा अण्णाणे नो नियच्छती ।
अप्पणो य परं णालं कुतो अण्णेऽणुसासिउं ? ॥

'અજ્ઞાન જ શ્રેષ્ઠ છે' તે નિર્ણયાત્મક વિચાર અજ્ઞાન પક્ષમાં સંગત થઈ શકતો નથી. અજ્ઞાનવાદી પોતાને પણ શિક્ષા દેવામાં સમર્થ નથી તો પછી બીજાને શિક્ષા કેવી રીતે આપી શકે?

वणे मूढे जहा जंतु मूढणेताणुगामिए ।
दुहओ वि अकोविया तिव्वं सोयं णियच्छति ॥

[દૃષ્ટાંત દ્વારા અજ્ઞાનવાદનું નિરાકરણ કરતાં શાસ્ત્રકાર કહે છે કે] - જેમ વનમાં દિશામૂઢ કોઈ પ્રાણી બીજા દિશામૂઢ મનુષ્યની પાછળ પાછળ ચાલે છે તો સન્માર્ગથી અનભિજ્ઞ તે બન્ને (કયાંય ખતરનાક સ્થળમાં પહોંચીને) અવશ્ય તીવ્ર શોકમાં ડૂબી જાય છે - એટલું જ નહિ પણ અસહ્ય દુઃખ પામે છે. એ જ પ્રમાણે અજ્ઞાનવાદી સમ્યગ્ માર્ગના વિષયમાં દિગ્મૂઢ એવા નેતાની પાછળ ચાલવાથી ઘણા ઊંડા શોકમાં ડૂબી જાય છે.

अंधो अंधं पहं णितो दूरमद्धाण गच्छती ।
आवज्जे उप्पहं जंतु अदुवा पंथाणुगामिए ॥

જે પોતે જ આંધળો છે તે બીજા આંધળાને રસ્તામાં લઈ જતાં જ્યાં જવાનું છે ત્યાંથી દૂર ચાલ્યો જાય છે, અથવા ઊલટે માર્ગે ચાલ્યો જાય છે, અથવા તો ઉન્માર્ગ પકડી લે છે. પરંતુ સાચા માર્ગે તે ચાલી શકતો નથી.

एवमेगे णियावट्ठी धम्ममाराहगा वयं ।
अदुवा अधम्ममावज्जे ण ते सव्वज्जुयं वए ॥

એ જ પ્રમાણે કેટલાક નિયાગાર્થીઓ-મોક્ષાર્થીઓ કહે છે, "અમે ધર્મારાધક છીએ." પરંતુ (ધર્મારાધના તો દૂર રહી) તેઓ (પ્રાયઃ)અધર્મનું જ આચરણ કરે છે. તેઓ સરળ સંયમ-માર્ગને અંગીકાર કરી શકતા નથી.

एवमेगे वितक्काहिं णो अण्णं पज्जुवासिया ।
अप्पणो य वितक्काहिं अयमंजू हि दुम्मति ॥

કેટલાક દુર્બુદ્ધિ જીવો પૂર્વોક્ત વિકલ્પોને લઈને (પોતાના અજ્ઞાનવાદી નેતાઓને છોડીને) જ્ઞાનીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एवं तक्काए साहेंता धम्मा-धम्मे अकोविया ।
दुक्खं ते नाइतुट्टन्ति सउणी पंजरं जहा ॥

सयं सयं पसंसंता गरहंता परं वइं ।
जे उ तत्थ विउस्संति संसारं ते विउस्सिया ॥
—सूय. सु. १, अ. १, उ. २, गा. ६-२३

एगंत अण्णायवायस्स समिक्खा—

३५७. अण्णाणिया ता कुसला वि संता,
असंथुया णो वितिगिच्छतिण्णा ।
अकोविया आहु अकोवियाए,
अणाणुवीयीति मुसं वदंति ॥
—सूय. सु. १, अ. १२, गा. २

एगंत विणयवाइस्स समिक्खा—

३५८. सच्चं असच्चं चिंतयंता,
असाहु साहु त्ति उदाहरंता ॥
जे मे जणा वेणइया अणेगे,
पुट्ठा वि भावं विणइंसु नाम ॥
अणोवसंखा इति ते उदाहु,
अट्ठे स ओभासति अम्ह एवं ।
सूय.सु.१, अ.१२, गा.३-४/१

पोंडरीय रूवगं—

३५९. सुयं मे आउसंतेणं भगवता एवमक्खायं—
इह खलु पोंडरीए णामं अज्झयणे, तस्स णं अयमट्ठे पण्णत्ते—

से जहाणामए पोक्खरणी सिया बहुउदगा बहुसेया बहुपुक्खला लद्धट्ठा पुण्डरीगिणी पासादिया दरिसणीया अभिरूवा पडिरूवा ।

सेवा-पर्युपासना કરતા નથી. તેઓ પોતાના વિકલ્પોને લઈને 'આ અજ્ઞાન માર્ગ જ સરળ છે' તેવું માને છે.

આ પ્રમાણે તર્ક દ્વારા પોતાના મતને મોક્ષ-પ્રદ સિદ્ધ કરતાં ધર્મ અને અધર્મને નહિ જાણનાર અજ્ઞાનવાદીઓ જે પ્રમાણે પક્ષી પિંજરાને તોડી બહાર નીકળી શકતું નથી, તે પ્રમાણે પોતાના દુઃખને દૂર કરી શકતા નથી.

પોતપોતાના મતની પ્રશંસા અને બીજાનાં વચનોની નિંદા કરતા જે અન્યતીર્થિકો પોતાનું પાંડિત્ય દેખાડે છે, તેઓ સંસારમાં જ ભ્રમણ કરે છે.

એકાન્ત અજ્ઞાનવાદ સમીક્ષા—

૩૫૭. તે અજ્ઞાનવાદીઓ પોતાને (વાદમાં) કુશળ માનવા છતાં પણ સંશયથી રહિત (વિચિકિત્સામાંથી બહાર નીકળેલ) નથી માટે તેઓ અસંસ્તુત (અસંબદ્ધભાષી કે મિથ્યાવાદી હોવાથી અપ્રશંસાને પાત્ર) છે. તેઓ પોતે જ અકોવિદ (ધર્મોપદેશમાં અનિપુણ) છે. અને પોતાના અકોવિદ (અનિપુણ-અજ્ઞાની) શિષ્યોને ઉપદેશ આપે છે, તેઓ (અજ્ઞાન પક્ષનો આશ્રય લઈ) વસ્તુ તત્ત્વનો વિચાર કર્યા વિના જ મિથ્યા ભાષણ કરે છે.

એકાન્ત-વિનયવાદીની સમીક્ષા—

૩૫૮. વિનયવાદી સત્યને અસત્ય ચિંતવે છે તથા અસાધુને સાધુ પ્રતિપાદિત કરે છે. આમ આ જે વિનયવાદી છે તેઓને પૂછો તો તેઓ વિનયને જ મોક્ષનું સાધન બતાવે છે.

વસ્તુના યથાર્થ સ્વરૂપનું પરિજ્ઞાન ન હોવાથી વ્યામૂઢમતિ તે વિનયવાદી એવું કહે છે કે 'અમને અમારા પ્રયોજનની સિદ્ધિ વિનયથી જ દેખાય છે.'

પુંડરીક રૂપક—

૩૫૯. (શ્રી સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે) —હે આયુષ્મન્ ! મેં સાંભળ્યું હતું તે ભગવન્તે એમ કહ્યું હતું'

'આ આર્હત્ પ્રવચનમાં 'પુંડરીક' નામનું એક અધ્યયન છે. તેનો અર્થ આ પ્રમાણે કહ્યો છે —કલ્પના કરો કે જેમ કોઈ પુષ્કરિણી (કમળ-તલાવડી) છે. તે ઘણા જ જલથી પરિપૂર્ણ છે, અને ઘણા કીચડવાળી પણ છે, (અથવા ઘણાં શ્વેત પદ્મ હોવાથી તથા સ્વચ્છ જલ હોવાથી અત્યન્ત શ્વેત છે.) ઘણું પાણી હોવાથી અત્યંત ઊંડી છે અથવા ઘણાં કમળોથી છવાયેલી છે. તે પુષ્કરિણી ('કમળોવાળી' એવા) નામને સાર્થક કરનારી અથવા યથાર્થ નામવાળી અથવા જગતમાં પ્રતિષ્ઠા પામેલી છે. તે પ્રચુર પુંડરીકો (શ્વેત-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कमळो)थी संपन्न छे. ते पुष्करिणी जोनारना चित्तने प्रसन्न करनार, दर्शनीय, प्रशस्त रूप सम्पन्न, अद्वितीय रूपवाळी (अत्यंत मनोहर) छे.

तीसे णं पुक्खरणीए तत्थ तत्थ देसे तहिं तहिं बहवे पउमवरपोंडरिया बुइया अणुपुव्वट्ठिया ऊसिया रूइला वण्णमंता गंधमंता रसमंता फासमंता पासादीया दरिसणीया अभिरूवा पडिरूवा।

ते पुष्करिणीना देश-देशमां (प्रत्येक भागमां) तथा ते-ते प्रदेशोमां-यत्र-तत्र घणां ज उत्तमोत्तम पुंडरीको (श्वेत कमळो) कह्यां छे. जे क्रमशः उपर ऊठेलां छे. एटलुं ज नहि ते पाणी अने कीचडथी पण उपर ऊठेलां छे. अत्यंत देदीप्यमान छे, अत्यंत सुंदर छे, रंग-रूपमां अत्यंत मनोहर छे, सुगंधित छे, रसथी भरेलां छे, कोमळ स्पर्शवाळां छे, चित्तने प्रसन्न करनार, दर्शनीय, अद्वितीय, रूपसंपन्न अने सुंदर छे.

तीसे णं पुक्खरणीए बहुमज्झदेसभाए एगे महं पउमवरपोंडरिए बहुए, अणुपुव्वट्ठिए ऊसिते रूइले वण्णमंते गंधमंते रसमंते फासमंते पासादीए दरिसणिए अभिरूवे पडिरूवे ।

ते पुष्करिणीना बरोबर मध्यभागमां मोटुं एक श्वेत कमळ शोभा पामी रहेल छे. ते पण उत्तमोत्तम क्रमथी विलक्षण रचनाथी सहित छे, तथा जल अने कादवथी उपर ऊठेल छे अथवा घणुं ज ऊंचुं छे, अत्यंत सुंदर अने देदीप्यमान छे, मनोज्ञ छे, अत्यंत सुगंधथी युक्त छे, विलक्षण रसोथी संपन्न छे, कोमळ स्पर्शवाळुं छे, अत्यंत आह्लादक, दर्शनीय, मनोहर अने अतिसुंदर छे.

सव्वावंति च णं तीसे पुक्खरणीए तत्थ तत्थ देसे तहिं तहिं बहवे पउमवर-पुण्डरीया बुइया अणुपुव्वट्ठिता-जाव-पडिरूवा।

[तात्पर्य ए छे के] ए संपूर्ण पुष्करिणीमां ज्यां त्यां चारे दिशाओमां अने विदिशाओमां, सर्व देशप्रदेशोमां, (भागोमां) घणां उत्तमोत्तम पुंडरीको भरेलां छे. ते क्रमशः एकथीजाथी सुंदर, जळ अने कीचडथी उपर ऊठेलां, यावत् पूर्वोक्त गुणोथी संपन्न, अत्यंत रूपवान अने अद्वितीय सुंदर छे.

सव्वावंति च णं तीसे पुक्खरणीए बहुमज्झदेसभागे एगे महं पउमवरपोंडरीए बुइते अणुपुव्वट्ठिते-जाव-पडिरूवे ।

—सूय.सु.२, अ.१, सू.६३८

ए पुष्करिणीना ठीक मध्यभागमां एक महान उत्तम पुंडरीक (श्वेत कमळ) बतावामां आव्युं छे. ए पण क्रमशः विकास पामेलुं यावत् पूर्वोक्त गुणोथी सुशोभित घणुं ज मनोरम छे.

पोंडरीयपग्गहणे चउरो वि असफला—

३६०. अह पुरिसे पुरत्थिमातो दिसातो आगम्म तं पुक्खरणीं तीसे पुक्खरणीए तीरे ठिच्चा पासति तं महं एगं पउमवरपोंडरियं अणुपुव्वट्ठितं ऊसितं-जाव-पडिरूवं।

तए णं से पुरिसे एवं वदासी—
"अहमंसि पुरिसे खेत्तण्णे कुसले पंडिते वियत्ते मेधावी अबाले मग्गत्थे मग्गविदू मग्गस्स गति-परक्कमण्णू,

श्रेष्ठ पुंडरीक प्राप्त करवामां असफळ चार पुरुषो—

३६०. हवे कोई पुरुष पूर्व दिशा तरफथी ते पुष्करिणी पासे आवे छे अने ते पुष्करिणीना किनारे ऊभो रही ते महान एवा उत्तम पुंडरीकने जुए छे. जे क्रमशः रचनाथी सहित जळ अने कीचडथी उपर ऊठेलुं यावत् पूर्वोक्त विशेषणोथी युक्त घणुं ज मनोहर छे.

त्यारबाद ते श्वेत कमळने जोई ते पुरुष मनमां विचारे छे-हुं खेदज्ञ (क्षेत्रज्ञ-निपुण) छुं, कुशळ, पंडित, विचक्षण के बुद्धिवान पुरुष छुं. हुं बालभावथी निवृत्त-युवक छुं, हुं मार्गस्थ (इष्ट सिद्धिना मार्गनो ज्ञाता) छुं. मार्गनी गति तथा पराक्रमनो विशेषज्ञ छुं.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

अहमेयं पउमवरपोंडरियं उन्निक्खेस्सामि" त्ति कट्टु इति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं;
जाव जावं च णं अभिक्कमे ताव तावं च णं महंते उदए महंते सेए पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं णो हव्वाए णो पाराए, अंतरा पोक्खरणीए सेयंसि विसण्णे पढमे पुरिसजाए।

'हुं કમળોમાં શ્રેષ્ઠ આ પુંડરીક કમળને (તોડીને) અહાર કાઢીશ, એવી ઇચ્છાથી અહીં આવ્યો છું.' એવું કહી તે પુરુષ તે પુષ્કરિણીમાં પ્રવેશ કરે છે. તે જેમ જેમ પુષ્કરિણીમાં આગળ વધતો જાય છે, તેમ તેમ તેમાં અત્યધિક ઊંડું પાણી અને કીચડનો તેને સામનો કરવો પડે છે. એટલે કે તે વ્યક્તિ કિનારાથી ઘણો દૂર પહોંચી જાય છે પરંતુ શ્રેષ્ઠ પુંડરીક કમળથી નજીક પણ પહોંચી શકતો નથી. અર્થાત્ કમળથી પણ ઘણો દૂર છે. તે આ પાર આવી શકતો નથી. અને પેલે પાર જઈ શકતો નથી. અને ઊંડા જળ અને કીચડથી વ્યાપ્ત પુષ્કરિણીમાં ખૂંચી જાય છે, અને ખૂંચી ગયા બાદ ક્લેશને પામે છે. આ પ્રથમ પુરુષની વાત થઈ.

अहावरे दोच्चे पुरिसजाए—
अह पुरिसे दक्खिणातो दिसातो आगम्म तं पुक्खरिणीं तीसे पुक्खरिणीए तीरे ठिच्चा पासति
तं महं एगं पउमवरपोंडरीयं अणुपुव्वट्ठितं-जाव-पडिरूवं, तं च एत्थ एगं पुरिसजातं पासति पहीणं तीरं, अपत्तं पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए, अंतरा पोक्खरणीए सेयंसि विसण्णं।

હવે બીજા પુરુષનું વૃતાન્ત કહે છે—
(પ્રથમ પુરુષ કીચડમાં ફસાઈ ગયો) ત્યારબાદ બીજો પુરુષ દક્ષિણ દિશામાંથી તે પુષ્કરિણીની પાસે આવે છે. તે (પુષ્કરિણીના) દક્ષિણ કિનારા પર ઊભો રહીને શ્રેષ્ઠ પુંડરીકને જુએ છે. જે વિશિષ્ટ કમળની રચનાથી યુક્ત છે. યાવત્ પ્રસન્નતા પ્રદાન કરનાર [પૂર્વોક્ત ગુણોથી યુક્ત] અને અતિ સુંદર છે. તે કાદવમાં ખૂંચી ગયેલ પેલા પુરુષને જુએ છે કે જે કિનારાથી દૂર પહોંચેલ છે અને ઇચ્છિત શ્વેત પદ્મ કમળ પ્રાપ્ત કરી શકેલ નથી. અને જે ઘરનો કે ઘાટનો રહ્યો નથી. તે પુષ્કરિણીની મધ્યમાં કાદવમાં ફસાયેલો છે, ત્યારે બીજો પુરુષ તે પુરુષ માટે કહેવા લાગ્યો કે-

तए णं से पुरिसे तं पुरिसं एवं वदासी—
अहो णं इमे पुरिसे अखेयण्णे अकुसले अपंडिते अवियत्ते अमेहावी बाले णो मग्गत्थे णो मग्गविऊ णो मग्गस्स गतिपरक्कमण्णू

અહો! આ માણસ ખેદજ્ઞ (ક્ષેત્રજ્ઞ-નિપુણ) નથી, તે કુશળ કે પંડિત નથી, અપરિપક્વ બુદ્ધિવાળો છે, મેધાવી નથી [પણ] તે હજુ બાલ અજ્ઞાની છે. તે સત્પુરુષોના માર્ગમાં સ્થિર નથી. નથી તો તે વ્યક્તિ માર્ગવેત્તા કે જે માર્ગથી ચાલીને મનુષ્ય પોતાના અભિષ્ટ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરે છે, તે માર્ગની ગતિવિધિ તથા પરાક્રમને આ જાણતો નથી. 'જેમ કે આ વ્યક્તિ આવું સમજતો હતો કે-હું મોટો ખેદજ્ઞ છું, કુશળ છું યાવત્ પૂર્વોક્ત વિશેષતાઓથી યુક્ત છું. હું આ પુંડરીકને ઊખેડીને લઈ જઈશ,'

जं णं एस पुरिसे "खेयन्ने कुसले-जाव-पउमवरपोंडरीयं उन्निक्खेस्सामि"
णो यखलु एतं पउमवरपोंडरीयं एवं उन्निक्खेयव्वं जहा णं एस पुरिसे मन्ने।

પરંતુ તે પુરુષ જે પ્રમાણે માને છે તે પ્રમાણે આ પુંડરીક (પદ્મ કમળ) લાવી શકાય એમ નથી.

अहमंसि पुरिसे खेयण्णे कुसले पंडिए वियत्ते मेहावी अबाले मग्गत्थे मग्गविऊ मग्गस्स गतिपरक्कमण्णू अहमेयं पउमवरपोंडरीयं उन्निक्खिस्सामि ति कट्टु इति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं,

'હું ખેદજ્ઞ (ક્ષેત્રજ્ઞ) પુરુષ છું. આ કાર્યમાં કુશળ છું, હિતાહિતનો જાણકાર છું, પરિપક્વ બુદ્ધિસંપન્ન પ્રૌઢ છું, તથા મેધાવી છું, હું કંઈ નાદાન બાળક નથી. પૂર્વજ સજ્જનો દ્વારા આચરિત માર્ગ પર સ્થિર છું. તે માર્ગનો જ્ઞાતા છું. તે માર્ગની ગતિવિધિ અને પરાક્રમનો જાણકાર છું. તેથી હું અવશ્ય આ ઉત્તમ શ્વેત કમળને ઉખેડી લાવી શકીશ.' [હું એવા પ્રતિજ્ઞા કરીને આવ્યો છું.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

-जाव-जावं च णं अभिकम्मे ताव तावं च णं महंते उदए महंते सेए, पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए. अंतरा सेयंसि विसण्णे दोच्चे पुरिसजाते ।

અહાવરે તચ્ચે પુરિસજાતે—
अह पुरिसे पच्चत्थिमाओ दिसाओ आगम्म तं पुक्खरणिं तीसे पुक्खरिणीए तीरे ठिच्चा पासति तं महं एगं पउमवरपुण्डरियं अणुपुव्वट्ठियं-जाव-पडिरूवं,
ते तत्थ दोण्णि पुरिसजाते पासति पहीणे तीरं, अप्पत्ते पउमवरपोंडरीयं, णो हव्वाए णो पाराए, -जाव-सेयंसि निसण्णे ।

ततेणं से पुरिसे एवं वदासी—

अहो णं इमे पुरिसा अखेत्तन्ना अकुसला अपंडिया अवियत्ता अमेहावी बाला णो मग्गत्था णो मग्गविऊ णो मग्गस्स गतिपरक्कमण्णू, जं णं एते पुरिसा एवं मण्णे "अम्हे तं पउमवरपोंडरीयं उण्णिक्खेस्सामो", णो य खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेतव्वं जहा ण एए पुरिसा मण्णे ।

अहमंसि पुरिसे खेतन्ने कुसले पंडिते वियत्ते मेहावी अबाले मग्गत्थे मग्गविऊ मग्गस्स गतिपरक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीयं उण्णिक्खेस्सामि इति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं,
जाव-जावं च णं अभिकम्मे ताव तावं च णं महंते उदए महंते सेए जाव अंतरा सेयंसि निसण्णं
तच्चे पुरिसजाए ।

આ પ્રમાણે વિચારી તે પુરુષે તે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો.

તે બીજો પુરુષ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ જળ અને કાદવની ઊંડાઈ વધતી જાય છે. જેણે તટ છોડી દીધેલ છે અને પુષ્કરિણી (કમળ) સુધી પહોંચેલ નથી. એવો તે પુરુષ પણ આ પાર કે પેલે પાર જઈ શકતો નથી, તે પુરુષ પુષ્કરિણીની મધ્યમાં ફસાઈ જઈ દુઃખનો અનુભવ કરે છે અને ભયંકર કલેશ પામે છે. આ બીજા પુરુષનું વૃત્તાન્ત છે.

હવે ત્રીજા પુરુષનું વૃત્તાન્ત કહેવાય છે-

બીજા પુરુષ બાદ ત્રીજો પુરુષ પશ્ચિમ દિશામાંથી આ પુષ્કરિણીની પાસે આવે છે. આવીને કિનારા ઉપર ઊભો રહે છે. ત્યાં ઊભો રહીને તે ઉત્તમ શ્વેત કમળને જુએ છે, જે વિશેષ રચનાથી યુક્ત પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત અત્યંત મનોહર છે. વળી તેના (તે પુષ્કરિણીના) કાદવમાં ફસાયેલા કમળની કામનાવાળા બે પુરુષોને પણ જુએ છે કે જેઓ કિનારાથી દૂર થઈ ગયેલ છે અને ઇચ્છિત કમળ સુધી પહોંચેલ નથી. ન તો આ પાર કે ન પેલે પાર, મધ્યમાં જ તેઓ પુષ્કરિણીના કાદવમાં ફસાઈ ગયા છે અને દુઃખી દુઃખી થઈ ગયા છે.

ત્યાર બાદ ત્રીજા પુરુષે એ બન્ને પુરુષો માટે આ પ્રમાણે કહ્યું—

"અહો! આ બન્ને વ્યક્તિઓ ખેદજ્ઞ નથી. નથી તો પંડિત કે નથી પ્રૌઢ. નથી પરિપક્વ બુદ્ધિવાળા કે નથી બુદ્ધિમાન. તેઓ હજુ નાદાન બાલ (અજ્ઞાની) છે. તેઓ સાધુ પુરુષો દ્વારા આચરિત માર્ગ પર સ્થિત નથી, તથા જે માર્ગ પર ચાલીને જીવ ઇચ્છિતને સિદ્ધ કરે છે, તેને તે જાણતા નથી. છતાં તેઓ (બન્ને પુરુષ) એમ સમજે છે કે 'અમો આ ઉત્તમ શ્વેત કમળને ઉખેડીને બહાર લાવી શકીશું' પરંતુ આ ઉત્તમ શ્વેત કમળને આ પ્રમાણે ઉખેડીને લાવવું સરળ નથી. તેઓ જેટલું માને છે એટલું આ કાર્ય સરળ નથી.

'અલબત્ત હું ખેદજ્ઞ (ક્ષેત્રજ્ઞ), કુશળ, પંડિત, પરિપક્વ બુદ્ધિવાળો, મેધાવી, યુવાન, માર્ગવેત્તા, માર્ગની ગતિવિધિ અને પરાક્રમનો જ્ઞાતા છું. હું આ ઉત્તમ શ્વેત કમળને બહાર લાવીને જ રહીશ. હું એવો સંકલ્પ કરીને જ અહીં આવ્યો છું.' એવું કહી તે ત્રીજા પુરુષે પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો અને જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ કાદવની ઊંડાઈ વધતી જાય છે. તેણે તટનો ત્યાગ કર્યો છે અને શ્વેત કમળ સુધી પહોંચ્યો નથી. તે પુરુષ આ પાર કે પેલે પાર જઈ શકતો નથી. પણ પુષ્કરિણીના કાદવમાં ફસાઈ દુઃખ અને કલેશ પ્રાપ્ત કરે છે. આ ત્રીજા પુરુષની કથા થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अहावरे चउत्थे पुरिसजाए —
अह पुरिसे उत्तरातो दिसातो आगम्म तं पुक्खरणिं तीसे पुक्खरणीए तीरे ठिच्चा पासति एगं पउमवरपोंडरियं अणुपुव्वट्ठितं -जाव-पडिरूवं ।

હવે ચોથા પુરુષનું વર્ણન કરવામાં આવે છે.

ત્રીજા પુરુષ પછી ચોથો પુરુષ ઉત્તર દિશામાંથી આ પુષ્કરિણીની પાસે આવે છે. આવીને તટ ઉપર ઊભો રહે છે અને પેલાં મહાન ઉત્તમ શ્વેત કમળને જુએ છે. જે ઉત્તમ રચનાથી યુક્ત યાવત્ પૂર્વોક્ત વિશેષણોથી વિશિષ્ટ અને મનોહર છે. અને કાદવમાં ફસાયેલા ત્રણ પુરુષોને પણ જુએ છે જેઓ કિનારાથી દૂર થયેલા છે અને કમળ પાસે પહોંચ્યા નથી પણ પુષ્કરિણીના મધ્યમાં જ ખૂંચી ગયેલા છે.

ते तत्थ तिण्णि पुरिसजाते पासति पहीणे तीरं अप्पत्ते-जाव-सेयंसि निसण्णे ।
तते णं से पुरिसे एवं वदासी—अहो णं इमे पुरिसा अखेयण्णा-जाव-णो मग्गस्स गतिपरक्कमण्णू, जण्णं एते पुरिसा एवं मण्णे—अम्हे तं पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामो ।

ત્યાર બાદ એ ત્રણે પુરુષોને જિઈને] ચોથો પુરુષ આ પ્રમાણે કહે છે કે- 'અહો ! આ ત્રણે પુરુષો ખેદજ્ઞ નથી. યાવત્ પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત માર્ગની ગતિવિધિ તથા પરાક્રમના વિશેષજ્ઞ પણ નથી. છતાં તેઓ એમ સમજે છે કે અમે આ શ્રેષ્ઠ પુંડરીક કમળને બહાર લાવી શકીશું. પરંતુ એ ઉત્તમ શ્વેત કમળ એ રીતે બહાર ન લાવી શકાય જે રીતે કે તેઓ માની રહ્યા છે.'

णो खलु एयं पउमवरपोंडरीयं एवं उण्णिक्खेयव्वं जहा णं एते पुरिसा मण्णे ।

'હું ખેદજ્ઞ પુરુષ છું. યાવત્ તે માર્ગની ગતિવિધિ અને પરાક્રમનો વિશેષજ્ઞ છું. તેથી હું આ પ્રધાન શ્વેત કમળને લાવી શકીશ. એવા અભિપ્રાયથી હું સંકલ્પ કરી અહીં આવ્યો છું.'

अहमंसि पुरिसे खेयण्णे-जाव-मग्गस्स गतिपरक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीयं उण्णिक्खिस्सामि इति वच्चा से पुरिसे अभिक्कमे तं पुक्खरणिं,
जाव जावं च णं अभिक्कमे ताव तावं च णं महंते उदए महंते सेते-जाव-विसण्णे ।
चउत्थे पुरिसजाए ।
—सूय. सु.२, अ.१, सु.६३९-६४२

આ પ્રમાણે વિચાર કરીને ચોથો પુરુષ પણ પુષ્કરિણીમાં પ્રવેશ કરે છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તે ઊંડા જળ અને કાદવમાં ફસાઈ જાય છે. તેણે તટનો ત્યાગ કરેલ છે અને કમળ સુધી પહોંચેલ નથી. વચમાં જ ફસાઈ જવાના કારણે દુઃખ અને ક્લેશ પામે છે. ન તો તે આ પાર રહ્યો ન પેલે પારનો.

આ પ્રમાણે ચોથા પુરુષના પણ આ જ હાલ થયા.

पउमवरपोंडरीय पग्गहणे निरीहो भिक्खू रूवलो—

उत्तम श्वेत કમળની પ્રાપ્તિમાં સફળ નિઃસ્પૃહ ભિક્ષુ—

३६१. अह भिक्खू लूहे तीरट्ठी खेयण्णे कुसले पंडिते वियत्ते मेहावी अबाले मग्गत्थे मग्गविदू मग्गस्स गतिपरक्कमण्णू अन्नतरीओ दिसाओ अणुदिसाओ वा आगम्म तं पुक्खरणीं, तीसे पुक्खरणीए तीरे ठिच्चा पासति तं महं एगं पउमवरपोंडरीयं-जाव-पडिरूवं,

३६१. ત્યારબાદ રાગદ્વેષ રહિત, સંસારથી અલિપ્ત, મોક્ષાભિલાષી, [પેલે પાર જવાનો ઇચ્છુક], ખેદજ્ઞ કે ક્ષેત્રજ્ઞ યાવત્ [પૂર્વોક્ત સર્વ વિશેષણોથી યુક્ત] માર્ગની ગતિવિધિ અને પરાક્રમનો વિશેષજ્ઞ તથા નિર્દોષ ભિક્ષા માત્રથી નિર્વાહ કરનાર સાધુ કોઈ દિશા અથવા વિદિશાથી તે પુષ્કરિણીની પાસે આવી તેના (પુષ્કરિણી) તટ પર ઊભો રહી તે શ્રેષ્ઠ પુંડરીક કમળને જુએ છે, જે અત્યંત વિશાળ યાવત્ [પૂર્વોક્ત ગુણોથી યુક્ત] મનોહર છે. અને ત્યાં તે ભિક્ષુ પેલા ચારે પુરુષોને પણ જુએ છે, જેઓ કિનારાથી ઘણા દૂર થયેલ છે અને ઉત્તમ શ્વેત કમળ પણ મેળવી શક્યા નથી. જેઓ નથી તો અહીંના રહ્યા કે નથી ત્યાંના રહ્યા, પણ પુષ્કરિણીના મધ્યમાં જ કીચડમાં ફસાઈ ગયા છે.

ते य चत्तारि पुरिसजाते पासति पहीणे तीरं अप्पत्ते-जाव-अंतरा पोक्खरणीए सेयंसि विसण्णे।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तते णं भिक्खू एवं वदासी—
अहो णं इमे पुरिसा अखेतण्णा-जाव-णो मग्गस्स गतिपरक्कमण्णू जं णं एते पुरिसा एवं मन्ने 'अम्हेयं पउमवरपोंडरीयं उन्निक्खिस्सामो' णो य खलु एयं पउमवरपोंडरीयं एवं उन्नक्खेतव्वं जहा णं एते पुरिसा मन्ने,

त्यारબાद તે ભિક્ષુએ આ ચારે પુરુષો સંબંધમાં આ પ્રમાણે કહ્યું કે- 'અહો ! આ ચારે વ્યક્તિ ખેદજ્ઞ નથી યાવત્ [પૂર્વોક્ત વિશેષણોથી સંપન્ન] માર્ગની ગતિવિધિથી અને પરાક્રમથી અનભિજ્ઞ છે. માટે તે લોકો એમ સમજે છે કે, અમે લોકો આ શ્રેષ્ઠ શ્વેત કમળને કાઢી લઈ જઈશું. કિન્તુ આ ઉત્તમ કમળ આ રીતે બહાર ન જ આવી શકે જેવી રીતે એ લોકો સમજે છે."

अहमंसी भिक्खू लूहे तीरट्ठी खेयण्णे-जाव-मग्गस्स गति-परक्कमण्णू, अहमेयं पउमवरपोंडरीयं उन्निक्खिस्सामि त्ति कट्टु इति वच्चा,

"હું સંસારથી અલિપ્ત નિર્દોષ ભિક્ષાજીવી સાધુ છું. રાગદ્વેષ રહિત છું. હું સંસારસાગરથી પાર જવાનો ઇચ્છુક છું ખેદજ્ઞ (-ક્ષેત્રજ્ઞ) છું યાવત્ જે માર્ગે ચાલી સાધક પોતાના ઇચ્છિત સાધ્યની પ્રાપ્તિ માટે પરાક્રમ કરે છે, તેનો વિશેષજ્ઞ છું. હું આ ઉત્તમ શ્વેત કમળને (પુષ્કરિણીમાંથી બહાર) કાઢી શકીશ.'

से भिक्खू णो अभिक्कम्मे तं पुक्खरणिं, तीसे पुक्खरणीए तीरे ठिच्चा सद्दं कुज्जा—
"उप्पताहि खलु भो पउमवरपोंडरीया !
उप्पताहि खलु भो पउमवरपोंडरीया ।"
अह से उप्पतिते पउमवरपोंडरिए ।
—सूय. सु.२, अ.१, सु.६४३

આ પ્રમાણે વિચાર કરીને તે ભિક્ષુ પુષ્કરિણીમાં પ્રવેશ કરતો નથી, પણ પુષ્કરિણીના કાંઠા પર ઊભો રહીને કહે છે-'હે ઉત્તમ શ્વેત કમળ ! ત્યાંથી ઊઠીને (મારી પાસે) બહાર આવ.' આ પ્રમાણે સાધુના કહેવાથી તે ઉત્તમ પુંડરીક તે પુષ્કરિણીથી ઊઠી અથવા બહાર નીકળીને બહાર આવે છે.

३६२. एवं से भिक्खू धम्मट्ठी धम्मविदू नियागपडिवण्णे,

से जहेयं बुतियं, अदुवा पत्ते पउमवरपोंडरियं अदुवा अपत्ते पउमवरपोंडरीयं।

३६२. આ પ્રમાણે [પૂર્વોક્ત વિશેષણોયુક્ત] તે ભિક્ષુ ધર્માર્થી (ધર્મથી જ પ્રયોજન રાખનાર) ધર્મનો જ્ઞાતા અને સંયમ કે મોક્ષને પ્રાપ્ત હોય છે.

એવો ભિક્ષુ જેમ કે (આ અધ્યયનમાં પહેલાં કહ્યું હતું કે પૂર્વોક્ત પુરુષોમાં પાંચમો પુરુષ છે, તે ભિક્ષુ શ્રેષ્ઠ પુંડરીક કમળની જેમ નિર્વાણને પ્રાપ્ત કરી શકે. અથવા તે શ્રેષ્ઠ પુંડરીક કમળને (મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યાય જ્ઞાન સુધી જ પ્રાપ્ત હોવાથી) પ્રાપ્ત ન કરી શકે. (એ જ સર્વશ્રેષ્ઠ પુરુષ છે.)

एवं से भिक्खू परिण्णातकम्मे परिण्णायसंखे परिण्णायगिहवासे उवसंते समिते सहिए सदा जते।

આ પ્રકારનો ભિક્ષુ કર્મનો (કર્મનાં સ્વરૂપ, વિપાક તથા ઉપાદાનનો) પરિજ્ઞાતા, સંગનો (બાહ્ય આભ્યંતર-સંબંધનો) પરિજ્ઞાતા તથા (નિઃસાર) ગૃહવાસનો પરિજ્ઞાતા (મર્મજ્ઞ) થઈ જાય છે. તે (ઇન્દ્રિય અને મનના વિષયોનું ઉપશમન કરવાથી) ઉપશાન્ત, (પાંચ સમિતિઓથી યુક્ત હોવાથી) સમિત, (હિતથી જ્ઞાનાદિ સહિત હોવાથી) સહિત અને હંમેશાં યત્નશીલ અથવા સંયમમાં પ્રયત્નશીલ હોય છે.

सेयं वयणिज्जे तं जहा—

તે સાધકને આ પ્રમાણે (આગળ કહેલાં વિશેષણોમાંથી કોઈ પણ વિશેષણોથી યુક્ત શબ્દોથી) કહી શકાય છે. જેમ કે-

समणे ति वा माहणे ति वा खंते ति वा दंते ति वा गुत्ते ति वा मुत्ते ति वा इसी ति वा

તે શ્રમણ છે કે માહણ-બ્રાહ્મણ (બ્રાહ્મીઓનું હનન ન કરો એવો ઉપદેશ કરનાર તે 'માહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुणीति वा कति ति वा विदू ति वा भिक्खू ति वा लूहे ति वा तिरट्ठी ति वा चरणकरण-पारविदु

अथवा બ્રહ્મચર્યનિષ્ઠ હોવાથી બ્રાહ્મણ) છે. અથવા ક્ષાન્ત (ક્ષમાશીલ) છે. અથવા દાન્ત (ઇન્દ્રિયનો-વશીકર્તા) છે. અથવા ગુપ્ત (ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત) છે અથવા મુક્ત (મુક્તવત્) તથા મહર્ષિ (વિશિષ્ટ તપશ્ચરણયુક્ત) છે. અથવા મુનિ (જગતની ત્રિકાળ અવસ્થા પર મનન કરનારા) છે. અથવા કૃતી (પુણ્યવાન-સુકૃત કે પરમાર્થ પંડિત) તથા વિદ્વાન્ (અધ્યાત્મ-વિદ્યાવાન) છે. અથવા ભિક્ષુ (નિરવદ્ય - ભિક્ષાજીવી) છે. અથવા તે રૂક્ષ (અન્તા-હારી-પ્રાન્તાહારી) છે. અથવા તીરાર્થી (મોક્ષાર્થી) છે. અથવા ચરણ-કરણના (મૂલ-ઉત્તર ગુણોના) રહસ્યનો પારગામી છે.

ત્તિ બેમિ ।

—સૂય. સુ. ૨, અ.૧, સુ.૬૯૨-૬૯૩

—એવું હું કહું છું.

दिट्ठन्तस्स णिगमणं—

૩૬૩. દૃષ્ટાંતોના દાર્ષ્ટાન્તિકની યોજના:—

३६३. किट्टिते णाते समणाउसो ! अट्ठे पुण से जाणितव्वे भवति ।

[શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે] 'હે આયુષ્માન્ શ્રમણો ! તમને મેં જે દૃષ્ટાંત(જ્ઞાત) કહ્યું છે તેનો અર્થ (મર્મ) તમારે સર્વે એ જાણવો જોઈએ.'

भंते ! त्ति समणं भगवं महावीरं निग्गंथा य निग्गंथीओ य वंदंति, नमंसंति, वंदित्ता नमंसित्ता एवं वदासी—किट्टिते णाए समणाउसो ! अट्ठं पुण से ण जाणामो ।

'હા, ભન્તે !' એમ કહીને સર્વ સાધુ-સાધ્વી-ઓએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ભગવાન મહાવીરને આ પ્રમાણે કહ્યું-'આયુષ્મન્ શ્રમણ ભગવાન ! આપે જે દૃષ્ટાંત કહ્યું તેનો અર્થ(રહસ્ય) અમે જાણતા નથી, તે અમારી સમજમાં આવતું નથી.'

समणाउसो ! त्ति समणे भगवं महावीरे ते य बहवे निग्गंथा य निग्गंथीओ य आमंतित्ता एवं वदासी—हंता समणाउसो ! आइक्खामि विभावेमि किट्टेमि पवेदेमि सअट्ठं सहेउं सनिमित्तं भुज्जो भुज्जो उवदंसेमि ।

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ એ સર્વ નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિનીઓને સંબોધન કરી આ પ્રમાણે કહ્યું-'શ્રમણ-શ્રમણીઓ ! હું આનો અર્થ (રહસ્ય)જણાવું છું,અર્થ સ્પષ્ટ (પ્રગટ) કરું છું. પર્યાયવાચી શબ્દો દ્વારા કહું છું. હેતુ અને દૃષ્ટાન્તો દ્વારા હૃદયંગમ કરાવું છું. અર્થ, હેતુ અને નિમિત્ત સહિત તે અર્થ વારંવાર જણાવું છું.'

से बेमि—लोयं च खलु मए अप्पाहट्टु समणाउसो ! सा पुक्खरणी बुइता,

(સાંભળો) એ અર્થ હું કહું છું.-'આયુષ્માન્ શ્રમણો ! મેં માત્ર દૃષ્ટાના રૂપમાં કલ્પના કરી આ લોક (સંસાર)ને પુષ્કરિણીની ઉપમા આપી છે.'

कम्मं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से उदए बुइते,

હે આયુષ્માન્ શ્રમણો ! મેં રૂપકના રૂપમાં કલ્પના કરી કર્મને આ પુષ્કરિણીના પાણીની ઉપમા આપી છે.

कामभोगा य खलु मए अप्पाहट्टु समणाउसो ! से सेए ते बुइते,

હે આયુષ્માન શ્રમણો ! મેં મારી કલ્પનામાં સ્થિર કરી કામભોગોને પુષ્કરિણીના કાદવની ઉપમા આપી છે.

जणं-जाणवयं च खलु मए अप्पाहट्टु समणाउसो ! ते बहवे पउमवरपुण्डरीया बुइता,

હે આયુષ્માન શ્રમણો ! મેં મારી દૃષ્ટિથી ચિન્તન કરી આર્ય દેશની પ્રજા અને જનપદોના જનોને પુષ્કરિણીનાં ઘણાં શ્વેત કમળોની ઉપમા આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

रायाणं च खलु मए अप्पाहट्टु समणाउसो !
से एगे महं पउमवरपोंडरीए बुइते,

अन्नउत्थिया य खलु मए अप्पाहट्टु समणाउसो ! ते चत्तारि पुरिसजाता बुइता,

धम्मं ज खलु मए अप्पाहट्टु समणाउसो !
से भिक्खू बुइते,
धम्मतित्थं च खलु मए अप्पाहट्टु समणाउसो ! से तीरे बुइए,

धम्मकहं च खलु मए अप्पाहट्टु समणाउसो !
से सद्दे बुइते,
नेव्वाणं च खलु मए अप्पाहट्टु समणाउसो !
से उप्पाते बुइते,

एवमेयं च खलु मए अप्पाहट्टु समणाउसो !
से एवमेयं बुइतं ।

—सूय. सु. २, अ. १, सु. ६४४-६४५

एगंतदिट्ठी णिसेहो—

३६४. अणादीयं परिण्णाय,
अणवदग्गे ति वा पुणो ।
सासतमसासते यावि,
इति दिट्ठिं न धारए ॥

एतेहिं दोहिं ठाणेहिं,
ववहारो ण विज्जती ।
एतेहिं दोहिं ठाणेहिं,
अणायारं तु जाणए ॥

समुच्छिज्जिहिंति सत्थारो,
सव्वे पाणा अणेलिसा ।
गंठीगा वा भविस्संति,
सासयं ति च णो वदे ॥

एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जई ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणई ॥

जे केति खुद्दगा पाणा,
अदुवा संति महालया ।
सरिसं तेहिं वेरं ति,
असरिसं ति य णो वदे ॥

આયુષ્માન શ્રમણો ! મેં મારી ઇચ્છાથી મનમાં નિશ્ચય કરી રાજાને તે પુષ્કરિણીનું એક મહાન શ્રેષ્ઠ શ્વેત કમળ (પુંડરીક) કહ્યો છે.

હે આયુષ્માન શ્રમણો ! મેં મારી ઇચ્છાથી અન્ય તીર્થિકોને તે પુષ્કરિણીના કાદવમાં ફસાયેલા ચાર પુરુષ બતાવ્યા છે.

આયુષ્માન શ્રમણો ! મેં મારી બુદ્ધિથી ચિન્તન કરી ધર્મને તે ભિક્ષુની ઉપમા આપી છે.

આયુષ્માન શ્રમણો ! મેં મારી ઇચ્છાથી સ્વયમેવ વિચાર કરી ધર્મતીર્થને પુષ્કરિણીના તટની ઉપમા આપી છે.

આયુષ્માન શ્રમણો ! મેં મારા આત્મામાં નિશ્ચય કરી ધર્મકથાને સાધુના શબ્દોની ઉપમા આપી છે.

આયુષ્માન શ્રમણો ! મેં મારું મન સ્થિર કરી નિર્વાણ (સંપૂર્ણ કર્મક્ષય રૂપ મોક્ષ કે સિદ્ધશીલા સ્થાન) ને શ્રેષ્ઠ પુંડરીક-કમળનાં પુષ્કરિણીમાંથી બહાર આવવાની ઉપમા આપી છે.

(સંક્ષેપમાં) આયુષ્માન શ્રમણો ! મેં આ (પૂર્વોક્ત) પ્રકારે સ્વયં આત્મમાં નિશ્ચય કરી આ પુષ્કરિણી આદિને આલોક આદિના દૃષ્ટાંતના રૂપમાં કહેલ છે. અર્થાત્ આ રૂપકરૂપે મેં રજૂ કરેલ છે.

એકાન્ત-દૃષ્ટિ નિષેધ —

૩૬૪. વિવેકી પુરુષ આ જગતને (અને જગતના પદાર્થોને) અનાદિ અને અનંત જાણીને તેમને એકાન્ત શાશ્વત કે એકાન્ત અશાશ્વત-નિત્ય અથવા અનિત્ય ન માને.

એકાન્ત નિત્ય અને એકાન્ત અનિત્ય આ બંને પક્ષોથી લોકનો વ્યવહાર થઈ શકતો નથી. તેથી એ બન્ને પક્ષોના આશ્રયથી અનાચારનું સેવન થાય છે એમ જાણવું.

શાસન પ્રવર્તક તીર્થંકર ભગવાન તથા તેમના શાસનાનુગામી (સર્વજ્ઞના મતને માનનાર) સર્વ ભવ્ય જીવો મુક્ત થશે. સર્વ જીવો પરસ્પર એક સમાન નથી. અથવા સર્વ જીવો કર્મબંધનથી મુક્ત રહેશે. અથવા સર્વ જીવો શાશ્વત (સદાસ્થાયી એક રૂપ) રહેશે. અથવા તીર્થંકર હંમેશાં શાશ્વત રહેશે...ઇત્યાદિ એકાન્ત વચન બોલવાં ન જોઈએ.

કારણ કે આ બન્ને એકાન્ત પક્ષોથી લોકનો વ્યવહાર થઈ ન શકે. તેથી એ બન્ને એકાન્ત પક્ષોના આશ્રયથી અનાચારનું સેવન થાય છે.

[આ સંસારમાં જે (એકેન્દ્રિય) આદિ ક્ષુદ્ર (નાના) જીવો છે, અથવા જે મહાકાય (હાથી, ઊંટ, મનુષ્ય આદિ) જીવો છે, તે બન્નેની હિંસાથી સમાન વેર થાય છે અથવા સમાન વેર નથી થતું એમ એકાન્ત ન કહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एतेहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जती ।
एतेहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥

કારણ કે એ બન્ને (સમાન વેર થાય છે અથવા સમાન વેર નથી થતું) એકાન્ત વચનોથી વ્યવહારનો નિષેધ થાય છે અને અનાચારનું સેવન થાય છે.

अहाकडाइं भुंजंति,
अण्णमण्णे सकम्मुणो ।
उवलित्ते ति जाणेज्जा,
अणुवलित्ते ति वा पुणो ॥

આધાકર્મી દોષ સહિત આહારાદિનો જે સાધુ ઉપભોગ કરે છે, એ બન્ને (દાતા તથા ઉપભોક્તા) પરસ્પર પાપકર્મોથી લિપ્ત થાય છે કે અલિપ્ત રહે છે, એમ બન્ને એકાન્ત વચન ન કહેવાં.

एतेहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जती ।
एतेहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥

કારણ કે આ બન્ને એકાન્ત વચનથી વ્યવહારનો નિષેધ થાય છે અને અનાચારનું સેવન થાય છે.

जमिदं उरालमाहारं,
कम्मगं च तमेव य ।
सव्वत्थ वीरियं अत्थि,
णत्थि सव्वत्थ वीरियं ॥

આ જે [પ્રત્યક્ષ દેખાય છે તે] ઔદારિક શરીર છે, આહારક શરીર છે, કાર્મણ શરીર છે અને વૈક્રિય તથા તૈજસ શરીર છે, તે પાંચે શરીર એકાન્ત રૂપે ભિન્ન નથી [એક જ છે] અથવા તે પાંચે સર્વથા ભિન્ન ભિન્ન જ છે. આવાં એકાન્ત વચનો ન કહેવાં તથા બધા પદાર્થોમાં પદાર્થોની શક્તિ વિદ્યમાન છે. અથવા બધા પદાર્થોમાં બધા પદાર્થોની શક્તિ નથી. એવું એકાન્ત કથન પણ ન કહેવું જોઈએ.

एतेहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जती ।
एतेहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥

કારણકે આ બન્ને પ્રકારના એકાન્ત વિચારોથી વ્યવહાર થતો નથી. માટે એ બન્ને પ્રકારના એકાન્ત વિચારોની પ્રરૂપણા કરવાથી અનાચારનું સેવન થાય છે.

णत्थि लोए अलोए वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि लोए अलोए वा, एवं सण्णं णिवेसए ॥

લોક નથી અથવા અલોક નથી એવી સંજ્ઞા (બુદ્ધિ-સમજ) અથવા એવો વિચાર કરવો નહિ, પરંતુ લોક છે અને અલોક (આકાશાસ્તિકાય માત્ર) છે, એવું જ્ઞાન કરવું જોઈએ.

णत्थि जीवा अजीवा वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि जीवा अजीवा वा, एवं सण्णं णिवेसए ॥

જીવ અને અજીવ પદાર્થ નથી, એવો વિચાર કરવો નહિ, પરંતુ જીવ અને અજીવ છે એવું જ્ઞાન કરવું જોઈએ.

णत्थि धम्मे अधम्मे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि धम्मे अधम्मे वा, एवं सण्णं णिवेसए ॥

ધર્મ અને અધર્મ નથી, એમ વિચારવું નહિ, પરંતુ ધર્મ અને અધર્મ છે, એમ માનવું જોઈએ.

णत्थि बंधे व मोक्खे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि बंधे व मोक्खे वा, एवं सण्णं णिवेसए ॥

બંધ અને મોક્ષ નથી, એમ વિચારવું નહિ, પણ બંધ અને મોક્ષ છે એમ માનવું જોઈએ.

णत्थि पुण्णे व पावे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि पुण्णे व पावे वा, एवं सण्णं णिवेसए ॥

પુણ્ય અને પાપ નથી એમ વિચારવું નહિ પણ પુણ્ય પણ છે અને પાપ પણ છે એમ માનવું જોઈએ.

णत्थि आसवे संवरे वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि आसवे संवरे वा, एवं सण्णं णिवेसए ॥

આશ્રવ અને સંવર નથી એવી શ્રદ્ધા રાખવી નહિ પણ આશ્રવ પણ છે અને સંવર પણ છે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

णत्थि वेयणा निज्जरा वा, णेवं सण्णं णिवेसए ।
अत्थि वेयणा निज्जरा वा, एवं सण्णं णिवेसए ॥

વેદના અને નિર્જરા નથી, એવી માન્યતા રાખવી યોગ્ય નથી. પરંતુ વેદના અને નિર્જરા છે એવી માન્યતા રાખવી જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નત્થિ કિરિયા અકિરિયા વા,
णेवं सण्णं निवेसए।
अत्थि किरिया अकिरिया वा,
एवं सण्णं निवेसए॥

ક્રિયા અને અક્રિયા નથી, એવી માન્યતા ન રાખવી જોઈએ પણ ક્રિયા પણ છે અને અક્રિયા પણ છે એવી માન્યતા રાખવી જોઈએ.

नत्थि कोहे व माणे वा, णेवं सण्णं निवेसए।
अत्थि कोहे व माणे वा, एवं सण्णं निवेसए॥

ક્રોધ અને માન નથી એવી માન્યતા રાખવી યોગ્ય નથી પણ ક્રોધ પણ છે, માન પણ છે એવી માન્યતા રાખવી જોઈએ.

नत्थि माया व लोभे वा, णेवं सण्णं निवेसए।
अत्थि माया व लोभे वा, एवं सण्णं निवेसए॥

માયા અને લોભ નથી, એવી માન્યતા રાખવી ન જોઈએ પણ માયા પણ છે અને લોભ પણ છે એવી માન્યતા રાખવી જોઈએ.

णत्थि पेज्जे व दोसे वा, णेवं सण्णं निवेसए।
अत्थि पेज्जे व दोसे वा, एवं सण्णं निवेसए॥

રાગ અને દ્વેષ નથી-આ પ્રકારનો વિચાર ન કરવો જોઈએ પરંતુ રાગ અને દ્વેષ છે એવો વિચાર રાખવો જોઈએ.

णत्थि चाउरंते संसारे, णेवं सण्णं निवेसए।
अत्थि चाउरंते संसारे, एवं सण्णं निवेसए॥

ચાર ગતિવાળો સંસાર નથી, એવું વિચારવું નહિ પણ ચાર ગતિવાળો સંસાર છે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

णत्थि देवो व देवी वा, णेवं सण्णं निवेसए।
अत्थि देवो व देवी वा, एवं सण्णं निवेसए॥

દેવ અને દેવી નથી એવું વિચારવું નહિ પણ દેવ અને દેવી છે એમ માનવું જોઈએ.

नत्थि सिद्धी असिद्धी वा, णेवं सण्णं निवेसए।
अत्थि सिद्धी असिद्धी वा, एवं सण्णं निवेसए॥

સિદ્ધિ કે અસિદ્ધિ (મુક્તિ કે અમુક્તિરૂપ સંસાર) નથી-એવી બુદ્ધિ ન રાખવી જોઈએ, પણ સિદ્ધિ પણ છે અને અસિદ્ધિ પણ છે એવી બુદ્ધિ રાખવી જોઈએ.

नत्थि सिद्धी नियं ठाणं, णेवं सण्णं निवेसए।
अत्थि सिद्धी नियं ठाणं, एवं सण्णं निवेसए॥

સિદ્ધિ (મુક્તિ) જીવનું નિજ સ્થાન (સિદ્ધશીલા) નથી એવી ખોટી માન્યતા ન રાખવી જોઈએ, પણ સિદ્ધિ જીવોનું નિજ સ્થાન છે, એવો સિદ્ધાંત માનવો જોઈએ.

नत्थि साहू असाहू वा णेवं सण्णं निवेसए।
अत्थि साहू असाहू वा, एवं सण्णं निवेसए॥

(સંસારમાં કોઈ) સાધુ કે અસાધુ નથી એવું માનવું નહિ, પણ સાધુ અને અસાધુ બંને છે એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

नत्थि कल्लाणे पावे वा, णेवं सण्णं निवेसए।
अत्थि कल्लाणे पावे वा, एवं सण्णं निवेसए॥
—सूय. सु. २, अ. ५, गा. २-२८

કોઈ પણ કલ્યાણકારી (પુણ્યાત્મા) અને પાપી નથી એમ ન માનવું, પણ કલ્યાણવાન અને પાપી બંને છે એમ માનવું જોઈએ.

अण्ण उत्थियाणं मोक्खपरूवणा परिहारो य—

અન્યતીર્થિકોની મોક્ષ પ્રરૂપણા અને તેનો પરિહારઃ-

३६५. इहेगे मूढा पवदंति मोक्खं,
आहारसंपज्जणवज्जणेणं।
पगे य सीतोदगसेवणेणं,
हुतेण पगे पवदंति मोक्खं॥

જેમ કોઈ કોઈની કમરને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની નાભિને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના પેટને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની પાંસળીને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની પીઠને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈની છાતીને ભેદે, છેદે,
જેમ કોઈ કોઈના હૃદયને ભેદે, છેદે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अप्पेगे थणमब्भे, अप्पेगे थणमच्छे,
अप्पेगे खंधमब्भे, अप्पेगे खंधमच्छे,
अप्पेगे बाहुमब्भे, अप्पेगे बाहुमच्छे,
अप्पेगे हत्थमब्भे, अप्पेगे हत्थमच्छे,
अप्पेगे अंगुलिमब्भे, अप्पेगे अंगुलिमच्छे,
अप्पेगे णहमब्भे, अप्पेगे णहमच्छे,
अप्पेगे गीवमब्भे, अप्पेगे गीवमच्छे,
अप्पेगे हणुमब्भे, अप्पेगे हणुमच्छे,
अप्पेगे होट्ठमब्भे, अप्पेगे होट्ठमच्छे,
अप्पेगे दंतमब्भे, अप्पेगे दंतमच्छे,
अप्पेगे जिब्भमब्भे, अप्पेगे जिब्भमच्छे,
अप्पेगे तालुमब्भे, अप्पेगे तालुमच्छे,
अप्पेगे गलमब्भे, अप्पेगे गलमच्छे,
अप्पेगे गंडमब्भे, अप्पेगे गंडमच्छे,
अप्पेगे कण्णमब्भे, अप्पेगे कण्णमच्छे,
अप्पेगे णासमब्भे, अप्पेगे णासमच्छे,
अप्पेगे अच्छिमब्भे, अप्पेगे अच्छिमच्छे,
अप्पेगे भमुहमब्भे, अप्पेगे भमुहमच्छे,
अप्पेगे णिडालमब्भे, अप्पेगे णिडालमच्छे,
अप्पेगे सीसमब्भे, अप्पेगे सीसमच्छे,
अप्पेगे संपमारए, अप्पेगे उद्दवए ।

जेम कोई कोईना स्तनने भेदे, छेदे,
जेम कोई कोईना खभाने भेदे, छेदे,
जेम कोई कोईना बाहुने भेदे, छेदे,
जेम कोई कोईना हाथने भेदे, छेदे,
जेम कोई कोईना आंगणीने भेदे, छेदे,
जेम कोई कोईना नखने भेदे, छेदे,
जेम कोई कोईनी गरदनने भेदे, छेदे,
जेम कोई कोईनी दाढीने भेदे, छेदे,
जेम कोई कोईना होठने भेदे, छेदे,
जेम कोई कोईना दांतने भेदे, छेदे,
जेम कोई कोईनी जीभने भेदे, छेदे,
जेम कोई कोईना तालवाने भेदे, छेदे,
जेम कोई कोईना गळाने भेदे, छेदे,
जेम कोई कोईना गालने भेदे, छेदे,
जेम कोई कोईना कानने भेदे, छेदे,
जेम कोई कोईना नाकने भेदे, छेदे,
जेम कोई कोईनी आंखने भेदे, छेदे,
जेम कोई कोईनी भ्रमरने भेदे, छेदे,
जेम कोई कोईना ललाटने भेदे, छेदे,
जेम कोई कोईना मस्तकने भेदे, छेदे,
जेम कोई कोईने मूर्च्छित करे अथवा मारी नाखे त्यारे तेने जे वेदना थाय छे ए ज प्रकारनी पृथ्वीकायिक जीवोनी वेदना जाणवी जोईए.

एत्थ सत्थं[1] समारंभमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाता भवंति ।

जे अहीं (लोकमां) पृथ्वीकायिक जीवो पर शस्त्र-समारंभ (शस्त्र-प्रयोग) करे छे ते वास्तवमां आ आरंभोथी (हिंसा संबंधी प्रवृत्तिओनां कडवां परिणामो तथा जीवोनी वेदनाथी) अजाणेला छे.

एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरम्भा परिण्णाता भवंति ।

जे पृथ्वीकायिक जीवो पर शस्त्रनो समारंभ-प्रयोग करता नथी ते वास्तवमां आ आरंभो-हिंसा संबंधी प्रवृत्तिओनो ज्ञाता छे (ते ज तेनाथी मुक्त छे.)

तं परिण्णाय मेहावी णेव सयं पुढविसत्थं समारंभेज्जा, णेवऽण्णेहिं पुढविसत्थं समारंभावेज्जा, णेवऽण्णे-पुढविसत्थं समारंभंते समणुजाणेज्जा ।

ते (पृथ्वीकायिक जीवोनी अव्यक्त वेदना) जाणीने बुद्धिमान मानव पृथ्वीकायनो समारंभ स्वयं करे नहि, बीजा पासे पृथ्वीकायनो समारंभ करावे नहि, तथा तेनो समारंभ करनारनुं अनु-मोदन करे नहि.

---

१ निर्युक्तिकारे पृथ्वीकायनां दस शस्त्र आ प्रमाणे बताव्यां छे–
१. कोदाणी आदि भूमि खोदवानुं उपकरण,
२. हळ आदि भूमि खेडवानुं उपकरण,
३. मृग शृंग,
४. लाकडुं, तृण आदि,
५. अग्निकाय,
६. उच्चार-प्रस्रवण (मळ, मूत्र),
७. स्वकाय शस्त्र, यथा–काळी माटीनुं शस्त्र पीळी माटी आदि,
८. परकाय शस्त्र, यथा–पाणी आदि,
९. तदुभय शस्त्र, यथा–माटी मेळवेलुं पाणी,
१०. भाव शस्त्र–असंयम.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जस्सेते पुढविकम्मसमारंभा परिण्णाता भवंति से हु मुणी परिण्णायकम्मे ।
त्ति बेमि ।

—आ. सु. १, अ. १, उ. ३, सु. १०-१८

જેણે પૃથ્વીકાય સંબંધી સમારંભોને જાણ્યા છે અર્થાત્ હિંસાનાં કટુવાં પરિણામોને જાણ્યાં છે તે જ પરિજ્ઞાતકર્મા (હિંસાનો ત્યાગી) મુનિ કહેવાય છે.

.....એમ હું કહું છું.

आउकाय अणारंभ करण-पइण्णा—

अप्कायिक જીવોનો આરંભ ન કરવાની પ્રતિજ્ઞા—

४३७. आऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ।

—दस. अ. ४, सु. ५.

४३७. શસ્ત્ર પરિણતિથી પૂર્વે પાણી સજીવ કહેવાય છે. એવા અનેક જીવો છે. તથા પ્રત્યેક જીવો સ્વતંત્ર અસ્તિત્વવાળા છે.

४३८. से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा ।

से उदगं वा ओसं वा हिमं वा महियं वा करगं वा हरतणुगं वा सुद्धोदगं वा उदओल्लं वा कायं उदओल्लं वा वत्थं ससिणिद्धं वा कायं ससिणिद्धं वा वत्थं, न आमुसेज्जा न संफुसेज्जा न आवीलेज्जा न पवीलेज्जा न अक्खोडेज्जा न पक्खोडेज्जा न आयावेज्जा न पयावेज्जा,

अन्नं नं आमुसावेज्जा न संफुसावेज्ज न आवीलावेज्जा न पवीलावेज्जा न अक्खोडावेज्जा न पक्खोडावेज्जा न आयावेज्जा न पयावेज्जा,

अन्नं आमुसंतं वा संफुसंतं वा आवीलंतं वा पवीलंतं वा अक्खोडंतं वा पक्खोडंतं वा आयावंतं वा पयावंतं वा न समणुजाणेज्जा ।

जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।
तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

—दस. अ. ४, सु. १०

४३८. સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનું પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ કે ભિક્ષુણી હોય, તેણે દિવસે કે રાત્રે, એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં,

કૂવાતળાવનું પાણી, ઓસનું પાણી, બરફ, ધુમ્મસ, કરા, ઊગતા અંકુરો પર પડેલાં બિંદુઓ, શુદ્ધ ઉદક (વર્ષાનું પાણી) અથવા સચિત્ત પાણીથી ભિંજાયેલી કાયા અથવા સચિત્ત પાણીથી ભિંજાયેલું વસ્ત્ર, પાણીનાં બિંદુઓથી સ્નિગ્ધ થયેલી કાયા અથવા સ્નિગ્ધ-ભીનું વસ્ત્ર હોય તેને કદીપણ મસળવું નહિ, સ્પર્શ કરવો નહિ, ઘસવું નહિ, દબાવવું નહિ, ઝાટકવું નહિ, પખાડવું નહિ, સુકવવું નહિ, તપાવવું નહિ,

તેમજ બીજા પાસે મસળાવે નહિ, સ્પર્શ કરાવે નહિ, ઘસરાવે નહિ, દબાવડાવે નહિ, ઝટકાવે નહિ, પખાડાવે નહિ, સુકાવડાવે નહિ, તપાવડાવે નહિ.

તેમજ બીજો કોઈ મસળનાર હોય, સ્પર્શ કરનાર હોય, ઘસનાર હોય, દબાવનાર હોય, ઝાટકનાર હોય, પખાડનાર હોય, તપાવનાર હોય તેનું અનુમોદન કરે નહિ.

યાવજ્જીવન ત્રણ કરણ, ત્રણ યોગથી, મનથી, વચનથી, કાયાથી કરે નહિ, કરાવે નહિ અને કરનારનું અનુમોદન પણ કરે નહિ.

ભંતે ! હું પૂર્વકાળે કરેલા જળ-સમારંભથી નિવૃત્ત થાઉં છું. તેની નિંદા કરું છું, ગર્હા કરું છું, અને કષાય આત્માનો વ્યુત્સર્ગ કરું છું.

४३९. उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे। समुप्पेह तहाभूयं, नो णं संघट्टए मुणी ॥

—दस. अ. ८, गा. ७

४३९. મુનિ પાણીથી ભિંજાયેલા પોતાના શરીરને લૂછે નહિ તથા મસળે નહિ, શરીરને તથાભૂત (ભિંજાયેલું) જોઈ તેનો સ્પર્શ કરે નહિ.

आउकाइयाणं हिंसा निसेहो—

अप्कायिक જીવોની હિંસાનો નિષેધ—

४४०. लज्जमाणा पुढो पास ।

४४०. હે ! સાધુ સાધ્વીઓ અપ્કાયની હિંસા કરવામાં શરમ અનુભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अणगारा मो" त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं उदयकम्मसमारंभेणं उदयसत्थं समारंभमाणे अण्णे य अणेगरूवे पाणे विहिंसति ।

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—

इमस्स चेव जीवितस्स परिवंदण-माणण-पूयणाए। जाती-मरण-मोयणाए दुक्खपडिघात-हेतुं से सयमेव उदयसत्थं समारंभति, अण्णेहिं वा उदयसत्थं समारंभावेति, अण्णे वा उदयसत्थं समारंभंते समणुजाणति ।
तं से अहिताए, तं से अबोधए ।

से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।

सोच्चा भगवतो अणगाराणं इहमेगेसिं णातं भवति—एस खलु मोहे, एस खलु गंथे, एस खलु मारे, एस खलु निरए ।

इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं उदयसत्थ-कम्मसमारंभेणं उदयसत्थं समारंभमाणे अण्णे वऽणेगरूवे पाणे विहिंसति ।
से बेमि—
संति पाणा उदयणिस्सिया जीवा अणेगा ।
इहं च खलु भो अणगाराणं उदय-जीवा वियाहिया ।
सत्थं चेत्थं अणुवीयि पास ।

पुढो सत्थं पवेदितं ।

अदुवा अदिण्णादाणं ।

कप्पइ णे, कप्पइ णे पातुं अदुवा विभूसाए।

કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે 'અમે અણગાર છીએ' છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગ વડે અપ્કાય સંબંધી આરંભ-સમારંભ કરી જીવોની હિંસા કરે છે તથા અપ્કાયના જીવોની હિંસાની સાથે તેનાં આશ્રિત અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

અપ્કાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે.

છતાં પણ પ્રાણી જીવનનિર્વાહ માટે, પ્રશંસા માટે, માન-પૂજા માટે, જન્મ - મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે સ્વયં અપ્કાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને અપ્કાયની હિંસા કરનારની અનુમોદના કરે છે.

એવી હિંસા તેના અહિત માટે હોય છે. તેના માટે તે અજ્ઞાનનું કારણ બને છે.
સાધક એવું જાણી સાધનામાં સંલગ્ન બને.

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી સદ્બોધ પ્રાપ્ત કરી કેટલાંક પ્રાણીઓને પરિજ્ઞાન થાય છે કે હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે, નરકનું કારણ છે.
[છતાં પણ] જીવ પોતાનાં કાર્યોમાં આસક્ત થઈ અનેક શસ્ત્રો દ્વારા અપ્કાય-કર્મ-સમારંભથી અપ્કાયના જીવોની હિંસા કરે છે અને સાથે અન્ય અનેક પ્રાણીઓની પણ હિંસા કરે છે.

હું કહું છું કે-
પાણીના આશ્રયે અનેક પ્રકારના જીવો રહે છે.
હે મનુષ્ય ! આ અણગાર ધર્મમાં, અર્થાત્ અર્હત્-દર્શનમાં, પાણીને સ્વયં સજીવ કહ્યું છે.

અપ્કાયનાં અનેક ભિન્ન ભિન્ન શસ્ત્ર કહ્યાં છે. તેના પર ચિંતન કરીને જો.
ભગવાને અપ્કાયનાં અનેક ભિન્ન ભિન્ન શસ્ત્ર બતાવ્યાં છે.

અપ્કાયની હિંસા, માત્ર હિંસા જ નથી, અદત્તાદાન-ચોરી પણ છે.
'અમને કલ્પે છે, અમારા સિદ્ધાંત અનુસાર અમે પીવા માટે પાણી લઈ શકાએ છીએ.'
"અમને પીવા માટે તથા સ્નાન - શોભા માટે પાણી વાપરવામાં કંઈ પણ દોષ લાગતો નથી."

---

१. निर्युक्तिकारे अप्कायनां सात शस्त्र आ प्रमाणे बतावयां छे-
१. उत्सेचन - कूवामांथी पाणी काढवुं
२. गालन - पाणी गाळवुं
३. धोवन - पाणीथी उपकरण-वासण आदि धोवा
४. स्वकाय शस्त्र - एक स्थाननुं पाणी बीजा स्थाननां पाणीनुं शस्त्र छे.
५. परकाय शस्त्र - माटी, तेल, क्षार, साकर, अग्नि आदि.
६. तदुभय शस्त्र - पाणीथी लीनी माटी आदि
७. भाव शस्त्र - असंयम

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुढो सत्थेहिं विउट्टन्ति ।

एत्थं वि तेसिं णो णिकरणाए ।

एत्थ सत्थं[1] समारंभमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाया भवंति ।

एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरम्भा परिण्णाया भवंति ।

तं परिण्णाय मेहावी णेव सयं उदयसत्थं समारंभेज्जा, णेवण्णेहिं उदयसत्थं समारंभावेज्जा, उदयसत्थं समारंभंते अण्णे ण समणुजाणेज्जा ।

जस्सेते उदयसत्थसमारंभा परिण्णाया भवंति से हु मुणी परिण्णातकम्मे त्ति बेमि ।

—आ. सु. १, अ. १, उ. ३. सु. २३-३१

આ પ્રમાણે પોતાના શાસ્ત્રનું પ્રમાણ આપી ઘણા અનેક પ્રકારનાં શસ્ત્રો દ્વારા અપ્કાયના જીવોની હિંસા કરે છે.

પોતાના શાસ્ત્રનું પ્રમાણ આપીને અપ્કાયની હિંસા કરનારા સાધુ, હિંસાના પાપથી વિરત થઈ શકતા નથી અર્થાત્ તેઓનો હિંસા ન કરવાનો સંકલ્પ પૂર્ણ થઈ શકતો નથી.

જે અહીં શસ્ત્ર-પ્રયોગ વડે જલકાય જીવોનો સમારંભ કરે છે તે આ આરંભોથી [જીવોની વેદના અને હિંસાનાં કુપરિણામોથી] બચી શકતા નથી.

જે અપ્કાયિક જીવો પર શસ્ત્ર-પ્રયોગ કરતો નથી, તે આરંભોનો જ્ઞાતા છે, તે હિંસા-દોષથી મુક્ત થાય છે, અર્થાત્ જ્ઞ-પરિજ્ઞાથી હિંસાને જાણે છે, પ્રત્યાખ્યાન-પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે છે.

(આ જાણી) બુદ્ધિમાન પુરુષ સ્વયં અપ્કાયની હિંસા ન કરે, અન્ય પાસે ન કરાવે અને કરનારને અનુમોદન ન કરે.

જેણે જલકાયની હિંસાને અહિતકર અને અબોધિકર સમજી લીધી છે, તે પરિજ્ઞાતકર્મા-વિવેકી મુનિ કહેવાય છે.-એમ હું કહું છું.

तेउकाइयाणं अणारंभ-करण पइण्णा—

तेजस्कायिक જીવોનો આરંભ ન કરવાની પ્રતિજ્ઞા—

४४१. तेऊ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ।

—दस. अ. ४, सु. ६

४४१. શસ્ત્ર-પરિણતિથી પૂર્વે તેજસ્ ચિત્તવાન સજીવ કહેવાય છે. એવા અનેક જીવો છે તથા પ્રત્યેક જીવ સ્વતંત્ર અસ્તિત્વવાળો છે.

४४२. से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे ।

दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा—

से अगणिं वा इंगालं वा मुम्मुरं वा अच्चिं वा जालं वा अलायं वा सुद्धागणिं वा, उक्कं वा न उंजेज्जा न घट्टेज्जा न उज्जालेज्जा न निव्वावेज्जा ।

अन्नं न उंजावेज्जा न घट्टावेज्जा न उज्जालावेज्जा न निव्वावेज्जा ।

अन्नं उंजंतं वा घट्टन्तं वा उज्जालंतं वा निव्वावंतं वा न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।[1]

४४२. સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર સાધુ હોય કે સાધ્વી,

તે દિવસે કે રાત્રે, એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં,

કાષ્ઠની અગ્નિ, કોલસાના અંગારાની અગ્નિ, બકરીની લીંડી વગેરેની અગ્નિ, શિખાની અગ્નિ, ભઠ્ઠીની અગ્નિ, શુદ્ધ અગ્નિ, અથવા ઉલ્કાપાત-વીજળીની અગ્નિને સિંચન ન કરે, સંઘટ્ટન ન કરે, પ્રજ્વલિત ન કરે, તથા નિર્વાણ (બુઝાવવું) કરે નહિ.

બીજા પાસે સિંચન કરાવે નહિ, સંઘટ્ટન કરાવે નહિ, પ્રજ્વલિત કરાવે નહિ તથા નિર્વાણ કરાવે નહિ.

સિંચન, સંઘટ્ટન, પ્રજ્વલિત તથા નિર્વાણ કરનારનું (બુઝાવનારનું) અનુમોદન કરે નહિ. જીવનપર્યન્ત ત્રણ કરણ અને ત્રણ યોગથી, મનથી, વચનથી, અને કાયાથી કરે નહિ, કરાવે નહિ, અને કરનારનું અનુમોદન કરે નહિ.

---

१ इंगालं अगणिं अच्चिं, अलायं वा संजोइयं । न उंजेज्जा न घट्टेज्जा, नो णं निव्वावए मुणी ॥ —दस. अ. ८, गा. ८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

—दस. अ. ४, सु. २०

ભંતે ! પૂર્વકાળે કરેલા અગ્નિ સમારંભથી હું નિવૃત્ત થાઉં છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું, તથા કષાય આત્માનો વ્યુત્સર્ગ કરું છું.

तेउकाओ अमोहसत्थो—

૪૪૩. विसप्पे सव्वओधारे, बहुपाणविणासमे ।
नत्थि जोइसमे सत्थे, तम्हा जोइं न दीवए॥

—उत्त. अ. ३५, गा. १२

તેજસ્કાયિક એક અમોઘ શસ્ત્ર—

૪૪૩. અગ્નિ જેવું બીજું શસ્ત્ર નથી, તે બધી રીતે પ્રાણીનાશક તેજ ધારવાળો છે. ઘણાં પ્રાણીઓનો વિનાશ કરનાર છે. તેથી ભિક્ષુ અગ્નિ ન સળગાવે.

तेउकाइयाणं हिंसा निसेहो—

૪૪૪. जे दीहलोगसत्थस्स खेयण्णे से असत्थस्स खेयण्णे ।

जे असत्थस्स खेयण्णे से दीहलोगसत्थस्स खेयण्णे ।

वीरेहिं एयं अभिभूय दिट्ठं संजतेहिं सया जतेहिं सदा अप्पमत्तेहिं ।

जे पमत्ते गुणट्ठिते से हु दंडे पवुच्चति ।

तं परिण्णाय मेहावी इदाणीं णो जमहं पुव्वमकासी पमादेणं ।

लज्जमाणा पुढो पास ।

अणगारा मो त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं अगणिकम्मसमारंभेणं अगणिसत्थं समारंभमाणे अण्णे वऽणेगरूवे पाणे विहिंसति ।

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—

इमस्स चेव जीवियस्स परिवंदण माणण-पूयणाए जाति-मरण-मोयणाए दुक्खपडि-घातहेतुं,
से सयमेव अगणिसत्थं समारभति, अण्णेहिं वा अगणिसत्थं समारभावेति, अण्णे वा अगणिसत्थं समारभमाणे समणुजाणति ।

तं से अहिताए, तं से अबोधीए ।

તેજસ્કાયિક જીવોની હિંસાનો નિષેધ—

૪૪૪. (दीर्घलोकशस्त्र) – दीर्घलोक (એટલે) વનસ્પતિ, તેનું શસ્ત્ર–અગ્નિકાય. આ અગ્નિના સ્વરૂપને જે જાણે છે તે સંયમને જાણે છે.

જે સંયમનું સ્વરૂપ જાણે છે તે દીર્ઘલોકના શસ્ત્રરૂપ અગ્નિકાય સ્વરૂપને જાણે છે.

સદા જિતેન્દ્રિય, સદા અપ્રમત્ત, હંમેશાં યત્નાવાન, સંયમી વીર પુરુષોએ પરિષહાદિને જીતીને કેવળજ્ઞાન દ્વારા સાક્ષાત્ સર્વ વસ્તુના સ્વરૂપને જોયું છે.

જે પ્રમાદી છે, ઇન્દ્રિયસુખોના અભિલાષી છે તે હિંસા કરી દંડ આપે છે. તેથી તે જુલ્મી, અન્યાયી કહેવાય છે.

એ જાણીને બુદ્ધિમાન આત્મચિંતન કરે કે 'મેં પહેલાં પ્રમાદથી હિંસાદિ જે કાર્યો કર્યાં છે તે હવે ફરી હું નહીં કરું.'

જુઓ ! સાચા સાધકો અગ્નિકાયની હિંસા કરવામાં શરમ અનુભવે છે.

કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે 'અમે અણગાર છીએ.' છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગો વડે અગ્નિકાય સંબંધી આરંભ-સમારંભ કરી જીવોની હિંસા કરે છે. તથા અગ્નિકાયના જીવોની હિંસાની સાથે તેના આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

અગ્નિકાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે.

(છતાં પણ) પ્રાણી જીવનનિર્વાહ માટે, જન્મ મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે,

કોઈ સ્વયં અગ્નિકાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને અગ્નિકાયની હિંસા કરનારની અનુમોદના કરે છે.

એવી હિંસા તેના અહિત માટે હોય છે, માટે તે અજ્ઞાનનું કારણ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेवुज्झमाणे आयाणीयं समुट्ठाए ।

सोच्चा भगवतो अणगाराणं वा अंतिए इहमेगेसिं णातं भवति—एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु निरए ।

इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं[1] अगणिकम्मसमारंभेणं अगणिसत्थं समारंभमाणे अण्णे वऽणेगरूवे पाणे विहिंसति ।

से बेमि—संति पाणा पुढविणिस्सिता तणणिस्सिता पत्तणिस्सिता कट्ठणिस्सिता गोमयणिस्सिता कयवरणिस्सिता ।

संति संपातिमा पाणा आहच्च संपयन्ति य ।

अगणिं च खलु पुट्ठा एगे संघातमावज्जंति । जे तत्थ संघातमावज्जंति ते तत्थ परियावज्जंति । जे तत्थ परियावज्जंति ते तत्थ उद्दायन्ति ।

एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाता भवंति ।

एत्थ सत्थं असमारंभमाणस्स इच्चेते आरम्भा परिण्णाता भवंति ।

तं परिण्णाय मेहावी नेव सयं अगणि-सत्थं समारंभेज्जा,

नेवण्णेहिं अगणिसत्थं समारंभावेज्जा,

अगणिसत्थं समारंभमाणे, अण्णे न समणुजाणेज्जा ।

जस्स एते अगणिकम्मसमारंभा परिण्णाता भवंति से हु मुणी परिण्णायकम्मे,

त्ति बेमि ।

—आ. सु. १, अ. १, उ. ४, सु. २२-२९

સાધક એવું જાણી સાધનામાં સંલગ્ન બને.

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી સદ્બોધ પ્રાપ્ત કરી કેટલાંક પ્રાણીઓને પરિજ્ઞાન થાય કે હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે, નરકનું કારણ છે.

છતાં પણ જીવ પોતાનાં કાર્યોમાં આસક્ત થઈ અનેક શસ્ત્રો દ્વારા અગ્નિકાય કર્મ-સમારંભથી અગ્નિકાયના જીવોની હિંસા કરે છે અને સાથે અન્ય અનેક પ્રાણીઓની પણ હિંસા કરે છે.

હું કહું છું કે અનેક પ્રાણી-પૃથ્વી, તૃણ, પાત્ર, કાષ્ઠ, છાણ અને કચરાના ઢગલા આદિનાં આશ્રિત રહે છે.

કોઈ સંપાતિમ-ઊડનારાં પ્રાણી હોય છે (કીટ, પતંગ, પક્ષી આદિ), જે ઊડતાં ઊડતાં નીચે પડી જાય છે.

તે પ્રાણી અગ્નિનો સ્પર્શ પામીને સંઘાતને (શરીરના સંકોચને) પ્રાપ્ત થાય છે. શરીર સંકુચિત થવાથી અગ્નિની ઉષ્માથી મૂર્છિત થયા બાદ મૃત્યુ પણ પામે છે.

જે અગ્નિકાયના જીવો પર શસ્ત્ર-પ્રયોગ કરે છે, તે આરંભ-સમારંભ ક્રિયાઓનાં કડવાં પરિણામોથી અપરિજ્ઞાત હોય છે, અર્થાત્ તે હિંસાનાં દુઃખદ પરિણામોથી દૂર થઈ શકતો નથી.

જે અગ્નિકાય પર શસ્ત્ર-સમારંભ કરતો નથી તે વાસ્તવમાં આરંભનો જ્ઞાતા અર્થાત્ હિંસાથી મુક્ત થઈ જાય છે.

તે જાણીને મેધાવી મનુષ્ય સ્વયં અગ્નિ-શસ્ત્રનો સમારંભ ન કરે.

બીજા દ્વારા તેનો સમારંભ ન કરાવે.

તેનો સમારંભ કરનારનું અનુમોદન ન કરે.

જેણે અગ્નિ-કર્મ-સમારંભ યથાયોગ્ય જાણ્યો છે, તે જ મુનિ છે. તે પરિજ્ઞાત-કર્મા (કર્મનો જ્ઞાતા અને ત્યાગી) છે.

એવું હું કહું છું.

४४५. तं भिक्खुं सीतफास-परीवेवमाणगातं उवसंकमित्तु गाहावती वूया—

४४५. शीत-स्पर्शथी ध्रूजता शरीरवाळा मुनि पासे जई कोई गृहस्थ कहे—

---

१. અગ્નિકાયના શસ્ત્રોનો ઉલ્લેખ કરતાં નિર્યુક્તિમાં તેના આઠ પ્રકાર બતાવ્યા છે.
१. માટી કે ધૂળ
२. પાણી,
३. આર્દ્ર વનસ્પતિ,
४. ત્રસ પ્રાણી,
५. સ્વકાય શસ્ત્ર, – એક અગ્નિ બીજી અગ્નિનું શસ્ત્ર છે.
६. પરકાય શસ્ત્ર – પાણી આદિ,
७. તદુભય શસ્ત્ર – જેમ ભૂસાથી ભરેલો અગ્નિ બીજા અગ્નિનું શસ્ત્ર છે.
८. ભાવ શસ્ત્ર – અસંયમ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आउसंतो समणा ! णो खलु ते गामधम्मा उव्वाहंति ?

आउसन्तो गाहावती ! णो खलु मम गामधम्मा उव्वाहंति ।
सीतफासं णो खलु अहं संचाएमि अहियासेत्तए ।

णो खलु मे कप्पति अगणिकायं उज्जालित्तए वा पज्जालित्तए वा कायं आयावित्तए वा पयावित्तए वा अण्णेसिं वा वयणाओ ।

सिया एवं वदंतस्स परो अगणिकायं उज्जालेत्ता पज्जालेत्ता कायं आयावेज्जा वा पयावेज्जा वा । तं च भिक्खू पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए त्ति बेमि ।

—आ. सु. १, अ. ८, उ. ४, सू. २११-२१२

હે આયુષ્માન્ શ્રમણ ! શું તમને ગ્રામધર્મ (કામ) પીડિત કરતો નથી ને ? (મુનિએ કહ્યું)

આયુષ્માન્ ગૃહપતિ ! મને ગ્રામધર્મ (કામ) પીડિત કરતો નથી, પરંતુ મારું શરીર દુર્બળ હોવાના કારણે હું શીત-સ્પર્શને સહન કરવામાં અસમર્થ છું. (માટે મારું શરીર ઠંડીથી રક્ષણ કરું છે.)

અગ્નિ સળગાવવો, વારંવાર સળગાવવો અને શરીર તપાવવું કે વારંવાર તપાવવું અથવા એવું બીજાને કહીને કરાવવું મને કલ્પતું નથી.

સાધુની આ વાત સાંભળી [કદાચ] ગૃહસ્થ અગ્નિકાયને પ્રજ્વલિત કરે, સાધુના શરીરને થોડું તપાવે, એ સમયે અગ્નિકાયના આરંભને ભિક્ષુ પોતાની બુદ્ધિથી વિચાર કરીને, આગમના આજ્ઞાને ધ્યાનમાં લાવી ગૃહસ્થને કહે કે, "અગ્નિકાયનું સેવન મારા માટે અસેવનીય છે."

४४६. जे मायरं च पियरं च हेच्चा,
समणव्वदे अगणि समारभेज्जा ।
अहाहु से लोगे कुसीलधम्मे,
भूताइं जे हिंसति आतसाते ॥
उज्जालओ पाणऽतिवातएज्जा,
निव्वावओ अगणि तिवातइज्जा ।
तम्मा उ मेहावि समिक्ख धम्मं,
ण पंडिते अगणि समारभेज्जा ॥

पुढवि वि जीवा आऊ वि जीवा,
पाणा य संपातिम संपयन्ति ।
संसेदया कट्ठसमस्सिता य,
एते दहे अगणि समारभंते ॥

—सूय. सु. १, अ. ७, गा. ५-७

४४६. જેઓ પોતાનાં માતાપિતાને છોડી, શ્રમણવ્રતને ધારણ કરી અગ્નિકાયનો સમારંભ કરે છે, તથા જેઓ પોતાના સુખ માટે પ્રાણીઓની હિંસા કરે છે, તે લોકમાં કુશીલ ધર્મવાળો (એવું સર્વજ્ઞ પુરુષોએ) કહ્યો છે.

અગ્નિ સળગાવનાર વ્યક્તિ પ્રાણીઓની ઘાત કરે છે અને અગ્નિ ઓલવનાર પણ અગ્નિકાયના જીવોની ઘાત કરે છે, માટે મેધાવી પંડિત પોતાના ધર્મનો વિચાર કરી અગ્નિકાયનો સમારંભ કરે નહિ.

પૃથ્વી સજીવ છે, તેમજ પાણી પણ સજીવ છે, તથા સંપાતિમ-પતંગિયા ઇત્યાદિ જીવ છે, જે અગ્નિમાં પડી મરી જાય છે. બીજા પણ પરસેવામાં ઉત્પન્ન થતાં જીવ તથા કાષ્ઠના (લાકડા ઇત્યાદિ સંઘણ) આશ્રિત રહેનાર જીવ હોય છે. અગ્નિકાયનો સમારંભ કરનાર આ (સ્થાવર-ત્રસ) પ્રાણીઓને બાળે છે.

वाउकाय अणारम्भ करण पइण्णा—

४४७. वाउ चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थ-परिणएणं ।

—दस. अ. ४, सू. ७

वायुकायिक જીવોનો આરંભ ન કરવાની પ્રતિજ્ઞા—

४४७. શસ્ત્ર પરિણતિથી પૂર્વે વાયુકાય ચિત્તવાન સજીવ કહેવાય છે. એવા અનેક જીવો છે તથા પ્રત્યેક જીવ સ્વતંત્ર અસ્તિત્વવાળો છે.

४४८. से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे,

दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा—

४४८. સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાના પ્રત્યાખ્યાન લેનાર ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય,

તેણે દિવસે કે રાત્રે, એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से सिपण वा विहुयणेण वा तालियंटेण वा पत्तेण वा पत्तभंगेण वा साहाए वा साहाभंगेण वा पिहुणेण वा पिहुणहत्थेण वा चेलेण वा चेलकण्णेण वा हत्थेण वा मुहेण वा अप्पणो वा कायं बाहिरं वा वि पोग्गलं, न फुसेज्जा न वीएज्जा,

अन्नं न फुसावेज्जा न वीयावेज्जा,

अन्नं फुसंतं वा वीयंतं वा न समणुजाणेज्जा[1] जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

—दस. अ. ४, सु, २१

ચામરથી, પંખાથી, હવા નાંખવી નહિ, પત્રથી, પત્રના ટુકડાથી, શાખાથી, શાખાના ટુકડાથી, મોરપીંછથી કે મોરપીંછના હાથાથી, વસ્ત્રથી કે વસ્ત્રના છેડાથી, હાથથી કે મુખથી પોતાની કાયાને કે બહારના પુદ્ગલને ફૂંક મારવી નહિ, હવા નાંખવી નહિ,

બીજા દ્વારા ફૂંક મરાવવી નહિ, હવા નંખાવવી નહિ,

ફૂંક મારનાર કે હવા નાખનારની અનુમોદના ન કરવી. જીવનપર્યન્ત માટે ત્રણ કરણ ને ત્રણ યોગથી મનથી, વચનથી, કાયાથી તેમ કરવું નહિ, કરાવવું નહિ તેમજ કરનારનું અનુમોદન પણ કરવું નહિ.

ભંતે ! પૂર્વકાળે કરેલા વાયુ સમારંભથી હું નિવૃત્ત થાઉં છું. તેની નિંદા કરું છું. ગર્હા કરું છું તથા કષાય આત્માનો વ્યુત્સર્ગ કરું છું.

वाउकाइयाणं हिंसा निसेहो—

४४९. लज्जमाणा पुढो पास। "अणगारा मो" त्ति एगे पवदमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं वाउकम्मसमारंभेणं वाउसत्थं समारम्भमाणे अण्णेवऽणेगरूवे पाणे विहिंसति ।

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—

इमस्स चेव जीवियस्स परिवंदण-माणण-पूयणाए, जाई-मरण-मोयणाए, दुक्खपडिघातहेतुं,

से सयमेव वाउसत्थं समारभति, अण्णेहिं वा वाउसत्थं समारभावेति, अण्णे वा वाउसत्थं समारभंते समणुजाणति ।

तं से अहियाए, तं से अबोधीए ।

से तं संबुज्झमाणे, आयाणीयं समुट्ठाए,

सोच्चा भगवओ, अणगाराणं वा अंतिए इहमेगेसिं णातं भवति—एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णिरए।

इच्चत्थं गढिए लोए ।

વાયુકાયિક જીવોની હિંસાનો નિષેધ—

४४९. જુઓ ! સાચા સાધકો વાયુકાયિકની હિંસા કરવામાં શરમ અનુભવે છે. કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે 'અમે અણગાર છીએ' છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગો વડે વાયુકાય સંબંધી આરંભ સમારંભ કરી જીવોની હિંસા કરે છે તથા વાયુકાયના જીવોની હિંસાની સાથે તેનાં આશ્રિત અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

વાયુકાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે.

છતાં પણ પ્રાણી જીવન-નિર્વાહ માટે, પ્રશંસા માટે, માનપૂજા માટે, જન્મ-મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે,

સ્વયં પણ વાયુકાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને વાયુકાયની હિંસા કરનારની અનુમોદના કરે છે.

એવી હિંસા તેના અહિત માટે હોય છે. તેના માટે તે અજ્ઞાનનું કારણ બને છે.

તે સંયમી, તે હિંસાને-હિંસાનાં કુપરિણામોને સમ્યક્ પ્રકારથી સમજી સાધનામાં સંલગ્ન બને.

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી, સદ્બોધ પ્રાપ્ત કરી કેટલાંક પ્રાણીઓને પરિજ્ઞાન થાય છે કે હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે, નરકનું કારણ છે.

છતાં પણ તેઓ પોતાનાં કાર્યોમાં આસક્ત થાય છે.

---

१ तालियंटेण पत्तेण, साहाविहुयणेण वा । न वीएज्ज अप्पणो कायं, बाहिरं वा वि पोग्गलं । —दस. अ. ८. गा. ९

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जमिणं विरूवरूवेहिं सत्थेहिं वाउकम्म-समारंभेणं वाउसत्थं समारम्भमाणे अण्णेवऽणेगरूवे पाणे विहिंसति ।

से बेमि—संति संपाइमा पाणा आहच्च संपतंति य ।

फरिसं च खलु पुट्ठा, एगे संघायमावज्जंति । जे तत्थ संघायमावज्जंति, ते तत्थ परियावज्जंति जे तत्थ परियावज्जंति ते तत्थ उद्दायन्ति ।

एत्थ सत्थं समारम्भमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाता भवंति ।

एत्थं सत्थं समारम्भमाणस्स इच्चेते आरम्भा परिण्णाता भवंति ।

तं परिण्णाय मेहावी णेव सयं वाउसत्थं समारंभेज्जा,

णेवऽण्णेहिं वाउसत्थं समारंभावेज्जा,

णेवऽण्णे वाउसत्थं समारभंते समणुजाणेज्जा ।

जस्सेते वाउसत्थं समारम्भा परिण्णाता भवंति, से हु मुणी परिण्णायकम्मे त्ति बेमि ।

—आ. सु. १, अ. १, उ. ७, सु. ५७-६१

तेओ अनेक शस्त्रो द्वारा वायुकाय कर्म-समारंभथी वायुकायना जीवोनी हिंसा करे छे. अने साथे अन्य अनेक प्राणीओनी पण हिंसा करे छे.

हुं कहुं छुं के-घणा संपातिम-ऊडनारां प्राणी होय छे. जे वायुथी अताडित थई-ऊडतां ऊडतां नीचे पडी जाय छे.

ते प्राणीने वायुनो स्पर्श-आघात थवाथी (शरीर) संकोचाई जाय छे. ज्यारे ते वायुस्पर्शथी संघातित होय छे-संकोचाई जाय छे, त्यारे ते मूर्च्छित थई जाय छे. ज्यारे ते मूर्च्छित थई जाय छे त्यारे कदीक तेओ मरी पण जाय छे.

जे वायुकायना जीवो पर शस्त्र-प्रयोग करे छे, ते आरंभ-समारंभ क्रियाओनां कडवां परिणामोथी अपरिज्ञात होय छे,

जे वायुकाय पर शस्त्र-समारंभ करतो नथी ते वास्तवमां आरंभनो ज्ञाता होय छे.

એમ જાણી મેધાવી મનુષ્ય સ્વયં વાયુકાયનો સમારંભ ન કરે,

બીજા દ્વારા વાયુકાયનો સમારંભ ન કરાવે.

કે વાયુકાયનો સમારંભ કરનારનું અનુમોદન ન કરે.

જેણે વાયુ-કર્મ-સમારંભ યથાયોગ્ય જાણ્યો છે, તે જ મુનિ છે, તે જ પરિજ્ઞાત-કર્મા (કર્મનો જ્ઞાતા અને ત્યાગી) છે - એવું હું કહું છું.

वणस्सइकाय अणारम्भ-करण पइण्णा—

४५०. वणस्सई चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थसत्थ परिणएणं,

तं जहा—अग्गबीया मूलबीया पोरबीया खंधबीया बीयरुहा सम्मुच्छिमा तणलया ।

वणस्सइकाइया सबीया चित्तमंतमक्खाया अणेगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थपरिणएणं ।

—दस. अ. ४, सु. ८

वनस्पतिकायिक जीवोनो आरंभ न करवानी प्रतिज्ञा—

५०. शस्त्र परिणतिथी पूर्वे वनस्पति चित्तवती [सजीव] कहेवाय छे. एवा अनेक जीवो छे. तथा तेवो प्रत्येक जीव स्वतंत्र अस्तित्ववाळो छे.

तेना अनेक प्रकार छे. अग्रबीज, मूळबीज, पर्वबीज, स्कंधबीज, बीजरुह, संमूर्च्छिम, तृण अने लता.

शस्त्र-परिणतिथी पूर्वे बीजपर्यन्त (मूळथी लईने बीज सुधी) वनस्पतिकाय सजीव कहेवाय छे. ते (वनस्पति) अनेक जीवोवाळी छे तेमां प्रत्येक जीव स्वतंत्र अस्तित्व धरावे छे.

४५१. से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे, दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा—

से बीएसु वा बीयपइट्ठिएसु वा रूढेसु वा रूढपइट्ठिएसु वा जाएसु वा जायपइट्ठिएसु वा हरिएसु वा हरियपइट्ठिएसु वा छिन्नेसु

४५१. संयमी पापथी विरत अने नवां पापकर्म बांधवाना प्रत्याख्यान लेनार भिक्षु होय के भिक्षुणी होय, तेणे दिवस के रात्रे, एकाकी के परिषद्मां, सूतां के जागतां कदी पण—

बीज पर किंवा बीजे पर रहेली वस्तुओ पर, स्फुटित बीजे पर, स्फुटित रहेली वस्तुओ पर, पांदडां आववावाळी वनस्पति पर, स्थित

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा छिन्नपइट्ठिएसु वा सचित्तेसु वा सचित्तकोलपडिनिस्सिएसु वा, न गच्छेज्जा, न चिट्ठेज्जा, न निसीएज्जा, न तुयट्टेज्जा,

વસ્તુઓ પર, લીલોતરી પર, લીલોતરી પર રહેલી વસ્તુઓ પર, છેદેલી સજીવ વનસ્પતિનાં અંગો પર, છેદેલી સજીવ વનસ્પતિનાં અંગો પર રહેલી વસ્તુઓ પર, સચિત્ત વનસ્પતિ પર, સચિત્ત કોલ – બોર, (જે કાષ્ઠમાં જીવોની ઉત્પત્તિ થાય તેના ઉપર) તેમજ કાષ્ઠ-ઈંટથી યુક્ત કાષ્ઠ આદિ પર ન ચાલે, ન ઊભો રહે, ન બેસે, ન સૂવે,

अन्नं न गच्छावेज्जा न चिट्ठावेज्जा न निसियावेज्जा न तुयट्टावेज्जा,
अन्नं गच्छंतं वा चिट्ठन्तं वा निसीयन्तं वा तुयट्टन्तं वा न समणुजाणेज्जा,
जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।
तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि !
—दस. अ. ४, सु. २२

તેમજ બીજા કોઈને તેના પર ચલાવે નહિ, ઊભા રખાવે નહિ, બેસાડે નહિ કે સુવાડે નહિ,

ચાલતો હોય, ઊભો રહેતો હોય, બેસતો હોય કે સૂતો હોય તો તેની અનુમોદના પણ ન કરે.

જીવનપર્યન્ત માટે કૃત, કારિત, અનુમોદિત પાપથી, મનથી, વચનથી, કાયાથી – ન કરે, ન કરાવે અને કરનારની અનુમોદના પણ ન કરે.

भंते ! पूर्वकाळे करेला वनस्पति-समारंभथी हुं निवृत्त थाउं छुं, तेनी निंदा करुं छुं, तेनी गर्हा करुं छुं, तथा कषाय आत्मानो व्युत्सर्ग करुं छुं.

૪૫૨. तणरुक्खं न छिंदेज्जा, फलं मूलं व कस्सई ।
आमगं विविहं बीयं, मणसा वि न पत्थए ॥

गहणेसु न चिट्ठेज्जा, बीएसु हरिएसु वा ।
उदगम्मि तहा निच्चं, उत्तिंगपणगेसु वा ॥
—दस. अ. ८, गा. १०-११

૪૫૨. યતનાવાન મુનિ તૃણ, વૃક્ષ તથા કોઈ પણ (વૃક્ષ આદિનું), ફળના મૂળનું છેદન કરે નહિ અને વિવિધ પ્રકારનાં સચિત્ત બીજોની મનથી પણ ઇચ્છા ન કરે.

મુનિ, વન, નિકુંજની વચમાં પડેલા બીજ પર, લીલોતરી પર, અનન્તકાયિક-વનસ્પતિ પર સર્પછત્ર કે કાઈ પર ઊભા ન રહે.

(સર્પછત્ર=બિલાડીના ટોપ નામની વનસ્પતિ)
(કાઇ=ઓમાસામાં થતી લીલ નામની વનસ્પતિ)

૪૫૩. दसविहा तणवणस्सइकाइया पन्नत्ता, तं जहा–
१. मूले, २. कंदे, ३. खंधे, ४. तया, ५. साले, ६. पवाले, ७. पत्ते, ८. पुप्फे[1] ९. फले, १०. बीये ।
—ठाणं. अ. १०, सु. ७७३

૪૫૩. તૃણ વનસ્પતિકાયિક જીવ દસ પ્રકારના છે. જેમ–
૧. મૂળ, ૨. કન્દ, ૩. સ્કન્ધ, ૪. છાલ, ૫. શાખા, ૬. પ્રવાલ, ૭. પત્ર, ૮. પુષ્પ, ૯. ફળ, ૧૦. બીજ.

वणस्सइकाइयाणं हिंसा निसेहो—

વનસ્પતિકાયિક જીવોની હિંસાનો નિષેધ—

૪૫૪. लज्जमाणा पुढो पास । 'अणगारा मो' त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं वणस्सतिकम्मसमारम्भेणं वणस्सतिसत्थं समारम्भमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसति ।

૪૫૪. જુઓ ! સાચા સાધકો વનસ્પતિકાયિકની હિંસા કરવામાં શરમ અનુભવે છે. કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે 'અમે અણગાર છીએ' છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગો વડે વનસ્પતિકાય સંબંધી આરંભ સમારંભ કરી જીવોની હિંસા કરે છે તથા વનસ્પતિકાયના જીવોની હિંસાની સાથે તેના આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—इमस्स चेव जीवियस्स परिवंदण-माणण-पूयणाए, जाती-मरण-मोयणाए, दुक्खपडिघातहेतुं,

વનસ્પતિકાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે. છતાં પણ પ્રાણી જીવનનિર્વાહ માટે, પ્રશંસા માટે, માન, પૂજા માટે, જન્મ-મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે,

---

१ ठाणं. अ. ८. सु. ६१४ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से सयमेव वणस्सतिसत्थं समारंभति, अण्णेहिं वा वणस्सतिसत्थं समारंभावेति अण्णे वा वणस्सतिसत्थं समारभमाणे समणुजाणति ।

તે (તથાકથિત સાધુ) વનસ્પતિકાયની હિંસા કરે છે, બીજા પાસે કરાવે છે અને કરનારની અનુમોદના કરે છે.

तं से अहियाए तं से अबोहिए ।

એવી હિંસા તેના અહિત માટે હોય છે. તેના માટે તે અજ્ઞાનનું કારણ બને છે.

से तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।

સાધક એવું જાણી સાધનામાં સંલગ્ન બને.

सोच्चा भगवतो अणगाराणं वा अंतिए इहमेगेसिं णायं भवति—एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे एस खलु णिरए ।

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી, સદ્બોધ પ્રાપ્ત કરી કેટલાક પ્રાણીઓને પરિજ્ઞાન થાય છે કે હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, મરણનું કારણ છે, નરકનું કારણ છે.

इच्चत्थं गढिए लोए, जमिणं विरूवरूवेहिं सत्थेहिं वणस्सति-कम्मसमारंभेणं वणस्सतिसत्थं समारंभमाणे वऽण्णे अणेगरूवे पाणे विहिंसति ।
—आ. सु. १, अ. १, उ. ५, सु. ४२-४४

છતાં પણ જીવ પોતાનાં કાર્યોમાં આસક્ત થઈ અનેક શસ્ત્રો દ્વારા વનસ્પતિકાય-કર્મ-સમારંભથી વનસ્પતિકાયના જીવોની હિંસા કરે છે અને સાથે અન્ય અનેક પ્રાણીઓની પણ હિંસા કરે છે.

४५५. एत्थ सत्थं समारंभमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाता भवंति ।

૪૫૫. વનસ્પતિકાયનો જે સમારંભ કરે છે તેને પૂર્વોક્ત હિંસાદિ ક્રિયાઓ કર્મબંધનું કારણ છે, તેનું જ્ઞાન નથી.

एत्थ सत्थं असमारम्भमाणस्स इच्चेते आरम्भा परिण्णाया भवंति ।

વનસ્પતિકાયમાં શસ્ત્રનો પ્રયોગ નહિ કરનારને પહેલાં કહેલ હિંસાદિ ક્રિયાઓ કર્મબંધનું કારણ છે, એવો વિવેક છે તેથી પાપ લાગતું નથી.

तं परिण्णाय मेहावी णेव सयं वणस्सतिसत्थं समारंभावेज्जा, णेवऽण्णेहिं वणस्सतिसत्थं समारम्भावेज्जा,
णेवऽण्णे वणस्सतिसत्थं समारंभंते समणुजाणेज्जा ।
जस्सेते वणस्सतिसत्थसमारम्भा परिण्णाया भवंति से हु मुणी परिण्णायकम्मे त्ति बेमि ।
—आ. सु. १, अ. १, उ. ५, सु. ४६-४८

આવું જાણી બુદ્ધિમાન પુરુષ સ્વયં વનસ્પતિકાયનો આરંભ કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને જે વનસ્પતિકાયનો આરંભ કરતા હોય તેમનું અનુમોદન કરે નહિ.

જે આ વનસ્પતિકાયના સમારંભના અશુભ પરિણામને જાણે છે તે વિવેકી મુનિ છે,–એમ હું કહું છું.

४५६. हरिताणि भूताणि विलंबगाणि,
आहारदेहाइं पुढो सिताइं ।
जे छिंदति आतसुहं पडुच्चा,
पागब्भि पाणे बहुणं तिवाती ॥

૪૫૬. હરિતકાય અથવા દૂર્વા, અંકુર વગેરે પણ જીવ છે. હરિતકાયના એ જીવ (મૂળ, સ્કંધ, શાખા, પત્ર, પુષ્પ, ફળ આદિમાં) અલગ અલગ હોય છે. જે જીવ પોતાના સુખ માટે તે જીવોનું છેદન ભેદન કરે છે તે ધૃષ્ટતાપૂર્વક ઘણા પ્રાણીઓનો ઘાત કરે છે.

जातिं च वुड्ढिं च विणासयन्ते,
बीयादि अस्संजय आयदंडे ।
अहाहु से लोए अणज्जधम्मे,
बीयादि जे हिंसति आयसाते ॥
—सूय. सु. १, अ. ७, गा. ८-९

જે દીક્ષિત અથવા ગૃહસ્થ અસંયમી પુરુષ પોતાના સુખના માટે બીજનો નાશ કરે છે તે પુરુષ તે બીજ દ્વારા ઉત્પન્ન થનારાં અંકુર, શાખા, પત્ર, પુષ્પ, ફળ વગેરેનો નાશ કરે છે. એ પોતાના આત્માને દંડિત કરે છે. જ્ઞાનીઓએ તેવા પુરુષને અનાર્યધર્મી કહેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वणस्सइ य मणुयजीवणयस्स य तुलत्तं—

४५७. से बेमि—

इमं पि जातिधम्मयं,
एयं पि जातिधम्मयं;
इमं पि बुड्ढिधम्मयं,
एयं पि बुड्ढिधम्मयं;
इमं पि चित्तमंतयं,
एयं पि चित्तमंतयं;
इमं पि छिण्णं मिलाती,
एयं पि छिण्णं मिलाती;

इमं पि आहारगं,
एयं पि आहारगं;
इमं पि अणितियं,
एयं पि अणितियं;
इमं पि असासयं,
एयं पि असासयं;
इमं पि चयोवचइयं,

एयं पि चयोवचइयं;

इमं पि विप्परिणामधम्मयं,

एयं पि विप्परिणामधम्मयं ।

—आ. सु. १, अ. १, उ. ५, सु. ४५

तसकाय सरूवं—

४५८. से बेमि—

संतिमे तसा पाणा, तं जहा—
अंडया पोतया जराउया रसया संसेइमा
समुच्छिमा उब्भिया उववातिया[1] ।

વનસ્પતિ શરીર અને મનુષ્ય શરીરની સમાનતા—

૪૫૭. હું કહું છું—

મનુષ્ય શરીર / વનસ્પતિ શરીર

૧. જેમ મનુષ્ય જન્મ લે છે.
તેમ વનસ્પતિ પણ જન્મ લે છે.

૨. જેમ મનુષ્ય વધે છે.
તેમ વનસ્પતિ પણ વધે છે.

૩. જેમ મનુષ્ય ચેતનાયુક્ત છે.
તેમ વનસ્પતિ પણ ચેતનાયુક્ત છે.

૪. જેમ મનુષ્યશરીર છિન્નભિન્ન થવાથી કરમાય છે.
તેમ વનસ્પતિ શરીર પણ છિન્નભિન્ન થવાથી કરમાય છે.

૫. જેમ મનુષ્ય આહાર કરે છે.
તેમ વનસ્પતિ પણ આહાર કરે છે.

૬. જેમ મનુષ્યનું શરીર અનિત્ય છે.
તેમ વનસ્પતિનું શરીર પણ અનિત્ય છે.

૭. જેમ મનુષ્યનું શરીર અશાશ્વત છે.
તેમ વનસ્પતિનું શરીર પણ અશાશ્વત છે.

૮. જેમ મનુષ્યનું શરીર આહારથી ઉપચિત (પુષ્ટ) થાય છે. આહારના અભાવથી અપચિત (ક્ષીણ) થાય છે.
તેમ વનસ્પતિનું શરીર પણ એ જ પ્રમાણે ઉપચિત - અપચિત (ક્ષીણ પુષ્ટ) થાય છે.

૯. જેમ મનુષ્યનું શરીર અનેક પ્રકારની અવસ્થાઓમાં રૂપાંતરિત થાય છે.
તેમ વનસ્પતિનું શરીર પણ અનેક પ્રકારની અવસ્થાઓમાં રૂપાંતરિત થાય છે.

ત્રસકાયિક જીવોનું સ્વરૂપ—

૪૫૮. હું કહું છું.....

આ સર્વ ત્રસ પ્રાણીઓ છે. જેમ કે,—

અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સમ્મુર્ચ્છિમ, ઉદ્ભિજ્જ અને ઔપપાતિક ઇત્યાદિ.

---

૧. ઉત્પત્તિ-સ્થાનની દૃષ્ટિથી ત્રસ જીવોના આઠ ભેદ આ પ્રમાણે કરવામાં આવ્યા છે.
૧. અંડજ - ઈંડાથી ઉત્પન્ન થનારા - કોયલ, કબૂતર, મોર, હંસ, આદિ.
૨. પોતજ - પોત અર્થાત્ ચર્મમય થેલી. પોતથી ઉત્પન્ન થનારા-જેમ હાથી, વલ્ગુલી-વડવાગોળ આદિ.
૩. જરાયુજ - જરાયુનો અર્થ છે ગર્ભ - વેષ્ટન અથવા તો એવી થેલી જે જન્મના સમયે બાળકને વીંટળાયેલી હોય. તેને 'ઓર' પણ કહેવાય છે. જરાયુની સાથે ઉત્પન્ન થનાર જેમ મનુષ્ય, ગાય, ભેંસ આદિ.
૪. રસજ - છાશ, દહીં આદિ રસ વિકૃત થવાથી તેમાં જે કૃમિ આદિ ઉત્પન્ન થાય છે તે 'રસજ' કહેવાય છે.
૫. સંસ્વેદજ-પરસેવામાં ઉત્પન્ન થનારા જેમ - જૂ, લીખ આદિ.
૬. સમૂર્ચ્છિમ - બાહ્ય વાતાવરણના સંયોગથી ઉત્પન્ન થનારા જેમ-ભમરો, કીડી, મચ્છર, માખી આદિ.
૭. ઉદ્ભિજ્જ - જમીનને ફોડીને નીકળનારા જેમ-તીડ, પતંગ આદિ.
૮. ઔપપાતિક - 'ઉપપાત'નો શાબ્દિક અર્થ છે એકાએક થવાવાળી ઘટના. આગમની દૃષ્ટિએ દેવતા શય્યામાં, નારક કુંભીમાં ઉત્પન્ન થઈ લગભગ એક મુહૂર્તમાં પૂર્ણ યુવાન બને છે. માટે તે ઔપપાતિક કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एस संसारे त्ति पवुच्चति । मंदस्स अवियाणओ ।

णिज्झाइत्ता पडिलेहित्ता पत्तेयं परिणिव्वाणं ।

सव्वेसिं पाणाणं सव्वेसिं भूताणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं[1] । अस्सातं अपरिणिव्वाणं महब्भयं दुक्खं ति बेमि ।

तसंति पाणा पदिसो दिसासु य ।
तत्थ तत्थ पुढो पास आतुरा परितावेति ।

संति पाणा पुढो सिया ।
—आ. सु. १, अ. १, उ. ६, सु. ४९

તે (ત્રસ જીવોનું સમન્વિત ક્ષેત્ર) સંસાર કહેવાય છે. મંદ તથા અજ્ઞાની જીવો આમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

હું વિચાર કરીને અને જોઈને કહું છું કે-પ્રત્યેક પ્રાણી પરિનિર્વાણ [સુખ અને શાન્તિ] ચાહે છે.

સર્વ પ્રાણી - વિકલેન્દ્રિય, સર્વ ભૂત-વનસ્પતિ, સર્વ જીવ-પંચેન્દ્રિયો તથા સર્વ સત્ત્વો-શેષ એકેન્દ્રિયો આદિ જીવોને અસાતા [વેદના] અને અપરિનિર્વાણ [અશાન્તિ] એ મહા ભયંકર અને દુઃખદાયી છે.

—એવું હું કહું છું.

પ્રાણી દિશાઓ અને વિદિશાઓમાં સર્વત્ર [પૃથક-પૃથક કારણોથી] ત્રાસ પામે છે.

[હે શિષ્ય !] તું જો ! વિષય-સુખાભિલાષી આતુર થયેલા મનુષ્યો પોતાના અનેક પ્રકારના સ્વાર્થ માટે તેમને પરિતાપ-દુઃખ આપે છે.

આ ત્રસ આદિ પ્રાણીઓ પૃથક-પૃથક શરીરો આદિના આશ્રિત સર્વત્ર રહે છે.

तसकायस्स भेयप्पभेया—

४५९. से जे पुण इमे अणेगे बहवे तसा पाणा तं जहा—

अंडया पोयया जराउया रसया संसेइमा सम्मुच्छिमा उब्भिया उववाइया ।

जेसिं केसिंचि पाणाणं अभिक्कंतं पडिक्कंतं संकुचियं पसारियं रुयं भंतं तसियं पलाइयं आगइ-गइ-विन्नाया—

ત્રસકાયના ભેદ-પ્રભેદ—

ત્રસકાય જીવો પણ અનેક પ્રકારના કહ્યા છે. જેમ—

અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સ્વેદજ, સમ્મૂર્ચ્છિમ, ઉદ્ભિજ, ઔપપાતિક, એ ૯ જીવ-નિકાયમાં આવે છે.

કોઈ પ્રાણીઓમાં સન્મુખ આવવું, પાછું જવું, સંકોચાઈ જવું, વિસ્તૃત થવું, શબ્દોચ્ચાર કરવો, અહીં-તહીં જવું, ભયભીત થવું, દોડવું, ઇત્યાદિ ક્રિયાઓ છે. અને જે આગતિ તેમ જ ગતિના વિજ્ઞાતા (જાણનાર) છે, તે ત્રસ છે.

---

१. (क) प्रस्तुत सूत्रमां प्रयुक्त प्राण, भूत, जीव अने सत्त्व शब्द सामान्यरूपे जीवना ज वाचक छे. शब्दनय (समभिरूढनयनी) अपेक्षाओ आगममां तेना जुदा जुदा अर्थोनुं प्रयुक्तिकरण आ प्रमाणे छे.

प्राण-दस प्रकारना प्राण होवाथी.

भूत-त्रणे कालमां रहेवाथी.

जीव-आयुष्यकर्मना कारणे.

सत्त्व-विविध पर्यायोनुं परिवर्तन होवा छतां पण आत्मद्रव्यनी सत्तामां कोई अंतर न आववाथी.

(ख) शीलांकाचार्ये आनो अर्थ आ प्रमाणे कर्यो छे.

प्राण-बेइन्द्रिय, तेइन्द्रिय, चौरेन्द्रिय जीव.

भूत-वनस्पतिकाय जीव.

जीव-पांच इन्द्रियवाळा जीव. देव, मनुष्य, नारक अने तिर्यंच.

सत्त्व-पृथ्वी, अप्, अग्नि अने वायुकायना जीव.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे य कीडपयंगा, जा य कुंथुपिवीलिया, सव्वे बेइंदिया, सव्वे तेइंदिया, सव्वे चउरिंदिया, सव्वे पंचिंदिया, सव्वे तिरिक्खजोणिया, सव्वे नेरइया, सव्वे मणुया, सव्वे देवा, सव्वे पाणा परमाहम्मिया—

एसो खलु छट्ठो जीवनिकाओ त्ति पवुच्चई ।
—दस. अ. ४, सु. ९

જે કીટ, પતંગ, કંથવા અને કીડીઓ સર્વ બે ઇન્દ્રિયવાળા જીવ, ત્રણ ઇન્દ્રિયવાળા જીવ, ચાર ઇન્દ્રિયવાળા જીવ, પાંચ ઇન્દ્રિયવાળા જીવ, તિર્યંચ યોનિવાળા જીવ, નારકીના જીવ, મનુષ્ય, દેવ તેમજ બધાં પ્રાણીઓ સુખને ઇચ્છવાવાળાં છે.

તેને છઠ્ઠો જીવનિકાય ત્રસકાય કહેવાય છે.

तसकाय अणारम्भ पइण्णा—

૪૬૦. से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे,

दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा—
से कीडं वा पयंगं वा कुंथुं वा पिवीलियं वा हत्थंसि वा पायंसि वा बाहुंसि वा ऊरूंसि वा उदरंसि वा सीसंसि वा वत्थंसि वा पडिग्गहंसि वा कंबलंसि वा पायपुंछणंसि वा रयहरणंसि वा गोच्छगंसि वा उंडगंसि वा दंडगंसि वा पीढगंसि वा फलगंसि वा सेज्जंसि वा संथारगंसि वा अन्नयरंसि वा तहप्पगारे उवगरणजाए तओ संजयामेव पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय एगंतमवणेज्जा नो संघायमावज्जेज्जा।
दस. अ. ४, सु. २३

ત્રસકાયના અનારંભની પ્રતિજ્ઞા—

૪૬૦. સંયમી, પાપથી વિરત અને નવાં પાપકર્મ બાંધવાનાં પ્રત્યાખ્યાન લેનાર, ભિક્ષુ હોય કે ભિક્ષુણી હોય,

તેણે દિવસે કે રાત્રે, એકાકી કે પરિષદમાં, સૂતાં કે જાગતાં કદી પણ—

કીટ, પતંગ, કુંથુ, પિપીલિકાઓ હાથ પર, પગ પર, બાહુ પર, સાથળ પર, પેટ પર, શિર પર, વસ્ત્ર પર, પાત્ર પર, કંબલ પર, આસનાદિ પર, રજોહરણ પર, ગુચ્છા પર, ઉન્દક (સ્થંડિલ) પર, દંડ પર, બાજોઠ પર, પાટિયા પર, શય્યા પર, સંથારા પર, અથવા તેવા પ્રકારના કોઈ અન્ય ઉપકરણ પર ચઢી જાય ત્યારે સાવધાનીપૂર્વક ધીમેધીમે પ્રતિલેખન કરી પ્રમાર્જન કરી તે જીવોને ત્યાંથી ઉપાડીને એકાંત સ્થાનમાં મૂકી દે, પરંતુ તેમનો ઘાત ન કરશે—આયસમાં એકઠીભૂત પ્રાણીઓને પીડા પહોંચે તેવી રીતે ન રાખવાં.

૪૬૧. तसे पाणे न हिंसेज्जा वाया अदुव कम्मुणा ।
उवरओ सव्वभूएसु पासेज्ज विविहं जगं ॥
—दस. अ. ८, गा. १२

૪૬૧. સર્વ પ્રાણીઓના વિષયમાં હિંસા પરિત્યાગ કરનાર સાધુ વચનથી અથવા કર્મથી પણ પ્રાણીઓની હિંસા ન કરે, પરંતુ વિવિધ સ્વરૂપવાળા જગતને જાણે અને જુએ.

तसकाइयाणं हिंसानिसेहो—

ત્રસકાયિકની હિંસાનો નિષેધ—

૪૬૨. लज्जमाणा पुढो पास । "अणगारा मो" त्ति एगे पवयमाणा, जमिणं विरूवरूवेहिं सत्थेहिं तसकायसमारंभेणं तसकायसत्थं समारम्भमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसति ।

तत्थ खलु भगवता परिण्णा पवेदिता—इमस्स चेव जीवियस्स परिवंदण-माणण पूयणाए, जाती-मरण-मोयणाए, दुक्खपडिघातहेतुं से सयमेव तसकायसत्थं समारंभति, अण्णेहिं वा तसकायसत्थं समारंभावेति, अण्णे वा तसकायसत्थं समारंभमाणे समणुजाणति ।

૪૬૨. જુઓ ! સાચા સાધકો ત્રસકાયની હિંસા કરવામાં શરમ અનુભવે છે. કેટલાક વેષધારી સાધુઓ કહે છે કે, 'અમે અણગાર છીએ' છતાં પણ તેઓ અનેક પ્રકારનાં શસ્ત્રોના પ્રયોગો વડે ત્રસકાય સંબંધી આરંભ-સમારંભ કરી જીવોની હિંસા કરે છે, તથા ત્રસકાયના જીવોની હિંસાની સાથે તેનાં આશ્રિત અન્ય અનેક પ્રકારના જીવોની પણ હિંસા કરે છે.

ત્રસકાયના સમારંભના વિષયમાં ભગવાને પરિજ્ઞા-વિવેક સમજાવ્યો છે. છતાં પણ જીવન-નિર્વાહ માટે, પ્રશંસા માટે, માન, પૂજા માટે, જન્મ-મરણથી મુક્ત થવા માટે, દુઃખોના નિવારણ માટે, તે (તથાકથિત સાધુ) પોતે ત્રસકાયની હિંસા કરે છે, બીજા પાસે હિંસા કરાવે છે અને હિંસા કરનારની અનુમોદના કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं से अहिताए, तं से अबोधीए ।

એવી હિંસા તેના અહિત માટે હોય છે. તેના માટે તે અજ્ઞાનનું કારણ બને છે.

से त्तं संबुज्झमाणे आयाणीयं समुट्ठाए ।

સંયમી સાધક તે હિંસાને હિંસાનાં કુપરિણામોને સમ્યક્ પ્રકારે જાણી સાધનામાં સંલગ્ન બને.

सोच्चा भगवतो अणगाराणं वा अंतिए इहमेगेसिं णातं भवति—एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु निरए।

તીર્થંકર અથવા શ્રમણજનો પાસેથી સાંભળી અવબોધ પ્રાપ્ત કરી કેટલાક પ્રાણીઓને પરિજ્ઞાન થાય છે કે, હિંસા એ કર્મબંધનું કારણ છે, મોહનું કારણ છે, નરકનું કારણ છે.

इच्चत्थं गढिए लोए जमिणं विरूवरूवेहिं सत्थेहिं तसकायसमारंभेणं तसकायसत्थं समारंभमाणे अण्णे अणेगरूवे पाणे विहिंसति ।

છતાં પણ જીવ પોતાનાં કાર્યોમાં આસક્ત થઈ અનેક શસ્ત્રો દ્વારા ત્રસકાય-કર્મ-સમારંભથી ત્રસકાયના જીવોની હિંસા કરે છે અને સાથે અન્ય અનેક પ્રાણીઓની પણ હિંસા કરે છે.

से बेमि—

—એવું હું કહું છું.

अप्पेगे अच्चाए वधेंति, अप्पेगे अजिणाए वधेंति, अप्पेगे मंसाए वधेंति, अप्पेगे सोणिताए वधेंति, अप्पेगे हिययाए वधेंति, एवं पित्ताए वसाए पिच्छाए पुच्छाए बालाए सिंगाए विसाणाए दंताए दाढाए नहाए ण्हारुणीए अट्ठिए,

ત્રસ જીવોની હિંસાના કારણો-કેટલાંક લોકો અર્ચા [અંધશ્રદ્ધાથી પ્રેરિત થઈ દેવી દેવતા વગેરેનો ભોગ] આપવા માટે ત્રસજીવોને મારે છે. કોઈ ચામડા માટે, કોઈ માંસ માટે, કોઈ લોહી માટે, કોઈ હૃદય માટે, કોઈ પિત્તને માટે, કોઈ ચરબી માટે, કોઈ પીંછા માટે, કોઈ પૂંછડી માટે, કોઈ વાળ માટે, કોઈ સિંગડા માટે, કોઈ વિષાણ (હાથી-શૂકરાદિના દાંત) માટે, કોઈ દાઢો માટે, કોઈ નખ માટે, કોઈ નસો માટે, કોઈ હાડકાં માટે.

अट्ठिमिंजाए अट्ठाए अणट्ठाए ।

કોઈ હાડકાના અંદરના ભાગ માટે, કોઈ પ્રયોજનથી, કોઈ પ્રયોજન વિના જ હિંસા કરે છે.

अप्पेगे हिंसिसु मे त्ति वा,

એણે મારાં સ્વજનોને માર્યા હતા માટે હિંસા કરે છે.

अप्पेगे हिंसंति वा,
अप्पेगे हिंसिस्सति वा वा णे वधेंति ।

કોઈ 'આ મને મારશે' એ ભાવથી જીવોને મારે છે.

एत्थं एत्थं समारम्भमाणस्स इच्चेते आरम्भा अपरिण्णाया भवंति ।
एत्थ सत्थं असमारम्भमाणस्स इच्चेते आरम्भा परिण्णाया भवंति ।

ત્રસકાયની હિંસામાં પ્રવૃત્ત વ્યક્તિને હિંસાદિ ક્રિયાઓ કર્મબંધનું કારણ છે, તેનું જ્ઞાન નથી.

ત્રસકાયમાં શસ્ત્રોનો ઉપયોગ નહિ કરનારને હિંસાદિ ક્રિયાઓ કર્મબંધનનું કારણ છે, તેવું જ્ઞાન હોય છે.

तं परिण्णाय मेधावी णेव सयं तसकायसत्थं समारंभेज्जा णेवऽण्णेहिं तसकायसत्थं समारंभावेज्जा णेवऽण्णे तसकायसत्थं समारंभंते समणुजाणेज्जा ।
जस्सेते तसकायसत्थसमारम्भा परिण्णाया भवंति से हु मुणी परिण्णातकम्मे त्ति बेमि ।
—आ. सु. १, अ. १, उ. ६, सु. ५०-५५

એવું જાણી બુદ્ધિમાન પુરુષ સ્વયં ત્રસકાય-શસ્ત્રનો સમારંભ ન કરે. બીજા દ્વારા સમારંભ ન કરાવે, સમારંભ કરનારની અનુમોદના પણ ન કરે.

જેમણે ત્રસકાય સંબંધી સમારંભો (હિંસાના હેતુઓ-ઉપકરણો-કુપરિણામો)ને જાણી લીધા તે જ પરિજ્ઞાત-પાપ-કર્મા (હિંસા-ત્યાગી) મુનિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

४६३. अज्झत्थं सव्वओ सव्वं, दिस्स पाणे पियायए।
न हणे पाणिणो पाणे, भय-वेराओ उवरए॥
—उत्त. अ. ६, गा. ६

४६३. સર્વ પ્રકારનાં અધ્યાત્મ - સુખ મને પ્રિય છે, તેવી જ રીતે બીજાને પણ પ્રિય છે. સર્વ પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય હોય છે એવું જાણી સાધક, ભય તેમજ વેરના કારણે સર્વ દિશાઓથી થતા પ્રાણીઓના પ્રાણનો ઘાત ન કરે.

छण्हं जीवणिकायाणं हिंसा कम्मबंधहेउ त्ति—
तिकालिय अरहंताणं समा पण्णवणा—

૭ જીવનિકાયોની હિંસા કર્મબંધનો હેતુ છે, ત્રૈકાલિક અર્હન્તોએ સમાન પ્રરૂપણા કરી છે.—

४६४. तत्थं खलु भगवता छज्जीवणिकाया हेऊ पण्णत्ता, तं जहा— पुढविकायिया-जाव-तसकायिया।

से जहानामए मम अस्सायं दंडेण वा अट्ठीण वा मुट्ठीण वा लेलूण वा कवालेण वा आउडिज्जमाणस्स वा हम्ममाणस्स वा तज्जिज्जमाणस्स वा ताडिज्जमाणस्स वा परितावेज्जमाणस्स वा किलामिज्जमाणस्स वा उद्दविज्जमाणस्स वा-जाव-लोमुक्खणणमातमवि हिंसाकरं दुक्खं भयं पडिसंवेदेमि,

इच्चेवं जाण सव्वे पाणा-जाव-सत्ता दंडेण वा-जाव-कवालेण वा आउडिज्जमाणा वा हम्ममाणा वा तज्जिज्जमाणा वा ताडिज्जमाणा वा परियाविज्जमाणा वा किलामिज्जमाणा वा उद्दविज्जमाणा वा-जाव-लोमुक्खणणमातमवि हिंसाकरं दुक्खं भयं पडिसंवेदेंति।

एवं णच्चा सव्वे पाणा-जाव-सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्दवेयव्वा।
—सूय. सु. २, अ. १, सु. ६७९

४६४. સર્વજ્ઞ ભગવાન્ તીર્થંકર દેવે ૭ જીવનિકાયો ને કર્મબંધના હેતુરૂપ બતાવ્યા છે. જેમ કે—પૃથ્વીકાય યાવત્ ત્રસકાય સુધી ૬જીવનિકાય છે.

વિચારવું જોઈએ કે જો કોઈ મને દંડ વડે, હાડકા વડે, મુઠ્ઠી વડે, માટીના ઢેફા વડે, ચાબુક વગેરેથી મારે, તર્જના કરે, પથ્થર વડે, અથવા ફૂટેલા ઘડાના ઠીકરા વડે પીટે, સંતાપ આપે, કલેશ પહોંચાડે, ઉદ્વેગ આપે અથવા ડરાવે છે યાવત્ મારું એક રુંવાડું પણ બેંચે તો હું અશાન્તિ, દુઃખ તેમ જ ભય અનુભવું છું.

તે પ્રમાણે સર્વ જીવ, પ્રાણ, ભૂત યાવત્ સત્ત્વને દંડા વગેરેથી યાવત્ ઠીકરા વડે મારે કે પીટે, આંગળી બતાવી ધમકાવે કે વઢે, તર્જના કરે, પીટે, સંતાપ આપે, કલેશ પહોંચાડે, ઉદ્વેગ આપે, યાવત્ એક રુંવાડું પણ ઉખેડી લે તો તેઓ પણ મારી સમાન જ અશાંતિ તથા દુઃખ અનુભવે છે તથા તેમને પણ ભય ઉત્પન્ન થાય છે.

એવું જાણી કોઈ પણ પ્રાણી યાવત્ સત્ત્વને હણવાં નહિ, તેમને બળાત્કારથી આજ્ઞા આપવી નહિ, વળી તેઓને બળાત્કારથી પકડીને દાસ દાસી બનાવવા નહિ, ખરીદવા નહિ, પરિતાપ આપવો નહિ અને તેમને ઉદ્વિગ્ન બનાવવાં જોઈએ નહિ.

आयरियाणायरियवयणाणं सरूवं—

आर्य-अनार्य वचनोनुं स्वरूप—

४६५. आवंती केआवंती लोयंसी समणा य माहणा य पुढो विवादं वदंति।

"से दिट्ठं च णे, सुयं च णे, मयं च णे, विण्णायं च णे, उड्ढं अहं तिरियं दिसासु सव्वतो सुपडिलेहियं च णे—सव्वे पाणा सव्वे जीवा सव्वे भूता सव्वे सत्ता हंतव्वा अज्जावेतव्वा परिघेतव्वा, परितावेतव्वा, उद्दवेतव्वा। एत्थ वि जाणह णत्थेत्थ दोसो।"

अणारियवयणमेयं।

तत्थ जे ते आरिया ते एवं वयासी—

४६५. આ લોકમાં કોઈ શ્રમણ-બૌદ્ધ સાધુ અને બ્રાહ્મણો પૃથક પૃથક રીતે ધર્મ વિરુદ્ધ વિવાદનું પ્રતિપાદન કરીને કહે છે કે-

અમે શાસ્ત્રમાં જોયું છે. પૂર્વજોના મુખેથી સાંભળ્યું તથા માન્યું છે. વળી નિશ્ચય રૂપથી ઊંચીનીચી તથા તીરછી દિશામાં પરીક્ષા કરીને જાણ્યું છે કે, સર્વ જીવો, સર્વ ભૂતો અને સર્વ સત્ત્વોને મારવામાં, દબાવવામાં, પકડવામાં, પરિતાપ પહોંચાડવામાં, કે પ્રાણરહિત કરવામાં કોઈ દોષ નથી.

આવું કથન અનાર્ય પુરુષોનું છે.

આ જગતમાં જે પણ આર્ય—પાપકર્મોથી દૂર રહેનારાં છે, તેમણે એવું કહ્યું છે કે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"से दुद्दिट्ठं च मे, दुस्सुयं च मे, दुम्मयं च मे, दुव्विण्णायं च मे, उड्ढं अहं तिरियं दिसासु सव्वतो दुप्पडिलेहितं च मे, जं णं तुब्भे एवं आचक्खह, एवं भासह, एवं पण्णवेह, एवं परूवेह--सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता हंतव्वा, अज्जावेतव्वा, परिघेत्तव्वा, परितावेयव्वा, उद्दवेतव्वा । एत्थ वि जाणह णत्थेत्थ दोसो ।"

अणारियवयणमेयं ।

वयं पुण एवमाचिक्खामो, एवं भासामो, एवं पण्णवेमो, एवं परूवेमो—

"सव्वे पाणा सव्वे भूता सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेतव्वा, ण परिघेतव्वा ण परियावेयव्वा, ण उद्दवेतव्वा । एत्थ वि जाणह णत्थेत्थ दोसो ।"

आयरियवयणमेयं ।

पुव्वं णिकाय समयं पत्तेयं पुच्छिस्सामो—

हं भो पावादुया ! किं मे सायं दुक्खं उताहु असायं ? समिता पडिवण्णे या वि एवं वूया—

"सव्वेसिं पाणाणं सव्वेसिं भूताणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं असायं अपरिनिव्वाण महब्भयं दुक्खं ति," त्ति बेमि ।

—आ. सु. १, अ. ४, उ. २, सु. १३६-१३९

"તમારું દેખવું, સાંભળવું, માનવું, નિશ્ચયરૂપથી જાણવું તથા ઊંચી નીચી તથા તીરછી દિશાઓમાં સર્વથા દોષયુક્ત બની નિરિક્ષણ કરવું તે સર્વે મિથ્યા છે. વળી તમે કહો છો, પ્રરૂપણા કરો છો અને પ્રજ્ઞાપના કરો છો કે- 'સર્વ પ્રાણીઓ જીવો, ભૂતો અને સત્ત્વોને મારવા, દબાવવા, પકડવા, પરિતાપ પહોંચાડવા, પ્રાણરહિત કરવામાં કોઈ દોષ નથી."

એવું કથન તો અનાર્યોનું જ છે.

અમે એમ કહીએ છીએ, એમ બોલીએ છીએ, એમ પ્રજ્ઞાપન કરીએ છીએ, એવી પ્રરૂપણા કરીએ છીએ કે,

કોઈ પણ પ્રાણી, જીવ, ભૂત અને સત્ત્વને મારવા ન જોઇએ, દબાવવા ન જોઇએ, પકડવા ન જોઇએ, પરિતાપ પહોંચાડવો ન જોઇએ, પ્રાણરહિત કરવા ન જોઇએ. [આવી અહિંસા] એ દોષરહિત કાર્ય છે.

એવું આર્ય પુરુષોનું કથન છે.

પહેલાં પ્રત્યેક મતવાળાના સિદ્ધાંતને જાણી અમે પૂછીએ છીએ કે,

'હે વાદીઓ ! તમને દુઃખ પ્રિય છે કે અપ્રિય છે ? જો એમ કહો કે દુઃખ પ્રિય છે તો આ ઉત્તર પ્રત્યક્ષવિરુદ્ધ હશે. અને જો એમ કહો કે દુઃખ અપ્રિય છે તો આપ દ્વારા આ સમ્યક્ સિદ્ધાન્ત સ્વીકારાતો હોવાથી અમારે આપને એવું કહેવું પડશે કે,

જેમ આપને દુઃખ અપ્રિય નથી તેમજ સર્વ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વોને દુઃખ પ્રિય નથી. બધાજ જીવોને દુઃખ અસાતા-જનક, અશાન્તિ જનક, અને મહાભય ઉપજાવનાર છે.

—એમ હું કહું છું.

पाणाइवाएण बालजीवाणं पुणो पुणो जम्म-मरणं—

४६६. पुढवी य आऊ अगणी य वाउ,
तण-रुक्ख-बीया य तसा य पाणा ।
जे अंडया जे य जराउ पाणा,
संसेयया जे रसयाभिधाणा ॥

एताइं कायाइं पवेदियाइं
एतेसु जाण पडिलेह सायं ।
एतेहिं कायेहि य आयदंडे,
एतेसु या विप्परियासुवेति ॥

પ્રાણાતિપાતથી બાળજીવોનાં વારંવાર જન્મ-મૃત્યુ-

૪૬૬. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, તૃણ, વૃક્ષ, બીજ આદિ વનસ્પતિકાય અને ત્રસકાય- અંડજ (ઈંડાથી ઉત્પન્ન થયેલ પક્ષી વગેરે), જરાયુજ (મનુષ્ય, ગાય વગેરે), સ્વેદજ (પરસેવાથી ઉત્પન્ન થયેલ જૂ, માંકડ વગેરે) અને રસજ (દૂધ, દહીં, ઘી આદિ રસોથી ઉત્પન્ન થયેલ) આ બધા જીવ-સમૂહને તીર્થંકર ભગવાને જીવનિકાય કહેલ છે. આ બધા જીવો સુખના અભિલાષી છે અને દુઃખના દ્વેષી છે. એમ જાણવું જોઈએ અને સૂક્ષ્મ રીતે વિચાર કરવો જોઈએ.

જેઓ આ પ્રાણીઓનો નાશ કરે છે તેઓ પોતાના આત્માને દંડે છે અને વારંવાર એ જ યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जातीवहं अणुपरियट्टमाणे,
तस - थावरेहिं विणिघायमेति ।
से जाति-जाती बहुकूरकम्मे,
जे कुव्वती मिज्जती तेण बाले ॥

પૂર્વોક્ત ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરનાર જીવ વારંવાર એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીની યોનિઓમાં પરિભ્રમણ કરે છે અને ત્રસકાય તથા સ્થાવર કાયમાં ઉત્પન્ન થઈને વિનાશ પામે છે. વારંવાર જન્મ લઈને ક્રૂર કર્મો કરનાર તે અજ્ઞાની જીવ જે કર્મ કરે છે, તે કર્મથી જ મૃત્યુને મેળવે છે.

अस्सिं च लोगे अदुवा परत्था,
सतग्गसो वा तह अन्नहा वा ।
संसारमावन्न परं परं ते,
वेदंति वेयंति य दुण्णियाइं ॥
—सूय. सु. १, अ. ७, गा. १–४

કરેલાં કર્મો કોઈ આ લોકમાં ફળ આપે છે. તો કોઈ બીજા ભવમાં ફળ આપે છે. કોઈ એક જન્મમાં ફળ આપે છે, તો કોઈ સેંકડો જન્મો બાદ ફળ આપે છે. કોઈ કર્મ જે રીતે કર્યું હોય તે પ્રમાણે ફળ આપે છે. અને કોઈ કર્મ બીજા રીતે પણ ફળ આપે છે. સંસારમાં ભ્રમણ કરતાં કુશીલ જીવો તીવ્રમાં તીવ્ર દુઃખો ભોગવે છે. કોઈ જીવ પૂર્વકૃત કર્મનું ફળ ભોગવતાં આર્તધ્યાન કરીને ફરી નવા કર્મ બાંધે છે. આ રીતે નિરંતર પાપ કર્મનું ફળ ભોગવતા રહે છે.

४६७. आवंती के आवंती लोयंसि विप्परामुसति अट्ठाए अणट्ठाए वा एतेसु चेव विप्परामुसंति ।

गुरु से कामा ! ततो से मारस्स अंतो ।

जतो से मारस्स अंतो ततो से दूरे ।

णेव से अंतो णेव से दूरे ।

से पासति कुसितमिव कुसग्गे पणुण्णं णिवतितं वातेरितं ।
एवं बालस्स जीवितं मंदस्स अविजाणतो ।

४६७. આ સંસારમાં જે કોઈ પ્રાણી સપ્રયોજન અથવા નિષ્પ્રયોજન જીવોની હિંસા કરે છે તો તે જ જીવોની ગતિમાં ઉત્પન્ન થાય છે.

આવા અજ્ઞાની જીવને વિષયભોગો છોડવા બહુ કઠિન લાગે છે.

તેથી તેઓ જન્મ-મરણમાં ફસાઈ રહે છે તથા મોક્ષના સુખથી દૂર રહે છે. વળી તેઓ વિષય-સુખને ભોગવી શકતા નથી કે તેથી વિમુખ પણ થઈ શકતા નથી.

તત્વદર્શી જાણે છે કે તૃણના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુ, ઉપર બીજું બિંદુ પડવાથી અથવા વાયુથી કંપિત થતાં નીચે પડે છે.

તેવી રીતે અજ્ઞાની, અવિવેકી પરમાર્થને નહિ જાણનાર જીવોનું જીવન પણ અસ્થિર છે. છતાં...

कूराणी कम्माणि बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेति,
मोहेण गब्भं मरणाइ इति ।
एत्थ मोहे पुणो पुणो ।
—आ. सु. १, अ. ५, उ. १, सु. १४७-१४८

અજ્ઞાની જીવ ક્રૂર કર્મ કરતાં ઘણા દુઃખથી મૂઢ બની વિપરીતતાને પ્રાપ્ત થાય છે. મોહના કારણે તે વારંવાર જન્મ મરણને પ્રાપ્ત થાય છે.

આ રીતે મોહના કારણે તે ફરી ફરી સંસારમાં ભ્રમણ કરે છે.

अजयणा निसेहो—

४६८. अजयं चरमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

અયતનાનો નિષેધઃ-

४६८. અયતનાપૂર્વક ચાલનાર જીવ, ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. અને તેથી તે જે પાપકર્મનો બંધ કરે છે, તે કર્મનું કટુ પરિણામ તેને ભોગવવું પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अजयं चिट्ठमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं॥

अजयं आसमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

अजयं सयमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

अजयं भुंजमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

अजयं भासमाणो उ, पाण-भूयाइं हिंसई ।
बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥

प०—कहं चरे कहं चिट्ठे, कहमासे कहं सए ।
कहं भुंजतो भासंतो, पावं कम्मं न बंधई ॥

उ०—जयं चरे जयं चिट्ठे, जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधई ॥

सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइ पासओ ।
पिहियासवस्स दंतस्स, पावं कम्मं न बंधई ॥
—दस. अ. ४, गा. २४-३२

અયતનાપૂર્વક ઊભો રહેનાર જીવ, ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને તેથી તે જે પાપકર્મ બાંધે છે, તે કર્મનું કટુ પરિણામ તેને ભોગવવું પડે છે.

અયતનાપૂર્વક બેસનાર જીવ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને તે જે પાપકર્મ બાંધે છે, તે કર્મનું કટુ પરિણામ તેને પોતાને જ ભોગવવું પડે છે.

અયતનાપૂર્વક શયન કરનાર જીવ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને તેથી તે જે પાપકર્મ બાંધે છે, તે કર્મનું કટુ પરિણામ તેને પોતાને જ ભોગવવું પડે છે.

અયતનાપૂર્વક ભોજન કરનારા જીવ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને તેથી તે જે પાપકર્મ બાંધે છે, તે કર્મનું કટુ પરિણામ તેને પોતાને જ ભોગવવું પડે છે.

અયતનાપૂર્વક બોલનારજીવ ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે અને તેથી તે જે પાપકર્મ બાંધે છે, તે કર્મનું કટુ પરિણામ તેને પોતાને જ ભોગવવું પડે છે.

પ્ર. કેવી રીતે ચાલવું ? કેવી રીતે ઊભા રહેવું ? કેવી રીતે બેસવું ? કેવી રીતે શયન કરવું ? કેવી રીતે ભોજન કરવું ? કેવી રીતે બોલવું ? કે જેથી પાપકર્મ ન બંધાય ?

ધોવડાવીને, વારંવાર ધોવડાવીને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्नयरेणं आलेवणजाएणं,
आलिंपावेत्ता वा, विलिंपावेत्ता वा,
तेल्लेण वा-जाव-णवणीएण वा,
अब्भंगावेज्ज वा, मक्खावेज्ज वा,
अब्भंगावेंतं वा, मक्खावेंतं वा साइज्जइ ।
जे भिक्खू अण्णउत्थिएण वा, गारत्थिएण वा,
अप्पणो कायंसि—
गंडं वा-जाव भगंदलं वा,
अन्नयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदावेत्ता वा, विच्छिंदावेत्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरावेत्ता वा, विसोहावेत्ता वा,
सीओदग-वियडेण वा, उसिणोदग-वियडेण वा,
उच्छोलावेत्ता वा, पधोयावेत्ता वा,
अन्नयरेणं आलेवणंजाएणं,
आलिंपित्ता वा, विलिंपित्ता वा,
तेल्लेण वा-जाव-णवणीएण वा,
अब्भंगावेत्ता वा, मक्खावेत्ता वा,
अन्नयरेणं धूवणंजाएणं,
धूवावेज्ज वा, पधूवावेज्ज वा,
धूवावेंतं वा, पधूवावेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहार-
ट्ठाणं उग्घाइयं ।

नि. उ. १५, सु. ३१–३६

अन्य કોઈ એક પ્રકારનાં લેપથી,
લેપન કરાવીને, વારંવાર લેપન કરાવીને,
તેલ યાવત્ માખણથી,
મસળાવે, વારંવાર મસળાવે,
મસળાવનારનું, વારંવાર મસળાવનારનું અનુ-
મોદન કરે.

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થપાસે પોતાના
શરીરના.
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરાવીને, વારંવાર છેદન કરાવીને,
પરુ અથવા લોહી,
કઢાવીને, શોધન કરાવીને,
અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમ
પાણીથી,
ધોવડાવીને, વારંવાર ધોવડાવીને,
અન્ય કોઈ એક પ્રકારનાં લેપથી,
લેપન કરાવીને, વારંવાર લેપન કરાવીને,
તેલ યાવત્ માખણથી,
મસળાવીને, વારંવાર મસળાવીને,
અન્ય કોઈ એક પ્રકારનાં ધૂપથી,
ધૂપ અપાવે, વારંવાર ધૂપ અપાવે,
ધૂપ અપાવનારનું, વારંવાર ધૂપ અપાવનારનું
અનુમોદન કરે,
તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન
(પ્રાયશ્ચિત્ત) આવે છે.

किमिणीहरावणस्स पायच्छित्तसुत्तं—

५०१. जे भिक्खू अण्णउत्थिएण वा, गारत्थिएणं वा, पालुकिमियं वा, कुच्छिकिमियं वा, अंगुलिए निवेसाविय निवेसाविय नीहरावेइ, नीहरावेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परि-
हारट्ठाणं उग्घाइयं ।

—नि. उ. १५, सु. ३७

કૃમિ કઢાવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૦૧. જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે,
ગુદાનાં કૃમિઓને અને કુક્ષિનાં કૃમિઓને વારંવાર
આંગળીથી બહાર કઢાવે, કઢાવનારનું અનુમોદન કરે,

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન
(પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) અન્યતીર્થિક કે ગૃહસ્થની ચિકિત્સા કરવાનાં પ્રાયશ્ચિત્ત–

अण्णउत्थियस्स गारत्थियस्स वणपरिकम्म पायच्छित्तसुत्ताइं—

૫૦૨. जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि वणं—
आमज्जेज्ज वा, पमज्जेज्ज वा,
आमज्जंतं वा, पमज्जंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि वणं—
संबाहेज्ज वा, पलिमद्देज्ज वा,
संबाहेंतं वा पलिमद्देंतं वा, साइज्जइ ।
जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा कायंसि वणं—
तेल्लेण वा,-जाव-णवणीएण वा,
मक्खेज्ज वा, भिलिंगेज्ज वा,
मक्खेंतं वा, भिलिंगेंतं वा साइज्जइ ।
जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि वणं—
लोद्धेण वा-जाव-वण्णेण वा,
उल्लोलेज्ज वा, उव्वट्टेज्ज वा,
उल्लोलेंतं, वा, उव्वट्टेंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि वणं—
सीओदग-वियडेण वा, उसिणोदग-वियडेण वा,
उच्छोलेज्ज वा, पधोएज्ज वा,
उच्छोलेंतं वा पधोएंतं वा साइज्जइ ।

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि वणं—
फूमेज्ज वा, रएज्ज वा,
फूमेंतं वा, रएंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. ११, सु. २३-२८

અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં વ્રણની ચિકિત્સા કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :–

૫૦૨. જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરના વ્રણને,
માર્જન કરે, પ્રમાર્જન કરે,
માર્જન કરાવે, પ્રમાર્જન કરાવે,
માર્જન કરનારનું, પ્રમાર્જન કરનારનું અનુમોદન કરે;
જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થોનાં શરીરનાં વ્રણને,
મર્દન કરે, પ્રમર્દન કરે,
મર્દન કરાવે, પ્રમર્દન કરાવે,
મર્દન કરનારનું, પ્રમર્દન કરનારનું અનુમોદન કરે,
જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરના વ્રણ પર,
તેલ યાવત્ માખણથી,
મસળે, વારંવાર મસળે,
મસળાવે, વારંવાર મસળાવે,
મસળનારનું, વારંવાર મસળનારનું અનુમોદન કરે,
જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરના વ્રણ પર,
લોધ્ર યાવત્ વર્ણનું,
લેપન કરે, વારંવાર લેપન કરે,
લેપન કરાવે, વારંવાર લેપન કરાવે,
લેપન કરનારનું, વારંવાર લેપન કરનારનું અનુમોદન કરે;
જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થના શરીરના વ્રણને,
અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમ પાણીથી,
ધોવે, વારંવાર ધોવે,
ધોવડાવે, વારંવાર ધોવડાવે,
ધોનારનું, વારંવાર ધોનારનું અનુમોદન કરે,

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરનાં વ્રણને,
રંગે, વારંવાર રંગે,
રંગાવે, વારંવાર રંગાવે,
રંગનારનું, વારંવાર રંગનારનું અનુમોદન કરે,
તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णउत्थियस्स गारत्थियस्स गंडाइतिगिच्छाए पायच्छित्तसुत्ताइं—

५०३. जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदेज्ज वा, विच्छिंदेज्ज वा,
अच्छिंदेंतं वा, विच्छिंदेंतं वा साइज्जइ ।

अन्यतीर्थिक अथवा गृहस्थना गंडादिनी चिकित्सा करवानुं प्रायश्चित्त सूत्र :-

५०३. जे भिक्षु अन्यतीर्थिक अथवा गृहस्थना शरीरनां,
गंड यावत् भगंदरने,
अन्य कोई એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરે, વારંવાર છેદન કરે,
છેદન કરાવે, વારંવાર છેદન કરાવે,
છેદન કરનારનું, વારંવાર છેદન કરનારનું અનુમોદન કરે;

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदित्ता वा, विच्छिंदित्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरेज्ज वा, विसोहेज्ज वा,
नीहरेंतं वा, विसोहेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરનાં
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરી વારંવાર છેદન કરી,,
પરુ અથવા લોહી,
કાઢે, શોધન કરે,
કઢાવે, શોધન કરાવે,
કાઢનારનું, શોધન કરનારનું અનુમોદન કરે;

जे भिक्खू अण्णउत्थियस्स वा गारत्थियस्स वा कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदित्ता वा, विच्छिंदित्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरेत्ता वा, विसोहेत्ता वा,
सीओदग-वियडेण वा, उसिणोदग-वियडेण वा
उच्छोलेज्ज वा, पधोएज्ज वा,
उच्छोलेंतं वा पधोएंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરનાં,
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરે, વારંવાર છેદન કરે;
પરુ અથવા લોહીને,
કાઢીને, શોધન કરીને,
અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમ પાણીથી,
ધોવે, વારંવાર ધોવે,
ધોનારનું, વારંવાર ધોનારનું અનુમોદન કરે;

जे भिक्खू अण्णउत्थिस्स वा, गारत्थियस्स वा, कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदित्ता वा, विच्छिंदित्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरेत्ता वा, विसोहेत्ता वा,

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થના શરીરનાં,
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરીને, વારંવાર છેદન કરીને,
પરુ અથવા લોહીને,
કાઢીને, શોધન કરીને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सीओदग वियडेण वा, उसिणोदग-वियडेण वा,
उच्छोलेत्ता वा, पधोयावेत्ता वा,
अण्णयरेणं आलेवणजाएणं,
आलिंपेज्ज वा, विलिंपेज्ज वा,
आलिंपंतं वा, विलिंपंतं वा साइज्जइ ।

અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમપાણીથી,
ધોઈને, વારંવાર ધોઈને,
અન્ય કોઈ એક લેપનું,
લેપન કરે, વારંવાર લેપન કરે,
લેપન કરાવે, વારંવાર લેપન કરાવે,
લેપન કરનારનું, વારંવાર લેપન કરનારનું, અનુમોદન કરે;

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदित्ता वा, विच्छिंदित्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरेत्ता वा, विसोहेत्ता वा,
सीओदग-वियडेण वा उसिणोदग-वियडेण वा,
उच्छोलेत्ता वा, पधोएत्ता वा,
अण्णयरेणं आलेवणजाएणं,
आलिंपित्ता वा, विलिंपित्ता वा,
तेल्लेण वा-जाव-णवणीएण वा,
अब्भंगेज्ज वा, मक्खेज्ज वा,
अब्भंगेंतं वा, मक्खेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરનાં,
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરી, વારંવાર છેદન કરી,
પરુ અથવા લોહી,
કાઢીને, શોધન કરીને,
અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમ પાણીથી,
ધોઈને, વારંવાર ધોઈને,
અન્ય કોઈ એક લેપનું,
લેપન કરી, વારંવાર લેપન કરી,
તેલ યાવત્ માખણથી,
મસળે, વારંવાર મસળે,
મસળાવે, વારંવાર મસળાવે,
મસળનારનું, વારંવાર મસળનારનું અનુમોદન કરે;

जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, कायंसि—
गंडं वा-जाव-भगंदलं वा,
अण्णयरेणं तिक्खेणं सत्थजाएणं,
अच्छिंदित्ता वा, विच्छिंदित्ता वा,
पूयं वा, सोणियं वा,
नीहरेत्ता वा, विसोहेत्ता वा,
सीओदग-वियडेण वा, उसिणोदग-वियडेण वा,
उच्छोलेत्ता वा, पधोएत्ता वा,
अण्णयरेणं आलेवणजाएणं,
आलिंपित्ता वा, विलिंपित्ता वा,
तेल्लेण वा-जाव-णवणीएण वा,
अब्भंगेत्ता वा, मक्खेत्ता वा,
अण्णयरेणं धूवणजाएणं,
धूवेज्ज वा, पधूवेज्ज वा,
धूवेंतं वा, पधूवेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં શરીરનાં,
ગંડ યાવત્ ભગંદરને,
અન્ય કોઈ એક પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્ર દ્વારા,
છેદન કરી, વારંવાર છેદન કરી,
પરુ અથવા લોહી,
કાઢીને, શોધન કરીને,
અચિત્ત ઠંડા પાણીથી અથવા અચિત્ત ગરમ પાણીથી, ધોઇને, વારંવાર ધોઇને,

અન્ય કોઈ એક લેપનું,
લેપન કરી, વારંવાર લેપન કરી,
તેલ યાવત્ માખણથી,
મસળીને, વારંવાર મસળીને,
અન્ય કોઈ એક પ્રકારનાં ધૂપથી,
ધૂપ આપે, વારંવાર ધૂપ આપે,
ધૂપ અપાવે, વારંવાર ધૂપ અપાવે,
ધૂપ આપનારનું, વારંવાર ધૂપ આપનારનું, અનુમોદન કરે;

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. ११, सु. २९-३४

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णउत्थियस्स गारत्थियस्स किमिणिहरणस्स पायच्छित्तसुत्तं—

५०४. जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा, पालु-किमियं वा, कुच्छि-किमियं वा, अंगुलीए निवेसिय निवेसिय, नीहरइ, नीहरंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं । —नि. उ. ११, सु. ३५

અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં કૃમિ કાઢવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૦૪. જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થનાં, ગુદાનાં કૃમિઓને, અને કુક્ષિનાં કૃમિઓને, વાર વાર આંગળી નાંખી નાંખીને, કાઢે છે, કઢાવે છે અને કઢાવનારનું અનુમોદન કરે છે,

તેને ચાતુર્માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

આરંભજન્ય કાર્યો કરવાનાં પ્રાયશ્ચિત્ત-૬

दगणालियाकरण पायच्छित्त सुत्तं—

५०५. जे भिक्खू दगवीणियं—
सयमेव करेइ, करंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं । —नि. उ. २, सु. ११

सिक्कग-करण-पायच्छित्त सुत्तं—

५०६. जे भिक्खू सिक्कगं वा, सिक्कगणंतगं वा, सयमेव करेइ, करंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं । —नि. उ. २, सु. १२

पदमग्गाइकरण पायच्छित्त सुत्तं—

५०७. जे भिक्खू पयमग्गं वा, संकमं वा, आलंबणं वा, सयमेव करेइ, करंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं । —नि. उ. २. सु. १०

पयमग्गाइ णिम्माण करण पायच्छित्त सुत्तं—

५०८. जे भिक्खू पंयमग्गं वा, संकमं वा, अवलंबणं वा-
अण्णउत्थिएण वा, गारत्थिएण वा कारेइ कारेंतं वा साइज्जइ ।
जे भिक्खू दगवीणियं—
अण्णउत्थिएण वा गारत्थिएण वा कारेइ कारेंतं वा साइज्जइ ।
जे भिक्खू सिक्कगणंतगं वा—
अण्णउत्थिएण वा, गारत्थिएण वा कारेइ कारेंतं वा साइज्जइ ।
जे भिक्खू सोत्तियं वा, रज्जुयं वा, चिलिमिलिं वा—

પાણી વહેવાની નાળી નિર્માણ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર:-

૫૦૫. જે ભિક્ષુ પાણી વહેવાની નાળીનું નિર્માણ, સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે; તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

શીકુ નિર્માણકરણ પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૦૬. જે ભિક્ષુ શીકું તથા શીકાની દોરીઓનું નિર્માણ, સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે; તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

પદમાર્ગાદિ નિર્માણકરણ પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૦૭. જે ભિક્ષુ પગદંડી, પુલ અથવા આલંબન (ઝૂલતા પુલ)નું.
સ્વયં નિર્માણ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

પદમાર્ગાદિ નિર્માણ સંબંધી પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૦૮. જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે, પગડંડી, પુલ અથવા અવલંબનનું, નિર્માણ કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે પાણી કાઢવાની નાળીનું, નિર્માણ કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;

જે ભિક્ષુ અન્યતીર્થિક પાસે અથવા ગૃહસ્થ પાસે શીકુ, શીકાની દોરીઓનું, નિર્માણ કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે,

જે ભિક્ષુ અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે સૂતરની રસ્સી અથવા મચ્છરદાનીનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अण्णउत्थिएण वा, गारत्थिएण वा
कारेइ कारेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं
अणुग्घाइयं । —नि. उ. १, सु. ११-१४

निर्माण કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;

તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન(પ્રાયશ્ચિત્ત) આવે છે.

दंडाइ परिकम्मस्स पायच्छित्त सुत्तं—

दंडादि परिष्कार संबंधी प्रायश्चित्त :-

५०९. जे भिक्खू दंडगं वा, लट्ठियं वा, अवलेहणं वा, वेणुसूइयं वा, सयमेव परिघट्टेइ वा, संठवेइ वा, जमावेइ वा,
परिघट्टेंतं वा संठवेंतं वा जमावेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।
—नि. उ. २. सु. २६

५०९. જે ભિક્ષુ દંડો, લાઠી, અવલેહનિકા અથવા વાંસની સોયનું,
સ્વયં નિર્માણ કરે છે, આકાર સુધારે છે, વિષમને સમ કરે છે,
નિર્માણ કરાવે છે, આકાર સુધરાવે છે, વિષમને સમ કરાવે છે,
નિર્માણ કરનારનું, આકાર સુધારનારનું, વિષમને સમ કરનારનું અનુમોદન કરે છે;
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

दारुदंडकरणाईणं पायच्छित्त सुत्ताइं—

दारुदंड करवा आदिनुं प्रायश्चित्त सूत्र :-

५१०. जे भिक्खू सचित्ताइं—१. दारू दंडाणि वा, २. वेणु-दंडाणि वा, ३. वेत्त-दंडाणि वा—
करेइ करंतं वा साइज्जइ ।
जे भिक्खू सचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा
धरेइ, धरेंतं वा साइज्जइ ।
जे भिक्खू सचित्ताइं—दारू-दंडाणि वा-जाव वेत्त-दंडाणि वा
परिभुंजइ, परिभुंजंतं वा साइज्जइ ।
जे भिक्खू सचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा करेइ, करंतं वा साइज्जइ ।
जे भिक्खू सचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा धरेइ, धरेंतं वा साइज्जइ ।
जे भिक्खू चित्ताइं—दारूदंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा
परिभुंजइ, परिभुंजंतं वा साइज्जइ ।
जे भिक्खू विचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा करेइ, करंतं वा साइज्जइ ।
जे भिक्खू विचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा धरेइ, धरेंतं वा साइज्जइ ।
जे भिक्खू विचित्ताइं—दारू-दंडाणि वा-जाव-वेत्त-दंडाणि वा
परिभुंजइ, परिभुंजंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं । —नि. उ. ५, सु. २५-३३

५१०. જે ભિક્ષુ ૧ - સચિત્ત કાષ્ઠનો દંડો, ૨ - સચિત્ત વાંસનો દંડો અને ૩ - સચિત્ત નેતરનો દંડો, બનાવે છે, બનાવડાવે છે, બનાવનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ સચિત્ત કાષ્ઠનો દંડ યાવત્ સચિત્ત નેતરનો દંડ,
પકડીને રાખે છે, પકડીને રખાવે છે, પકડીને રાખનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ સચિત્ત કાષ્ઠનો દંડ યાવત્ સચિત્ત નેતરના દંડનો ઉપભોગ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાષ્ઠના દંડને યાવત્ નેતરના દંડને, રંગે છે, રંગાવે છે, રંગનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાષ્ઠના દંડને, યાવત્ નેતરના દંડને, રંગ કરી પકડી રાખે છે, પકડી રાખનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ રંગ થયેલા કાષ્ઠના દંડનો યાવત્ નેતરના દંડનો, ઉપભોગ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાષ્ઠના દંડને યાવત્ વાંસના દંડને, દ્વિરંગી કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાષ્ઠના દંડને યાવત્ નેતરનાં દંડને દ્વિરંગી કરીને પકડી રાખે છે, પકડી રખાવે છે, પકડી રાખનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ દ્વિરંગી કાષ્ઠનાં દંડનો યાવત્ દ્વિરંગી નેતરનાં દંડનો, ઉપભોગ કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુઈયાઈણં ઉત્તરકરણ પાયચ્છિત્ત સુત્તાઈં—

૫૧૧. જે ભિક્ખૂ સુઈણ ઉત્તરકરણં—
સયમેવ કરેઇ, કરંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ પિપ્પલગસ્સ ઉત્તરકરણં—
સયમેવ કરેઇ, કરંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ નહચ્છેયણગસ્સ ઉત્તરકરણં—
સયમેવ કરેઇ, કરંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ કણ્ણસોહણગસ્સ ઉત્તરકરણં—
સયમેવ કરેઇ, કરંતં વા સાઇજ્જઇ ।
તં સેવમાણે આવજ્જઇ માસિયં પરિહારટ્ઠાણં
ઉગ્ઘાઇયં ।

—નિ. ઉ. ૨, સુ. ૧૪-૧૭

સોય આદિનાં પરિષ્કારનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૧૧. જે ભિક્ષુ સોયનું ઉત્તરકરણ (પરિષ્કાર-નિર્માણ,)
સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાતરનું ઉત્તરકરણ,
સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ નખ-છેદનનું ઉત્તરકરણ,
સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કર્ણ-શોધનનું ઉત્તરકરણ,
સ્વયં કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત)
આવે છે.

સુઈઆઈણં અણ્ણઉત્થિયાઇણા ઉત્તરકરણસ્સ પાય-
ચ્છિત્ત સુત્તાઈં—

૫૧૨. જે ભિક્ખૂ સુઈણ ઉત્તરકરણં—
અણ્ણઉત્થિએણ વા, ગારત્થિએણ વા,
કારેતિ, કારેંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ પિપ્પલગસ્સ ઉત્તરકરણં—
અણ્ણઉત્થિએણ વા, ગારત્થિએણ વા
કારેતિ, કારેંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ નહચ્છેયણગસ્સ ઉત્તરકરણં—
અણ્ણઉત્થિએણ વા, ગારત્થિએણ વા
કારેતિ, કારેંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ કણ્ણસોહણગસ્સ ઉત્તરકરણં—
અણ્ણઉત્થિએણ વા, ગારત્થિએણ વા
કારેતિ કારેંતં વા સાઇજ્જઇ ।
તં સેવમાણે આવજ્જઇ માસિયં પરિહારટ્ઠાણં
અણુગ્ઘાઇયં ।

—નિ. ઉ. ૧, સુ. ૧૫-૧૮

અન્યતીર્થિકાદિ દ્વારા સોય આદિનાં ઉત્તરકરણનું
પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૧૨. જે ભિક્ષુ સોયનાં ઉત્તરકરણ (પરિષ્કાર-નિર્માણ),
અન્યતીર્થિક અથવા ગૃહસ્થો પાસે
કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ કાતરનાં ઉત્તરકરણ,
અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે
કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ નખ છેદનકના ઉત્તરકરણ,
અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે
કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે,
જે ભિક્ષુ કર્ણશોધનકના ઉત્તરકરણ,
અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે
કરાવે છે, કરાવનારનું અનુમોદન કરે છે;
તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત)
આવે છે.

સૂઈ આઈણં અણટ્ઠ જાયણા કરણસ્સ પાયચ્છિત્ત
સુત્તાઈં—

૫૧૩. જે ભિક્ખૂ અણટ્ઠાએ સૂઇ
જાએઇ જાયંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ અણટ્ઠાએ નહચ્છેયણગં—
જાએઇ જાયંતં વા સાઇજ્જઇ ।
જે ભિક્ખૂ અણટ્ઠાએ કણ્ણસોહણગં—
જાએઇ જાયંતં વા સાઇજ્જઇ ।
તં સેવમાણે આવજ્જઇ માસિયં પરિહારટ્ઠાણં
અણુગ્ઘાઇયં ।

નિ. ઉ. ૧, સુ. ૧૯-૨૨

પ્રયોજન વિના સોયાદિ યાચનાનું પ્રાયશ્ચિત્ત સૂત્રઃ-

૫૧૩. જે ભિક્ષુ પ્રયોજન વિના સોયની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ પ્રયોજન વિના કાતરની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ પ્રયોજન વિના નખ છેદનકની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ પ્રયોજન વિના કર્ણશોધનકની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત)
આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सूई आईणं अविहि जायणा करणस्स पायच्छित्त सुत्ताइं—

५१४. जे भिक्खू अविहीए सूइं—
जाएइ जायंतं वा साइज्जइ ।
जे भिक्खू अविहीए पिप्पलगं—
जाएइ जायंतं वा साइज्जइ ।
जे भिक्खू अविहीए नहच्छेयणगं—
जाएइ जायंतं वा साइज्जइ ।
जे भिक्खू अविहीए कण्णसोहणगं—
जाएइ जायंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. १, सु. २३-२६

અવિધિથી શોય આદિ યાચનાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૧૪. જે ભિક્ષુ અવિધિથી શોયની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ અવિધિથી કાતરની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ અવિધિથી નખછેદનકની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ અવિધિથી કર્ણશોધનકની યાચના,
કરે છે, કરાવે છે, કરનારનું અનુમોદન કરે છે;
તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सूई आईणं विपरीयपओगकरणस्स पायच्छित्त सुत्ताइं—

५१५. जे भिक्खू पाडिहारियं सूइं जाइत्ता—
वत्थं सिविस्सामि त्ति पायं सिव्वइ सिव्वंतं वा साइज्जइ ।
जे भिक्खू पाडिहारियं पिप्पलगं जाइत्ता—
वत्थं छिंदिस्सामि त्ति पायं छिंदइ, छिंदंतं वा साइज्जइ ।
जे भिक्खू पाडिहारियं नहच्छेयणगं जाइत्ता—
नहं छिंदिस्सामि त्ति सल्लुद्धकरणं करेइ, करंतं वा साइज्जइ ।
जे भिक्खू पाडिहारियं कण्णसोहणगं जाइत्ता—
कण्णमलं निहरिस्सामि त्ति दंतमलं वा, नहमलं वा नीहरइ नीहरंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. १. सु. २७-३०,

શોય આદિનાં વિપરીત પ્રયોગોનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૧૫. જે ભિક્ષુ પાડિહારિય-પ્રત્યર્પણીય શોયની યાચના કરી,
'વસ્ત્ર સીવીશ.' એવું કહ્યા બાદ પાત્ર
સીવે છે, સીવડાવે છે, સીવનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ પાડિહારિય કાતરની યાચના કરી,
'વસ્ત્ર કાપીશ' એવું કહ્યા બાદ પાત્ર
કાપે છે, કપાવે છે, કાપનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ પાડિહારિય નખછેદનકની યાચના કરી,
'નખ કાપીશ' એવું કહ્યા બાદ કાંટો,
કાઢે છે, કઢાવે છે, કાઢનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ પાડિહારિય કર્ણશોધનકની યાચના કરી,
'કાનનો મેલ કાઢીશ' એવું કહ્યા બાદ દાંતોનો
અથવા નખોનો મેલ કાઢે છે;
તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सूई आईणं अण्णमण्णदाणस्स पायच्छित्त सुत्ताइं—

५१६. जे भिक्खू अप्पणो एगस्स अट्ठाए सूइं जाइत्ता-
अण्णमण्णस्स अणुप्पदेइ अणुप्पदेंतं वा साइज्जइ ।
जे भिक्खू अप्पणो एगस्स अट्ठाए पिप्पलगं जाइत्ता—

अण्णमण्णस्स अणुप्पदेइ अणुप्पदेंतं वा साइज्जइ ।

શોય આદિ એકબીજાને પ્રદાન કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :-

૫૧૬. જે ભિક્ષુ માત્ર પોતાના માટે 'શોય'ની યાચના,
કરે છે. (અને તે યાચના કરેલી શોય) બીજા બીજાને
આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે;
જે ભિક્ષુ માત્ર પોતાના માટે 'કાતર'ની યાચના
કરે છે (અને તે યાચના કરેલી કાતર) બીજા બીજાને
આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે;

જે ભિક્ષુ માત્ર પોતાના માટે 'નખછેદનક'ની યાચના
કરે છે(અને તે યાચના કરેલ નખછેદનક)બીજા બીજાને,
આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खु अप्पणो एगस्स अट्ठाए कण्णसोहणगं जाइत्ता—

अण्णमण्णस्स अणुप्पदेइ, अणुप्पदंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. १. सु, ३१–३४,

જે ભિક્ષુ માત્ર પોતાના માટે 'કર્ણશોધનક'ની યાચના કરે છે (અને તે યાચના કરેલ કર્ણશોધનક) બીજા બીજાને,

આપે છે, અપાવે છે, આપનારનું અનુમોદન કરે છે;

તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન(પ્રાયશ્ચિત્ત)

अण्णउत्थिएण गारत्थिएण गिहधूम-परिसाडण पायच्छित्तसुत्तं—

अन्यतीर्थिक अने गृहस्थ पासे गृहधूम साफ कराववानुं प्रायश्चित्त सूत्र :-

५१७. जे भिक्खू गिह–धूमे—
अण्णउत्थिएण वा गारत्थिएण वा,
परिसाडावेइ परिसाडावंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि, उ. १, सु. ५७

५१७. જે ભિક્ષુ ગૃહધૂમને
અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે, સાફ કરાવે છે,
સાફ કરાવનારનું અનુમોદન કરે છે;
તેને માસિક અનુદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रथम महाव्रतनुं परिशिष्ट

५१८. [पुरिम-पच्छिमगाणं तित्थगराणं पंचजामस्स पणवीसं भावणाओ पण्णत्ताओ तं जहा[1]—

पढम महव्वयस्स पंच भावणाओ—

१. ईरियासमिई २. मणगुत्ती
३. वयगुत्ती ४. आलोइयपाणभोयणं
५. आदाण-भंड-मत्तणिक्खेवणासमिई ।

—सम. २५. सु. १

तस्स इमा पंच भावणाओ पढमस्स वयस्स होंति—पाणाइवायवेरमण-परिरक्खणट्ठयाए ।

पढमा भावणा—

पढमं ठाण-गमण-गुण-जोग-जुंजणजुगंतर-णिवाइयाए दिट्ठिए ईरियव्वं,

कीड-पयंग-तस-थावर-दयावरेण णिच्चं पुप्फ-फल-तय-पवाल-कंद-मूल-दग-मट्टिय-बीय-हरिय-परिवज्जिएण सम्मं ।

एवं खलु सव्वपाणा ण हीलियव्वा, ण णिंदियव्वा, ण गरहियव्वा, ण हिंसियव्वा, ण छिंदियव्वा, ण भिंदियव्वा, ण वहेयव्वा, ण भयं दुक्खं च किंचि लब्भा पावेउं,

एवं इरियासमिइ जोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठणिव्वणचरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।

बिइया भावणा—

बिइयं च मणेण पावएणं पावगं अहम्मियं दारुणं णिस्संसं वह-बंध-परिकिलेस-बहुलं भय-मरण-परिकिलेस-संकिलिट्ठं, ण कयावि मणेण पावएणं पावगं किंचि वि झायव्वं ।

एवं मणसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठणिव्वणचरित्तभावणाए संजए सुसाहू ।

५१८. [પહેલા અને છેલ્લા તીર્થંકરે પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ કહી છે. જેમ કે-

પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ-

૧ ઇર્યા સમિતિ, ૨. મન ગુપ્તિ, ૩. વચન ગુપ્તિ ૪. આલોકિત-પાન-ભોજન ૫. આદાનભાંડ-માત્ર નિક્ષેપણા સમિતિ.

પાંચ મહાવ્રતોમાંથી પ્રથમ મહાવ્રતની આ પાંચ ભાવનાઓ પ્રાણાતિપાત વિરમણ અર્થાત્ અહિંસા મહાવ્રતની રક્ષા માટે છે.

પ્રથમ ભાવના :-

ઉઠતાં, ઉભા રહેતાં કે ચાલતા સ્વ-પરની પીડારહિત ગુણ-યોગને જોડનારી તથા યુગ પ્રમાણ ભૂમિનું અવલોકન કરી (અર્થાત્ લગભગ ચાર હાથ આગળની ભૂમિ પર દૃષ્ટિ રાખી) હંમેશા કીડા, પતંગ, ત્રસ, સ્થાવર જીવોની દયામાં તત્પર થઈ ફળ, ફૂલ, છાલ, પ્રવાલ-પાંદડાં-કુંપળ, કંદ-મૂળ, પાણી, માટી, બીજ તથા લીલું ઘાસ ઇત્યાદિને બચાવતાં સમ્યક્ પ્રકારે યતનાથી ચાલવું જોઇએ.

આ પ્રમાણે ચાલનાર સાધુએ ખરેખર જ કોઈ પણ પ્રાણીની હીલના-ઉપેક્ષા, નિંદા, હિંસા, છેદન, ભેદન કે પીડન ન કરવાં જોઇએ. ઉપર બતાવેલા જીવોને લેશ માત્ર પણ ભય કે દુઃખ ન પહોંચાડવું જોઇએ.

આ પ્રમાણે (આચરણથી) સાધુ ઇર્યાસમિતિમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિથી સંલગ્ન બને છે. તથા શબલતાથી (મલિનતાથી) રહિત, સંક્લેશથી રહિત, અક્ષત (નિરતિચાર) ચારિત્રની ભાવનાથી યુક્ત, સંયમશીલ તથા અહિંસક સુસાધુ મોક્ષનો સાધક કહેવાય છે.

બીજી ભાવના :-

બીજી ભાવના મનઃસમિતિ છે, પાપમય, આધાકર્મી, ધર્મવિરોધી, દારુણ-ભયાનક, નૃશંસ-નિર્દયતાપૂર્ણ, વધ, બંધન અને ઘણા પરિક્લેશવાળા, ભય, મૃત્યુ અને ક્લેશથી સંક્લિષ્ટ-મલિન એવા પાપયુક્ત મનથી, લેશમાત્ર પણ વિચાર કરવો નહિ.

આ પ્રમાણે (આચરણથી) મનઃસમિતિની પ્રવૃત્તિથી અંતરાત્મા ભાવિત-વાસિત થાય છે. તથા નિર્મળ, સંક્લેશ રહિત, અખંડ (નિરતિચાર) ચારિત્રની ભાવનાથી યુક્ત સંયમશીલ તેમ જ અહિંસક સુસાધુ કહેવાય છે.

---

१. આ પાઠ સમવાયાંગનો છે—માટે એની સાથે પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ કહી છે. અહીં પ્રત્યેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ યથાસ્થાન આપવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तइया भावणा—

तइयं च वईए पावियाए पावगं ण किंचि वि भासियव्वं ।

एवं वइ-समितिजोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठणिव्वण-चरित्त-भावणाए अहिंसए संजए सुसाहू ।

चउत्था भावणा—

चउत्थं आहारएसणाए सुद्धं उंछं गवेसियव्वं,

अण्णाए अकहिए अगढिए अदुट्ठे अदीणे अकलुणे अविसाई अपरितंतजोगी जयण-घडण-करण-चरिय-विणय-गुण-जोग-संपओगजुत्ते भिक्खू भिक्खेसणाए जुत्ते समुदाणेउण...

भिक्खायरियं उंछं घेत्तूण आगओ गुरुजणस्स पासं गमणागमणाइयारे पडिक्कमणपडिक्कंते आलोयणदायणं य दाउण गुरुजणस्स गुरुसंदिट्ठस्स वा जहोवएसं णिरइयारं च अप्पमत्तो पुणरवि अणेसणाए पयओ पडिक्कमित्ता ....

पसंते आसीणसुहणिसण्णे मुहुत्तमित्तं च झाणसुहजोगणाणसज्झायगोवियमणे धम्ममणे अविमणे सुहमणे अविग्गहमणे समाहियमणे सद्धासंवेगणिज्जरमणे पवयणवच्छलभावियमणे उट्ठिऊण य पहट्ठतुट्ठे जहारायणियं णिमंतइत्ता य साहवे भावओ य विइण्णे य गुरुजणेणं उपविट्ठे ....

ત્રીજી ભાવના :-

ત્રીજી ભાવના વચન સમિતિ છે, પાપયુક્ત વાણીથી જરા પણ સાવદ્ય વચનોનો ઉપયોગ કરે નહિ.

આ પ્રમાણે વાક્ સમિતિનાં (ભાષા સમિતિ) યોગથી યુક્ત અંતરાત્માવાળા, નિર્મળ, સંક્લેશ રહિત અને અખંડ ચારિત્રની ભાવનાવાળા અહિંસક સુસાધુ-મોક્ષના સાધક કહેવાય છે.

ચોથી ભાવના :-

ચોથી ભાવના નિર્દોષ આહાર લેવો તે છે. આહારની એષણાથી શુદ્ધ એષણા સંબંધી સર્વ દોષો રહિત, મધુકરી વૃત્તિથી-અનેક ઘરોથી ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ.

ભિક્ષાની ગવેષણા કરતાં સાધુએ અજ્ઞાત રહેવું જોઈએ, અગૃદ્ધ-આસક્તિ રહિત, અદુષ્ટ-દ્વેષથી રહિત, અર્થાત્ ભિક્ષા ન દેનાર, અપર્યાપ્ત ભિક્ષા દેનાર અથવા નિરસ ભિક્ષા દેનાર દાતા પર દ્વેષ ન કરે; કરુણ-દયનીય દયાપાત્ર ન બને. અલાભની સ્થિતિમાં વિષાદ ન કરે; મન, વચન-કાયાની સંયમ પ્રવૃત્તિમાં નિરંતર અનુરક્ત રહે; પ્રાપ્ત સંયમયોગોની રક્ષા માટે યત્નશીલ તથા અપ્રાપ્ત સંયમયોગોની પ્રાપ્તિ માટે પ્રયત્નવાન, વિનયનું આચરણ કરનાર તથા ક્ષમા આદિ ગુણોની પ્રવૃત્તિથી યુક્ત એવા ભિક્ષાચર્યામાં તત્પર ભિક્ષુક અનેક ઘરોમાં ભ્રમણ કરી થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરે.

ભિક્ષા ગ્રહણ કરી પોતાના સ્થાન પર ગુરુજનની સમક્ષ, જતાં-આવતાં લાગેલા અતિચાર-દોષોનું પ્રતિક્રમણ કરે, લીધેલા આહાર-પાણીની આલોચના કરે, આહાર-પાણી ગુરુને બતાવે, ત્યારબાદ ગુરુજન દ્વારા નિર્દિષ્ટ કોઈ અગ્રગણ્ય સાધુના આદેશ અનુસાર સર્વ અતિચારો-દોષોની નિવૃત્તિ માટે ફરી પ્રતિક્રમણ (કાયોત્સર્ગ) કરે.

ત્યારબાદ શાંત ભાવથી સુખપૂર્વક સ્થિર થઈ, મુહૂર્ત સુધી ધર્મધ્યાન, ગુરુની સેવા ઇત્યાદિ શુભ યોગ, તત્ત્વચિંતન અથવા સ્વાધ્યાય દ્વારા પોતાના મનનું જોપન કરી, ચિત્ત સ્થિર કરી, શ્રુત-ચારિત્રરૂપ ધર્મમાં સંલગ્ન મનવાળો, ચિત્ત-શૂન્યતાથી રહિત, સંક્લેશથી રહિત, કલહ અથવા દુરાગ્રહથી રહિત મનવાળો, સમાધિયુક્ત મનવાળો, પોતાના ચિત્તને ઉપશમમાં સ્થાપિત કરવાવાળો, શ્રદ્ધા, સંવેગ-મોક્ષની અભિલાષા અને કર્મનિર્જરામાં ચિત્તને સંલગ્ન કરનારો, પ્રવચનમાં વત્સલતામય મનવાળો સાધુ પોતાના આસનેથી ઊઠે અને સંતુષ્ટ થઈ, રત્નાધિક (દીક્ષામાં નાના-મોટા) ક્રમાનુસાર અન્ય સાધુઓને આહાર માટે નિમંત્રિત કરે; લાવેલા આહારનું ગુરુજનો દ્વારા વિતરણ કરી આહાર મળતાં, યોગ્ય આસન પર બેસે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संपमज्जिऊण ससीसं कायं तहा करयलं, अमुच्छिए अगिद्धे अगढिए अगरहिए अणज्झोववण्णे अणाइले अलुद्धे अणत्तट्ठिए असुरसुरं अचवचवं अदुयमविलंबियं अपरिसाडियं आलोयभायणे जयं पयत्तेण ववगय-संजोग-मणिंगालं च विगयधूमं अक्खोवंजणाणुलेवण-भूयं संजमजायामायाणिमित्तं संजमभारवह-णट्ठयाए भुंजेज्जा, पाणधारणट्ठयाए संजएणं समियं ।

પછી મસ્તક સહિત શરીરને તથા હથેળીને યથાયોગ્ય પ્રમાર્જિત કરીને, પૂંજીને, આહારમાં અનાસક્ત થઈ, સ્વાદિષ્ટ ભોજનની લાલસાથી રહિત તથા રસોમાં અનુરાગ રહિત બની, દેનારની અથવા ભોજનની નિંદા કર્યા વિના, સરસ વસ્તુઓમાં આસક્ત બન્યા વિના, અકલુષિત ભાવપૂર્વક, લોલુપતાથી રહિત થઈ, પરમાર્થ બુદ્ધિનો ધારક સાધુ (આહાર કરતી વેળાએ) 'સુર-સુર' ધ્વનિ કરે નહિ, 'ચપડ, ચપડ' અવાજ કરે નહિ, વધારે ઝડપથી ખાય નહિ, વધારે ધીમેથી ખાય નહિ. આહારને ભૂમિ પર ન ઢોળતો, વિશાળ પ્રકાશયુક્ત પાત્રમાં (ભોજન કરે)

यतनापूर्वक, आदर पूर्वक એમ જ સંયોજનાદિ સંબંધી દોષોથી રહિત, અંગાર તથા ધૂમદોષરહિત, ગાડીની ધૂરીમાં તેલ સિંચન કરવા સમાન અથવા ઘા ઉપર મલમ લગાડવા સમાન માત્ર સંયમયાત્રાના નિર્વાહ માટે, સંયમનો ભાર વહન કરવા માટે, પ્રાણ ધારણ કરવા માટે, સાધુએ સમ્યક્ પ્રકારે યતના સહિત આહાર કરવો જોઈએ.

एवं आहारसमितिजोगेणं भाविओ भवति अन्तरप्पा असबलमसंकिलिट्ठ-निव्वण-चारित्त-भावणाए अहिंसए संजए सुसाहू ।

આ પ્રમાણે આહાર સમિતિમાં (એષણા સમિતિમાં) યોગ્ય પ્રવૃત્તિનાં યોગથી અંતરાત્માને ભાવિત કરનારો સાધુ, નિર્મળ સંક્લેશ રહિત તથા ચારિત્રની ભાવનાવાળો અહિંસક સુસાધુ મોક્ષનો સાધક કહેવાય છે.

पंचमी भावणा—

पंचमं आयाणणिक्खेवणसमिती—पीढ-फलग-सिज्जा संथारग-वत्थ-पत्त-कंबल-दंडग-रयहरण-चोल-पट्टग-मुहपोत्तिय-पायपुंछणाई एयं पि संज-मस्स उववूहणट्ठयाए वायातव-दंसमसग-सीय-परिरक्खणट्ठयाए उवगरणं रागदोसरहियं परिहरियव्वं संजमेणं णिच्चं पडिलेहण पप्फो-डण-पमज्जणयाए अहो य राओ य अप्पमत्तेण होइ सययं णिक्खियव्वं च गिण्हियव्वं च भायणभंडोवहिउवगरणं ।

પાંચમી ભાવના :-

પાંચમી ભાવના આદાન-નિક્ષેપણ સમિતિ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે: સંયમના ઉપકરણ, પાટ, બાજોઠ, પાથરણું, આસન, ચોકી, ઘાસનું બિછાનું, વસ્ત્ર, પાત્ર, કંબલ, લાકડી, રજોહરણ, ચોલપટ્ટક, મુખ વસ્ત્રિકા, પાદપ્રોંછન (પગ લૂંછવાનો વસ્ત્ર ખંડ,) ઇત્યાદી ઉપકરણો સંયમની રક્ષા માટેનાં છે. તેથી તેમને હવા, તડકો, ડાંસ, મચ્છર અને ઠંડી ઇત્યાદિથી શરીર સુરક્ષા માટે રાગ-દ્વેષ રહિત થઈને, ધારણ-ગ્રહણ કરવાં જોઈએ. સાધુ હંમેશા એ ઉપકરણોનું પ્રતિલેખન, પ્રસ્ફોટના-ઝાટકવામાં અને પ્રમાર્જન કરવામાં દિવસે અને રાત્રે હંમેશા અપ્રમત્ત રહે. તેમજ વસ્ત્ર, પાત્ર, કે અન્ય ઉપધિને યતનાપૂર્વક રાખે અને ઉપાડે.

एवं आयाणभंडणिक्खेवणासमिइजोगेण भाविओ भवइ अन्तरप्पा असबलमसंकिलिट्ठ-णिव्वणचरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।

આ પ્રમાણે આદાન-નિક્ષેપણ સમિતિના યોગથી ભાવિત બનેલ અંતરાત્મા વાળો સાધુ નિર્મળ, અશબલ, અસંક્લિષ્ટ તથા અખંડ (નિરતિચાર) ચારિત્રની ભાવનાથી યુક્ત અહિંસક, સંયમશીલ સુસાધુ બને છે. અથવા એવો જ સંયમશીલ સુસાધુ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उवसंहारो—

५१९. एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं ।
इमेहिं पंचहिं पि कारणेहिं मण-वयण-काय परिरक्खिएहिं णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिणमणुण्णाओ ।
एवं पढमं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं आराहियं आणाए अणुपालियं भवइ ।
एवं णायमुणिणा भावया पण्णवियं पसिद्धं सिद्धं सिद्धवर-सासणमिणं आघवियं सुदेसियं पसत्थं ।

—पण्ह. सु. २, अ. १, सु. १२-१४

सत्त-सत्तविहे आरम्भे, सारम्भे, समारम्भे—

५२०. सत्तविहे आरम्भे पण्णत्ते, तं जहा—
१. पुढवीकाइय आरम्भे,
२. आउकाइय आरम्भे,
३. तेउकाइय आरम्भे,
४. वाउकाइय आरम्भे,
५, वणस्सइकाइय आरम्भे,
६. तसकाइय आरम्भे,
७. अजीवकाइय आरम्भे ।
सत्तविहे सारम्भे पण्णत्ते, तं जहा-पुढविकाइयसारम्भे-जाव-अजीवकाइयसारम्भे ।
सत्तविहे समारम्भे पण्णत्ते, तं जहा—पुढविकाइयसमारम्भे-जाव-अजीवकाइयसमारम्भे ।
ठाणं. अ. ७, सु. ५७१ (३, ५-६)

सत्त, सत्तविहे अणारम्भे, असारंभे, असमारंभे य-

५२१. सत्त सत्तविहे अणारंभे पण्णत्ते, तं जहा—
१. पुढविकाइयअणारंभे,
२. आउकाइयअणारम्भे,
३. तेउकाइयअणारम्भे,
४ वाउकाइयअणारम्भे,
५. वणस्सइकाइयअणारम्भे,
६. तसकाइयअणारम्भे,
७. अजीवकाइयअणारम्भे,
सत्तविहे असारंभे पण्णत्ते, तं जहा—पुढविकाइयअसारंभे-जाव-अजीवकाइयअसारंभे ।
सत्तविहे असमारंभे पज्णत्ते, तं जहा—पुढविकाइयअसमारंभे-जाव-अजीवकाइय असमारंभे ।
ठाण. अ. ७, सु. ५७१.

ઉપસંહાર :-

૫૨૯. આ પ્રમાણે મન, વચન અને કાયાથી સુરક્ષિત આ પાંચ ભાવનાઓના ઉપાયોથી આ અહિંસારૂપ સંવર દ્વારનું સ્વસ્થચિત્તો બુદ્ધિમાન પુરુષોએ હંમેશા જીવનપર્યન્ત સમ્યક્ પ્રકારે પાલન કરવું જોઈએ. તે અનાશ્રવ છે અર્થાત્ નવા કર્મોના આશ્રવને રોકનારું છે, દીનતારહિત, કલુષ-મલીનતા રહિત અને અચ્છિદ્રરૂપ છે. અપરિશ્રાવી—કર્મરૂપી પાણીનાં આવાગમનનો અવરોધ કરનારું છે, માનસિક સંક્લેશથી રહિત શુદ્ધ છે, તથા સર્વ તીર્થંકરો દ્વારા અનુજ્ઞાત છે.

ઉપર પ્રમાણે પ્રથમ સંવર દ્વાર પુષ્ટ થાય છે, પાલિત થાય છે, શોધિત થાય છે, અતિચારોથી રહિત બનેછે, તીર્ણ- પૂર્ણરૂપથી જીવનમાં પાલિત થાય છે, કીર્તિત, આરાધિત અને આજ્ઞા અનુસાર ઉપદિષ્ટ કરાયેલ બને છે, ત્રણ કરણ, ત્રણ યોગોથી સારી રીતે તેનું આચરણ થાય છે, જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા અનુસાર પાલન થાય છે. જ્ઞાત મુનિ ભગવાન મહાવીરે એ [સંવર દ્વાર] પ્રજ્ઞાપિત કર્યું છે તેમજ પ્રરૂપિત કર્યું છે. સિદ્ધવર શાસન દ્વારા પ્રસિદ્ધ છે, સિદ્ધ છે, શ્રેષ્ઠ છે, સમ્યક્ પ્રકારે ઉપદેશથી ભરેલ મંગલમય છે.

આરંભ-સારંભ-સમારંભનાં સાત પ્રકાર :-

૫૨૦. આરંભ સાત પ્રકારનાં કહ્યા છે. જેમ કે-
૧. પૃથ્વીકાયિક -આરંભ
૨. અપ્કાયિક - આરંભ.
૩. તેજસ્કાયિક - આરંભ,
૪. વાયુકાયિક - આરંભ,
૫. વનસ્પતિકાયિક - આરંભ,
૬. ત્રસકાયિક - આરંભ,
૭. અજીવકાય - આરંભ.
સારંભ સાત પ્રકારનાં કહ્યા છે. જેમ...
પૃથ્વીકાય - સારંભ યાવત્ અજીવકાય-સારંભ.
સમારંભ સાત પ્રકારનાં કહ્યાં છે. જેમ...
પૃથ્વીકાય - સમારંભ યાવત્ અજીવકાય-સમારંભ.

અનારંભ, અસારંભ અને અસમારંભનાં સાત પ્રકાર :-

૫૨૧. અનારંભ સાત પ્રકારનાં કહ્યાં છે. જેમ...
(૧) પૃથ્વીકાયિક - અનારંભ,
(૨) અપ્કાયિક - અનારંભ,
(૩) તેજસ્કાયિક - અનારંભ
(૪) વાયુકાયિક - અનારંભ,
(૫) વનસ્પતિકાયિક - અનારંભ,
(૬) ત્રસકાયિક - અનારંભ,
(૭) અજીવકાયિક - અનારંભ,

અસારંભ સાત પ્રકારનાં કહ્યાં છે, જેમ કે પૃથ્વીકાયિક અસારંભ યાવત્ અજીવકાયિક-અસારંભ.

અસમારંભ સાત પ્રકારનાં કહ્યાં છે, જેમ કે પૃથ્વીકાયિક અસમારંભ યાવત્ અજીવકાયિક અસમારંભ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અટ્ઠસુહુમજીવાણ હિંસા ણિસેહો—

૫૨૨. અટ્ઠ સુહુમાઇં પેહાએ, જાઇં જાણિત્તુ સંજએ ।
દયાહિગારી ભૂએસુ, આસ ચિટ્ઠ સએહિ વા ॥

આઠ સૂક્ષ્મ જીવોની હિંસાનો નિષેધ :-

૫૨૨. પ્રત્યેક જીવ પ્રત્યે દયા ધરાવનાર સંયમી ભિક્ષુ આગળ કહેવાતા આઠ પ્રકારના સૂક્ષ્મ જીવોને વિવેકપૂર્વક સમજી તથા તેમને જોઈને પછી જ બેસે, ઊભો રહે, અથવા સૂએ, જેથી તેમની હિંસાથી બચી શકે.

૫૦-કયરાઇં અટ્ઠ સુહુમાઇં, જાઇં પુચ્છેજ્જ સંજએ ।
ઇમાઇં તાઇં મેહાવી, આઇક્ખેજ્જ વિયક્ખણો ॥

પ્ર. તે આઠ પ્રકારના સૂક્ષ્મ જીવો કયા છે? એમ જ્યારે સંયમી સાધુઓ પ્રશ્ન કરે ત્યારે વિચક્ષણ અને મેધાવી ગુરુ આ પ્રમાણે ઉત્તર આપે.

ઉ૦—૧ સિણેહં ૨ પુપ્ફસુહુમં ચ, ૩-૪ પાણુત્તિંગં
તહેવ ય । ૫ પણગં ૬ બીયં ૭ હરિયં ચ,
૮ અંડસુહુમં ચ અટ્ઠમં ॥[1]

ઉ. ૧ - સ્નેહસૂક્ષ્મ, ૨ - પુષ્પસૂક્ષ્મ, ૩ - પ્રાણી-સૂક્ષ્મ, ૪ - કીડીયારાસૂક્ષ્મ, ૫ - પનકસૂક્ષ્મ, ૬ - બીજસૂક્ષ્મ, ૭ - હરિતસૂક્ષ્મ અને ૮ - અંડસૂક્ષ્મ.

એવમેયાણિ જાણિત્તા, સવ્વભાવેણ સંજએ ।
અપ્પમત્તો જએ નિચ્ચં, સવ્વિંદિયસમાહિએ ॥
દસ. અ. ૮, ગા. ૧૩-૧૬

બધી ઇન્દ્રિયોને નિયંત્રણમાં રાખનાર સંયમી સંત ઉપરનાં આઠેય સૂક્ષ્મ પ્રાણીઓને જાણીને તે ન હણાઈ જાય તેમ સર્વ પ્રકારે અપ્રમત્ત ભાવથી ઉપયોગપૂર્વક વર્તે.

પઢમં પાણસુહુમં—

પ્રથમ પ્રાણ સૂક્ષ્મ :-

૫૨૩ પ૦—સે કિં તં પાણસુહુમે ?

૫૨૩. પ્ર. ભંતે! સૂક્ષ્મ - પ્રાણી કોને કહેવાય?

ઉ૦ પાણસુહુમે પંચવિહે પણ્ણત્તે, તં જહા-
૧. કિણ્હે, ૨. નીલે, ૩. લોહિએ, ૪. હાલિદ્દે,
૫. સુક્કિલ્લે ।
અત્થિ કુંથુ અણુદ્ધરી નામં જા ઠિયા અચ-
લમાણા છઉમત્થાણ નિગ્ગંથાણ વા, નિગ્ગંથીણં
નો ચક્ખુફાસં હવ્વમાગચ્છઇ ।
જા અટ્ઠિયા ચલમાણા છઉમત્થાણ નિગ્ગંથાણ
વા, નિગ્ગંથીણ વા ચક્ખુફાસં હવ્વમાગચ્છઇ ।
જા છઉમત્થેણ નિગ્ગંથિણ વા અભિક્ખણં
અભિક્ખણં જાણિયવ્વા પડિલેહિયવ્વા હવઇ ।
સે તં પાણસુહુમે ।
દસા. દ. ૮, સુ. ૫૧.

ઉ. પ્રાણી - સૂક્ષ્મ પાંચ પ્રકારના કહ્યાં છે. જેમ-
૧ - કૃષ્ણ વર્ણવાળા, ૨ - લીલા વર્ણવાળા,
૩ - લાલ વર્ણવાળા, ૪ - પીળા વર્ણવાળા,
૫ - સફેદ વર્ણવાળા સૂક્ષ્મ કંથવા (પૃથ્વી પર ચાલનારા બે ઇન્દ્રિયાદિ સૂક્ષ્મ પ્રાણી) જે સ્થિર હોય, ચાલતાં ન હોય ત્યારે છદ્મસ્થ નિર્ગ્રન્થ - નિર્ગ્રન્થીઓને શીઘ્ર દૃષ્ટિગોચર થતા નથી.
સૂક્ષ્મ કંથવા જે અસ્થિર હોય, ચાલતા હોય તો, છદ્મસ્થ નિર્ગ્રન્થ - નિર્ગ્રન્થીઓને શીઘ્ર દૃષ્ટિ-ગોચર થઈ જાય છે.
એ સૂક્ષ્મ - પ્રાણી છદ્મસ્થ નિર્ગ્રન્થ - નિર્ગ્રન્થીઓને વારંવાર જાણવા યોગ્ય, જોવા યોગ્ય, અને પ્રતિ-લેખન કરવા યોગ્ય છે.
પ્રાણી સૂક્ષ્મ - વર્ણન સમાપ્ત

બીયં પણગસુહુમણં—

બીજું પનક સૂક્ષ્મ :-

૫૨૪. પ૦—સે કિં તં પણગસુહુમે ?
ઉ૦—પણગસુહુમે પંચવિહે પણ્ણત્તે, તં જહા—
૧. કિણ્હે, ૨. નીલે ૩. લોહિએ,
૪. હાલિદ્દે, ૫ સુક્કિલ્લે ।

૫૨૪. પ્ર. ભંતે! પનક સૂક્ષ્મ કોને કહેવાય?
ઉ. પનક - સૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહ્યાં છે. જેમ...
૧ - કૃષ્ણ પનક, ૨ - લીલી પનક, ૩ - લાલ પનક,
૪ - પીળી પનક, ૫ સફેદ પનક,

---

૧. (ક) બાસાસાસં પજ્જોસવિયાણં ઇવ ખલુ નિગ્ગંથાણ વા, નિગ્ગંથીણ વા ઇમાઇં અટ્ઠ સુહુમાઇં જાઇં છઉમત્થેણં નિગ્ગંથેણ વા નિગ્ગંથીએ વા અભિક્ખણં અભિક્ખણં જાણિયવ્વાઇં પાસિયવ્વાઇં પડિલેહિયવ્વાઇં ભવંતિ, તં જહા—
૧. પાણસુહુમં, ૨. પણગસુહુમં, ૩. બીઅસુહુમં ૪. હરિયસુહુમં,
૫. પુપ્ફસુહુમં, ૬. અંડસુહુમં, ૭. લેણસુહુમં, ૮. સિણેહસુહુમં । —દસા.દ. ૮, સુ.૫૦

(ખ) આ ગાથામાં "ઉત્તિંગસુહુમ" છે અને ઠાણં અ. ૮ સૂ. ૧૬ માં 'લેણસુહુમ" છે. આ માત્ર શબ્દ ભેદ છે. બન્નેનો અર્થ સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अत्थि पणगसुहुमे तद्दव्वसमाणवण्णे नाम पण्णत्ते ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं पणगसुहुमे ।

दसा. द. ८, सु. ५२

વરસાદ થયા બાદ ભૂમિ, કાષ્ઠ, વસ્ત્ર જે વર્ણનાં હોય છે, તેના પર તેના વર્ણવાળી ફૂગ થાય છે. આથી તેમાં તેવા જ વર્ણવાળા જીવો ઉત્પન્ન થાય છે.

આ પનક - સૂક્ષ્મ છદ્મસ્થ નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થિઓએ વારંવાર જાણવા યોગ્ય, જોવા યોગ્ય અને પ્રતિલેખન કરવા યોગ્ય છે.

પનક સૂક્ષ્મ - વર્ણન સમાપ્ત.

तईयं बीयसुहुमं—

ત્રીજું બીજ સૂક્ષ્મ :-

५२५. ६०—से किं तं बीअसुहुमे ?

उ०—बीअसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा—

१. किण्हे २. नीले, ३. लोहिए ४. हालिद्दे, ४. सुक्किकल्ले ।

अत्थि बीअसुहुमे कण्णिया समाणवण्ण नामं पण्णत्ते ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं बीअसुहुमं दसा. द. ८, सु. ५३

५२५. प्र. भंते ! बीज सूक्ष्म कोने कहेवाय ?

उ. बीज - सूक्ष्म पांच प्रकारनां कह्यां छे. जेम-

१ - कृष्ण बीज सूक्ष्म, २ - लीला बीज सूक्ष्म, ३ - लाल बीज सूक्ष्म, ४ - पीळा बीज सूक्ष्म, ५ - सफेद बीज सूक्ष्म.

वर्षाकाळमां शालि आदि धान्योमां समान वर्णवाळा सूक्ष्म जीवो उत्पन्न थाय छे. ते बीज-सूक्ष्म कहेवाय छे.

आ सूक्ष्म बीज छद्मस्थ निर्ग्रन्थ - निर्ग्रन्थीओने वारंवार जाणवा योग्य, जोवा योग्य अने प्रतिलेखन करवा योग्य छे.

बीज सूक्ष्म - वर्णन समाप्त.

चउत्थं हरियसुहुमं—

ચોથું હરિત - સૂક્ષ્મ :-

५२६. प०—से किं तं हरियसुहुमे ?

उ०—हरियसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा—

१. किण्हे, २. नीले, ३. लोहिए, ४. हालिद्दे ५. सुक्किकल्ले ।

अत्थि हरियसुहुमे पुढवीसमाणवण्णए नामं पण्णत्ते ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ।

से तं हरियसुहुमे । -दसा. द. ८, सु. ५४

५२६. प्र. भंते ! हरित - सूक्ष्म कोने कहेवाय ?

उ. हरित - सूक्ष्म पांच प्रकारनां कह्यां छे. जेम-

१. कृष्ण हरितसूक्ष्म, २. लीला हरितसूक्ष्म, ३. लाल हरितसूक्ष्म, ४. पीळां हरितसूक्ष्म. ५. सफेद हरित-सूक्ष्म,

आ हरित - सूक्ष्म लीला पांदडां पर पृथ्वीना समान वर्णवाळा होय छे.

आ हरित - छद्मस्थ निर्ग्रन्थ - निर्ग्रन्थीओओ वारंवार जाणवा योग्य, अने प्रतिलेखन करवा योग्य छे.

हरित सूक्ष्म - वर्णन समाप्त.

पंचमं पुप्फसुहुमं—

પાંચમું પુષ્પ સૂક્ષ્મ :-

५२७ प०—से किं तं पुप्फसुहुमे ?

उ०—पुप्फसुहुमे पंचविहे पण्णत्ते तं जहा-

१. किण्हे, २. नीले, ३. लोहिए, ४. हालिद्दे ५. सुक्किकल्ले ।

अत्थि पुप्फसुहुमे रुक्खसमाणवण्णे नामं पण्णत्ते।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं पुप्फसुहुमे । -दसा- द. ८, सु. ५५

५२७. प्र. भंते ! पुष्प सूक्ष्म कोने कहेवाय ?

उ. पुष्प - सूक्ष्म पांच प्रकारनां कह्यां छे. जेम-

१. कृष्ण पुष्प सूक्ष्म, २. लीला पुष्प सूक्ष्म, ३. लाल पुष्प सूक्ष्म, ४. पीळा पुष्प सूक्ष्म, ५. सफेद पुष्प सूक्ष्म.

आ पुष्प सूक्ष्म वृक्षना समान वर्णवाळा होय छे.

आ पुष्प सूक्ष्म - छद्मस्थ निर्ग्रन्थ-निर्ग्रन्थीओओ वारंवार जाणवा योग्य, जोवा योग्य अने प्रतिलेखन करवा योग्य छे.

पुष्प सूक्ष्म वर्णन समाप्त

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छट्ठं अंडसुहुमं—

५२८. प०—से किं तं अंडसुहुमे ?

उ०—अंडसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा—

१. उद्दसंडे,
२. उक्कलियंडे,
३. पिपीलिअंडे,
४. हलिअंडे,
५. हल्लोहलिअंडे ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं अंडसुहुमे । —दसा. ८, सु. ५६

છઠ્ઠું અંડ સૂક્ષ્મ :-

૫૨૮. ભંતે ! અંડ સૂક્ષ્મ કોને કહેવાય ?

ઉ. અંડ સૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહ્યાં છે. જેમકે-

૧. ઉદ્દશાન્ડ - મધમાખી, માંકડ આદિનાં ઇંડા,
૨. ઉત્કલિકાન્ડ - કરોળિયા આદિનાં ઇંડા,
૩. પિપીલિકાન્ડ - કીડી, મંકોડા આદિનાં ઇંડા,
૪. હલિકાન્ડ - ગરોળી આદિનાં ઇંડા,
૫. હલોહલિકાન્ડ - કાચંડા આદિનાં ઇંડા.

આ સૂક્ષ્મ અંડ છદ્મસ્થ નિર્ગ્રન્થ - નિર્ગ્રન્થી-ઓએ વારંવાર જાણવા યોગ્ય, જોવા યોગ્ય અને પ્રતિલેખન કરવા યોગ્ય છે.

सत्तमं लयणसुहुमं-

५२९. प०—से किं तं लेणसुहुमे ?

उ०—लेणसुहुमे पंचविहे पण्णत्ते, तं जहा—

१. उत्तिंगलेणे,
१. भिगुलेणे,
३. उज्जुए,
३. तालमूलए,
५. संबुक्कावट्टे नामं पंचमे ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं लेणसुहुमे । द. सा. द. ८ सु. ५४

સાતમું લયન સૂક્ષ્મ -

૫૨૯. પ્ર. ભંતે ! લયન સૂક્ષ્મ કોને કહેવાય ?

ઉ. લયન સૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહ્યાં છે. જેમકે-

૧. ઉત્તિંગ લયન - ભૂમિમાં ગોળાકાર ખાડા બનાવીને રહેનારા જીવ.
૨. ભૃગુલયન - કાદવવાળી ભૂમિ પર જામી ગયેલા પોપડાની નીચે રહેનારા જીવ.
૩. ઋજુક લયન - દરોમાં રહેનારા જીવ.
૪. તાલમૂલમક લયન - તાડનાં મૂળ જેવી આકૃતિ-વાળા ઉપરથી સાંકડાં, અંદરથી પહોળા દરોમાં રહેનારા જીવ.
૫. શમ્બૂકાવર્ત લયન - શંખના સમાન ઘરોમાં રહેનારા જીવ.

આ લયન-સૂક્ષ્મ છદ્મસ્થ નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી-ઓએ વારંવાર જાણવા યોગ્ય, જોવા યોગ્ય અને પ્રતિલેખન કરવા યોગ્ય છે.

લયન સૂક્ષ્મ વર્ણન સમાપ્ત.

अट्ठमं सिणेह सुहुमं—

५३०. प०—से किं तं सिणेह-सुहुमे ?

उ०—सिणेह-सुहुमे पंचविहे पण्णत्ते, तं जहा—

१. उस्सा,
२. हिमए,
३. महिया,
४. करए,
५. हरतणुए ।

जे छउमत्थेण निग्गंथेण वा, निग्गंथीए वा, अभिक्खणं अभिक्खणं जाणियव्वे पासियव्वे पडिलेहियव्वे भवइ ।

से तं सिणेह-सुहुमे । द.सा. द. ८, सु. ५८

આઠમું સ્નેહ સૂક્ષ્મ: -

૫૩૦. પ્ર. ભંતે ! સ્નેહ સૂક્ષ્મ કોને કહેવાય ?

ઉ. સ્નેહ - સૂક્ષ્મ પાંચ પ્રકારનાં કહ્યાં છે. જેમ-

૧. ઓસ સૂક્ષ્મ - ઓસ બિન્દુઓમાંનાં જીવ,
૨. હિમ સૂક્ષ્મ - બરફનાં જીવ.
૩. મહિકા સૂક્ષ્મ - ઝાકળ, ધૂમ્મસ આદિનાં જીવ.
૪. કરક સૂક્ષ્મ - કરા આદિનાં જીવ.
૫. હરિત - તૃણ - સૂક્ષ્મ - લીલા ઘાસ પર રહેનાર જીવ.

આ સ્નેહ સૂક્ષ્મ છદ્મસ્થ નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થી-ઓને વારંવાર જાણવા જોવા યોગ્ય અને પ્રતિલેખન કરવા યોગ્ય છે.

સ્નેહ સૂક્ષ્મ વર્ણન સમાપ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पंचेंदियघायका दसविहं असंजमं कुव्वंति—

५३१. पंचिंदिया णं जीवा समारभमाणस्स दसविहे असंजमे कज्जति, तं जहा—

१. सोतामयाओ सोक्खातो ववरोवेत्ता भवति।
२. सोतामएणं दुक्खेणं संजोगेत्ता भवति।
३. चक्खुमयाओ सोक्खातो ववरोवेत्ता भवति।
४. चक्खुमएणं दुक्खेणं संजोगेत्ता भवति।
५. घाणमयाओ सोक्खातो ववरोवेत्ता भवति।
६. घाणमएणं दुक्खेणं संजोगेत्ता भवति।
७. जिब्भामयाओ सोक्खातो ववरोवेत्ता भवति।
८. जिब्भामएणं दुक्खेणं संजोगेत्ता भवति।
९. फासमयाओ सोक्खातो ववरोवेत्ता भवति।
१०. फासमएणं दुक्खेणं संजोगेत्ता भवति।[1]

—ठाणं. अ. १०, सु. ७१५(२)

પંચેન્દ્રિય જીવોના ઘાતકો દશ પ્રકારનો અસંયમ કરે છે.

૫૩૧. પંચેન્દ્રિય જીવોનો ઘાત કરનારાઓ વડે દશ પ્રકારનો અસંયમ થાય છે, જેમ કે-

૧. શ્રોત્રેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી,
૨. શ્રોત્રેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી,
૩. ચક્ષુઇન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી,
૪. ચક્ષુઇન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી,
૫. ઘ્રાણેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી,
૬. ઘ્રાણેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી,
૭. રસનેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી,
૮. રસનેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી,
૯. સ્પર્શેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી.
૧૦. સ્પર્શેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી,

दसविहे असंजमे—

५३२. दसविधे असंजमे पण्णत्ते, तं जहा—

१. पुढविकाइय असंजमे
२. आउकाइय असंजमे,
३. तेउकाइम असंजमे,
४. वाउकाइय असंजमे,
५. वणस्सतिकाइयअसंजमे,
६. बेइंदियअसंजमे,
७. तेइंदियअसंजमे,
८. चउरिंदियअसंजमे,
९. पंचिंदियअसंजमे,
१०. अजीवकायअसंजमे।[2]

ठाणं. अ. १०, सु. ७०९ (२)

દસ પ્રકારનો અસંયમ :

૫૩૨. અસંયમ દસ પ્રકારનો છે, જેમ કે-

૧. પૃથ્વીકાયિક અસંયમ,
૨. અપ્કાયિક અસંયમ,
૩. તેજસ્કાયિક અસંયમ,
૪. વાયુકાયિક અસંયમ,
૫ વનસ્પતિકાયિક અસંયમ,
૬. બેઇન્દ્રિય અસંયમ,
૭. તેઇન્દ્રિય અસંયમ,
૮. ચઉરિન્દ્રિય અસંયમ,
૯. પંચેન્દ્રિય અસંયમ,
૧૦. અજીવકાય અસંયમ.

पंचिंदिय अघायका दसविहं संजमं कुव्वंति—

५३३. पंचिंदिया णं जीवा असमारभमाणस्स दसविधे संजमे कज्जति, तं जहा—

१. सोतामयाओ सोक्खाओ अववरोवेत्ता भवति।
२. सोतामएणं दुक्खेणं असंजोगेत्ता भवति।
३. चक्खुमयाओ सोक्खाओ अववरोवेत्ता भवति।
४. चक्खुमएणं दुक्खेणं असंजोगेत्ता भवति।

પંચેન્દ્રિય જીવોનો ઘાત ન કરનાર દશપ્રકારનો સંયમ કરે છે-

૫૩૩. પંચેન્દ્રિય જીવોનો ઘાત ન કરનારને દસ પ્રકારનો સંયમ થાયછે. જેમ-કે,

૧. શ્રોત્રેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ ન કરવાથી,
૨. શ્રોત્રેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ ન કરવાથી,
૩. ચક્ષુઇન્દ્રિય સંબંધી સુખનો વિયોગ ન કરવાથી.
૪. ચક્ષુન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ ન કરવાથી,

---

१ चउरिंदिया णं जीवा समारभमाणस्स अट्ठविहे असंजमे कज्जति तं जहा—
१ चक्खुमयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ, २ चक्खुमएणं दुक्खेणं संजोगेत्ता भवइ,
एवं जाव—
७ फासमयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ, ८ फासमएणं दुक्खेण संजोगेत्ता भवइ। —ठाणं, अ. ८ सु.६१५

२ सत्तविहे असंजमे पण्णत्ते, तं जहा—पुढविकाइय असंजमे जाव तसकाइय असंजमे अजीवकाय असंयमे। —ठाण. अ.७,सु.५७१

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

५. घाणमयाओ सोक्खाओ अवयरोवेत्ता भवति।
६. घाणामएणं दुक्खेणं असंजोगेत्ता भवति।
७. जिब्भामयाओ सोक्खाओ अवयरोवेत्ता भवति।
८. जिब्भामएणं दुक्खेणं असंजोगेत्ता भवति।
९. फासमयाओ सोक्खाओ अवयरोवेत्ता भवति।
१०. फासामएणं दुक्खेणं असंजोगेत्ता भवति।[1]
—ठाणं अ. १०, सु. ७१५ (१)

५. ઘ્રાણેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ ન કરવાથી,
૬. ઘ્રાણેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ ન કરવાથી.
૭. રસનેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ ન કરવાથી.
૮. રસનેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ ન કરવાથી,
૯. સ્પર્શેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ ન કરવાથી,
૧૦. સ્પર્શેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ ન કરવાથી,

दसविहे संजमे—

५३४. दसविधे संजमे पण्णत्ते, तं जहा—
१. पुढविकाइयसंजमे,
२. आउकाइयसंजमे,
३. तेउकाइयसंजमे,
४. वाउकाइयसंजमे,
५. वणस्सतिकाइयसंजमे,
६. बेइंदियसंजमे,
७. तेइंदियसंजमे,
८. चउरिंदियसंजमे
९. पंचिंदियसंजमे,
१०. अजीवकायसंजमे।[2]
—ठाणं. अ. १०, सु. ७०९ (१)

દસ પ્રકારનો સંયમ :-

૫૩૪. સંયમ દસ પ્રકારનો કહ્યો છે. જેમકે—
૧. પૃથ્વીકાયિક સંયમ,
૨. અપ્કાયિક સંયમ,
૩. તેજસ્કાયિક સંયમ,
૪. વાયુકાયિક સંયમ,
૫. વનસ્પતિકાયિક સંયમ,
૬. બેઇન્દ્રિય સંયમ,
૭. તેઇન્દ્રિય સંયમ,
૮. ચઉરેન્દ્રિય સંયમ,
૯. પંચેન્દ્રિય સંયમ,
૧૦. અજીવકાય સંયમ,

पावसमण-सरूवं—

५३५. सम्मद्दमाणे पाणाणि, बीयाणी हरियाणि य।
असंजए संजयमन्नमाणे, पावसमणे त्ति वुच्चइ॥
—उत्त. अ. १७, गा. ६

પાપ શ્રમણનું સ્વરૂપ :-

૫૩૫. પ્રાણી, બીજ અને વનસ્પતિનો નાશ કરનારા, અસંયમી હોવા છતાં પણ પોતે પોતાને સંયમી માને છે તે પાપ-શ્રમણ કહેવાય છે.

अन्नउत्थियाणं थेरेहिं सह पुढवी हिंसा विवादो—

અન્યતીર્થિકોનો સ્થવિરોની સાથે પૃથ્વી-હિંસા વિષયક વિવાદ :-

५३६. तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी—"तुब्भे णं अज्जो! तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवह।

तए णं ते थेरा भगवंतो ते अन्नउत्थिए एवं वयासी—"केण कारणेणं अम्हे तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवामो?

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी— "तुब्भे णं अज्जो! रीयं रीयमाणा पुढविं पेच्चेह, अभिहणह, वत्तेह,

૫૩૬. ત્યારબાદ તે અન્યતીર્થિકોએ તે સ્થવિર ભગવંતોને કહ્યું, 'આર્યો! (અમે કહીએ છીએ કે) તમે જ ત્રિવિધ-ત્રિવિધ અસંયત યાવત્ એકાન્ત-બાલ છો.'

ત્યારે તે સ્થવિર ભગવન્તોએ તે અન્યતીર્થિકોને (ફરીથી) પૂછ્યું 'આર્યો! કયાં કારણથી અમે ત્રિવિધ-ત્રિવિધ અસંયત યાવત્ એકાન્ત-બાલ છીએ'?

ત્યારે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહ્યું - 'આર્યો! તમે ગમન કરતી વખતે પૃથ્વીકાયિક જીવોને દબાવો છો, હણો છો, પગથી

१ चउरिंदिया णं जीवा असमारभमाणस्स अट्ठविहे संजमे कज्जति, तं जहा—सोक्खाओ चक्खुमाओ अवरोवित्ता भवइ चक्खुमएणं दुक्खेणं असंजोएत्ता भवइ एवं जाव—फासमाओ अवरोवित्ता सोक्खाओ भवइ फासामएणं दुक्खेणं असंजोगेत्ता भवइ। —ठाणं. अ. ८, सु. ६१५ (१)

२ सत्तविहे संजमे पण्णत्ते तं जहा—पुढविकाइयसंजमे जाव तसंकाइयसंजमे, अजीवकायसंयमे। —ठाणं. अ. ७. सु. ५७१(१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लेसेह, संघट्टेह, परितावेह, किलामेह, उद्दवेह । तए णं तुब्भे पुढविं पच्चेमाणा-जाव-उद्दवेमाणा तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवह ।"

तए णं ते थेरा भगवंतो ते अन्नउत्थिए एवं वयासी-"नो खलु अज्जो ! अम्हे रीयं रीयमाणा पुढविं पेच्चेमो-जाव-उद्दवेमो ।

अम्हे णं अज्जो ! रीयं रीयमाणा कायं वा, जोगं वा, रियं वा पडुच्च देसं देसेणं वयामो, पएसं पएसेणं वयामो, "तेणं अम्हे देसं देसेणं वयमाणा, पएसं पएसेणं वयमाणा नो पुढविं पेच्चेमो-जाव-उद्दवेमो,

तए णं अम्हे पुढविं अपेच्चेमाणा-जाव-अणुद्दवेमाणा तिविहं तिविहेणं संजय-जाव-एगंतपंडिया यावि भवामो ।

तुब्भे णं अज्जो ! अप्पणा चेव तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवह ।

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी-"केणं कारणेणं अम्हे तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवामो ?

तए णं थेरा भगवंतो ते अन्नउत्थिए एवं वयासी--"तुब्भे णं अज्जो ! रीयं रीयमाणा पुढविं पेच्चेह-जाव-उद्दवेह,

तए णं तुब्भे पुढविं पेच्चेमाणा-जाव-उद्दवेमाणा तिविहं तिविहेणं असंजय-जाव-एगंतबाला यावि भवह ।

तए णं ते अन्नउत्थिया ते थेरे भगवंते एवं वयासी—"तुब्भे णं अज्जो ! गम्ममाणे अगते, वीतिक्कमिज्जमाणे अवीतिक्कंते रायगिहं नगरं संपाविउकामे असंपत्ते ?"

तए णं ते थेरा भगवंतो ते अन्नउत्थिए एवं वयासी—"नो खलु अज्जो ! अम्हं गम्ममाणे अगते, वीतिक्कमिज्जमाणे अवीतिक्कंते रायगिहं नगरं संपाविउकामे असंपत्ते,"

अम्हं णं अज्जो ! गम्ममाणे गए, वीतिक्कमिज्जमाणे वीतिक्कंते, रायगिहं नगरं संपाविउकामे संपत्ते, तुब्भं णं अप्पणा चेव गम्ममाणे अगए, वीतिक्कमिज्जमाणे अवीतिक्कंते रायगिहं नगरं संपाविउकामे असंपत्ते ।

तए णं ते थेरा भगवन्तो ते अन्नउत्थिए एवं पडिहणेंति ।

वि. स. ८, उ. ७, सु. १६-२४

કરે છો, તેઓને ભૂમિની સાથે સંઘર્ષિત કરો છો, તેઓને એકઠા કરો છો, સ્પર્શ કરો છો, પરિતાપિત કરો છો, ક્લાન્ત કરો છો અને તેઓને મારો છો. આ પ્રમાણે પૃથ્વીકાયિક જીવોને દબાવવાથી યાવત્ મારવાથી તમે ત્રિવિધ-ત્રિવિધ અસંયત, યાવત્ એકાન્તબાલ છો.'

ત્યારે સ્થવિરોએ અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું - 'આર્યો ! અમે ગમન કરતી વખતે પૃથ્વીકાયિક જીવોને દબાવતા નથી, યાવત્ મારતા નથી.

હે આર્યો ! અમે વિચરણ કરતી વખતે કાર્ય માટે (અર્થાત્ શરીરની લઘુનીતિ, વડીનીતિ આદિ કાર્ય માટે), યોગ(અર્થાત્ જ્ઞાન આદિની સેવા)માટે, ઋત (અર્થાત્ સત્ય-અપૂકાયાદિ જીવ સંરક્ષણરૂપ સંયમ) માટે, એક દેશથી (સ્થળથી) બીજા દેશમાં (સ્થળ) અને એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જઈએ છીએ.

આ પ્રમાણે એક સ્થળથી બીજા સ્થળમાં અને એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જતાં, અમે પૃથ્વીકાયિક જીવોને દબાવતા નથી યાવત્ મારતા નથી. તેથી અમે ત્રિવિધ-ત્રિવિધ સંયત યાવત્ એકાંત પંડિત છીએ. પરંતુ હે આર્યો ! તમે સ્વયં ત્રિવિધ-ત્રિવિધ અસંયત યાવત્ એકાન્ત બાલ છો.'

ત્યારે અન્યતીર્થિકોએ સ્થવિર ભગવંતોને આ પ્રમાણે પૂછ્યું-આર્યો ! અમે કયા કારણથી ત્રિવિધ -ત્રિવિધ અસંયત યાવત્ એકાન્ત બાલ છીએ ?

ત્યારે સ્થવિર ભગવંતોએ અન્યતીર્થિકોને આ પ્રમાણે કહ્યું - આર્યો ! તમે વિચરણ કરતી વખતે પૃથ્વીકાયિક જીવોને દબાવો છો યાવત્ મારી નાખો છો, એટલા માટે પૃથ્વીકાયિક જીવોને દબાવતા યાવત્ મારતા તમે ત્રિવિધ - ત્રિવિધ અસંયત યાવત્ એકાન્ત બાલ છો.

ત્યાર પછી તે અન્યતીર્થિકોએ એમ કહ્યું-હે આર્યો ! તમારા (મતે) ગમ્યમાન-જઈ રહેલ હોય તે અગત - ન ગયેલ કહેવાય છે ? ઉલ્લંઘન કરાઈ રહ્યું હોય તે ન ઉલ્લંઘન કરાયેલું એમ કહેવાય છે અને રાજગૃહ નગર પહોંચવાની ઇચ્છાવાળાને, નહીં પહોંચેલ એમ કહેવાય છે ?

તે પછી તે સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એમ કહ્યું કે, હે આર્યો ! અમારા (મતે) ગમ્યમાન-જે જઈ રહેલ હોય તે અગત - ન ગયેલ, વ્યતિક્રમ્યમાન-ઉલ્લંઘન કરાતું તે અવ્યતિક્રાંત-ઉલ્લંઘન ન કરાયેલું, એમ નથી કહેવાતું. રાજગૃહ નગરે પહોંચવાની ઇચ્છાવાળાને અસંપ્રાપ્ત - ન પહોંચેલ ન કહેવાય છે.

પણ હે આર્યો ! અમારા (મતે)ગમ્યમાન-તે ગત, ઉલ્લંઘન કરતાંને વ્યતિક્રાંત અને રાજગૃહ નગરને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને સંપ્રાપ્ત કહેવાય છે. હે આર્યો ! તમારા મતે જ ગમ્યમાનને અગત, વ્યતિક ક્રમ્યમાનને અવ્યતિક્રાન્ત અને રાજગૃહ જવાની ઇચ્છાવાળાને અસંપ્રાપ્ત કહેવાય છે.

તે પછી સ્થવિર ભગવંતોએ તે અન્યતીર્થિકોને એ પ્રમાણે નિરુત્તર કર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય મહાવ્રત

દ્વિતિય મહાવ્રતઃ સ્વરૂપ અને આરાધના-૧

विइय-महव्वय-आराहण पइण्णा--

૫૩૭. अहावरे दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं ।[1]

सव्वं भंते ! मुसावायं पच्चक्खामि ॥

से कोहा वा, लोहा वा भया वा हासा वा ।

से य मुसावाए चउव्विहे पण्णत्ते, तं जहा--

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४ भावओ ।

१. दव्वओ सत्तदव्वेसु,

२. खेत्तओ लोगे वा अलोगे वा,

३. कालओ दिया वा राओ वा,

४. भावओ कोहेण वा, लोहेण वा, भएण वा, हासेण वा,

नेव सयं मुसं वएज्जा, नेवन्नेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं[2] वायाए[3] काएणं[4] न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि ।

तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

दोच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ।[5] दस.अ. ४, सु. १२

मुसावाय विरमणमहव्वयस्स पंच भावणाओ-

૫૩૮. अहावरं दोच्चं (भंते) महव्वयं पच्चक्खामि सव्वं मुसावायं वइदोसं । से कोहा वा लोभा वा भया वा हासा वा णे सयं मुसं भासेज्जा, णेवऽण्णेणं मुसं भासावेज्जा, अण्णं पि मुसं भासंतं ण समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणसा वायसा कायसा ।

तस्स भंते ! पडिक्कमामि-जाव-वोसिरामि ।

બીજા મહાવ્રતના આરાધકની પ્રતિજ્ઞા :-

૫૩૭. ભંતે ! ત્યારબાદ બીજા મહાવ્રતમાં મૃષાવાદની વિરતિ હોય છે.

ભંતે ! હું સર્વ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું. તે ક્રોધથી હોય, અથવા લોભથી, ભયથી હોય અથવા હાસ્યથી.

તે મૃષાવાદ ચાર પ્રકારનાં છે.—

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી,

૧. દ્રવ્યથી સર્વ દ્રવ્યનાં સંબંધમાં,

૨. ક્ષેત્રથી લોકના સંબંધમાં અથવા અલોકના સંબંધમાં,

૩. કાળથી દિવસમાં અથવા રાતમાં,

૪. ભાવથી ક્રોધ અથવા લોભથી, ભયથી અથવા હાસ્યથી.

જે સાધુ પરિકર્મ સહિત શૈયામાં પ્રવેશ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.
તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निसिद्धसेज्जासु पविसण पायच्छित्त सुत्ताइं :

१३९८. जे भिक्खू सागारियं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

जे भिक्खू सोदगं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

जे भिक्खू सागणियं सेज्जं अणुपविसइ अणुपविसंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

–नि. उ. १६, सु. १–३

निषिद्ध शय्याओमां प्रवेश करवानां प्रायश्चित्त सूत्र :

१३९८. જે ભિક્ષુ સાગારીની શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ પાણીવાળી શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ અગ્નિવાળી શય્યામાં પ્રવેશ કરે, (કરાવે) કરનારનું અનુમોદન કરે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

दुगुंछिय कुलेसु वसण पायच्छित्त सुत्तं :

१३९९. जे भिक्खू दुगुंछियकुलेसु वसहिं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं।

–नि. उ. १६, सु. २९

धृणित कुळोमां रहेवानुं प्रायश्चित्त सूत्र :

१३९९. જે ભિક્ષુ ધૃણિત કુળોની શય્યામાં આશ્રયસ્થાન લે છે, (લેવડાવે છે) લેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

णिग्गंथीणं उवस्सए अविहि पवेसणस्स पायच्छित्त सुत्तं :

१४००. जे भिक्खू णिग्गंथीणं उवस्सयंसि अविहीए अणुप्पविसइ, अणुप्पविसंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

–नि. उ. ४, सु. २३

साध्वीओना उपाश्रयमां अविधिथी प्रवेश करवानुं प्रायश्चित्त सूत्र :

१४००. જે સાધુ-સાધ્વીઓના ઉપાશ્રયમાં અવિધિથી પ્રવેશ કરે છે, (પ્રવેશ કરાવે છે) અને પ્રવેશ કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

णिग्गंथीणं आगमणपहे उवगरण–ठवणस्स पायच्छित्त सुत्तं :

१४०१. जे भिक्खू णिग्गंथीणं आगमणपहंसि दंडगं वा, लट्ठियं वा, रयहरणं वा, मुहपोत्तियं वा, अण्णयरं वा, उवगरणजायं ठवेइ, ठवेंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं।

–नि. उ. ४, सु. २४

साध्वीओना आगमन मार्गमां उपकरण राखवानुं प्रायश्चित्त सूत्र :

१४०१. જે સાધુ-સાધ્વીઓના આગમન માર્ગમાં દંડ, લાઠી, રજોહરણ કે મુખવસ્ત્રિકા અથવા અન્ય કોઈ ઉપકરણ રાખે છે, (રખાવે છે) અને રાખનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

उवस्सए णायगाईणं संवसावणस्स पायच्छित्त सुत्ताइं :

१४०२. जे भिक्खू णायगं वा, अणायगं वा, उवासगं वा, अणुवासगं वा, अंतो उवस्सयस्स अद्धं वा राइं कसिणं वा राइं संवसावेइ संवसावेंतं वा साइज्जइ।

जे भिक्खू णायगं वा, अणायगं वा, अणुवासगं वा अंतो उवस्सयस्स अद्धं वा राइं कसिणं वा राइं संवसावेइ, तं पडुच्च णिक्खमइ वा, पविसइ वा, णिक्खमंतं वा, पविसंतं वा साइज्जइ।

स्वजनादिने उपाश्रयमां राखवानुं प्रायश्चित्त सूत्र :

१४०२. જે સાધુ સ્વજન અથવા પરિજન ઉપાસક કે બીજી કોઈપણ સ્ત્રીને ઉપાશ્રયમાં અડધી રાત કે પૂરી રાત રાખે છે, (રખાવે છે) અને રાખનારનું અનુમોદન કરે છે.

જે સાધુ સ્વજન અથવા પરિજન ઉપાસક કે બીજી કોઈપણ સ્ત્રીને અડધી રાત કે પૂરી રાત રાખી તેના નિમિત્તે ઉપાશ્રયમાં નિષ્ક્રમણ પ્રવેશ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।

—नि. उ. ८, सु. १२-१३

तेने चातुर्मासिक अनुद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

राय समीवे विहरणाई पायच्छित्त सुत्तं :

१४०३. अह पुण एवं जाणेज्जा "इहज्ज रायखत्तिए परिवुसिए "जे भिक्खू ताए गिहाए ताए पएसाए ताए उवासंतराए, विहारं वा करेइ, सज्झायं वा करेइ, असणं वा-**जाव**-साइमं वा आहारेइ, उच्चारं वा पासवणं वा परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं।

—नि. उ. ९, सु. ११

राजानी पासे रहेवानुं प्रायश्चित्त सूत्र :

१४०३. 'आजे अहीं क्षत्रिय राजा आवेला छे', एम जाणवा छतां पण जे साधु ए घरोमां, ए प्रदेशमां, ए स्थानमां रहे छे, स्वाध्याय करे छे, अशन **यावत्** स्वाद्यनो आहार करे छे, मळमूत्रनो परित्याग करे छे, (करावे छे) करनारनुं अनुमोदन करे छे.

तेने चातुर्मासिक अनुद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

अवग्रह ग्रहण विधि - ५

पंचविहा उग्गहा :

१४०४. सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-इह खलु थेरेहिं भगवंतेहिं पंचविहे उग्गहे पण्णत्ते,

तं जहा-

१. देविंदोग्गहे,

२. राओग्गहे,

३. गाहावतिउग्गहे,

४. सागारिय उग्गहे,

५. साहम्मिय उग्गहे[1]

—आ. सु. २, अ. ७, उ. २, सु. ६३५

पांच प्रकारनां अवग्रह :

१४०४. हे आयुष्मन् शिष्य ! में भगवान पासेथी सांभळ्युं छे के, आ जिन प्रवचनमां स्थविर भगवंतोओ पांच प्रकारना अवग्रह अर्थात् स्थानग्रहण अंगेनी आज्ञा बतावी छे, जेम के-

१. देवेन्द्र-अवग्रह,

२. राजा-अवग्रह,

३. गृहपति-अवग्रह,

४. सागारिक-अवग्रह अने

५. साधर्मिक - अवग्रह

उग्गह गहण विहि :

१४०५. विहवधूया नायकुलवासिणी, सा वि यावि ओग्गहं अणुन्नवेयव्वा किमंग पुण पिया वा, भाया वा, पुत्ते वा, से वि या वि ओग्गहे ओगेण्हियव्वे। पहे वि ओग्गहो अणुन्नवेयव्वो।

—वव. उ. ७, सु. २४-२५

आज्ञा ग्रहण करवानी विधि :

१४०५. पोताना पिताना घरे जीवन निर्वाह करनारी पुत्रीनी पण आज्ञा लई शकाय छे. तो पिता, भाई, पुत्रनुं तो कहेवुं ज शुं ? एमनी पण आज्ञा ग्रहण करवामां आवे छे. रस्तामां रहेवुं होय तो ते स्थाननी पण आज्ञा ग्रहण करवी जोईए.

पुव्वगहिय उग्गहस्स गहण विहि :

१४०६. अत्थि या इत्थ केइ उवस्सयपरियावन्नए अचित्ते परिहरणारिहे सच्चेव उग्गहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ अहालंदमवि उग्गहे।

से वत्थूसु-अव्वावडेसु, अव्वोगडेसु, अमरपरिग्गहिएसु, अमरपरिग्गहीएसु सच्चेव उग्गहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ अहालंदमवि उग्गहे।

पूर्वग्रहित अवग्रहने ग्रहण करवानी विधि :

१४०६. कोई अचित्त उपयोगी वस्तु उपाश्रयमां होय, तेना माटे पूर्वनी आज्ञाथी जेटलो समय रहे तेटलो तेनो उपयोग करी शकाय छे.

जे वस्तु घरकाममां उपयोगी न होय, कुटुंबमां ते वस्तुनो भाग न पडयो होय, जेना पर कोईनो हक्क न होय अथवा कोई देव द्वारा अधिकृत होय तो तेमां पण ते ज पूर्वनी आज्ञाथी ते वस्तु जेटलो समय रहे तेटलो समय राखी शकाय छे.

१. वि. स. १६, उ. २, सु. १०

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से वत्थूसु वावडेसु, वोगडेसु, परपरिग्गहिएसु, भिक्खुभावस्स अट्ठाए दोच्चंपि उग्गहे अणुन्नवेयव्वे सिया अहालंदमवि उग्गहे।

से अणुकुड्डेसु वा, अणुभित्तिसु वा, अणुचरियासु वा, अणुफरिहासु वा, अणुपंथेसु वा, अणुमेरासु वा सच्चेव उग्गहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ अहालंदमवि उग्गहे।

–कप्प. उ. ३, सु. २९–३२

जे वस्तु घरकाममां उपयोगी होय, कुटुंबमां भाग पाडी शकातो होय, जेना पर कोईनो हक्क होय, ते वस्तु साधु बीजीवार आज्ञा लईने, निरपेक्ष भावथी जेटलो समय राखवी होय तेटलो समय राखे.

माटीनी दीवालनी पासे, ईंटनी दीवालनी पासे, दीवाल पासेनो मार्ग, खाईनी पासे, सामान्य मार्गमां, वाड अथवा दीवालनी पासे, पूर्वेनी आज्ञा लईने जेटलो समय रहेवुं होय तेटलो समय रही शकाय छे.

उग्गह खेत्तपमाणं :

१४०७. से गामंसि वा–**जाव**–सन्निवेसंसि वा कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सव्वओ समंता सक्कोसं जोयणं उग्गहं ओगिण्हित्ताणं चिट्ठित्तए।

–कप्प. उ. ३, सु. ३५

अवग्रह क्षेत्रनुं प्रमाण :

१४०७. साधु अथवा साध्वीने गाम **यावत्** वस्तीनी चारे तरफथी एक कोश सहित एक योजन सुधी आज्ञा ग्रहण करी रहेवुं कल्पे छे अर्थात् एक दिशामां अढी कोश जवुं-आववुं कल्पे छे.

उग्गह गहण वसण–विवेगो :

१४०८. से आगंतारेसु वा–**जाव**–परियावसहेसु वा, अणुवीइ उग्गहं जाएज्जा, जे तत्थ ईसरे, जे तत्थ समहिट्ठाए ते उग्गहं अणुण्णवेज्जा –

कामं खलु आउसो ! अहालंदं अहापरिण्णायं वसामो–जाव–आउसो–जाव–आउसंतस्स उग्गहे, जाव साहम्मिया, एत्ताव ताव उग्गहं ओगिण्हिस्सामो तेण परं विहरिस्सामो ।[1]

से किं पुण तत्थ उग्गहंसि एवोग्गहियंसि ?

जे तत्थ समणाण वा, माहणाण वा, दंडए वा, छत्तए वा–**जाव**–चम्मछेदणए वा, तं णो अंतोहिंतो वाहिं णीणेज्जा.

बहियाओ वा णो अंतो पवेसेज्जा, णो सुत्तं वा ण पडिबोहेज्जा, णो तेसिं किंचि वि अप्पत्तियं पडिणीयं करेज्जा ।

–आ. सु. २, अ. ७, उ. २, सु. ६२१–६२२

अवग्रहने ग्रहण करवानो अने तेमां रहेवानो विवेक :

१४०८. साधु धर्मशाळाओ **यावत्** परिव्राजकोना निवास स्थाननो विचार करी अवग्रह ग्रहण करे. त्यां स्थाननो जे स्वामी होय अथवा अधिकारी जे कार्यकर्ता होय तेनी पासे स्थाननी याचना करतां कहे -

'हे आयुष्मन् ! तमारी आज्ञानुसार समय अने भूभाग सुधी अमे अहींया निवास करीशुं. अे अवधिमां अन्य साधर्मिक जेटला पण आवशे तेटलाने अमे अहीं रोकीशुं अने त्यारबाद अमो बधा विहार करीशुं.'

आज्ञा मळ्या पछी साधुअे त्यां निवास करती वखते कयो विवेक राखवो जोईअे?

तेओ अे ध्यान राखे के, त्यां पहेला निवास करता शाक्यादि श्रमण के ब्राह्मणोना दंड, छत्र **यावत्** चर्मछेदनक ईत्यादि उपकरण पडयां होय,

तेने तेओ अंदरथी बहार न काढे अने बहारथी अंदर न राखे. सूतां होय तेने जगाडे नहिं. जरा पण अयोग्य के प्रतिकूळ व्यवहार न करे. (जेथी तेमना हृदयने आघात न पहोंचे.)

अवग्रह ग्रहण निषेध – ६

सचित्त पुढवी आईणं उग्गह णिसेहो -

१४०९. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा– अणंतरहियाए पुढवीए-**जाव**- मक्कडा-संताणए तहप्पगारं उग्गहं णो ओगिण्हेज्ज वा, पगिण्हेज्ज वा ।

–आ. सु. २, अ. ७, उ. १, सु. ६१२

सचित्त पृथ्वी आदिना अवग्रहनो निषेध :

१४०९. साधु अथवा साध्वी एवा अवग्रह स्थानने जाणे के, सचित्त पृथ्वीनी नजीक होय **यावत्** करोळीयानां जाणांथी युक्त होय तो एवा प्रकारना स्थाननी आज्ञा ग्रहण न करे.

१ आ. सु. २, अ. ७, उ. १, सु. ६०८

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अंतलिक्खजात उग्गहाणं णिसेहो -

१४१०. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा–थूणंसि वा, गेहलुगंसि वा, उसुयालंसि वा, कामजलंसि वा, अण्णयरंसि वा, तहप्पगारंसि अंतलिक्खजायंसि दुब्बद्धे-**जाव**-चलाचले, णो उग्गहं ओगिण्हेज्ज वा, पगिण्हेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुणं उग्गहं जाणेज्जा–खंधंसि वा, भित्तिंसि वा, सिलंसि वा, लेलुंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि दुब्बद्धे-**जाव**-चलाचले, णो उग्गहं ओगिण्हेज्ज वा पगिण्हेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा–खंधंसि वा, मंचंसि वा, मालंसि वा, पासायंसि वा, हम्मियतलंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्ख–जायंसि दुब्बद्धे–**जाव**–चलाचले, णो उग्गहं ओगिण्हेज्जा वा, पगिण्हेज्ज वा ।

–आ. सु. २, अ. ७, उ. १, सु. ६१३–६१५

अंतरिक्षजात अवग्रहनो निषेध :

१४१०. साधु अथवा साध्वी એવા અવગ્રહને જાણે, જેવા કે ઝાડનું ઠૂંઠું, ઉંબરો, ખાંડણીયો, ન્હાવાની ખાટલી અથવા બીજા કોઈ એવા અંતરિક્ષજાત (આકાશીય-અદ્ધરતાલ) સ્થાન કે જે દુર્બદ્ધ **યાવત્** ચલાચલ હોય એની આજ્ઞા ગ્રહણ ન કરે.

સાધુ અથવા સાધ્વી એવા અવગ્રહને જાણે, જેવા કે ઘરની કાચી દીવાલ, ઈંટ આદિની પાકી દીવાલ, શીલા અથવા શીલાખંડ ઈત્યાદિ એવા બીજા કોઈ પણ આકાશીય સ્થાન કે જે દુર્બદ્ધ **યાવત્** ચલાચલ હોય એની આજ્ઞા ગ્રહણ ન કરે.

સાધુ અથવા સાધ્વી એવા અવગ્રહને જાણે જેવા કે ઘર સ્તંભ પર, માંચડા પર, મંઝિલ પર, પ્રાસાદ પર કે મકાનની ઉપરની છત ઈત્યાદિ એવા આકાશીય સ્થાન કે જે દુર્બદ્ધ **યાવત્** ચલાચલ હોય એની આજ્ઞા ગ્રહણ ન કરે.

सागारिय संजुत्त उवस्सयस्स उग्गह णिसेहो -

१४११. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा–**ससागारियं**, सागणियं, सउदयं, सइत्थिं, सखुड्डं, सपसुभत्तपाणं णो पण्णस्स णिक्खमण पवेसाए-**जाव**-धम्माणुओग चिंताए.

सेवं णच्चा तहप्पगारे उवस्सए ससागारिए-**जाव**-संपसुभत्तपाणे, नो उग्गहं ओगिण्हेज्ज वा, पगिण्हेज्ज वा ।

–आ. सु. २, अ. ७, उ. १, सु. ६१६

गृहस्थ संसर्गवाळा उपाश्रयनो अवग्रह निषेध :

१४११. साधु अथवा साध्वी જે ઉપાશ્રયને એવો સમજે કે, આ ગૃહસ્થના સંસર્ગવાળો છે, અગ્નિકાય, જલકાયથી યુક્ત છે, સ્ત્રીઓ, બાળકો, પશુઓ અને ખાદ્ય સામગ્રીઓથી ભરેલો છે. તેમાં પ્રજ્ઞાવાન સાધુને નિષ્ક્રમણ, પ્રવેશ, **યાવત્** ધર્મ ચિંતન આદિમાં વિઘ્ન આવશે.

એમ જાણી એવા ગૃહસ્થ-સંસર્ગવાળા **યાવત્** પશુ અને ખાદ્ય સામગ્રીવાળા ઉપાશ્રય માટે અવગ્રહ ગ્રહણ ન કરે.

पडिबद्ध उवस्सयस्स उग्गह णिसेहो -

१४१२. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा–गाहावतिकुलस्स मज्झंमज्झेणं गंतुं वत्थए, पडिबद्धं वा, णो पण्णस्स णिक्खमण पवेसाए- **जाव**-धम्माणुओग चिंताए,

से एवं णच्चा तहप्पगारे उवस्सए णो उग्गहं ओगिण्हेज्ज वा, पगिण्हेज्ज वा ।

–आ. सु. २, अ. ७, उ. १, सु. ६१७

गृहस्थना घरना संसर्गवाळा उपाश्रयनो अवग्रह निषेध :

१४१२. साधु अथवा साध्वी જે ઉપાશ્રયને એવો જાણે કે જ્યાં ગૃહસ્થના ઘર વચ્ચેથી આવાગમન કરવાનો માર્ગ છે અને આવવા જવામાં પ્રતિબંધ થાય છે. તેમાં પ્રજ્ઞાવાન સાધુને પ્રવેશ કરવો **યાવત્** ધર્મચિંતનાદિમાં વિઘ્ન આવશે.

એમ જાણી એવા ઉપાશ્રય માટે અવગ્રહ ગ્રહણ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अकप्पणिज्ज उवस्सयाण उग्गह णिसेहो -

१४१३. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा-इह खलु गाहावती वा-**जाव**-कम्मकरीओ वा, अन्नमन्नं अक्कोसंति वा-**जाव**-उद्दवंति वा । **तहेव तेल्लादि, सिणाणादि, सीओदगवियडादि, णिगिणाठित्ता जहा सेज्जाए आलावगा, णवरं उग्गहं वत्तव्वया ।**

-आ. सु. २, अ. ७, उ. १, सु. ६१८

अકલ્પનીય ઉપાશ્રયનો અવગ્રહ નિષેધ :

૧૪૧૩. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયના વિષયમાં એમ જાણે કે, અહીં ગૃહસ્વામી **યાવત્** કર્મચારીઓ પરસ્પર લડાઈ ઝઘડા કરે છે **યાવત્** મારપીટ કરે છે. **એજ પ્રમાણે એકબીજાના શરીર પર તેલ આદિ લગાવે છે, સ્નાન આદિ સુગંધી, પદાર્થ લગાવે છે, શીતળ જળથી કે ગરમ જળથી શરીર સાફ કરે છે, એકબીજા પર સિંચન કરતા હોય કે નગ્નસ્થિત હોય ઈત્યાદિ વર્ણન શૈયા-અધ્યયનોના આલાપકોની જેમ અહીં સમજી લેવું જોઈએ. વિશેષમાં અહીં અવગ્રહની વક્તવ્યતા કહેવી જોઈએ.**

सचित्त उवस्सयस्स उग्गह णिसेहो-

१४१४. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण उग्गहं जाणेज्जा-आइण्णं संलेक्खं, णो पण्णस्स णिक्खमण पवेसाए-**जाव**-धम्माणुओगचिंताए से एवं णच्चा, तहप्पगारे उवस्सए णो उग्गहं ओगिण्हेज्ज वा, पगिण्हेज्ज वा ।

-आ. सु. २, अ. ७, उ. १, सु. ६१९

સચિત્ર ઉપાશ્રયનો અવગ્રહ લેવાનો નિષેધ :

૧૪૧૪. સાધુ અથવા સાધ્વી જે ઉપાશ્રયના વિષયમાં એમ જાણે કે, જે સ્ત્રી-પુરુષ આદિનાં ચિત્રોથી ભરપૂર છે, એવા ઉપાશ્રયમાં પ્રજ્ઞાવાન સાધુને પ્રવેશ કરવો **યાવત્** ધર્મચિંતનાદિ કરવામાં વિઘ્ન આવશે એમ જાણી એવા ઉપાશ્રય માટે અવગ્રહ ગ્રહણ ન કરે.

संस्तारक ग्रहण विधि-७

आगंतुग समणाणं सेज्जा संथारगस्स विहि-

१४१५. जद्दिवसं च णं समणा निग्गंथा सेज्जासंथारयं विप्पजहंति तद्दिवसं च णं अवरे समणा निग्गंथा हव्वमागच्छेज्जा सच्चेव ओग्गहस्स पुव्वाणुन्नवणा चिट्ठइ अहालंदमवि उग्गहे ।

-कप्प. उ. ३, सु. २८

આગંતુક શ્રમણોની શૈયાસંસ્તારકની વિધિ :

૧૪૧૫. જે દિવસે સાધુ શૈયાસંસ્તારક છોડી વિહાર કરતાં હોય તે જ દિવસે અથવા તે જ સમયે બીજા સાધુ આવી જાય તો, તે જ પૂર્વે લીધેલ આજ્ઞાથી જેટલો સમય રહેવું હોય, તેટલો સમય શૈયાસંસ્તારક ગ્રહણ કરી રહી શકાય છે.

सेज्जासंथारग गहणं विहि-

१४१६. गाहा उदू पज्जोसविए । ताए गाहाए, ताए पएसाए, ताए उवासंतराए, जमिणं जमिणं सेज्जासंथारगं लभेज्जा, तमिणं तमिणं ममेव सिया ।
थेरा य से अणुजाणेज्जा, तस्सेव सिया । थेरा य से नो अणुजाणेज्जा नो तस्सेव सिया ।

एवं से कप्पइ अहाराइणियाए सेज्जासंथारगं पडिग्गाहित्तए ।[1]

-वव. उ. ८, सु. १

શૈયા સંસ્તારક ગ્રહણ કરવાની વિધિ :

૧૪૧૬. હેમંત, ગ્રીષ્મ કે વર્ષાકાળમાં જે કોઈ ઘરમાં રહ્યાં હોય તેના ઓરડાઓમાં, તેના સ્થાનોમાં જે જે શૈયા સંસ્તારક મળે તે તે ગ્રહણ કરે.
જો સ્થવિર તે સ્થાનને વિષે આજ્ઞા આપે તો ત્યાં શૈયા સંસ્તારક કરવા કલ્પે છે, જો સ્થવિર આજ્ઞા ન આપે તો શૈયા સંસ્તારક કરવા કલ્પતા નથી.
સ્થવિર આજ્ઞા ન આપે તો રત્નાધિકોના ક્રમથી શૈયા સંસ્તારક ગ્રહણ કરવા કલ્પે છે.

णिग्गंथाणं कप्पणिज्ज आसणाइं-

१४१७. कप्पइ निग्गंथाणं सावस्सयंसि आसणंसि आसइत्तए वा, तुयट्टित्तए वा ।
कप्पइ निग्गंथाणं सविसाणंसि पीढंसि वा, फलगंसि वा, आसइत्तए वा, तुयट्टित्तए वा ।

-कप्प उ. ५, सु. ३७, ३९

સાધુઓ માટે કલ્પનીય આસન :

૧૪૧૭. સાધુઓને સાવશ્રય (આલંબન યુક્ત) આસન પર બેસવું તથા શયન કરવું કલ્પે છે.
સાધુઓને સવિષાણ પીઠ (બાજોઠ) પર અથવા પાટ પર બેસવું તથા શયન કરવું કલ્પે છે.

---

१. कप्प. उ. ३, सु. १९ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेज्जासंथारग आणयण विहि -

१४१८. से य अहालहुसगं सेज्जासंथारगं गवेसेज्जा, जं चक्किया एगेणं हत्थेणं ओगिज्झ जाव एगाहं वा, दुयाहं वा, तियाहं वा अद्धाणं परिवहित्तए, एस मे हेमंत- गिम्हासु भविस्सइ ।

से य अहालहुसगं सेज्जासंथारगं गवेसेज्जा, जं चक्किया एगेणं हत्थेणं ओगिज्झ-जाव-एगाहं वा, दुयाहं वा, तियाहं वा अद्धाणं परिवहित्तए, एस मे वासावासासु भविस्सइ ।

से य अहालहुसगं सेज्जासंथारगं गवेसेज्जा, जं चक्किया एगेणं हत्थेणं ओगिज्झ-जाव-एगाहं वा, दुयाहं वा, तियाहं वा, चउयाहं वा, पंचाहं वा, दूरमवि अद्धाणं परिवहित्तए, एस मे वुड्ढावासासु भविस्सइ ।

-वव. उ. ८, सु. २-४

शैया संस्तारक लावववानी विधि :

१४१८. श्रमण यथासंभव हलका शैया संस्तारक माटे अन्वेषण करे, ओ ओटलुं हलकुं होय के तेने ओक हाथे ग्रहण करी शकाय तथा बे त्रण दिवसना मार्गमां उपाडी शकाय. ओवा प्रयोजनथी के 'आ शैया संस्तारक मने हेमंत के ग्रीष्म ऋतुमां काम आवशे.'

श्रमण यथासंभव हलका शैया संस्तारक माटे अन्वेषण करे, ओ ओटलुं हलकुं होय के तेने ओक हाथे ग्रहण करी शकाय, तथा बे त्रण दिवसना मार्गमां उपाडी शकाय. ओवा प्रयोजनथी के 'आ शैया संस्तारक मने वर्षावासमां काम आवशे.'

श्रमण यथासंभव हलका शैया संस्तारक माटे अन्वेषण करे, ओ ओटलुं हलकुं होय के तेने ओक हाथे ग्रहण करी शकाय, तथा बे त्रण चार अथवा पांच दिवसना मार्गमां उपाडी शकाय, (बे कोश उपरांतना मार्गे पण लई जई शकाय.) ओवा प्रयोजनथी के, 'आ संस्तारक मने वृद्धावस्थामां काम लागशे.'

सेज्जा संथारगस्स पुणरवि अणुण्णा -

१४१९. कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा पाडिहारियं वा सागारिय-संतियं वा सेज्जासंथारगं दोच्चंपि ओग्गहं अणुन्नवेत्ता बहिया नीहरित्तए ।

कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा पाडिहारियं वा, सागारिय-संतियं वा सेज्जासंथारगं सव्वप्पणा अप्पिणित्ता दोच्चंपि ओग्गहं अणुन्नवेत्ता अहिट्ठित्तए ।

-वव. उ. ८, सु. ७, ९

शैया संस्तारकनी फरी आज्ञा लेवानी विधि :

१४१९. साधु अथवा साध्वीओ प्रातिहारिक अथवा शैयातरना शैया संस्तारकने बीजीवार आज्ञा लईने ज वस्तीनी बहार लई जवा कल्पे छे.

साधु अथवा साध्वीने प्रातिहारिक अथवा शैयातरना शैया संस्तारकने सर्वथा सोंपी दीधा बाद बीजीवार आज्ञा लईने ज लेवा कल्पे छे.

सेज्जा संथारग संथरण विही-

१४२०. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा सेज्जा-संथारग भूमिं पडिलेहित्तए णण्णत्थ आयरिएण वा, उवज्झाएण वा, पवत्तएण वा, थेरेण वा, गणिणा वा, गणहरेण वा, गणावच्छेइएण वा, बालेण वा, वुड्ढेण वा, सेहेण वा, गिलाणेण वा, आएसेण वा, अंतेण वा, मज्झेण वा, समेण वा, विसमेण वा, पवाएण वा, णिवातेण वा पडिलेहिय- पडिलेहिय, पमज्जिय पमज्जिय ततो संजयामेव बहुफासुयं सेज्जासंथारगं संथरेज्जा ।

-आ. सु. २, अ. २, उ. ३, सु. ४६० (क)

शैया संस्तारक बीछाववानी विधि :

१४२०. साधु अथवा साध्वी शैया बीछाववा माटे भूमि जोवा ईच्छे तो आचार्ये, उपाध्याये, प्रवर्तके, स्थविरे, गणी, गणधर, गणावच्छेदके, बाळसाधुओ, वृद्ध साधुओ, नवदीक्षिते, बीमारे अथवा आवेला मुनिओ जे भूमि रोकी होय तेने छोडी किनारा पर, मध्य भागमां, सम के विषम भूमिमां, पवनवाणी के पवन रहित भूमिमां यतनापूर्वक प्रतिलेखन करी करीने, प्रमार्जन करी करीने पोताना माटे घणा ज प्रासुक शैया संस्तारकने यतनापूर्वक बीछावे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेज्जासंथारे आरोहण सयण विहि –

१४२१. से भिक्खू वा, भिक्खुणी वा बहुफासुयं सेज्जासंथारगं संथरित्ता अभिकंखेज्जा, बहुफासुए सेज्जासंथारए दुरूहित्तए ।

से भिक्खू वा, भिक्खुणी वा बहुफासुए सेज्जासंथारए दुरूहमाणे पुव्वामेव ससीसोवरियं कायं पाए य, पमज्जिय-पमज्जिय ततो संजयामेव बहुफासुए, पूंजी सेज्जासंथारए दुरूहेज्जा, दुरूहित्ता ततो संजयामेव बहुफासुए सेज्जासंथारए सएज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा बहुफासुए सेज्जा-संथारए सयमाणे णो अण्णमण्णस्स हत्थेण हत्थं, पादेण पादं, कायेण कायं आसाएज्जा। से अणासायए अणासायमाणे ततो संजयामेव बहुफासुए सेज्जा संथारए सएज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा ऊससमाणे वा, णीससमाणे वा, कासमाणे वा, छीयमाणे वा, जंभायमाणे वा, उड्डोए वा, वातणिसग्गे वा करेमाणे, पुव्वामेव आसयं वा, पोसयं वा पाणिणा परिपिहेत्ता ततो संजयामेव ऊससेज्ज वा-**जाव**- वायणिसग्गं वा करेज्जा ।

– आ. सु. २, अ. २, उ. ३, सु. ४६० (ख) ४६१

शय्या संसारक पर आरूढ थवानी तथा शयननी विधि :

१४२१. साधु अथवा साध्वी पूर्वोक्त विधि अनुसार संथारो बीछावीने ते प्रासुक संथारा पर यतनापूर्वक शयन करे.

साधु अथवा साध्वी बीछाना पर शयन करती वखते शरूआतमां ज मस्तकथी पग सुधी आखुं शरीर रजोहरणथी पूंजीपूंजीने पछी यतनापूर्वक प्रासुक संस्तारक पर आरूढ थाय. आरूढ थईने यतनापूर्वक ते प्रासुक संस्तारक पर शयन करे.

साधु अथवा साध्वी प्रासुक संस्तारक पर शयन करती वखते एवी रीते शयन करे के परस्पर एकबीजाना हाथथी हाथ, पगथी पग अने शरीरथी शरीरनी आशातना न थाय एवी रीते आशातना न करता यतनापूर्वक प्रासुक शय्या संस्तारक पर सुवे.

शयन कर्या पछी साधु के साध्वी उच्छ्वास लेतां, निश्वास मूकतां, खांसी खातां, छींक खातां, बगासुं खातां, ओडकार खातां अथवा वायु निसर्ग करती वखत पहेलेथी मुख अथवा अपान प्रदेशने हाथथी ढांकी पछी यतनापूर्वक उच्छवास ले **यावत्** वातनिसर्ग करे.

अण्णसंभोइयाणं पीढाई णिमंतण विही-

१४२२. से आगंतारेसु वा-**जाव**-परियावसहेसु वा अणुवीइ उग्गहं जाएज्जा-**जाव**-से किं पुण तत्थोग्गहियंसि एवोग्गहंसि ?

जे तत्थ साहम्मिया अण्णसंभोइया, समणुण्णा उवागच्छेज्जा जे तेण सयमेसित्तए, पीढे वा, फलए वा सेज्जासंथारए वा तेण ते साहम्मिए अण्णसंभोइए समणुण्णे उवणिमंतेज्जा, णो चेव णं परिपडियाए ओगिण्हिय ओगिण्हिय उवणिमंतेज्जा।

– आ. सु. २, अ. ७, उ. १, सु. ६१०

अन्य सांभोगिकने पीढ ईत्यादि माटे निमंत्रण विधि :

१४२२. साधु धर्मशाळा **यावत्** परिव्राजकना निवास माटे विचार करीने अवग्रह ग्रहण करे **यावत्** त्यारबाद त्यां शुं करे ?

जो त्यां साधर्मिक, अन्य सांभोगिक, समनोज्ञ साधु आवी जाय तो पोताना माटे ग्रहण करेलां पाट, पाटलां तथा शय्या संस्तारक ते साधर्मिक, अन्य सांभोगिक साधुओने निमंत्रण करी आपे एमना माटे बीजा लावी आपवानुं न करे.

सागारिय सेज्जा संथारगा पच्चप्पिणण विही-

१४२३. कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा सागारिय संतियं सेज्जासंथारयं आयाए विगरणं कट्टु संपव्वइत्तए ।

–कप्प. उ. ३, सु. २६

सागारिकना शय्या संस्तारकनी अर्पण विधि :

१४२३. साधु अथवा साध्वीए सागारिक पासेथी ग्रहण करेला शय्या संस्तारकने व्यवस्थित करीने ज विहार करवो कल्पे छे.

विप्पणट्ठ सेज्जासंथारगाणं गवेसण विही-

१४२४. इह खलु निग्गंथाण वा, निग्गंथीण वा पाडिहारिए वा सागारियसंतिए वा सेज्जासंथारए विप्पणसेज्जा, से य अणुगवेसियव्वे सिया ।

खोवायेला शय्या संस्तारक शोधवानी विधि :

१४२४. साधु अथवा साध्वीए प्रातिहारिक के सागारिकना शय्या संस्तारक जो खोवाई गयां होय तो तेने शोधवा जोईए.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से य अणुगवेसमाणे लभेज्जा तस्सेव पडिदायव्वे सिया ।

से य अणुगवेसमाणे नो लभेज्जा एवं से कप्पइ दोच्चंपि उग्गहं अणुण्णवेत्ता परिहारं परिहरित्तए ।

–कप्प. उ. ३, सु. २७

શોધવાથી મળી જાય તો તેમને આપી દેવા જોઈએ.

શોધવા છતાં પણ ન મળે તો ફરી આજ્ઞા લઈ બીજા સંસ્તારક ગ્રહણ કરી ઉપયોગમાં લેવા કલ્પે છે.

अपडिलेहिए सेज्जासंथारए सुवमाणो पावसमणो –

१४२५. ससरक्खपाए सुवई, सेज्जं न पडिलेहइ ।
संथारए अणाउत्ते, पावसमणि त्ति वुच्चई ।।

–उत्त. अ. १७, गा. १४

પ્રતિલેખન કર્યા વગર શય્યા પર શયન કરવાવાળા પાપ-શ્રમણ હોય છે.

૧૪૨૫. જે સચિત્ત ધૂળવાળા પગનું પ્રમાર્જન કર્યા વગર સૂઈ જાય છે અને જે શય્યાનું પ્રતિલેખન કરતાં નથી, આ પ્રમાણે પ્રતિલેખન તથા સૂવાના વિષે જે અસાવધાન રહે છે, તે પાપ-શ્રમણ છે.

अणुकूल पडिकूलाओ सेज्जाओ –

१४२६. से भिक्खू वा, भिक्खुणी वा,
समा वेगया सेज्जा भवेज्जा,
विसमा वेगया सेज्जा भवेज्जा,
पवाता वेगया सेज्जा भवेज्जा,
णिवाता वेगया सेज्जा भवेज्जा,
ससरक्खा वेगया सेज्जा भवेज्जा,
अप्पसरक्खा वेगया सेज्जा भवेज्जा,
सदंस-मसगा वेगया सेज्जा भवेज्जा,
अप्पदंस-मसगा वेगया सेज्जा भवेज्जा,
सपरिसाडा वेगया सेज्जा भवेज्जा,
अपरिसाडा वेगया सेज्जा भवेज्जा,
सउवसग्गा वेगया सेज्जा भवेज्जा,
णिरुवसग्गा वेगया सेज्जा भवेज्जा,
तहप्पगाराइं सेज्जाहिं संविज्जमाणाहिं पग्गहियतरागं विहारं विहरेज्जा । णो किंचि वि गिलाएज्जा ।

–आ. सु. २, अ. २, उ. ३, सु. ४६२

અનુકૂળ અને પ્રતિકૂળ શય્યાઓ :

૧૪૨૬. સંયમશીલ સાધુ તથા સાધ્વીને,
ક્યારેક સમ શય્યા મળે,
ક્યારેક વિષમ મળે,
ક્યારેક હવાવાળી શય્યા મળે,
ક્યારેક હવા વગરની શય્યા મળે,
ક્યારેક રજવાળી શય્યા મળે,
ક્યારેક રજ રહિત શય્યા મળે,
ક્યારેક ડાંસ મચ્છરોવાળી શય્યા મળે,
ક્યારેક ડાંસ મચ્છરો રહિત શય્યા મળે,
ક્યારેક જર્જરિત શય્યા મળે,
ક્યારેક નવી શય્યા મળે,
ક્યારેક ઉપસર્ગસહિત શય્યા મળે,
ક્યારેક ઉપસર્ગરહિત શય્યા મળે,
જેવી શય્યા મળે તેવી સમભાવથી ગ્રહણ કરી લેવી જોઈએ. પ્રતિકૂળ મળવા છતાં પણ લેશમાત્ર ગ્લાનિ ન કરે.

संस्तारक ग्रहण निषेध – ८

णिग्गंथीणं अकप्पणीय आसणाइं-

१४२७. नो कप्पइ निग्गंथीणं सावस्सयंसि आसणंसि आसइत्तए वा, तुयट्टित्तए वा ।

नो कप्पइ निग्गंथीणं सविसाणंसि पीढंसि वा, फलगंसि वा, आसइत्तए वा, तुयट्टित्तए वा ।

– कप्प. उ. ५, सु. ३६, ३८

સાધ્વીઓના અકલ્પનીય આસન :

૧૪૨૭. સાધ્વીઓને સાવશ્રય (આલંબન યુક્ત) આસન પર બેસવું તથા શયન કરવું કલ્પે નહીં.

સાધ્વીઓને સવિષાણ પીઠ (બાજોઠ) પર અથવા પાટ પર બેસવું તથા શયન કરવું કલ્પે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दोच्चं उग्गहं विणा सेज्जासंथारग गहण णिसेहो -

१४२८. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, पाडिहारियं वा, सागारियसंतियं वा सेज्जासंथारगं दोच्चंपि ओग्गहं अणणुन्नवेत्ता बहिया नीहरित्तए ।

नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, पाडिहारियं वा, सागारियसंतियं वा सेज्जासंथारगं सव्वप्पणा अप्पिणित्ता दोच्चंपि ओग्गहं अणणुन्नवेत्ता अहिट्ठित्तए ।

– *वव. उ. ८, सु. ६, ८*

बीजीवार आज्ञा लीधा विना शय्या संस्तारक ग्रहण करवानो निषेध :

१४२८. साधु अथवा साध्वीने प्रातिहारिक के शय्यातरना शय्या संस्तारक बीजीवार आज्ञा लीधा विना वस्तीनी बहार लई जवा कल्पता नथी.

साधु अथवा साध्वीने प्रातिहारिक के शय्यातरना शय्या संस्तारक सर्वथा सोंपी दीधा बाद बीजीवार आज्ञा लीधा वगर काममां लेवा कल्पता नथी.

सेज्जासंथारग पच्चप्पणेण विणा विहार णिसेहो -

१४२९. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा पाडिहारियं सेज्जा संथारयं आयाए अपडिहट्टु संपव्वइत्तए ।

नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा सागारियसंतियं सेज्जासंथारयं आयाए अविकरणं कट्टु संपव्वइत्तए ।

– *कप्प. उ. ३, सु. २४-२५*

शय्या संस्तारक पाछुं आप्या विना विहार करवानो निषेध :

१४२९. साधु अथवा साध्वीने ग्रहण करेला प्रातिहारिक शय्या-संस्तारकने सोंप्या विना विहार करवो कल्पतो नथी.

साधु अने साध्वीने ग्रहण करेला शय्यातरना शय्या-संस्तारकने व्यवस्थित कर्या वगर विहार करवो कल्पतो नथी.

संस्तारक ग्रहण विधि – निषेध – ९

कप्पणिज्जा अकप्पणिज्जा सेज्जा संथारगा-

१४३०. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं एसित्तए । से ज्जं पुण संथारगं जाणेज्जा-सअंडं -**जाव**-मक्कडासंताणगं, तहप्पगारं संथारगं अफासुयं-**जाव**-णो पडिगाहेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण संथारगं जाणेज्जा अप्पंडं-**जाव**-मक्कडा-संताणगं, गरुयं, तहप्पगारं संथारगं अफासुयं-**जाव**-णो पडिगाहेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण संथारगं जाणेज्जा अप्पंडं-**जाव**-मक्कडा-संताणगं, लहुयं, अप्पडिहारियं, तहप्पगारं संथारगं अफासुयं-**जाव**-णो पडिगाहेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण संथारगं जाणेज्जा-अप्पंडं-**जाव**-मक्कडा-संताणगं लहुयं, पडिहारियं, णो अहाबद्धं, तहप्पगारं संथारगं अफासुयं-**जाव**-णो पडिगाहेज्जा ।

कल्पनीय अकल्पनीय शय्या संस्तारक :

१४३०. साधु अथवा साध्वी संस्तारकनी गवेषणा करवा ईच्छे तो एवुं जाणे के - संस्तारक ईंडाथी **यावत्** करोळीयाना जाळ आदिथी युक्त छे तो एवा प्रकारना संस्तारकने दूषित जाणीने मळे तो पण **यावत्** ग्रहण न करे.

साधु अथवा साध्वी जे संथाराने ईंडा **यावत्** करोळीयानी जाळ आदिथी रहित होय परंतु जो वजनदार जाणे तो एवो दूषित जाणी मळे तो पण **यावत्** ग्रहण न करे.

साधु अथवा साध्वी जे संथाराने ईंडा **यावत्** करोळीयानी जाळथी रहित, अने हलकां पण छे परंतु अप्रतिहारिक छे, अर्थात् दाता फरी लेवा ईच्छतो नथी एवां जाणे तो एवा संस्तारकने दूषित जाणी **यावत्** ग्रहण न करे.

साधु अथवा साध्वी संथाराने ईंडा **यावत्** करोळीयानी जाळथी रहित हलकां अने प्रातिहारिक होय परंतु सारी रीते बनावेल न होय अथवा डगमगतुं होय एवां जाणे तो एवा संस्तारकने दूषित जाणी मळे तो पण **यावत्** ग्रहण न करे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं एसित्तए। से ज्जं पुण संथारगं जाणेज्जा-अप्पंड -**जाव**-मक्कडा-संताणगं लहुयं, पाडिहारियं, अहाबद्धं । तहप्पगारं संथारगं फासुयं एसणिज्जं त्ति मण्णमाणे लाभे संते पडिगाहेज्जा ।

-आ. सु. २, अ. २, उ. ३, सु. ४५५ (क)

साधु अथवा साध्वी જે સંથારાને ઈંડા **यावत्** કરોળીયાની જાળથી રહિત, હલકાં પ્રાતિહારિક અને સારી રીતે બનાવેલ જાણે અને જો તે દાતા આપતા હોય તો પ્રાસુક તથા એષણીય જાણીને **यावत्** ગ્રહણ કરે.

सेज्जासंथारग गहणं विहि-णिसेहो -

१४३१. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पुव्वामेव ओग्गहं ओगिण्हित्ता तओ पच्छा अणुन्नवेत्तए ।

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पुव्वामेव ओग्गहं अणुन्नवेत्ता तओ पच्छा ओगिण्हित्तए ।

अह पुण एवं जाणेज्जा-इह खलु निग्गंथाण वा निग्गंथीण वा नो सुलभे पाडिहारिए सेज्जा संथारए त्ति कट्टु एवं णं कप्पइ पुव्वामेव ओग्गहं ओगिण्हित्ता तओ पच्छा अणुन्नवेत्तए ।

"मा वहउ अज्जो ! बिइयं" त्ति वइ अणुलोमेणं अणुलोमेयव्वे सिया ।

-वव. उ. ८, सु. १०-१२

शय्या संस्तारक ग्रहण करवानो विधि निषेध :

१४३१. साधु अने साध्वीએ પહેલાં શય્યા સંસ્તારક ગ્રહણ કરવાં અને ત્યારબાદ તેની આજ્ઞા લેવી, એવું કલ્પતું નથી.

પણ સાધુ અને સાધ્વીએ પહેલાં આજ્ઞા લેવી, ત્યારબાદ શય્યા સંસ્તારક ગ્રહણ કરવાં કલ્પે છે.

સાધુ અને સાધ્વી જે શય્યા સંસ્તારક વિષે એમ જાણે કે આ પ્રાતિહારિક શય્યા સંસ્તારક સુલભ નથી તો પહેલાં સ્થાન કે શય્યા સંસ્તારક ગ્રહણ કરે અને ત્યારબાદ તેની આજ્ઞા લેવી કલ્પે છે.

(જો એમ કરવાથી શય્યા સંસ્તારકના સ્વામીની સાથે કોઈ પણ પ્રકારનો કલહ થઈ જાય તો આચાર્ય શ્રમણોને આ પ્રમાણે કહે, 'હે આર્ય ! એક તરફ તમે તેના શય્યા સંસ્તારક લો છો અને બીજી તરફ તમે તેમને કઠોર વચન બોલો છો) હે આર્ય ! તમારે એની સાથે એવા બેવડા અપરાધવાળો દુર્વ્યવહાર ન કરવો જોઈએ.'

આ પ્રમાણે આચાર્ય અનુકૂળ વચનોથી (સ્વામીને) અનુકૂળ કરવા જોઈએ.

संथारगस्स पच्चप्पण विहि- णिसेहो -

१४३२. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं पच्चप्पिणित्तए । से ज्जं पुण संथारगं जाणेज्जा-सअंडं-**जाव**-मक्कडासंताणगं, तहप्पगारं संथारगं णो पच्चप्पिणेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा संथारगं पच्चप्पिणित्तए । से ज्जं पुण संथारगं जाणेज्जा-अप्पंडं-**जाव**-मक्कडासंताणगं, तहप्पगारं संथारगं पडिलेहिय-पडिलेहिय, पमज्जिय-पमज्जिय, आतविय-आतविय, विणिद्धुणिय-विणिद्धुणिय, ततो संजयामेव पच्चप्पिणेज्जा ।

-आ. सु. २, अ. २, उ. ३, सु. ४५८

संस्तारक प्रत्यर्पण विधि निषेध :

१४३२. કોઈ સાધુ અથવા સાધ્વી સંસ્તારક પાછું આપવાની ઈચ્છા કરે, પરંતુ એવું જાણે કે - આ ઈંડા **यावत्** કરોળીયાનાં જાળાંવાળું કે જીવજંતુવાળું છે તો એવું સંસ્તારક પાછું ન આપે.

સાધુ અથવા સાધ્વી સંસ્તારક પાછું આપવાની ઈચ્છા કરે અને તે સમયે જાણે કે - આ ઈંડા **यावत्** કરોળીયાના જાળાંથી કે જીવજંતુથી રહિત છે, તો તેને સમ્યક્ પ્રકારથી પ્રતિલેખન કરે, વારંવાર પ્રમાર્જન કરે, સૂર્યની આતાપના આપે અને ઝાટકી યતનાપૂર્વક પાછું આપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संस्तारक संबंधी प्रायश्चित्त - १०

सेज्जा संथारगाणं पायच्छित्त सुत्ताइं-

१४३३. जे भिक्खू उडुबद्धियं सेज्जा संथारगं परं पज्जोसवणाओ उवाइणावेइ, उवाइणावेंतं वा साइज्जइ ।

जे भिक्खू वासावासियं सेज्जा संथारगं परं दसरायकप्पाओ उवाइणावेइ उवाइणावेंतं वा साइज्जइ ।

जे भिक्खू उडुबद्धियं वा वासावासियं सेज्जा संथारगं उवरिसिज्जमाणं पेहाए न ओसारेइ न ओसारेंतं वा साइज्जइ ।

जे भिक्खू पाडिहारियं सेज्जा संथारगं दोच्चंपि अणणुण्णवित्ता बाहिं नीणेइ, नीणेंतं वा साइज्जइ ।

जे भिक्खू सागारियसंतियं सेज्जा संथारगं दोच्चंपि अणणुण्णवित्ता बाहिं नीणेइ, नीणेंतं वा साइज्जइ ।

जे भिक्खू पाडिहारियं वा सागारियसंतियं वा सेज्जासंथारगं दोच्चंपि अणणुण्णवित्ता बाहिं नीणेइ, नीणेंतं वा साइज्जइ ।

जे भिक्खू पाडिहारियं सेज्जा संथारगं आयाए अपडिहट्टु संपव्वयइ संपव्वयंतं वा साइज्जइ ।

जे भिक्खू सागारियसंतियं सेज्जा संथारगं आयाए अविगरणं कट्टु अणप्पिणित्ता संपव्वयइ, संपव्वयंतं वा साइज्जइ ।

जे भिक्खू पाडिहारियं वा, सागारियसंतियं वा सेज्जा संथारगं विप्पणट्ठं न गवेसइ, न गवेसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. २, सु. ५०-५८

शय्या संस्तारक संबंधी प्रायश्चित्त सूत्र :

१४३३. જે ભિક્ષુ શીત અથવા ગ્રીષ્મ ઋતુમાં ગ્રહણ કરેલાં શય્યા સંસ્તારકને પર્યુષણ પછી પણ રાખે છે, (રખાવે છે) અને રાખનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વર્ષાવાસ માટે ગ્રહણ કરેલાં શય્યા સંસ્તારકને, વર્ષાવાસ બાદ પણ દશ રાતથી વધુ રાખે છે, (રખાવે છે) અને રાખનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શેષકાળ અથવા વર્ષાવાસ માટે ગ્રહણ કરેલ શય્યા સંસ્તારકને વરસાદથી ભીંજાતા જોવા છતાં પણ ત્યાંથી હટાવતો નથી, (હટાવવાનું કહેતો નથી) અને હટાવનારનું અનુમોદન કરતો નથી.

જે ભિક્ષુ પ્રાતિહારિકના શય્યા સંસ્તારકને બીજીવાર આજ્ઞા લીધા વગર બહાર લઈ જાય છે, (બહાર લઈ જવા માટે કહે છે) અને બહાર લઈ જનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ શય્યાતરના શય્યા સંસ્તારકને, બીજીવાર આજ્ઞા લીધા વિના બહાર લઈ જાય છે, (બહાર લઈ જવાનું કહે છે) અને બહાર લઈ જનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ પ્રાતિહારિક અથવા શય્યાતરના શય્યા-સંસ્તારકને બીજીવાર આજ્ઞા લીધા વિના બહાર લઈ જાય છે, (બહાર લઈ જવાનું કહે છે) અને બહાર લઈ જનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ પ્રાતિહારિકના શય્યા-સંસ્તારકને ગ્રહણ કર્યા પછી પાછુ સોંપ્યા વગર વિહાર કરે છે, (વિહાર કરાવે છે) અને વિહાર કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ શય્યાતરના શય્યા-સંસ્તારકને ગ્રહણ કરી વ્યવસ્થિત કર્યા વગર અને સોંપ્યા વગર વિહાર કરે છે (વિહાર કરાવે છે) અને વિહાર કરનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ પ્રાતિહારિક અથવા શય્યાતરના શય્યા-સંસ્તારક ખોવાયાં બાદ તેની ગવેષણા કરતો નથી, (કરાવતો નથી) અને કરનારનું અનુમોદન કરતો નથી.

તેને માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गिही वत्थाच्छाइए पीढनिसेज्जाए पायच्छित्त सुत्तं :

१४३४. जे भिक्खू (१) तण-पीढगं वा, (२) पलाल-पीढगं वा, (३) छगण-पिढगं वा, (४) कट्ठ-पिढगं वा, (५) पखत्थेणोच्छन्नं अहिट्ठेइ, अहिट्ठंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १२, सु. २६

गृहस्थना वस्त्रथी आच्छादित बाजोठना आसननुं प्रायश्चित्त सूत्र :

१४३४. જે ભિક્ષુ ગૃહસ્થના વસ્ત્રથી આચ્છાદિત, ૧. ઘાસના બાજોઠ પર, ૨. પરાળના બાજોઠ પર, ૩. છાણથી લીંપેલા બાજોઠ પર, ૪. કાષ્ઠના બાજોઠ પર ૫. નેતરના બાજોઠ પર બેસે છે, (બેસાડે છે) અને બેસનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सागारिय सेज्जासंथारयं अणणुण्णविय गिण्हमाणस्स पायच्छित्त सुत्तं–

१४३५. जे भिक्खू पाडिहारियं वा, सागारिय–संतियं वा सेज्जासंथारयं पच्चप्पिणित्ता दोच्चं पि अणणुण्णविय अहिट्ठेइ अहिट्ठेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. ५, सु. २३

સાગારિકના શય્યા સંસ્તારક વગર આજ્ઞાએ લેવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૪૩૫. જે ભિક્ષુ પ્રાતિહારિક અથવા શય્યાતરના શય્યા-સંસ્તારકને સોંપ્યા બાદ બીજીવાર આજ્ઞા લીધા વગર જ ઉપયોગ કરે છે, (કરાવે છે) અને ઉપયોગ કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वस्त्रैषणा

विधि कल्प - १

णिग्गंथ- निग्गंथीणं वत्थेसणा सरूवं -

१४३६. वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं[1] उग्गहं च कडासणं एतेसु चेव जाणेज्जा ।

– आ. सु. १, अ. २, उ. ५, सु .८९ (क)

साधु साध्वीओना वस्त्रैषणानुं स्वरूप :

૧૪૩૬. (સંયમી) વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, સ્થાન, શય્યા અને આસનની વિવેકપૂર્વક ગૃહસ્થોની પાસેથી યાચના કરે.

पडिलेहणाऽणंतरमेव वत्थ गहण विहाणं -

१४३७. सिया से परो णेता वत्थं निसिरेज्जा, से पुव्वामेव आलोएज्जा "आउसो ! ति वा, भइणी ! ति वा, तुमं चेव णं संतियं केवली बूया–आयाणमेयं !

વસ્ત્રનું પ્રતિલેખન કર્યા પછી વસ્ત્ર ગ્રહણની વિધિ :

૧૪૩૭. સાધુ વસ્ત્રની યાચના કરે તો કદાચિત્ ગૃહસ્થ વસ્ત્ર કાઢીને આપે ત્યારે શ્રમણ લેતા પહેલાં કહે કે, "હે આયુષ્યમન્ ! અથવા બહેન !, હું તમારી સમક્ષ આ વસ્ત્ર ચારેબાજુથી જોઈ લઉં છું." કારણ કે કેવળી ભગવાને 'પ્રતિલેખન કર્યા વિના વસ્ત્ર લેવું તે કર્મબંધનનું કારણ કહ્યું છે.'

---

१. પહેલાના વખતમાં 'પાયપુંછણ' કેવા પ્રકારનું ઉપકરણ હતું- તે વર્તમાનમાં સમજવું અત્યંત કઠિન છે. કારણ કે ઘણા સ્થાને પાયપુંછણ, રજોહરણના સ્થાને માનવામાં આવ્યું છે અને ઘણા સ્થાને 'પાયપુંછણ' અને 'રજોહરણ'ને જુદા-જુદા કહેવામાં આવ્યાં છે.

પ્રશ્નવ્યાકરણ તથા દસવૈકાલિક સૂત્રમાં 'પાયપુંછણ'નો અર્થ 'પગ લૂછવાનું વસ્ત્ર' કરેલો છે. આ બંને સ્થળોમાં બંને ઉપકરણોનો એક સાથે ઉલ્લેખ મળે છે. માટે બંને જુદા જુદા ઉપકરણ છે એવું સિદ્ધ થાય છે.

આ. સુ. ૨, અ. ૧૦, સુ. ૬૪૫ માં મળ- વિસર્જન આવશ્યક હોય તો એ સમયે પોતાનું 'પાયપુંછણ' હોય તો તેનો ઉપયોગ કરે. ન હોય તો બીજા શ્રમણ પાસેથી લઈ તેનો ઉપયોગ કરે. તેવો ઉલ્લેખ છે તેથી એવું અનુમાન થાય છે કે અહીં મળ વિસર્જન પછી મળદ્વારને લૂંછવા માટે જે જીર્ણ વસ્ત્રના ટુકડાનો ઉપયોગ કહ્યો છે, તેને 'પાયપુંછણ' માન્યું છે.

આવા જુદા જુદા મંતવ્યો હોવા છતાં પણ એ નિર્વિવાદ છે કે પહેલા 'પાયપુંછણ' એક આવશ્યક ઉપકરણ હતું માટે અનેક સ્થળે તેનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वत्थंते ओबद्धं सिया-कुंडले वा-**जाव**-रयणावली वा, पाणे वा, बीए वा, हरिए वा ।

अह भिक्खूणं पुव्वोवदिट्ठा-**जाव**-एस उवएसे, जं पुव्वामेव वत्थं अतो अंतेणं पडिलेहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६८

कदाच ते वस्त्रना छेडे कुंडळ बांध्युं होय **यावत्** रत्ननी माळा बांधी होय अथवा प्राणी, बीज लीलोतरी बांधी होय,

એટલા માટે મુનિનો આ પૂર્વોપદિષ્ટ આચાર છે **यावत्** ઉપદેશ આપેલ છે કે પહેલેથી જ વસ્ત્ર ચારેબાજુ જોઈ લેવું.

हेमंत-गिम्हासु वत्थ गहण विहाणं–

१४३८. कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा दोच्चसमोसरणुद्दे–सपत्ताइं चेलाइं पडिगाहेत्तए ।[1]

–कप्प. उ. ३, सु. १७

હેમંત અને ગ્રીષ્મમાં વસ્ત્ર ગ્રહણ કરવાનું વિધાન :

૧૪૩૮. સાધુ અને સાધ્વીને બીજા સમવસરણ (હેમંત અને ગ્રીષ્મ)માં વસ્ત્ર ગ્રહણ કરવાં કલ્પે છે.

पव्वज्जापरियाय कमेण वत्थ गहण विहाणं -

१४३९. कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अहाराइणियाए चेलाइं पडिगाहित्तए ।

–कप्प. उ. ३, सु. १८

પ્રવ્રજ્યા પર્યાયના ક્રમથી વસ્ત્ર ગ્રહણનું વિધાન :

૧૪૩૯. સાધુ અને સાધ્વીને ચારિત્ર પર્યાયના ક્રમથી વસ્ત્ર ગ્રહણ કરવાં કલ્પે છે.

णिग्गंथाणं वत्थाइ एसणा विही-

१४४०. निग्गंथं च णं गाहावइकुलं पिंडवायपडियाए अणुपविट्ठं केइ वत्थेण वा पडिग्गहेण वा, कंबलेण वा, पायपुंछणेण वा उवनिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय आयरियपायमूले ठवेत्ता, दोच्चं पि उग्गहं अणुण्णवित्ता परिहारं परिहरित्तए ।

निग्गंथं च णं बहिया वियारभूमिं वा, विहारभूमिं वा, निक्खंतं समाणं, केइ वत्थेण वा, पडिग्गहेण वा, कंबलेण वा, पायपुंछणेण वा उवनिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय आयरियपायमूले ठवित्ता दोच्चं पि उग्गहं अणुण्णवित्ता परिहारं परिहरित्तए ।

–कप्प. उ. १, सु. ४०-४१

નિગ્રન્થોની વસ્ત્રૈષણા વિધિ :

૧૪૪૦. ગૃહસ્થના ઘરે આહાર લેવા માટે પ્રવેશેલા સાધુને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવા માટે કહે તો વસ્ત્રાદિ ને 'સાગારકૃત' ગ્રહણ કરી આચાર્યના ચરણોમાં અર્પિત કરે તથા આચાર્યની બીજીવાર આજ્ઞા લઈને જ તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

વિચારભૂમિ અથવા વિહારભૂમિ માટે ઉપાશ્રયથી બહાર નીકળેલા સાધુને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવા માટે કહે તો વસ્ત્રાદિને 'સાગારકૃત' ગ્રહણ કરી તેને આચાર્યના ચરણોમાં અર્પણ કરે તથા આચાર્યની બીજીવાર આજ્ઞા લઈને જ તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

णिग्गंथीए वत्थेसणा विही –

१४४१. निग्गंथीए य गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठाए, चेलट्ठे समुप्पज्जेज्जा,
नो से कप्पइ अप्पणो निस्साए चेलं पडिग्गाहेत्तए ।

कप्पइ से पवत्तिणी–निस्साए चेलं पडिग्गाहित्तए ।

નિર્ગ્રન્થીની વસ્ત્રૈષણા વિધિ :

૧૪૪૧. ગૃહસ્થના ઘરે આહાર માટે ગયેલી સાધ્વીને જો વસ્ત્રની આવશ્યકતા હોય તો પોતાની નિશ્રા ('આ વસ્ત્ર હું મારા માટે ગ્રહણ કરી રહી છું' એવા સંકલ્પ)થી વસ્ત્ર લેવા કલ્પતાં નથી.

પરંતુ પ્રવર્તિનીની નિશ્રાથી વસ્ત્ર લેવાં કલ્પે છે.

---

१. એક વર્ષના બે વિભાગ છે - १.- ચાતુર્માસ કાળ, २. ઋતુબધ્ધ કાળ.
ચાતુર્માસ કાળમાં સાધુ- સાધ્વીઓ ચાર માસ સુધી વિહાર કરતા નથી. જ્યાં ચાતુર્માસ કરવાનો એમનો સંકલ્પ હોય છે ત્યાં તેઓ રહે છે.
ઋતુબદ્ધ કાળમાં પોતપોતાના કલ્પ અનુસાર સાધુ- સાધ્વીઓ વિહાર કરતા રહે છે. માટે ચાતુર્માસને પ્રથમ સમોવસરણ અને ઋતુબધ્ધ કાળને બીજો સમોવસરણ કહેવામાં આવે છે. બૃહતકલ્પ ભાષ્ય ગા. ૪૨૪૨ અને ૪૨૯૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नो य से तत्थ पवत्तिणी सामाणा सिया, जे से तत्थ सामाणे आयरिए वा, उवज्झाए वा, पवत्तए वा, थेरे वा, गणी वा, गणहरे वा, गणावच्छेइए वा, जं चऽन्नं पुरओ कट्टु विहरति, कप्पइ से तन्नीसाए चेलं पडिग्गाहेत्तए ।

—कप्प. उ. ३, सु. १३

જો ત્યાં પ્રવર્તિની વિદ્યમાન ન હોય તો જે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર, ગણનાયક જે હોય અથવા જેની પ્રમુખતાથી વિચરણ કરી રહ્યાં હોય, એમની આજ્ઞાથી વસ્ત્ર લેવા કલ્પે છે.

णिग्गंथीए वत्थुग्गह विही–

१४४२. निग्गंथिं च णं गाहावइकुलं पिंडवायपडियाए अणुप्पविट्ठं केइ वत्थेण वा, पडिग्गहेण वा, कंबलेण वा, पायपुंछणेण वा उवनिमंतेज्जा,

कप्पइ से सागारकडं गहाय पवत्तिणिपायमूले ठवित्ता, दोच्चं पि उग्गहं अणुण्णवित्ता परिहारं परिहरित्तए ।

निग्गंथिं च णं बहिया वियारभूमिं वा, विहारभूमिं वा णिक्खंतिं समाणिं केइ वत्थेण वा, पडिग्गहेण वा, कंबलेण वा, पायपुंछणेण वा उवनिमंतेज्जा, कप्पइ से सागारकडं गहाय पवित्तिणिपायमूले ठवेत्ता, दोच्चं पि उग्गहं अणुण्णवित्ता परिहारं परिहरित्तए ।

— कप्प. उ. १, सु. ४२-४३

સાધ્વીની વસ્ત્રાવગ્રહ વિધિ :

૧૪૪૨. ગ્રહસ્થના ઘરે આહાર લેવા માટે પ્રવેશેલી સાધ્વીને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવા માટે કહે તો વસ્ત્રાદિને 'સાગારકૃત' ગ્રહણ કરી, પ્રવર્તિનીના ચરણોમાં અર્પિત કરે તથા પ્રવર્તિનીની બીજીવાર આજ્ઞા લઈને જ તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

વિચારભૂમિ અથવા વિહારભૂમિ માટે ઉપાશ્રયથી બહાર નીકળેલી સાધ્વીને જો કોઈ વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લેવા માટે કહે તો વસ્ત્રાદિને 'સાગારકૃત' ગ્રહણ કરી તેને પ્રવર્તિનીના ચરણોમાં અર્પણ કરે તથા પ્રવર્તિનીની બીજીવાર આજ્ઞા લઈને જ તેનો ઉપયોગ કરવો કલ્પે છે.

निषेध कल्प – २

उद्देसियाइं वत्थ गहण णिसेहो –

१४४३. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा–अस्सिंपडियाए एगं साहम्मियं समुद्दिस्स, पाणाइं–**जाव**–सत्ताइं समारब्भ समुद्दिस्स, कीयं, पामिच्चं, अच्छिज्जं, अभिहडं आहट्टु चेएइ ।

तं तहप्पगारं वत्थं पुरिसंतरकडं वा, अपुरिसंतरकडं वा, बहिया णीहडं वा, अणीहडं वा, अत्तट्ठियं वा, अणत्तट्ठियं वा, परिभुत्तं वा, अपरिभुत्तं वा, आसेवियं वा, अणासेवियं वा, अफासुयं अणेसणिज्जं ति मण्णमाणे लाभे संते णो पडिग्गाहेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा–अस्सिंपडियाए बहवे साहम्मिया समुद्दिस्स पाणाइं–**जाव**–सत्ताइं समारब्भ समुद्दिस्स– **जाव**–णो पडिग्गाहेज्जा ।

औद्देशिकादि वस्त्रना ग्रहणनो निषेध :

૧૪૪૩. સાધુ અને સાધ્વી વસ્ત્રના વિષયમાં એમ જાણે કે- આ વસ્ત્ર એક સાધર્મિક સાધુના નિમિત્તે પ્રાણી **યાવત્** સત્વોની હિંસા કરી બનાવ્યું છે, ખરીદ્યું છે, ઉધાર લીધેલું છે, છીનવેલું છે, બેમાંથી એકની જ આજ્ઞા લીધેલી છે તથા બીજા સ્થાનેથી લાવેલું છે.

આ પ્રકારનું વસ્ત્ર અન્ય પુરુષને દીધેલું હોય અથવા ન દીધેલું હોય, બહાર કાઢેલું હોય અથવા ન કાઢેલું હોય, સ્વીકાર કરેલું હોય અથવા ન કરેલું હોય, ઉપયોગમાં લીધેલું હોય અથવા ન લીધેલું હોય, પહેરેલું હોય અથવા ન પહેરેલું હોય એવા પ્રકારના વસ્ત્રને અપ્રાસુક તથા અનેષણીય સમજી મળવા છતાં પણ ગ્રહણ ન કરે.

સાધુ અથવા સાધ્વી વસ્ત્રના વિષયમાં એમ જાણે કે, દાતાએ પોતાના માટે આ વસ્ત્ર નથી બનાવ્યું પણ અનેક સાધર્મિક સાધુઓ માટે પ્રાણી **યાવત્** સત્વોની હિંસા કરીને બનાવેલું છે તો એવું વસ્ત્ર **યાવત્** ગ્રહણ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा-अस्सिंपडियाए एगं साहम्मिणिं समुद्दिस्स पाणाइं-**जाव**-सत्ताइं समारब्भ समुद्दिस्स-**जाव**-णो पडिग्गाहेज्जा ।

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा-अस्सिंपडियाए बहवे साहम्मिणीओ समुद्दिस्स पाणाइं-**जाव**-सत्ताइं समारब्भ समुद्दिस्स-**जाव**-णो पडिग्गाहेज्जा ।

- आ. सु. २, अ. ५, उ. १, सु. ५५५ (क)

साधु अथवा साध्वी वस्त्रना विषयमां એम જાણે કે, દાતાએ પોતાના માટે આ વસ્ત્ર નથી બનાવ્યું પણ એક સાધર્મિણી સાધ્વી માટે પ્રાણી **યાવત્** સત્વોની હિંસા કરીને બનાવેલું છે તો એવું વસ્ત્ર **યાવત્** ગ્રહણ ન કરે.

સાધુ અથવા સાધ્વી વસ્ત્રના વિષયમાં એમ જાણે કે, દાતાએ પોતાના માટે આ વસ્ત્ર નથી બનાવ્યું પણ અનેક સાધર્મિણી સાધ્વીઓ માટે, પ્રાણી **યાવત્** સત્વોની હિંસા કરીને બનાવેલું છે. તો એવું વસ્ત્ર **યાવત્** ગ્રહણ ન કરે.

समणाइ पगणिय निम्मिय वत्थस्स णिसेहो -

१४४४. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा-बहवे समण-माहण-अतिहि-किविण-वणीमए, पगणिय-पगणिय-समुद्दिस्स-**जाव**-आहट्टु चेएइ ।

तं तहप्पगारं वत्थं पुरिसंतरकडं वा, अपुरिसंतरकडं वा-**जाव**-णो पडिग्गाहेज्जा ।

- आ. सु. २, अ. ५, उ. १, सु. ५५५ (ख)

શ્રમણ આદિને ગણીને બનાવેલા વસ્ત્રાદિ લેવાનો નિષેધ :

१४४४. સાધુ અથવા સાધ્વી વસ્ત્રના વિષયમાં એમ જાણે કે, અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને વનીપકને ગણી ગણીને તેમના ઉદ્દેશ્યથી બનાવેલાં વસ્ત્રો છે, **યાવત્** અન્ય સ્થાનેથી અહીં લાવેલાં છે. તો એવા પ્રકારનાં વસ્ત્ર અન્ય પુરુષને દીધેલાં હોય અથવા ન દીધેલાં હોય તો એવું વસ્ત્ર **યાવત્** ગ્રહણ ન કરે.

अद्ध जोयणमेराए परं वत्थेसणाए गमण णिसेहो -

१४४५. से भिक्खू वा, भिक्खुणी वा परं अद्धजोयणमेराए वत्थपडियाए नो अभिसंधारेज्जा गमणाए ।

- आ. सु. २, अ. ५, उ. १, सु. ५५४

અર્ધ યોજનથી આગળ વસ્ત્રૈષણા માટે જવાનો નિષેધ :

१४४५. સાધુ અથવા સાધ્વી વસ્ત્રની યાચના માટે અર્ધ યોજનથી ઉપરાંત જાય નહીં.

महद्धणमोल्लाणं वत्थाणं गहण णिसेहो -

१४४६. से भिक्खू वा, भिक्खूणी वा से जाइं पुण वत्थाइं जाणेज्जा-विरूवरूवाइं महद्धणमोल्लाइं, तं जहा-

आईणगाणि वा,
सहिणाणि वा,
सहिणकल्लाणाणि वा,

आयाणि वा,

कायाणि वा,
खोमियाणि वा,
दुगुल्लाणि वा,
पट्टाणि वा,
मलयाणि वा,

पत्तुण्णाणि वा,
अंसुयाणि वा,

મહા મૂલ્યવાન વસ્ત્રોના ગ્રહણનું નિષેધ :

१४४६. સાધુ અથવા સાધ્વી મહામૂલ્યવાન વિવિધ પ્રકારનાં વસ્ત્રોની જાતોને જાણી લે, જેમ કે -

આજીનક-ઉદર આદિના ચામડામાંથી બનેલાં વસ્ત્રો,
શ્લક્ષ્ણ - વર્ણયુક્ત સુંવાળા બારીક વસ્ત્રો,
શ્લક્ષ્ણકલ્યાણ - સૂક્ષ્મ અને મંગલમય ચિહ્નોથી અંકિત,
આજક -વિશિષ્ટ દેશોની બકરીઓના રોમથી બનાવેલાં,
કાયક - ઈન્દ્રનીલ વર્ણના કપાસમાંથી બનાવેલાં,
ક્ષૌમિક - સામાન્ય કપાસમાંથી બનાવેલાં,
દુકૂલ - ગૌડ દેશના વિશિષ્ટ કપાસમાંથી બનાવેલાં
પટ્ટસૂત્ર - રેશમનાં વસ્ત્ર,
મલયજ - (ચંદન) સૂતરથી બનેલા અથવા મલય દેશમાં બનેલાં,
પતુણ - વલ્કલનાં તંતુઓમાંથી બનાવેલાં,
અંશુક - બારીક વસ્ત્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चीणंसुयाणि वा,
देसरागाणि वा,
अमिलाणि वा,
गज्जलाणि वा,

फालियाणि वा,
कोयवाणि वा, कंबलगाणि वा, पावाराणि वा,
अण्णतराइं वा, तहप्पगाराइं वत्थाइं महद्धणमोल्लाइं लाभे संते णो पडिगाहेज्जा ।

– आ. सु. २, अ. ५, उ. १, सु. ५५७

चीनांशुक - ચીન દેશનાં સૂક્ષ્મ અને કોમલ વસ્ત્ર,
देश-राग - એક વિભાગમાં રંગેલા,
अमिल - રોમ દેશમાં નિર્મિત,
गर्जल - પહેરતી વખતે વિજળીની સમાન કડકડ શબ્દ કરવાવાળા વસ્ત્ર,
स्फटिक- સ્ફટિક જેવાં સ્વચ્છ વસ્ત્ર,
कोयव - કોયવ દેશના વસ્ત્ર, વિશેષ પ્રકારનાં રત્નકંબલ પ્રાવારક (મોટી શાલ) આદિ તથા તેવા પ્રકારનાં બીજા વસ્ત્રો મહા મૂલ્યવાન મળવાં છતાં પણ ગ્રહણ ન કરે.

मच्छ चम्माई णिम्मिय वत्थाणं गहण–णिसेहो–

१४४७. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण आईणपाउरणाणि वत्थाणि जाणेज्जा, तं जहा–
उद्दाणि वा,

पेसाणि वा,

पेसलेसाणि वा,

किण्हमिगाईणगाणि वा, णीलमिगाईणगाणि वा,
गोरमिगाईणगाणि वा,
कणगाणि वा, कणगकंताणि वा,
कणगपट्टाणि वा, कणगखइयाणि वा,
कणगफुसियाणि वा, वग्घाणि वा, विवग्घाणि वा,
आभरथाणि वा, आभरण–विचित्ताणि वा,
अण्णतराणि वा, तहप्पगाराणि आईणपाउरणाणि वत्थाणि लाभे संते णो पडिगाहेज्जा ।

आ. सु. २, अ. ५, उ. १, सु. ५५८

मत्स्य चर्मादिथी बनेलां वस्त्रोना ग्रहणनुं निषेध :

१४४७. साधु अथवा साध्वी चर्मथी बनावेला ओढवाना वस्त्रोना विषयमां એમ જાણે કે -
औद्र - સિંધુ દેશમાં ઉદ્ર જાતના મત્સ્યનાં સૂક્ષ્મ ચામડાથી બનેલાં,
पेष - સિંધુ દેશમાં સૂક્ષ્મ ચામડીવાળા પશુઓથી બનેલાં,
पेषलेश - એવા જ ચામડા પર રહેલ સૂક્ષ્મ રોમોથી બનેલાં,
કાળા, નીલા, ધોળાં હરણના ચામડાના બનેલા વસ્ત્રો,
સ્વર્ણખચિત વસ્ત્ર,સુવર્ણ જેવી કાંતિવાળા વસ્ત્ર,
સ્વર્ણતારથી કે સોનાના પટ્ટાથી અથવા કિનખાબથી કે જરીથી ભરેલા બુટ્ટાવાળા વસ્ત્રો, વાઘના ચામડાના કે ચીતાના ચામડાથી મઢેલા, અથવા ચમકદાર આભરણોથી મઢેલા, વિભૂષિત કરેલાં કોઈ પણ ચામડાનાં વસ્ત્રો હોય તેમજ તેવા પ્રકારનાં અન્ય વસ્ત્રો હોય તો મળવા છતાં પણ ગ્રહણ ન કરે.

संकेत वचनथी वस्त्र ग्रहणनो निषेध :

१४४८. पूर्वोक्त એષણાનુસાર વસ્ત્રની યાચના કરનાર મુનિને કદાચિત કોઈ ગૃહસ્થ કહે -
"હે આયુષ્મન્ શ્રમણ ! તમે આ સમયે ચાલ્યા જાઓ. એક મહિના કે દશ દિવસ કે પાંચ દિવસ પછી, અથવા કાલે કે પરમ દિવસે પધારજો. ત્યારે અમે તમને કોઈ એક પ્રકારનું વસ્ત્ર આપીશું."
એવા વચન સાંભળી અને ધારીને શ્રમણ પ્રત્યુત્તર આપે કે -
'હે આયુષ્મન્ ! ગૃહસ્થ અથવા ભગિની ! અમને આ પ્રકારની મુદતવાળા વચનને સ્વીકાર કરવું કલ્પે નહીં. જો તમે મને વસ્ત્ર આપવા ઈચ્છતા હો તો હમણાં આપી દો.'

संगार वयणेण कालाणंतरं वत्थ गहण णिसेहो–

१४४८. सिया णं एयाए एसणाए एसमाणं पासित्ता परो वदेज्जा–
"आउसंतो समणा ! एज्जाहि तुमं मासेण वा, दसरातेण वा, पंचरातेण वा, सुते वा, सुततरे वा, तो ते वयं आउसो ! अण्णतरं वत्थं दासामो।"

एतप्पगारं णिग्घोसं सोच्चा निस्सम्म से पुव्वामेव आलोएज्जा ।
"आउसो ! ति वा, भगिणी ! ति वा, णो खलु मे कप्पति एयप्पगारे संगार वयणे पडिसुणेत्तए अभिकंखसि मे दाउं इदाणिमेव दलयाहि।"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से णेवं वदंतं परो वदेज्जा –
"आउसंतो समणा ! अणुगच्छाहि, तो ते वयं अण्णतरं वत्थं दासामो ।" से पुव्वामेव आलोएज्जा–
"आउसो ! ति वा, भइणी ! ति वा, णो खलु मे कप्पति एयप्पगारे संगारवयणे पडिसुणेत्तए, अभिकंखसि मे दाउं इयाणिमेव दलयाहि।"

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६१–५६२

अफासुय वत्थ गहण णिसेहो–

१४४९. से सेवं वदंतं परो णेत्ता वदेज्जा–

"आउसो ! ति वा, भगिणी ! ति वा, आहर एयं वत्थं समणस्स दासामो, अवियाइं वयं पच्छा वि अप्पणो सयट्ठाए पाणाइं–**जाव**–सत्ताइं समारब्भ–**जाव**–चेतेस्सामो ।"
एतप्पगारं निग्घोसं सोच्चा निसम्म तहप्पगारं वत्थं अफासुयं–**जाव**–णो पडिगाहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६३

परिकम्मकय वत्थ गहण–णिसेहो–

१४५०. सिया णं परो णेत्ता वदेज्जा–

"आउसो ! ति वा, भइणी ! ति वा, आहर एयं वत्थं, सिणणेण वा, कक्केण वा, लोद्धेण वा, वण्णेण वा, चुण्णेण वा, पउमेण वा आघंसित्ता वा पघंसित्ता वा समणस्स णं दासामो।"
एतप्पगारं निग्घोसं सोच्चा निसम्म से पुव्वामेव आलोएज्जा–
"आउसो ! ति वा, भइणी ! ति वा, मा एतं तुमं वत्थं सिणाणेण वा–**जाव**–पउमेण वा आघंसाहि वा पघंसाहि वा, अभिकंखसि मे दातुं एमेव दलयाहि।"
से सेवं वदंतस्स परो सिणाणेण वा–**जाव**–पउमेण वा आघंसित्ता वा पघंसित्ता वा दलएज्जा, तहप्पगारं वत्थं अफासुयं–**जाव**–णो पडिगाहेज्जा।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६४

समणुद्देसिय पक्खालिय वत्थस्स गहण–णिसेहो–

१४५१. से णं परो णेत्ता वदेज्जा–
"आउसो ! ति वा, भइणी ! ति वा, आहर एयं वत्थं सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेत्ता वा, पधोवेत्ता वा समणस्स णं दासामो।"

એ પ્રમાણે કહ્યાં પછી ગૃહસ્થ કદાચ એમ કહે કે –
"હે આયુષ્મન્ શ્રમણ ! પછી પધારજો, થોડા સમય બાદ પધારજો. અમે આપને વસ્ત્ર આપીશું." ત્યારે મુનિએ તે જ સમયે કહી દેવું જોઈએ.
"હે આયુષ્મન્ ગૃહસ્થ ! અથવા બહેન ! મારા માટે આ પ્રકારના અવધિસૂચક વચન સ્વીકારવા કલ્પતાં નથી. જો દેવા ઈચ્છતા હો તો હમણાં આપી દો."

અપ્રાસુક વસ્ત્ર ગ્રહણનો નિષેધ :

૧૪૪૯. એવા પ્રકારનાં સાધુના વચન સાંભળીને જો તે ગૃહસ્થ પોતાના ઘરના સભ્યોને બોલાવીને એમ કહે કે –
"હે આયુષ્મન્ ભાઈ ! અથવા બહેન ! લાવો આ વસ્ત્ર આપણે શ્રમણને આપી દઈએ, આપણે તો આપણા માટે પછી પણ પ્રાણી **યાવત્** સત્વોનો આરંભ કરી **યાવત્** નવા બનાવી લઈશું."
એવા વચન સાંભળ્યા પછી દેવામાં આવતા વસ્ત્રને સદોષ સમજીને **યાવત્** સાધુ ગ્રહણ ન કરે.

પરિકર્મકૃત વસ્ત્ર ગ્રહણનો નિષેધ :

૧૪૫૦. કદાચ ગૃહસ્વામી પોતાના પરિવારના કોઈ સદસ્યને કહે કે –
"હે આયુષ્મન્ ભાઈ ! અથવા બહેન ! વસ્ત્ર લાવો, તેને સ્નાનદ્રવ્યોથી, કલ્કથી, લોધ્રથી, વર્ણથી, ચૂર્ણથી કે પદ્મથી એકવાર કે વારંવાર ઘસીને શ્રમણને આપીશું"
આવા શબ્દો સાંભળીને સંત ગૃહસ્થને કહે –

"હે આયુષ્મન્ ગૃહસ્થ અથવા ભગિની ! તમે વસ્ત્રને સ્નાનાદિ દ્રવ્યોથી **યાવત્** પદ્મ આદિથી ઘસો નહીં, સુગંધિત કરો નહીં. આપવાની ઈચ્છા હોય તો એમ જ આપી દો."
સાધુના એમ કહેવા છતાં પણ જો ગૃહસ્થ સ્નાનાદિથી **યાવત્** પદ્માદિ સુગંધિત દ્રવ્યોવડે એકવાર અથવા વારંવાર સુવાસિત કરીને વસ્ત્ર આપે તો તેને દૂષિત માની **યાવત્** ગ્રહણ ન કરે.

શ્રમણના નિમિત્તે ધોવડાવેલાં વસ્ત્ર ગ્રહણ નિષેધ :

૧૪૫૧. વસ્ત્ર આપનાર ગૃહસ્થ કદાચ કહે કે –
"હે આયુષ્મન્ ગૃહસ્થ અથવા ભગિની ! લાવો આ વસ્ત્રને પ્રાસુક ઠંડા કે ગરમ પાણીથી ધોઈને, અથવા વારંવાર ધોઈને આ શ્રમણને આપીએ."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एयप्पगारं निग्घोसं सोच्चा निसम्म से पुव्वामेव आलोएज्जा –

"आउसो ! ति वा, भइणी ! ति वा मा एयं तुमं वत्थं सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेहि वा, पधोवेहि वा अभिकंखसि मे दातुं एमेव दलयाहि ।"

से सेवं वदंतस्स परो सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेत्ता वा, पधोवेत्ता वा दलएज्जा, तहप्पगारं वत्थं अफासुयं–**जाव**–णो पडिगाहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६५

આ કથન સાંભળી, સમજીને પહેલાંથી કહી દેવું જોઈએ કે -

'હે આયુષ્મન્ ગૃહસ્થ ! અથવા બહેન ! તમે આ વસ્ત્ર પ્રાસુક ઠંડા કે ગરમ પાણીથી એકવાર કે વારંવાર સાફ ન કરો, ન ધુઓ, આપવા ઈચ્છતા હો તો એમ જ આપો !"

સાધુના એમ કહેવા છતાં પણ ગૃહસ્થ તે વસ્ત્રને પ્રાસુક ઠંડા કે ગરમ પાણીથી એકવાર અથવા વારંવાર ધોઈને જો સાધુને આપે તો અપ્રાસુક જાણી **યાવત્** ગ્રહણ ન કરે.

कंदाइ विसोहिय वत्थस्स गहण–णिसेहो –

१४५२. से णं परो णेत्ता वदेज्जा–

"आउसो ! ति वा, भइणी ! ति वा, आहर एयं वत्थं कंदाणि वा–**जाव**–हरियाणी वा विसोहेत्ता समणस्स णं दासामो ।"

एतप्पगारं णिग्घोसं सोच्चा निसम्म से पुव्वामेव आलोएज्जा–

"आउसो ति वा, भइणी ! ति वा, मा एताणि तुमं कंदाणि वा–**जाव**–हरियाणि वा विसोहेहि, णो खलु मे कप्पति एयप्पगारे वत्थे पडिगाहित्तए।"

से सेवं वदंतस्स परो कंदाणि वा–**जाव**– हरियाणि वा विसोहेत्ता दलएज्जा। तहप्पगारं वत्थं अफासुयं–**जाव**–णो पडिगाहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५६६-५६७

કંદ આદિ કાઢી અપાતા વસ્ત્ર ગ્રહણનો નિષેધ :

१४५२. વસ્ત્ર આપનાર ગૃહસ્થ કદાચ પોતાના પરિવારને કહે કે -

"હે આયુષ્મન્ ભાઈ ! અથવા બહેન પેલું વસ્ત્ર લાવો. આપણે તેમાં રહેલા કંદને **યાવત્** લીલોતરી વગેરેને કાઢી, સાફ કરીને આ વસ્ત્ર સાધુને આપીશું."

આ વાર્તાલાપ સાંભળી સમજીને સાધુ તે ગૃહસ્થને કહી દે કે -

'હે આયુષ્મન્ ભાઈ ! અથવા બહેન ! આ વસ્ત્રમાંથી કંદ **યાવત્** લીલોતરી વગેરેને દૂર ન કરો. એવું વસ્ત્ર મને કલ્પે નહીં.'

સાધુના એમ કહેવા છતાં પણ જો ગૃહસ્થ કંદ **યાવત્** લીલોતરીને અલગ કરીને વસ્ત્ર આપે તો તેને અપ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ ન કરે.

वासावासे वत्थ–गहण–णिसेहो–

१४५३. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा पढमसमोसरणुद्देसपत्ताइं चेलाइं पडिगाहेत्तए।

–कप्प. उ. ३, सु. १६

વર્ષાવાસમાં વસ્ત્ર ગ્રહણનો નિષેધ :

१४५३. સાધુઓ અથવા સાધ્વીઓને પ્રથમ સમવસરણ (વર્ષાવાસ)માં વસ્ત્ર ગ્રહણ કરવા કલ્પતાં નથી.

विधि निषेध कल्प – 3

राईए वत्थाए गहण विहि–णिसेहो–

१४५४. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा,
राओ वा, वियाले वा,
वत्थं वा, पडिग्गहं वा, कम्बलं वा, पायपुंछणं वा,
पडिगाहेत्तए, नऽन्नत्थ एगाए हरियाहडियाए

રાત્રે વસ્ત્રાદિ ગ્રહણનો વિધિ-નિષેધ :

१४५४. સાધુઓ અને સાધ્વીઓને
રાત્રે અથવા વિકાલમાં -
વસ્ત્ર, પાત્ર, કંબલ તથા પાદપ્રોંછન લેવા કલ્પતા નથી. માત્ર એક હૃતાહૃતિકા (પહેલાં ચોરાયેલી ફરી મળેલી વસ્તુ)ને છોડીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सा वि य परिभुत्ता वा, धोया वा, रत्ता वा, घट्ठा वा, मट्ठा वा, संपधूमिया वा ।

–कप्प. उ. १, सु. ४५

समणाइ उद्देसिय णिम्मिय वत्थस्स गहण विहि–णिसेहो –

१४५५. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा–बहवे समण–माहण–अतिहि–किविण–वणीमए समुद्दिस्स–**जाव**–आहट्टु चेएइ।

तं तहप्पगारं वत्थं अपुरिसंतरकडं, अबहिया, णीहडं, अणत्तट्ठियं, अपरिभुत्तं अणासेवियं, अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा।

अह पुण एवं जाणेज्जा–पुरिसंतरकडं, बहिया, णीहडं, अत्तट्ठियं, परिभुत्तं, आसेवियं फासुयं–**जाव**–पडिग्गाहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५५५ (ग)

श्रमण आदिना उद्देश्यथी बनावेल वस्त्र लेवानो विधि-निषेध :

१४५५. साधु अथवा साध्वी वस्त्रना विषयमां એम જાણે કે- તે અનેક શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને વનીપકના ઉદ્દેશ્યથી બનાવેલ છે **यावत्** અન્ય સ્થાનેથી અહીં લાવેલ છે,

તો એવા પ્રકારના વસ્ત્ર અન્ય પુરુષોને દીધેલાં ન હોય, બહાર કાઢેલા ન હોય, સ્વીકાર કરેલા ન હોય, ઉપયોગમાં લીધેલા ન હોય અથવા પહેરેલા ન હોય એવા વસ્ત્રોને અપ્રાસુક જાણીને **यावत्** ગ્રહણ ન કરે.

જો એમ જાણે કે આ પ્રકારનું વસ્ત્ર અન્ય પુરુષને દીધેલું છે, બહાર કાઢેલું છે, દાતાનું સ્વીકારેલું છે, ઉપયોગમાં લીધેલું છે, પહેરેલું છે તો તેને પ્રાસુક સમજીને **यावत्** ગ્રહણ કરે.

कीयाइ दोस जुत्त वत्थ गहण विहि–णिसेहो–

१४५६. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा–अस्संजते भिक्खुपडियाए कीतं वा, धोयं वा,रत्तं वा, घट्टं वा, मट्टं वा, संमट्ठं वा, संपधूवितं वा तहप्पगारं वत्थं अपुरिसंतरकडं–**जाव**–अणासेवितं, अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा।

अह पुणेवं जाणेज्जा–पुरिसंतरकडं–**जाव**–पडिग्गाहेज्जा ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५५६

क्रितादि दोषयुक्त वस्त्र-ग्रहणनो विधि-निषेध :

१४५६. साधु अथवा साध्वी वस्त्रना संबंधमां એम જાણે કે- આ વસ્ત્ર ગૃહસ્થે સાધુ માટે ખરીદેલ, ધોયેલ, રંગેલ, સાફસૂફ કરેલ કે મુલાયમ બનાવેલ, સુગંધી દ્રવ્યોથી સુવાસિત બનાવેલ છે, છતાં પણ કોઈનાં દ્વારા આસેવિત નથી. તેને ઉપયોગમાં લીધું નથી, તો તેવું વસ્ત્ર અપુરુષાન્તરકૃત **यावत्** એવું વસ્ત્ર અપ્રાસુક સમજી ને **यावत्** ગ્રહણ ન કરે.

પરંતુ (સાધુ અથવા સાધ્વી) એવું જાણે કે - આ વસ્ત્ર પુરુષાન્તરકૃત છે તો એવું વસ્ત્ર **यावत्** ગ્રહણ કરે

कीयाइ गोस जुत्त वत्थ गहण पायच्छित्त सुत्ताइं–

१४५७. जे भिक्खू वत्थं किणेइ, किणावेइ, कीयं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थं पामिच्चेइ, पामिच्चावेइ, पामिच्चाहट्टु देज्जमाणं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थं परियट्टेइ, परियट्टावेइ, परियट्टियमाहट्टु देज्जमाणं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ।

क्रितादि दोष युक्त वस्त्र ग्रहण करवानुं प्रायश्चित्त सूत्र :

१४५७. જે ભિક્ષુ વસ્ત્ર ખરીદે છે, ખરીદાવે છે, ખરીદેલું લાવીને આપનારનું લે છે, (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્ર ઉધાર લે છે, લેવડાવે છે, ઉધાર લાવીને આપનારનું લે છે (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રનું પરિવર્તન કરે છે, કરાવે છે, પરિવર્તન કરીને લાવનારનું વસ્ત્ર લે છે, (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू वत्थं अच्छेज्जं, अणिसिट्ठं,
अभिहडमाहट्टु देज्जमाणं पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु.२४-२७

જે ભિક્ષુ આચ્છેદ્ય (છીનવેલું), અનિસૃષ્ટ (બે માંથી એકની આજ્ઞાવાળું) તથા સામેથી લાવેલું વસ્ત્ર લે છે, (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.
તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अइरेग वत्थ वियरण पायच्छित्त सुत्ताइं -

१४५८. जे भिक्खू अइरेगं वत्थं गणिं उद्दिसियं, गणिं समुद्दिसियं, तं गणिं अणापुच्छिय, अणामंतिय, अण्णमण्णस्स वियरइ, वियरंतं वा साइज्जइ ।

जे भिक्खू अइरेगं वत्थं खुड्डगस्स वा, खुड्डियाए वा, थेरगस्स वा, थेरियाए वा (१) अहत्थच्छिण्णस्स, (२) अपायच्छिण्णस्स, (३) अकण्णच्छिण्णस्स, (४) अणासच्छिण्णस्स, (५) अणोट्ठच्छिण्णस्स सक्कस्स देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू अइरेगं वत्थं खुड्डगस्स वा, खुड्डियाए वा, थेरगस्स वा, थेरियाए वा (१) हत्थच्छिण्णस्स, (२) पायच्छिण्णस्स, (३) कण्णच्छिण्णस्स, (४) णासच्छिण्णस्स, (५) ओट्ठच्छिण्णस्स असक्कस्स न देइ, न देंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु. २८-३०

अतिरिक्त वस्त्र वितरणनां प्रायश्चित्त सूत्र :

१४५८. જે ભિક્ષુ વધેલાં વસ્ત્રોને જે કે ગણીના ઉદ્‌દેશ્યથી અથવા કોઈ વિશેષ ગણીના ઉદ્‌દેશ્યથી લાવેલાં હોય અને ગણીને પૂછ્યાં વગર, આમંત્રણ આપ્યા વગર કોઈ અન્યને આપે છે, (અપાવે છે) અને આપનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ વધેલા વસ્ત્રોને ૧- જેમના હાથ કપાયેલાં નથી, ૨. પગ કપાયેલાં નથી, ૩. કાન, ૪. નાક અને ૫. હોઠ કપાયેલાં નથી. એવા ક્ષુલ્લક અથવા ક્ષુલ્લિકા સ્થવિર અથવા સ્થવિરા જે સશક્ત છે તેમને આપે છે, (અપાવે છે) અને આપનારનું અનુમોદન કરે છે.
જે ભિક્ષુ વધેલા વસ્ત્રોને જેનાં ૧. હાથ, ૨. પગ, ૩. કાન, ૪. નાક અને ૫. હોઠ કપાયેલાં છે એવા ક્ષુલ્લક કે ક્ષુલ્લિકા, સ્થવિર કે સ્થવિરા જે અશક્ત છે તેને આપતાં નથી, (અપાવતાં નથી) અને આપનારનું અનુમોદન કરતાં નથી.
તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वस्त्र धारण विधि - ४

वत्थ धारण कारणाइं-

१४५९. तिहिं ठाणेहिं वत्थं धारेज्जा, तं जहा-

(१) हिरिवत्तियं,
(२) दुगुंछावत्तियं,
(३) परीसहवत्तियं ।

- ठाणं. अ. ३, उ. ३, सु. १७९

वस्त्र धारणना कारणो :

१४५९. (साधु अथवा साध्वी) त्रण कारणोथी वस्त्र धारण करे, जेम के -
१. ह्रीप्रत्ययथी (लज्जा-निवारण माटे).
२. जुगुप्साप्रत्ययथी (घृणा निवारण माटे).
३. परीषहप्रत्ययथी (ठंडी आदि परीषहना निवारण माटे).

एसणिज्जाणि वत्थाणि-

१४६०. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं एसित्तए । से ज्जं पुण वत्थं जाणेज्जा, तं जहा -
(१) जंगियं वा,

એષણીય વસ્ત્ર :

१४६०. साधु अथवा साध्वी वस्त्रनी गवेषणा करवा चाहे तो ते वस्त्रोना विषयमां એम જાણે, જેમ કે -
१. **जांगमिक** - त्रस જીવોના અવયવોથી બનેલાં વસ્ત્રો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(२) भंगियं वा,
(३) साणयं वा,
(४) पोत्तगं वा,
(५) खोमियं वा,
(६) तूलकडं वा,
तहप्पगारं वत्थं[1] जे णिग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिरसंघयणे, से एगं वत्थं धारेज्जा, णो बिइये ।

– आ. सु. २, अ. ५, उ. १, सु. ५५३ (क)

२. **भांगिक** - અળસીની છાલનાં બનેલાં વસ્ત્રો.
૩. **सानिक** - શણના બનેલાં વસ્ત્રો.
૪. **पोत्रक** - તાડ આદિનાં પત્રોથી બનેલાં વસ્ત્રો.
૫. **क्षौमिक** - રૂના બનેલાં વસ્ત્રો.
૬. **तूलकृत** - આકડાના રૂના બનાવેલાં વસ્ત્રો.
આ વસ્ત્રોમાંથી જે મુનિ જુવાન છે, સમયના ઉપદ્રવ (પ્રભાવ)થી રહિત છે, બળવાન છે, રોગ-રહિત છે અને દૃઢ સંહનનવાળો છે- તે એક જ પ્રકારનું વસ્ત્ર ધારણ કરે, બીજું નહીં.

अहेसणिज्जवत्थ धारण विहाणं–

१४६१. से भिक्खू वा, भिक्खुणी वा अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहियाइं वत्थाइं धारेज्जा, णो धोएज्जा, णो रएज्जा, णो धोत्तरत्ताइं वत्थाइं धारेज्जा–अपलिउंचमाणे गामंतरेसु ओमचेलिए[2] ।

एतं खलु वत्थधारिस्स सामग्गियं ।

–आ. सु. २, अ. ५, उ. १, सु. ५८१

એષણીય વસ્ત્ર ધારણનું વિધાન :

૧૪૬૧. સાધુ અથવા સાધ્વી એષણીય વસ્ત્રની યાચના કરે તથા જેવા વસ્ત્રો લીધાં છે તેવા જ વસ્ત્રો ધારણ કરે, પરંતુ (વિભૂષા માટે) તેને ધુવે નહીં, રંગે નહીં તથા ધોયેલા અને રંગેલા વસ્ત્ર પહેરે નહીં. તેવા પ્રકારનાં વસ્ત્રોને ગ્રામાંતરોમાં છુપાવ્યા વગર વિચરણ કરે.
એ જ વસ્ત્રધારી ભિક્ષુનો આચારધર્મ છે.

एगवत्थधारी भिक्खू –

१४६२. जे भिक्खू एगेण वत्थेण परिवुसिते पायबितिएण तस्स णो एवं भवति–'बितियं वत्थं जाइस्सामि ।'

से अहेसणिज्जं वत्थं जाएज्जा, अहापरिग्गहियं वत्थं धारेज्जा–**जाव**–एतं खु वत्थधारिस्स सामग्गियं ।

એક વસ્ત્રધારી ભિક્ષુ :

૧૪૬૨. જે ભિક્ષુ એક વસ્ત્ર અને બીજું એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા અંગીકાર કરે છે, એને એવો વિચાર નથી હોતો કે 'હું બીજા વસ્ત્રની યાચના કરું. '
જો સાધુને જરૂર હોય તો એષણીય વસ્ત્રની યાચના કરે. જેવું વસ્ત્ર મળે તેવું જ ધારણ કરે. **યાવત્** તે એક વસ્ત્રધારી મુનિની એજ સામગ્રી (ધર્મોપકરણ સમૂહ) છે.

---

१. (क) कप्पसुत्तं उ. २, सु. २९
(ख) एवं तथा प्रकारमन्यदपि धारेयदित्युत्तरेण सम्बन्धः । – आ. टीका पृ. ३९२
(ग) कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पंच वत्थाइं धारित्तए वा, परिहरेत्तए वा, तं जहा–१. जंगिए, २. भंगिए, ३. सणिए, ४. पोत्तिए, ५. तिरीडपट्टए णामं पंचमए । – ठाणं अ. ५, उ. ३, सु. ४४६
(घ) कप्पति णिग्गंथाण वा णिग्गंथीण वा ततो वत्थाइं धारित्तए वा परिहरित्तए वा, तं जहा–१. जंगिते, २. भंगिते, ३. खोमिते । –ठाणं. अ. ३, उ. ३, सु. १७८
(ङ) ઉપર બતાવેલા કલ્પ્ય વસ્ત્રોની સંખ્યાઓમાં અને નામોમાં ભિન્નતા છે. ઠાણાંગ સૂત્ર. ૩ માં ત્રણ પ્રકારના વસ્ત્ર ગ્રહણ કરવા યોગ્ય કહ્યાં છે. તથા 'ખોમીએ'થી સુતરના વસ્ત્રનું કથન થયું છે.
બૃહત્કલ્પ સૂત્ર અને ઠાણાંગ સૂત્ર ઠાણ ૫ માં પાંચ પ્રકારના વસ્ત્ર કહ્યાં છે. આ બે સ્થળોમાં સંખ્યા અને નામ સમાન છે. તથા અહીં ' પોત્તીએ' થી સુતરાઉ વસ્ત્રનો ઉલ્લેખ છે.
આચારાંગ સૂત્રનાં પ્રસ્તુત સૂત્રમાં 'પોત્તીય' અને 'ખોમીય' બંને શબ્દોનો જુદા જુદા અર્થમાં પ્રયોગ થયો છે. તથા 'તિરિરપટ્ટ' ના સ્થાન પર 'તુરકળ'નો ઉલ્લેખ થયો છે. આ પ્રમાણે બધા જ કલ્પ્ય વર્ણિત વસ્ત્રની સંખ્યા સાત હોવાનો નિર્ણય થાય છે.

२. 'अवम' નો અર્થ અલ્પ કે સાધારણ થાય છે. 'अवम' શબ્દ અહીં સંખ્યા પરિણામ અને મૂલ્ય ત્રણે દૃષ્ટિએ અલ્પ કે સાધારણનું પ્રતિક છે. ઓછામાં ઓછા મૂલ્યવાળા, સાધારણ અને થોડા વસ્ત્રથી નિર્વાહ કરનારા ભિક્ષુ 'अवमचेलक' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह पुण एवं जाणेज्जा-उवातिक्कंते खलु हेमंते गिम्हे पडिवन्ने, अहा परिजुण्णं वत्थं परिट्ठवेज्जा अदुवा एगसाडे, अदुवा अचेले,

लाघवियं आगममाणे तवे से अभिसमण्णागते भवति ।

जहेयं भगवया पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिया ।

-आ. सु. १, अ. ८, उ. ६, सु. २२०-२२१

જ્યારે ભિક્ષુ એમ જાણે કે - 'હેમંત ઋતુ વીતી ગઈ છે, ગ્રીષ્મ ઋતુ આવી ગઈ છે. એમ જાણે તો સર્વથા જીર્ણ વસ્ત્રને પરઠવી દે. જો જીર્ણ ન થયું હોય તો એક જ વસ્ત્રમાં રહે. અથવા જીર્ણ થયેલું પરઠવી દઈને અચેલ થઈ જાય.

આ રીતે લાઘવગુણને ધારણ કરવાથી તપની સહજ પ્રાપ્તિ થાય છે.

ભગવાને જે પ્રમાણે વસ્ત્રનું નિરૂપણ કરેલું છે, તે જ રૂપમાં દીર્ઘદૃષ્ટિથી જાણી પ્રત્યેક આત્મા યથાયોગ્ય રીતે આચરણ કરે અર્થાત્ સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.

दोवत्थधारी भिक्खू -

१४६३. जे भिक्खू दोहिं वत्थेहिं परिवुसिते पायततिएहिं तस्स णं णो एवं भवति "ततियं वत्थं जाइस्सामि" ।

से अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहियाइं वत्थाइं धारेज्जा-**जाव**-एतं खु वत्थधारिस्स सामग्गियं ।

अह पुण एवं जाणेज्जा "उवातिक्कंते खलु हेमंते, गिम्हे पडिवण्णे" अहापरिजुण्णाइं वत्थाइं परिट्ठवेज्जा, अदुवा ओमचेले, अदुवा एगसाडे, अदुवा अचेले,

लाघवियं आगममाणे तवे से अभिसमण्णागते भवति ।

जहेयं भगवता पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिया ।

- आ. सु. १, अ. ८, उ. ५, सु. २१६-२१७

બે વસ્ત્રધારી ભિક્ષુ :

૧૪૬૩. જે ભિક્ષુએ બે વસ્ત્ર અને ત્રીજું એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરી છે, તેને એવો વિચાર નથી આવતો કે 'હું ત્રીજા વસ્ત્રની યાચના કરું.

કદાચ તેની પાસે કલ્પમર્યાદાનુસાર વસ્ત્ર ન હોય તો તેને એષણીય વસ્ત્રની યાચના કરવી કલ્પે **યાવત્** દ્વિ વસ્ત્રધારી ભિક્ષુનો આ સમગ્ર આચારધર્મ છે.

જ્યારે ભિક્ષુ એમ જણે કે, 'હેમંત ઋતુ વીતી ગઈ છે ગ્રીષ્મ ઋતુ આવી ગઈ છે.' એમ જાણે તો સર્વથા જીર્ણ વસ્ત્રને પરઠવી દે. જો જીર્ણ ન થયાં હોય તો બે વસ્ત્રમાં રહે. જો એક વસ્ત્ર જીર્ણ થયું હોય તો તેનો પરિત્યાગ કરે અને બીજું વસ્ત્ર ધારણ કરે. જો બન્ને વસ્ત્રો જીર્ણ થઈ જાય તો બન્નેનો પરિત્યાગ કરી અચેલ બની જાય.

આ રીતે લાઘવગુણને ધારણ કરવાથી તપની સહજ પ્રાપ્તિ થાય છે.

ભગવાને જે પ્રમાણે વસ્ત્રનું નિરૂપણ કરેલું છે તે જ રૂપમાં દીર્ઘદૃષ્ટિથી જાણી પ્રત્યેક આત્મા યથાયોગ્ય રીતે આચરણ કરે, અર્થાત્ સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.

तिवत्थधारी भिक्खू-

१४६४. जे भिक्खू तिहिं वत्थेहिं परिवुसिते पायचउत्थेहिं तस्स णं णो एवं भवति, "चउत्थं वत्थं जाइस्सामि ।" से अहेसणिज्जाइं वत्थाइं जाएज्जा, अहापरिग्गहियाइं वत्थाइं धारेज्जा-**जाव**-एतं खु वत्थधारिस्स सामग्गियं ।

ત્રણ વસ્ત્રધારી ભિક્ષુ :

૧૪૬૪. જે ભિક્ષુએ ત્રણ વસ્ત્રો અને ચોથું એક પાત્ર રાખવાની પ્રતિજ્ઞા કરી છે, તેને એવો વિચાર નથી. આવતો કે 'હું ચોથા વસ્ત્રની યાચના કરું.'

કદાચ તેની પાસે કલ્પમર્યાદાનુસાર વસ્ત્ર ન હોય તો તેને એષણીય વસ્ત્રની યાચના કરવી કલ્પે છે. **યાવત્** ત્રણ વસ્ત્રધારી ભિક્ષુનો આ સમગ્ર આચારધર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अह पुण एवं जाणेज्जा "उवातिक्कंते खलु हेमंते गिम्हे पडिवण्णे" अहापरिजुण्णाइं वत्थाइं परिट्ठवेज्जा, अदुवा संतरुत्तरे, अदुवा ओमचेले, अदुवा एगसाडे, अदुवा अचेले,

जयारे भिक्षु એમ જાણે કે, 'હેમંત ઋતુ વીતી ગઈ છે, ગ્રીષ્મ ઋતુ આવી ગઈ છે. ત્યારે તે જે જે વસ્ત્રોને જીર્ણ જાણે તેનો પરિત્યાગ કરે. જો જીર્ણ ન થયાં હોય તો ત્રણ જ વસ્ત્રમાં રહે. જો એક જીર્ણ થયું હોય તો તેનો પરિત્યાગ કરી બે વસ્ત્રોમાં રહે. જો બે જીર્ણ થઈ ગયાં હોય તો એક વસ્ત્રમાં રહે. અથવા ત્રણે વસ્ત્રો જીર્ણ થઈ જાય તો અચેલ બની જાય.

लाघवियं आसेमाणे तवे से अभिसमण्णागते भवति ।

આ રીતે લાઘવગુણને ધારણ કરવાથી તપની સહજ પ્રાપ્તિ થાય છે.

जहेतं भगवता पवेदितं तमेव अभिसमेच्चा सव्वतो सव्वयाए सम्मत्तमेव समभिजाणिया ।

ભગવાને જે પ્રમાણે વસ્ત્રનું નિરૂપણ કરેલું છે, તે જ રુપમાં દીર્ઘદૃષ્ટિથી જાણી પ્રત્યેક આત્મા યથાયોગ્ય રીતે આચરણ કરે અર્થાત્ સંપૂર્ણ ભાવથી સર્વ અવસ્થામાં સમભાવ રાખે.

–आ. सु. १, अ. ८, उ. ४, सु. २१३-२१४

णिग्गंथीणं संघाडीपमाणं–

१४६५. जा णिग्गंथी सा चत्तारि संघाडीओ धारेज्जा–एगं दूहत्थ-वित्थारं, दो तिहत्थवित्थाराओ, एगं चउहत्थवित्थारं ।[1]

तहप्पगारेहिं वत्थेहिं असंविज्जमाणेहिं अह पच्छा एगमेगं संसीवेज्जा ।

आ. सु. २, अ. ५, उ. १, सु. ५५३ (ख)

साध्वीओनी पछेडीओनुं प्रमाण :

१४६५. જે સાધ્વી છે તે ચાર સંઘાટી (પછેડી) ગ્રહણ કરી શકે છે. તેમાંથી એક બે હાથ પહોળી, બે ત્રણ-ત્રણ હાથ પહોળી અને એક ચાર હાથ પહોળી હોવી જોઈએ.

એ પ્રમાણે વસ્ત્રની પહોળાઈ ન મળે તો ગ્રહણ કર્યા પછી સીવી લે.

णिग्गंथीए संघाडी सिवावण पायच्छित्त सुत्तं –

१४६६. जे भिक्खू णिग्गंथीए संघाडिं अण्णउत्थिएण वा, गारत्थिएण वा सिव्वावेइ, सिव्वावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. १२, सु. ७

निर्ग्रन्थिने पछेडी सीवडावववानुं प्रायश्चित्त सूत्र :

१४६६. જે ભિક્ષુ કોઈ સાધ્વીની પછેડીને અન્યતીર્થિક અથવા ગૃહસ્થ દ્વારા સીવડાવે છે અથવા સીવડાવનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वस्त्र धारण विधि निषेध : ५

वत्थस्स गहण विहि–णिसेहो–

१४६७. से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा–सअंडं–**जाव**–संताणगं **तहप्पगारं** वत्थं अफासुयं–**जाव**–णो पडिग्गाहेज्जा ।

वस्त्र ग्रहणनां विधि-निषेध :

१४६७. साधु अथवा साध्वी वस्त्रना विषयमां એम જાણે કે, આ વસ્ત્ર ઈંડા **यावत्** કરોળીયાનાં જાળાં સહિત છે, તો તેવા પ્રકારનું વસ્ત્ર અપ્રાસુક જાણી **यावत्** ગ્રહણ

१ ठाणं. अ. ४, उ. १, सु. २४६ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा-अप्पडं-**जाव**- संताणगं, अणलं, अथिरं, अधुवं, अधारणिज्जं, रोइज्जंतं ण रुच्चति, तहप्पगारं वत्थं अफासुयं-**जाव**-णो पडिग्गाहेज्जा ।

साधु अथवा साध्वी वस्त्रના વિષયમાં એમ જાણે કે, આ વસ્ત્ર ઈંડા **યાવત્** કરોળીયાના જાળાંથી રહિત છે. પરંતુ પ્રમાણમાં પૂરું નથી, ઉપયોગમાં આવી શકે તેમ નથી, ઘણું જ જૂનું થઈ ગયું છે, પહેરવા યોગ્ય નથી અને પોતાની રુચિને અનુકૂળ નથી, તો તેવું વસ્ત્ર અપ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ ન કરે.

से भिक्खू वा, भिक्खुणी वा से ज्जं पुण वत्थं जाणेज्जा- अप्पंडं-**जाव**- संताणगं, अलं, थिरं, धुवं, धारणिज्जं रुच्चति, तहप्पगारं वत्थं फासुयं-**जाव**- पडिग्गाहेज्जा ।

साधु અથવા સાધ્વી વસ્ત્રના વિષયમાં એમ જાણે કે- આ વસ્ત્ર ઈંડા **યાવત્** કરોળીયાના જાળાથી રહિત છે, પ્રમાણયુકત, ટકાઉ, અને ધારણ કરવા યોગ્ય છે, તેમજ અનુકૂળ પણ છે, તો એવા વસ્ત્રને પ્રાસુક જાણીને **યાવત્** ગ્રહણ કરે.

– *आ. सु. २, अ. ५, उ. १, सु. ५६९-५७१*

धारणिज्ज अधारणिज्ज वत्थस्स पायच्छित्त सुत्ताइं-

धारणीय-अधारणीय वस्त्रनां प्रायश्चित्त सूत्र :

१४६८. जे भिक्खू वत्थं अणलं, अथिरं, अधुवं, अधारणिज्जं धरेइ, धरेंतं वा साइज्जइ ।

१४६८. જે ભિક્ષુ અયોગ્ય, ઘણું જ જૂનું કે થોડો સમય ચાલે તેવું, અથવા પહેરવા યોગ્ય ન હોય એવા વસ્ત્રને ધારણ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

जे भिक्खू वत्थं अलं, थिरं, धुवं, धारणिज्जं धरेइ, धरेंतं वा साइज्जइ ।

જે ભિક્ષુ યોગ્ય, ટકાઉ, અનુકૂળ અને ધારણ કરવા યોગ્ય વસ્ત્રને ધારણ કરતો નથી, (કરાવતો નથી) અને કરનારનું અનુમોદન કરતો નથી.

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

– *नि. उ. १८, सु. ३१-३२*

१४६९. जे भिक्खू वत्थं वा, कंबलं वा, पायपुंछणं वा, अलं, थिरं, धुवं, धारणिज्जं पलिछिंदिय पलिछिंदिय परिट्ठवेइ, परिट्ठवेंतं वा साइज्जइ ।

१४६९. જે ભિક્ષુ વસ્ત્ર, કંબલ, પાદપ્રોંછન જે કે યોગ્ય છે, ટકાઉ છે, અનુકૂળ છે અને ઉપયોગી છે તેને ટુકડા ટુકડા કરી પરઠવે છે, (પરઠવાવે છે) અને પરઠવનારનું અનુમોદન કરે છે.

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं । – *नि. उ. ५, सु. ६५*

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

आकुंचणपट्टगस्स गहण विहि-णिसेहो-

આકુંચનપટ્ટગના ગ્રહણનો વિધિ-નિષેધ :

१४७०. नो कप्पइ निग्गंथीणं आकुंचणपट्टगं धारित्तए वा, परिहरित्तए वा ।

१४७०. સાધ્વીઓને આકુંચનપટ્ટક (ચાર આંગળી વિસ્તારવાળુ પર્યસ્તિકા વસ્ત્ર) રાખવું અથવા પહેરવું કલ્પતું નથી

कप्पइ निग्गंथाणं आकुंचणपट्टगं[1] धारित्तए वा, परिहरित्तए वा ।

પરંતુ સાધુઓને આકુંચનપટ્ટક રાખવું કે પહેરવું કલ્પે છે.

– *कप्प. उ. ५, सु. ३४-३५*

---

१ आकुंचणपट्टं- पर्यस्तिकापट्टं स च पर्यस्तिकापट्ट किदृशः इत्याह-

गाहा-फल्लो अचित्तो अह आविओ वा, चउरंगुलं वित्थडो असंधिमो अ । विस्सामहेउं तु सरीरगस्सा दोसा अवट्टं भगवया ण एव ।।

– बृहत्कल्प भाष्य, भा. ५, गा. ५९६८ पृ. १५७४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उग्गहणंतगाईणं गहण विहि–णिसेहो–

१४७१. नो कप्पइ निग्गंथाणं–
उग्गहणन्तगं वा, उग्गहपट्टगं वा, धारित्तए वा, परिहरित्तए वा ।

कप्पइ निग्गंथीणं–
उग्गहणन्तगं वा, उग्गहपट्टगं वा, धारित्तए वा, परिहरित्तए वा ।

–कप्प. उ. ३, सु. ११–१२

अवग्रहानन्तकादिना ग्रहणनो विधि निषेध :

१४७१. साधुओने -
(१.) अवग्रहानन्तक (चोलपट्टकनी अंदर गुप्तांगने आवृत्त करवानुं वस्त्र) अने (२) अवग्रहपट्टक (अवग्रहानन्तकने आवृत्त करवानुं वस्त्र) राखवुं के तेनो उपयोग करवो कल्पतो नथी.
परंतु साध्वीओने-
(१) अवग्रहानन्तक (साडीनी अंदर गुप्तांगने ढांकवानुं वस्त्र) अने (२) अवग्रहपट्टक (कटि प्रदेशथी जांघ सुधी पहेरवानुं वस्त्र-जांगीयो) राखवुं के पहेरवुं कल्पे छे.

कसिणाकसिणवत्थाणं विहि–णिसेहो–

१४७२. नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा–कसिणाइं वत्थाइं धारित्तए वा, परिहरित्तए वा ।
कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अकसिणाइं वत्थाइं धारित्तए वा, परिहरित्तए वा ।

–कप्प. उ. ३, सु. ७–८

कृत्स्नाकृत्स्न वस्त्रोनो विधि-निषेध :

१४७२. साधु अथवा साध्वीओने कृत्स्न (बहुमूल्य) वस्त्रो राखवा के तेनो उपयोग करवो कल्पतो नथी.
परंतु साधु अने साध्वीओने अकृत्स्न वस्त्रो राखवा के उपयोग करवो कल्पे छे.

कसिण वत्थ धारण पायच्छित्त सुत्तं–

१४७३. जे भिक्खू कसिणाइं वत्थाइं धरेइ, धरेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. २, सु. २३

कृत्स्न वस्त्र धारण करवानुं प्रायश्चित्त सूत्र :

१४७३. जे भिक्षु कृत्स्न वस्त्र धारण करे छे, (करावे छे) अने करनारनुं अनुमोदन करे छे.
तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

भिन्नाभिन्न वत्थाणं विहि–णिसेहो–

१४७४. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा–
अभिन्नाइं वत्थाइं धारित्तए वा, परिहरित्तए वा ।
कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा भिन्नाइं वत्थाइं धारित्तए वा, परिहरित्तए वा ।

– कप्प. उ. ३, सु. ९–१०

भिन्नाभिन्न वस्त्रोनो विधि-निषेध :

१४७४. साधु अथवा साध्वीओने अभिन्न (अखंड ताको) वस्त्रो राखवा के उपयोग करवो कल्पतो नथी.
साधु अथवा साध्वीओने जुदा जुदा वस्त्रो राखवा के उपयोग करवा कल्पे छे.

अभिन्न वत्थधरण पायच्छित्त सुत्तं –

१४७५. जे भिक्खू अभिन्नाइं वत्थाइं धरेइ, धरेंतं वा साइज्जइ ।
तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

–नि. उ. २, सु. २४

अभिन्न वस्त्रने धारण करवानुं प्रायश्चित्त सूत्र :

१४७५. जे भिक्षु अभिन्न वस्त्र धारण करे छे, (करावे छे) अने करनारनुं अनुमोदन करे छे.
तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वस्त्र धोवानो निषेध - ९

वत्थाणं गंधिकरण धोवण-णिसेहो-

१४७६. से भिक्खू वा, भिक्खुणी वा "णो णवए मे वत्थे" त्ति कट्टु णो बहुदेसिएण सिणाणेण वा-**जाव**-पउमेण वा, आघंसेज्ज वा, पघंसेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा "णो णवए मे वत्थे" त्ति कट्टु णो बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा "दुब्भिगंधे मे वत्थे" त्ति कट्टु णो बहुदेसिएण सिणाणेण वा-**जाव**-पउमेण वा, आघंसेज्ज वा, पघंसेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा "दुब्भिगंधे मे वत्थे" त्ति कट्टु णो बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा ।

- आ. सु. २, अ. ५, उ. १, सु. ५७२-५७४

वस्त्र सुगंधित करवा अने धोवानो निषेध :

१४७६. 'मारा वस्त्र नवां नथी,' एवुं जाणी साधु अथवा साध्वी (जूनां वस्त्रोने) थोडां अथवा वधु सुगंधित द्रव्योथी **यावत्** पद्मरागथी सुंदर आकर्षित करवानी ईच्छा न करे.

'मारा वस्त्र नवां, साफ के स्वच्छ नथी' एम विचारी साधु अथवा साध्वी ते मलिन वस्त्रोने (विभूषा दृष्टिथी) थोडां के घणां, प्रासुक ठंडा के गरम पाणीथी एकवार के वारंवार धुवे नहि.

'मारां वस्त्र दुर्गंधवाळा छे' एम विचारी साधु के साध्वी थोडां के घणां सुगंधित द्रव्योथी **यावत्** पद्मरागथी धुवे नहि.

'मारुं वस्त्र दुर्गंधवाळुं छे' एम विचारी साधु अथवा साध्वी ते मलिन वस्त्रने (विभूषा दृष्टिथी) थोडां के घणां प्रासुक ठंडा के गरम पाणीथी एक वार के वारंवार धुवे नहि.

वत्थ-गंधिकरणस्स धोवणस्स य पायच्छित्त सुत्ताइं -

१४७७. जे भिक्खू "नो नवए मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेसिएण[1] लोद्धेण वा-**जाव**-वण्णेण वा आघंसेज्ज वा, पघंसेज्ज वा आघंसंतं वा पघंसंतं वा साइज्जइ ।

जे भिक्खू "नो नवए मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु. ३६-३७

वस्त्र सुगंधित करवा अने धोवानां प्रायश्चित्त सूत्र :

१४७७. जे भिक्षु "मने नवां वस्त्रो मळ्यां नथी." एम विचारी ते मलिन वस्त्रने थोडां के घणां लोध्रथी **यावत्** वर्णथी एक वार के वारंवार आकर्षित करे, (करावे) अने करनारनुं अनुमोदन करे.

जे भिक्षु 'मने नवां वस्त्रो मळ्यां नथी' एम विचारी ते मलिन वस्त्रने थोडां के घणां अचित्त ठंडा के गरम पाणीथी धोवे, (धोवडावे) अने धोनारनुं अनुमोदन करे.

तेने चातुर्मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

१४७८. जे भिक्खू "नो नवए मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण[2] लोद्धेण वा-**जाव**- वण्णेण वा, आघंसेज्ज वा, पघंसेज्ज वा, आघंसंतं वा, पघंसंतं वा साइज्जइ ।

१४७८. जे भिक्षु 'मने नवां वस्त्रो मळ्यां नथी' एम विचारीने मलिन वस्त्रने जूना लोध्रथी **यावत्** वर्णथी एक वार अथवा वारंवार आकर्षित करे, (करावे) अने करनारनुं अनुमोदन करे.

---

१ "बहुदेसिएण"नो अर्थ छे, अल्प अथवा बहु लेप्य पदार्थथी कार्य करवुं.

२. "बहुदेवसिएण"ना घणां अर्थो छे, यथा - बहु दिवसनो लेप्य पदार्थ, बहु दिवस सुधी पोतानी पासे राखेल पदार्थ बहु दिवस सुधी एक वस्त्रने लेप्य पदार्थ लगाववो अथवा धोवो ईत्यादि.
अथवा आ पण संभव छे के - "बहुदेसिएण" शब्दथी लिपि दोषथी "बहुदेवसिएण" पाठ बनी गयो होय अथवा जुदी जुदी प्रतियोमां जुदा जुदा पाठ होवाथी बन्ने पाठ वृद्धि थईने प्रचलित थई गया होय कारण के "बहुदेसिएण" सूत्रनो अर्थ जेटलो स्पष्ट अने संगति युक्त छे, तेटलो बहुदेवसिएण नथी. लोध्रादि बहु दिवसना होवाथी कोई दोष लागतो नथी. अथवा अमित जल बहु दिवसनुं होवानो अथवा राखवानो संभव नथी.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू "नो नवए मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु. ३६-४०

જે ભિક્ષુ 'મને નવાં વસ્ત્રો મળ્યાં નથી' એમ વિચારી તે મલિન વસ્ત્રને જૂના અચિત્ત ઠંડા કે ગરમ પાણીથી ધોવે, (ધોવડાવે) અને ધોનારનું અનુમોદન કરે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

१४७९. जे भिक्खू "दुब्भिगंधे मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेसिएण लोद्धेण वा-**जाव**-वण्णेण वा, आघंसेज्ज वा, पघंसेज्ज वा, आघंसंतं वा, पघंसंतं वा साइज्जइ ।

जे भिक्खू "दुब्भिगंधे मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु. ४२-४३

१४७९. જે ભિક્ષુ 'મને દુર્ગંધવાળા વસ્ત્રો મળ્યાં છે' એમ વિચારી જુના લોધ્રથી **યાવત્** વર્ણથી એકવાર કે વારંવાર આકર્ષિત કરે, (કરાવે) અને કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ 'મને દુર્ગંધવાળા વસ્ત્રો મળ્યાં છે' એમ વિચારી જુના અચિત્ત ઠંડા કે ગરમ પાણીથી ધોવે, (ધોવડાવે) અને ધોનારનું અનુમોદન કરે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

१४८०. जे भिक्खू "दुब्भिगंधे मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण लोद्धेण वा-**जाव**-वण्णेण वा, आघंसेज्ज वा, पघंसेज्ज वा, आघंसंतं वा, पघंसंतं वा साइज्जइ ।

जे भिक्खू "दुब्भिगंधे मे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ ।[1]

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

-नि. उ. १८, सु. ४५-४६

१४८०. જે ભિક્ષુ ' મને દુર્ગંધી વસ્ત્રો મળ્યાં છે.' એમ વિચારી જૂનાં લોધ્રથી **યાવત્** વર્ણથી એકવાર અથવા વારંવાર આકર્ષિત કરે, (કરાવે) અને કરનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ 'મને દુર્ગંધી વસ્ત્રો મળ્યાં છે.' 'એમ વિચારી જૂનાં અચિત્ત ઠંડા કે ગરમ પાણીથી ધોવે, (ધોવડાવે) અને ધોનારનું અનુમોદન કરે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

---

१. (क) निशीथ भाष्यमां नीचे मुजब वधारे सूत्रो प्राप्त थाय छे. -

जे भिक्खू "नो नवए मे सुब्भिगंधे वत्थे लद्धे" त्ति कट्टु लोद्धेण वा-**जाव**-वण्णेण वा आघंसेज्ज वा, पघंसेज्ज वा, आघंसंत वा, पघंसंतं वा साइज्जइ ।

जे भिक्खू " नो नवए मे सुब्भिगंधे वत्थे लद्धे " त्ति कट्टु बहुदेसिएण सीओदगवियडेण वा, उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ । - नि. उ.१८, सु. ४८-४९

जे भिक्खू "नो नवए मे सुब्भिगंधे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण लोद्धेण वा-**जाव**-वण्णेण वा आघंसेज्ज वा, पघंसेज्ज वा आघंसंतं वा, पघंसंतं वा साइज्जइ ।

जे भिक्खू "नो नवए मे सुब्भिगंधे वत्थे लद्धे" त्ति कट्टु बहुदेवसिएण सीओदगवियडेण वा उसिणोदगवियडेण वा, उच्छोलेज्ज वा, पधोएज्ज वा, उच्छोलेंतं वा, पधोएंतं वा साइज्जइ । -नि. उ. १८, सु. ५१-५२

(ख) जे भिक्खू सुब्भिगंधे पडिग्गहे लद्धे- त्ति कट्टु दुब्भिगंधे करेइ, करेंतं वा साइज्जइ ।

जे भिक्खू दुब्भिगंधे पडिग्गहे लद्धे-त्ति कट्टु सुब्भिगंधे करेइ, करेंतं वा साइज्जइ ।

स्व. पूज्य श्री अमोलकऋषिजी म. तथा स्व. पूज्य श्री घासीलालजी म. संपादित आवृत्तिमां आ बे सूत्र वधारे मळे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वस्त्र आतापन – ७

वत्थआयावण विहित ठाणाइं–

१४८१. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा, पयावेत्तए वा, तहप्पगारं वत्थं से त्तमादाए एगंतमवक्कमेज्जा एगंतमवक्कमित्ता अहे झामथंडिल्लंसि वा–**जाव**–गोमयरासिंसि वा अण्णतरंसि वा तहप्पगारंसि थंडिल्लंसि पडिलेहिय पडिलेहिय पमज्जिय पमज्जिय ततो संजयामेव वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा ।

–*आ. सु. २, अ. ५, उ. १, सु. ५७६*

वत्थ आयावण णिसिद्ध ठाणाइं–

१४८२. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा–वत्थं आयावेत्तए वा, पयावेत्तए वा, तहप्पगारं वत्थं णो अणंतरहियाए पुढवीए–**जाव**–मक्कडासंताणए, आयावेज्ज वा, पयावेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा–वत्थं आयावेत्तए वा, पयावेत्तए वा, तहप्पगारं वत्थं थूणंसि वा, गिहेलुगंसि वा उसुयालंसि वा, कामजलंसि वा, अण्णयरे वा तहप्पगारे अंतलिक्खजाते[1] दुब्बद्धे दुण्णिक्खित्ते अणिकंपे चलाचले णो आयावेज्ज वा, पयावेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा, पयावेत्तए वा, तहप्पगारं वत्थं कुलियंसि वा, भित्तिंसि वा, सिलंसि वा, लेलुंसि वा, अण्णतरे वा तहप्पगारे अंतलिक्खजाते दुब्बद्धे–**जाव**–चलाचले णो आयावेज्ज वा, पयावेज्ज वा ।

से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा वत्थं आयावेत्तए वा, पयावेत्तए वा, तहप्पगारं वत्थं खंधंसि वा–**जाव**–हम्मियतलंसि वा, अण्णतरे वा तहप्पगारे अंतलिक्खजाते दुब्बद्धे–**जाव**–चलाचले णो आयावेज्ज वा, पयावेज्ज वा ।

– *आ. सु. २, अ. ५, उ. १, सु. ५७५–५७८*

વિદિત સ્થાનો પર વસ્ત્ર સૂકવવાનું વિધાન :

૧૪૮૧. સાધુ અથવા સાધ્વી વસ્ત્રને તાપમાં સૂકવવાની ઈચ્છા કરે તો, તે વસ્ત્ર લઈને એકાંતમાં જાય ત્યાં જઈને બળેલી ભૂમિ **યાવત્** છાણના ઢગલાવાળી ભૂમિ અથવા તેવા પ્રકારની બીજી કોઈ અચિત્ત ભૂમિનું સાવધાનીપૂર્વક પ્રતિલેખન તથા રજોહરણ આદિથી પ્રમાર્જન કરી યતનાપૂર્વક તાપમાં સૂકવે.

નિષિદ્ધ સ્થાનો પર વસ્ત્ર સૂકવવાનો નિષેધ :

૧૪૮૨. સાધુ અથવા સાધ્વી વસ્ત્રને તાપમાં સૂકવવાની ઈચ્છા કરે તો તે વસ્ત્રને લઈને સચિત્ત પૃથ્વીની નજીકની ભૂમિ પર **યાવત્** કરોળિયાનાં જાળાં હોય એવા સ્થાનમાં ન સૂકવે.

સાધુ અથવા સાધ્વી વસ્ત્રને તાપમાં સૂકવવાની ઈચ્છા કરે તો, તે વસ્ત્રને લઈને ઠૂંઠા પર, દરવાજાના ઉંબરા પર, ખળાના માંચડાં ઉપર અથવા સ્નાન કરવાના બાજોઠ પર અથવા કોઈ બીજા ઊંચા સ્થાન પર જ્યાં બરાબર બાંધેલું ન હોય, જે સ્થિર ન હોય અને જે ડગમગતું હોય તેવા કોઈ પણ સ્થાન પર તથા હવાથી આમતેમ હલતા હોય એવા સ્થાન પર વસ્ત્રને ન સૂકવે.

સાધુ અથવા સાધ્વી વસ્ત્રને તાપમાં સૂકવવાની ઈચ્છા કરે તો, તે વસ્ત્રને લઈને ઈંટની કે માટીની દીવાલ પર, શિલા પર કે શિલાખંડ પર અથવા એવા જ કોઈ ઊંચા સ્થાન પર જ્યાં બરાબર બાંધેલું ન હોય **યાવત્** હવાથી આમતેમ હલતાં હોય એવા સ્થાન પર વસ્ત્રને ન સૂકવે.

સાધુ અથવા સાધ્વી વસ્ત્રને તાપમાં સૂકવવાની ઈચ્છા કરે તો, તે વસ્ત્રને લઈને સ્તંભ પર **યાવત્** મહેલની છત પર અથવા એવા પ્રકારના ઊંચા સ્થાન પર જ્યાં બરાબર બાંધેલું ન હોય **યાવત્** હવાથી આમતેમ હલતા હોય એવા સ્થાન પર વસ્ત્રને ન સૂકવે.

---

૧ 'अंतरिक्ष जातं'

જે સ્થળ ભૂમિથી ઊંચું હોય અને પાસે જ એક કે વધુ દિશામાં ખુલ્લું આકાશ હોય જેથી વ્યક્તિ કે વસ્તુ પડી જવાનો ભય લાગે તો તેને 'અંતરિક્ષ જાત' એટલે આકાશી સ્થળ કહેવામાં આવે છે. એવા સ્થળે સાધુએ બેસવું, સુવું, રહેવું વસ્ત્ર આદિ સુકવવા ન કલ્પે. આચા. શ્રુ. ૨, અ. ૨, ઉ.૧માં આવા સ્થળેથી પડી જવા વગેરેનું વર્ણન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णिसिद्ध ठाणेसु वत्थ आतावण-पायच्छित्त सुत्ताइं -

१४८३. जे भिक्खू अणंतरहियाए पुढवीए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू ससिणिद्धाए पुढवीए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू ससरक्खाए पुढवीए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू मट्टियाकडाए पुढवीए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू चित्तमंताए पुढवीए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा आयावंत वा, पयावंतं वा साइज्जइ ।

से भिक्खू चित्तमंताए सिलाए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू चित्तमंताए लेलूए वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू कोलावासंसि वा दारुए जीवपइट्ठिए, सअंडे, सपाणे, सबीए, सहरिए, सओसे, सउदए, सउत्तिंग-पणग-दगमट्टिय-मक्कडा संताणगंसि वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू थूणंसि वा, गिहेलुगंसि वा, उसुयालंसि वा, कामजालंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि दुब्बद्धे-**जाव**-चलाचले वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू कुलियंसि वा, भित्तिंसि वा, सिलंसि वा, लेलुंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि दुब्बद्धे-**जाव**-चलाचले वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

जे भिक्खू खंधंसि वा-**जाव**-हम्मियतलंसि वा, अण्णयरंसि वा तहप्पगारंसि अंतलिक्खजायंसि दुब्बद्धे-**जाव**- चलाचले वत्थं आयावेज्ज वा, पयावेज्ज वा, आयावंतं वा, पयावंतं वा साइज्जइ ।

નિષિદ્ધ સ્થાનો પર વસ્ત્ર સૂકવવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૪૮૩. જે ભિક્ષુ સચિત્ત પૃથ્વી પર વસ્ત્ર સૂકવે છે. (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સ્નિગ્ધ પૃથ્વી પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સચિત્ત રજવાળી પૃથ્વી પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સચિત્ત વિખરાયેલી માટીની પૃથ્વી પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સચિત્ત પૃથ્વી પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સચિત્ત શિલા પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સચિત્ત શિલાખંડ પર વસ્ત્ર સૂકવે છે, (સુકવાવે છે) અને સૂકવનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ઉધઈ આદિ જીવોથી યુકત કાષ્ઠ પર, ઈંડા, પ્રાણી, બીજ, લીલી વનસ્પતિ, ઝાકળ પાણી, ઉત્તિંગ (કીડી આદિનાં દર), લીલ -સેવાળ, ભીની માટી, કરોળીયાનાં જાળાંવાળા સ્થાન પર વસ્ત્ર સૂકવે, (સુકવાવે) અને સૂકવનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ ઠૂંઠા પર, દરવાજાના ઉંબરા પર, ખળાનાં મંચ પર, સ્નાન કરવાના બાજોઠ પર અથવા એવા બીજા કોઈ ઊંચા સ્થાન પર જ્યાં બરાબર બાંધેલું ન હોય **યાવત્** હવાથી આમતેમ હલતાં હોય તેના પર વસ્ત્રને સૂકવે, (સુકવાવે) અને સૂકવના[illegible] અનુમોદન કરે.

જે ભિક્ષુ ઈંટની કે માટીની દીવાલ પર, શિલા કે શિલાખંડ પર અથવા એવા જ કોઈ ઊંચા સ્થાન પર જ્યાં બરાબર બાંધેલું ન હોય **યાવત્** હવાથી આમતેમ હલતાં હોય તેના પર વસ્ત્ર સૂકવે, (સુકવાવે) અને સૂકવનારનું અનુમોદન કરે.

જે ભિક્ષુ સ્તંભપર **યાવત્** મહેલની છત પર અથવા એવા પ્રકારનો જે કોઈ ઊંચી વસ્તુ પર જે બરાબર બાંધેલ ન હોય **યાવત્** હવાથી આમતેમ હલતી હોય તેના પર વસ્ત્ર સૂકવે (સુકવાવે) અને સૂકવનારનું અનુમોદન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

तेने चातुर्मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

-नि. उ. १८, सु. ५३-६३

वस्त्र प्रत्यर्पणनो विधि-निषेध - ८

पाडिहारिय वत्थगहणे माया णिसेहो-

१४८४. से एगइओ मुहुत्तगं-मुहुत्तगं पाडिहारियं वत्थं जाइत्ता एगाहेण वा-**जाव**-पंचाहेण वा विप्पवसिय विप्पवसिय उवागच्छेज्जा, तहप्पगारं वत्थं-नो अप्पणा गेण्हेज्जा, नो अन्नमन्नस्स देज्जा, नो पामिच्चं कुज्जा, नो वत्थेण वत्थ-परिणामं करेज्जा,

नो परं उवसंकमित्ता एवं वदेज्जा-"आउसंतो समणा ! अभिकंखसि एयं वत्थं धारित्तए वा, परिहरित्तए वा ?" थिरं वा णं संतं नो पलिछिंदिय पलिछिंदिय परिट्ठवेज्जा,

तहप्पगारं वत्थं ससंधियं तस्स चेव निसिरेज्जा । नो य णं सातिज्जेज्जा ।

बहु वयणेण वि भाणियव्वं ।

से एगइओ एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म-"से हंता अहमवि मुहुत्तगं मुहुत्तगं पाडिहारियं वत्थं जाइत्ता । एगाहेण वा-**जाव**-पंचाहेण वा विप्पवसिय विप्पवसिय उवागच्छिस्सामि, अवियाइं एयं ममेव सिया ।"

"माइट्ठाणं संफासे नो एवं करेज्जा ।"

आ. सु. २, अ. ५, उ. २, सु. ५८३

प्रातिहारिक वस्त्र ग्रहण करवामां माया करवानो निषेध :

१४८४. कोई एक भिक्षु बीजा भिक्षु पासेथी थोडा समय माटे प्रातिहारिक (पडिहारी) वस्त्रनी याचना करी एक दिवस **यावत्** पांच दिवस, बीजा अन्य स्थान पर रहीने वस्त्र देवा आवे तो वस्त्रदाता भिक्षु ते लावेला वस्त्रने फाटेलुं जाणी, स्वयं न ग्रहण करे, न बीजाने आपे, न कोईने उधार आपे, न कोईनी साथे अदलाबदली करे,

न कोई बीजा भिक्षुने आ प्रमाणे कहे "हे आयुष्मन् श्रमण ! आप आ वस्त्रने ग्रहण करवा के पहेरवा ईच्छो छो ?" जो ते वस्त्र टकाउ होय तो टुकडा टुकडा करी तेने परठवे नही अर्थात् फेंके नहीं !

वच्चेथी सांधेलुं वस्त्र पोते ग्रहण न करे, परंतु लई जनार मुनिने पाछुं आपी दे. पण वस्त्रदाता तेने पोतानी पासे न राखे.

ए ज प्रमाणे घणा भिक्षुओना विषयमां आ ज प्रमाणे जाणी लेवुं जोईए.

कोई एक भिक्षु आ प्रकारनो संवाद सांभळी एम विचारे के - "हुं पण अल्प समय माटे कोई प्रातिहारिक वस्त्रनी याचना करीने एक दिवस **यावत्** पांच दिवस सुधी बहार रहीने आवी जईश. तेथी वस्त्र मारुं थई जशे."

तो (सर्वज्ञ भगवाने कह्युं छे के) आ माया सहित आचरण छे, माटे साधके करवुं न जोईए.

अवहरण भएण वत्थस्स विवण्णकरण णिसेहो-

१४८५. से भिक्खू वा, भिक्खुणी वा णो वण्णमंताइं वत्थाइं विवण्णाइं करेज्जा, णो विवण्णाइं वत्थाइं वण्णमंताइं करेज्जा,

"अण्णं वा वत्थं लभिस्सामि" त्ति कट्टु नो अण्णमण्णस्स देज्जा, नो पामिच्चं कुज्जा, नो वत्थेण वत्थपरिणामं करेज्जा, नो परं उवसंकमित्तु एवं वदेज्जा-"आउसंतो समणा ! अभिकंखसि एयं वत्थं धारित्तए वा, परिहरित्तए वा ?"

अपहरणना भयथी वस्त्र विवर्ण करवानो निषेध :

१४८५. साधु अथवा साध्वी सुंदर देखाता वस्त्रने विवर्ण (खराब) न करे, खराब देखाता वस्त्रने सुंदर न करे.

'मने बीजा सुंदर वस्त्रो मळशे.' ए अभिप्राये पोताना जूनां वस्त्रो बीजा साधुने न आपे अने कोईनी पासेथी उधार पण न ले. पोताना वस्त्रनी अदलाबदली पण न करे. तथा बीजा साधु पासे जईने एम पण न कहे,'हे आयुष्मन् श्रमण ! शुं तमे वस्त्र ग्रहण करशो अथवा धारण करशो ?'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

थिरं वा णं संतं णो पलिछिंदिय पलिछिंदिय परिट्ठवेज्जा, जहा मेयं वत्थं पावगं परो मण्णइ ।

परं च णं अदत्तहारी पडिपहे पेहाए तस्स वत्थस्स णिदाणाए णो तेसिं भीओ उम्मग्गेणं गच्छेज्जा **-जाव**-ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

– आ. सु. २, अ. ५, उ. २, सु. ५८४

वस्त्र मजबूत होवा छतां, એ वस्त्र બીજાને સારું નથી દેખાતું એવી ભાવનાથી તેના ટુકડા કરી પરઠવે નહીં.

માર્ગમાં જતા ચોરોને જોઈ, વસ્ત્રની રક્ષા માટે ભયભીત બની આડા માર્ગે ચાલે નહીં **यावत्** સમાધિભાવમાં સ્થિર થઈ ગ્રામાનુગ્રામ વિચરે.

आमोसगभएण उम्मग्ग गमण णिसेहो–

१४८६. से भिक्खू वा, भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से विहं सिया, से ज्जं पुण विहं जाणेज्जा– इमंसि खलु विहंसि बहवे आमोसगा वत्थपडियाए संपडियागच्छेज्जा, णो तेसिं भीओ उम्मग्गेण गच्छेज्जा**-जाव**-ततो संजयामेव गामाणुगामं दूइज्जेज्जा ।

– आ. सु. २, अ. ५, उ. २, सु. ५८५

ચોરોના ભયથી અવળે માર્ગે જવાનો નિષેધ :

१४८६. એક ગામથી બીજે ગામ જતા સાધુ અથવા સાધ્વીના માર્ગમાં જંગલી રસ્તો આવી જાય અને રસ્તાના સંબંધમાં એમ જાણવા મળે કે - આ રસ્તામાં ઘણા ચોરો વસ્ત્ર લુંટવા માટે એકઠા થઈ રહ્યાં છે. તો સાધુ તેમનાથી ભયભીત થઈ ઉન્માર્ગે ન જાય **यावत्** સમાધિભાવમાં સ્થિર થઈ ગ્રામાનુગ્રામ વિચરે.

आमोसगावहारियवत्थस्स जायणा विहि–णिसेहो–

१४८७. से भिक्खू वा, भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से आमोसगा संपडियागच्छेज्जा, ते णं आमोसगा एवं वदेज्जा–

"आउसंतो समणा ! आहरेतं वत्थं देहि, णिक्खिवाहि"

तं णो देज्जा, णिक्खिवेज्जा,

णो वंदिय-वंदिय जाएज्जा, णो अंजलिं कट्टु जाएज्जा, **णो** कलुणपडियाए जाएज्जा, धम्मियाए जायणाए जाएज्जा, तुसिणीयभावेण वा उवेहेज्जा।

आ. सु. २, अ. ५, उ. २, सु. ५८६

ચોરોથી લુંટાયેલા વસ્ત્રોની યાચનાનો વિધિ-નિષેધ :

१४८७. ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ અથવા સાધ્વીને માર્ગમાં ચોર લુંટારા સામે મળે અને તેઓ એમ કહે કે,

"હે આયુષ્મન્ શ્રમણ ! આ વસ્ત્ર લાવો અમારા હાથમાં સોંપી દો અથવા અમારી સામે રાખી દો."

આ પ્રમાણે કહેવાથી સાધુ તેઓને વસ્ત્ર **ન** દે. જો તેઓ બળપૂર્વક લેવા માડે તો તેને ભૂમિ ઉપર છોડી દે.

ફરી પાછું લેવા માટે તેમની પ્રશંસા કરી હાથ જોડી અથવા દીન વચન કહી યાચના ન કરે. અર્થાત્ તેમને ફરી પાછું આપવા માટે ન કહે. પણ ધર્મોપદેશ દ્વારા તેમને સમજાવી ફરી મેળવી લે. અથવા મૌનભાવ ધારણ કરી ઉપેક્ષાભાવમાં રહે .

वत्थस्स विवण्णकरण पायच्छित्त सुत्ताइं–

१४८८. जे भिक्खू वण्णमंतं वत्थं विवण्णं करेइ, करेंतं वा साइज्जइ ।

जे भिक्खू विवण्णं वत्थं वण्णमंतं करेइ, करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १८, सु. ३३-३४

વસ્ત્ર વિવર્ણ કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

१४८८. જે ભિક્ષુ વર્ણવાળા વસ્ત્રને વિવર્ણ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વિવર્ણ વસ્ત્રને વર્ણવાળું કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चर्म-संबंधी विधि निषेध - ९

सलोम चम्म विहि-णिसेहो-

१४८९. नो कप्पइ निग्गंथीणं सलोमाइं चम्माइं अहिट्ठित्तए ।

कप्पइ निग्गंथाणं सलोमाइं चम्माइं अहिट्ठित्तए,

से वि य परिभुत्ते, नो चेव णं अपरिभुत्ते,

से वि य पाडिहारिए, नो चेव णं अपाडिहारिए,

से वि य एगराइए, नो चेव णं अणेगराइए ।

– कप्प. उ. ३, सु. ३-४

सरोम चर्मना विधि निषेध :

१४८९. साध्वीओने ओढवा-पाथरवाना कार्यो माटे रोमवाळा चर्मोनो उपयोग करवो कल्पतो नथी.

परंतु साधुओने ओढवा-पाथरवाना कार्यो माटे रोमवाळा चर्मोनो उपयोग करवो कल्पे छे.

ए पण उपभोग करेल होय तो, उपभोग कर्या वगरनुं नवुं न होय तो,

प्रातिहारिक (पाछुं सोंपी शकाय एवुं) होय तो, अप्रातिहारिक न होय तो,

मात्र एक ज रात्री माटे उपयोग करवा लावी शकाय, पण अनेक रात्रिओ माटे उपयोगमां लेवा न लावी शकाय.

सलोम चम्म अहिट्ठाणस्स पायच्छित्त सुत्तं

१४९०. जे भिक्खू सलोमाइं चम्माइं अहिट्ठेइ, अहिट्ठेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १२, सु. ५

सरोम चर्मना उपयोगनुं प्रायश्चित्त सूत्र :

१४९०. जे भिक्षु रोम सहित चर्मनो उपयोग करे छे, (करावे छे) अने करनारनुं अनुमोदन करे छे.

तेने चातुर्मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

कसिणाकसिण चम्म विहि-णिसेहो-

१४९१. नो कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा कसिणाइं चम्माइं धारेत्तए वा, परिहरित्तए वा ।

कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा अकसिणाइं चम्माइं धारेत्तए वा, परिहरित्तए वा ।

कप्प. उ. ३, सु. ५-६

कृत्स्नाकृत्स्न चर्मनो विधि-निषेध :

१४९१. साधु के साध्वीने अखंड चर्म पासे राखवुं के तेनो उपयोग करवो कल्पतो नथी.

पण साधु के साध्वीने चर्मखंड पासे राखवुं के उपयोग करवो कल्पे छे.

अखण्ड चम्म धारण पायच्छित्त सुत्तं-

१४९२. जे भिक्खू कसिणाइं चम्माइं धरेइ धरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. २, सु. २२

अखंड चर्म धारण करवानुं प्रायश्चित्त सूत्र :

१४९२. जे भिक्षु अखंड चर्म धारण करे छे, (करावे छे) अने करनारनुं अनुमोदन करे छे.

तेने मासिक उद्घातिक परिहारस्थान (प्रायश्चित्त) आवे छे.

चिलमिलीनी विधि - १०

चिलमिली धारण-परिहरण विहाणं-

१४९३. कप्पइ निग्गंथाण वा, निग्गंथीण वा, चेलचिलिमिलियं धारित्तए वा, परिहरित्तए वा ।

कप्प. उ. १, सु. १६

चिलमिली राखवानुं अने उपयोग करवानुं विधान :

१४९३. साधु अने साध्वीने चेल चिलमिलिका (मच्छरदानी) राखवी तथा उपयोग करवी कल्पे छे.

---

१. चिलमिलिका आ देशी शब्द छे. आ छोलदारीना आकारवाणी एक प्रकारनी वस्त्र कुटीर (मच्छरदानी) छे. तथा बृहत् कल्पसूत्र उद्देशक पहेलामां द्वारमां लगाडेला पडदाने पण 'चिलिमिलिका' कहेवामां आवे छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चिलमिली सयंकरण-पायच्छित्त सुत्तं-

१४९४. जे भिक्खू सोत्तियं वा, रज्जुयं वा, चिलमिलं सयमेव करेइ, करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि उ. २, सु. १३

चिलमिली कारावण पायच्छित्त सुत्तं-

१४९५. जे भिक्खू सोत्तियं वा, रज्जुयं वा, चिलमिलं अण्णउत्थिएण वा, गारत्थिएण वा कारेइ, कारेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १, सु. १४

चिलमिलिका जाते निर्माण करवानुं प्रायश्चित्त सूत्र :

१४९४. જે ભિક્ષુ સુતરની અથવા કાથાની દોરીની ચિલમિલિકાનું પોતે નિર્માણ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

चिलमिलिका निर्माण करावववानुं प्रायश्चित्त सूत्र :

१४९५. જે ભિક્ષુ સુતરની અથવા કાથાની દોરીની ચિલમિલીકા અન્યતીર્થિક અથવા ગૃહસ્થ પાસે નિર્માણ કરાવે છે અને કરાવનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वस्त्रैषणा संबंधी अन्य प्रायश्चित्त – ११

अण्णउत्थियाईणं वत्थाइदाणस्स पायच्छित्त सुत्तं –

१४९६. जे भिक्खू अण्णउत्थियस्स वा, गारत्थियस्स वा वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा देइ, देंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १५, सु. ८७

अजाणियवत्थ गहणस्स पायच्छित्त सुत्तं-

१४९७. जे भिक्खू जायणावत्थं वा, णिमंतणावत्थं वा अजाणिय, अपुच्छिय, अगवेसिय पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

से य वत्थे चउण्हं अण्णयरे सिया,

तं जहा-

१. णिच्च-णियंसणिए,

२. मज्जणिए,

३. छण्णूसविए,

४. रायदुवारिए ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १५, सु. ९९

दुगुंछियकुलाओ वत्थाइ गहणस्स पायच्छित्त सुत्तं-

१४९८. जे भिक्खू दुगुंछियकुलेसु वत्थं वा, पडिग्गहं वा, कंबलं वा, पायपुंछणं वा पडिग्गाहेइ, पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. १६, सु. २८

अन्यतीर्थिक आदिने वस्त्रादि देवानुं प्रायश्चित्त सूत्र :

१४९८. જે ભિક્ષુ અન્યતીર્થિકને કે ગૃહસ્થને વસ્ત્ર, પાત્ર કંબલ કે પાદપ્રોંછન આપે છે, (અપાવે છે) અને આપનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

अज्ञात वस्त्र ग्रहण करवानुं प्रायश्चित्त सूत्रः

१४९७. જે ભિક્ષુ યાચિત વસ્ત્ર તથા નિમંત્રિત વસ્ત્ર જાણ્યા વિના, પૂછ્યા વિના, ગવેષણા કર્યા વિના લે છે, (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.

તે ચાર પ્રકારના વસ્ત્રોમાંથી કોઈ એક પ્રકારનું વસ્ત્ર હોય છે, જેમ કે -

૧. હંમેશા કામમાં આવે તેવું.

૨. સ્નાન પછી પહેરી શકાય તેવું.

૩. ઉત્સવમાં પહેરી શકાય તેવું.

૪. રાજસભામાં પહેરી શકાય તેવું .

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

धृणित कुळथी वस्त्रादि ग्रहण करवानुं प्रायश्चित्त सूत्र :

१४९८. જે ભિક્ષુ ધૃણિત કુળથી વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન લે છે, (લેવડાવે છે) અને લેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

उग्घोस जायणाए पायच्छित्त सुत्ताइं-

१४९९. जे भिक्खू णायगं वा, अणायगं वा, उवासगं वा, अणुवासगं वा, गामंतरंसि वा, गामपहंतरंसि वा, वत्थं ओभासिय-ओभासिय जायइ, जायंतं वा साइज्जइ ।

जे भिक्खू णायगं वा, अणायगं वा, उवासगं वा, अणुवासगं वा, परिसामज्झाओ उट्ठवेत्ता वत्थं ओभासिय जायइ, जायंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

- नि. उ. १८, सु. ७१- ७२

ઊંચા સ્વરથી વસ્ત્રની યાચના કરવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૪૯૯. જે ભિક્ષુ સ્વજન પરિજન ઉપાસક કે અનુપાસક પાસેથી, ગામમાં કે ગામમાર્ગમાં માંગી-માંગીને વસ્ત્રની યાચના કરે છે. (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ સ્વજન, પરિજન, ઉપાસક, કે અનુપાસકને પરિષદમાંથી ઉઠાડી, માંગી-માંગીને તેની પાસેથી વસ્ત્રની યાચના કરે છે, (કરાવે છે) કે કરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वत्थणीसाए वसणस्स पायच्छित्त सुत्ताइं-

१५००. जे भिक्खू वत्थणीसाए उडुबद्धं वसइ, वसंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थणीसाए वासावासं वसइ, वसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

- नि. उ. १८, सु. ७३- ७४

વસ્ત્રો માટે એક સ્થાને રહેવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૦. જે ભિક્ષુ વસ્ત્ર માટે ઠંડી કે ગરમીની ઋતુમાં (એક સ્થાને) રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્ર માટે વર્ષાવાસમાં રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

सचेल अचेलसह वसणस्स पायच्छित्त सुत्ताइं-

१५०१. जे भिक्खू सचेले सचेलयाणं मज्झे संवसइ, संवसंतं वा साइज्जइ ।

जे भिक्खू सचेले अचेलयाणं मज्झे संवसइ, संवसंतं वा साइज्जइ ।

जे भिक्खू अचेले सचेलयाणं मज्झे संवसइ, संवसंतं वा साइज्जइ ।

जे भिक्खू अचेले अचेलयाणं मज्झे संवसइ, संवसंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

- नि. उ. ११, सु. ८७-९०

સચેલ અચેલની સાથે રહેવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૧. જે સચેલ ભિક્ષુ સચેલકોની વચ્ચે રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

જે સચેલ ભિક્ષુ અચેલકો ની વચ્ચે રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

જે અચેલ ભિક્ષુ સચેલકોની વચ્ચે રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

જે અચેલ ભિક્ષુ અચેલકોની વચ્ચે રહે છે, (રખાવે છે) અને રહેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

गिहिवत्थोवओगकरणस्स पायच्छित सुत्तं-

१५०२. जे भिक्खू गिहिवत्थं परिहेइ, परिहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

नि. उ १२, सु. ११

ગૃહસ્થના વસ્ત્રોનો ઉપયોગ કરવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૨. જે ભિક્ષુ ગૃહસ્થનાં વસ્ત્ર પહેરે છે, (પહેરાવે છે) અને પહેરનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संघाडीए दीहसुत्तकरणपायच्छित्त सुत्तं –

१५०३. जे भिक्खू अप्पणो संघाडीए दीहसुत्ताइं[1] करेइ, करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

नि. उ. ५ सु. १३

चादरने लांबी दोरीओ बांधवानुं प्रायश्चित्त सूत्र :

१५०३. જે ભિક્ષુ પોતાની સંઘાટી (ચાદર)ને લાંબી દોરી બાંધે છે. (બંધાવે છે) અને બાંધનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

कपासाओ दीहसुत्तकरण पायच्छित्त सुत्तं–

१५०४. जे भिक्खू सण-कप्पासाओ वा, उण्ण-कप्पासाओ वा, पोंड कप्पासाओ वा, अमिलकप्पासाओ वा, दीहसुत्ताइं करेइ, करेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. ५, सु. २४

કપાસને કાંતવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૪. જે ભિક્ષુ શણ, ઊન, રૂ અથવા અમિલના કપાસને કાંતીને સુતર બનાવે છે, (બનાવડાવે છે) અને બનાવનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

भिक्खुस्स संघाडी सिवावण पायच्छित्त सुत्तं–

१५०५. जे भिक्खू अप्पणो संघाडिं अण्णउत्थिएण वा, गारत्थिएण वा सिव्वावेइ, सिव्वावेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

– नि. उ. ५, सु. १२

ભિક્ષુને ચાદર સીવડાવવાનું પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૫. જે ભિક્ષુ પોતાની સંઘાટીને અન્યતીર્થિક કે ગૃહસ્થ પાસે સીવડાવે છે, સીવડાવનારનું અનુમોદન કરે છે.

તેને માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वत्थपरिकम्म पायच्छित्त सुत्ताइं-

१५०६. जे भिक्खू वत्थस्स एगं पडियाणियं देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थस्स परं तिण्हं पडियाणियाणं देइ, देंतं वा साइज्जइ ।

जे भिक्खू अविहीए वत्थं सिव्वइ, सिव्वेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थस्स एगं फालिय-गंठियं करेइ, करेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थस्स परं तिण्हं फालिय-गंठियाणं करेइ, करेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थस्स एगं फालियं गंठेइ, गंठेंतं वा साइज्जइ।

जे भिक्खू वत्थस्स परं तिण्हं फालियाणं गंठेइ, गंठेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थं अविहीए गंठेइ, गंठेंतं वा साइज्जइ ।

वस्त्र परिकर्मनुं प्रायश्चित्त सूत्र :

१५०६. જે ભિક્ષુ વસ્ત્રને એક થીગડું દે છે, (દેવડાવે છે) અને દેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રને ત્રણ થીગડાંથી વધુ થીગડાં દે છે, (દેવડાવે છે) અને દેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ અવિધિથી વસ્ત્રને સીવે છે, (સીવડાવે છે) અને સીવવાનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ફાટેલા વસ્ત્રને એક ગાંઠ આપે છે, (અપાવે છે) અને આપનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ફાટેલા વસ્ત્રને ત્રણથી વધુ ગાંઠ મારે છે (મરાવે છે) અને મારનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ એક સીલાઈ કરીને વસ્ત્રને જોડે છે, (જોડાવે છે) અને જોડનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ત્રણથી વધુ સીલાઈ કરે છે, (કરાવે છે) અને કરનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રને અવિધિથી જોડે છે, (જોડાવે છે) અને જોડનારનું અનુમોદન કરે છે.

---

१ चादरने दीर्घसूत्र कहेवानुं तात्पर्य એ છે કે - शरीर પર બાંધવાથી નાની પડે છે તો તેના છેડે બાંધવા માટે દોરી લગાવી શકાય છે. એ બંધનસૂત્ર એવા પ્રમાણનું હોય કે બાંધ્યા પછી ચાર આંગળ વધુ દોરી શેષ રહે નહિ.
આગળના સૂત્રમાં અનેક પ્રકારના કપાસને દીર્ઘસૂત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે- જુદા જુદા કપાસોને તકલી, રેંટિયા આદિથી કાંતવું. માટે આ સૂત્રમાં સુતર આદિ કાંતવા, કતાવવા આદિના પ્રાયશ્ચિત્ત કહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जे भिक्खू वत्थं अतज्जाएणं गहेइ, गहेंतं वा साइज्जइ ।

जे भिक्खू अइरेग-गहियं वत्थं परं दिवड्ढाओ मासाओ धरेइ, धरेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ मासियं परिहारट्ठाणं अणुग्घाइयं ।

—नि. उ. १, सु. ४७-५६

જે ભિક્ષુ વિજાતીય વસ્ત્રને જોડે છે, (જોડાવે છે) અને જોડનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ ત્રણથી વધુ સીલાઈ કરેલા વસ્ત્રને દોઢ માસથી વધુ પહેરે છે, (પહેરાવે છે) અને પહેરનારનું અનુમોદન કરે છે.

તેને માસિક અનુદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

वत्थओ पुढवीकाइयाइ निहरण पायच्छित्त सुत्ताइं-

१५०७. जे भिक्खू वत्थाओ पुढवीकायं णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थाओ आउकायं णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थाओ तेउकायं णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थाओ कंदाणि वा-**जाव**-बीयाणि वा णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थाओ ओसहिबीयाइं णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थाओ तसपाणजाइं णीहरइ णीहरावेइ णीहरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

जे भिक्खू वत्थं णिक्कोरेइ, णिक्कोरावेइ, णिक्कोरियं आहट्टु देज्जमाणं पडिग्गाहेइ पडिग्गाहेंतं वा साइज्जइ ।

तं सेवमाणे आवज्जइ चाउम्मासियं परिहारट्ठाणं उग्घाइयं ।

—नि. उ. १८, सु. ६४-७०

વસ્ત્રથી પૃથ્વીકાય આદિને કાઢવાનાં પ્રાયશ્ચિત્ત સૂત્ર :

૧૫૦૭. જે ભિક્ષુ વસ્ત્રમાંથી (સચિત્ત) પૃથ્વીકાયને કાઢે છે. બીજા દ્વારા કઢાવે છે, કાઢનાર (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે, લેવા માટે કહે છે, લેનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રમાંથી (સચિત્ત) અપ્‌કાય(પાણી)ને કાઢે છે, બીજા દ્વારા કઢાવે છે, કાઢેલાને (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે, લેવા માટે કહે છે, લેનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રમાંથી (સચિત્ત) અગ્નિકાય (અગ્નિ)ને કાઢે છે, બીજા દ્વારા કઢાવે છે, કાઢનાર (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે, લેવા માટે કહે છે લેનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રમાંથી (સચિત્ત) કંદમૂળ **યાવત્** બીજ કાઢે છે, કઢાવે છે, કાઢનાર (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે લેવા માટે કહે છે. લેનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રમાંથી ઔષધિ (સચિત્ત) બીજને કાઢે છે, કઢાવે છે, કાઢેલા (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે, લેવા માટે કહે છે, લેનારની અનુમોદના કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રમાંથી ત્રસ પ્રાણીઓ કાઢે છે, કઢાવે છે, કાઢેલા (વસ્ત્ર લાવીને) આપે તેને લે છે, લેવા માટે કહે છે, લેનારનું અનુમોદન કરે છે.

જે ભિક્ષુ વસ્ત્રને કોતરે છે, કોતરાવે છે, કોતરેલ (વસ્ત્ર લાવીને) આપે તે લે છે, લેવા માટે કહે છે, લેનારનું અનુમોદન કરે છે.

તેને ચાતુર્માસિક ઉદ્‌ઘાતિક પરિહારસ્થાન (પ્રાયશ્ચિત્ત) આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पात्रैषणा

विधि कल्प - १

एसणिज्ज पायाइं–

१५०८. से भिक्खू वा, भिक्खुणी वा अभिकंखेज्जा पायं एसित्तए, से ज्जं पुण पायं जाणेज्जा, तं जहा–

१. लाउयपायं वा, २. दारुपायं वा,

३. मट्टियापायं वा[1]

तहप्पगारं पायं जे णिग्गंथे तरुणे जुगवं बलवं अप्पायंके थिर–संघयणे से एगं पायं धारेज्जा, नो बिइयं ।

– *आ. सु. २., अ. ६, उ. १, सु. ५८८*

एषणीय पात्रः

१५०८. साधु के साध्वी पात्रनी એषणा करवा ઈच्छे तो पात्रोनां संबंधमां એवुं जाणे के, ते आवा प्रकारना होय छे -

